પાનાં : ૧૨ રૂા.૬ તા.૧૦ નવેમ્બર ૨૦૨૫ સોમવાર

૧૮ જમાદિલ અવ્વલ હિજરી ૧૪૪૭ ● કારતક વદ છઠ્ઠ સંવત ૨૦૮૨

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)

AHMEDABAD
SINCE-1991

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૫ અંક-૧૦૧ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર
'ગુજરાત ટુડે'
દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

અશ્લીલતાથી દૂર રહી, સ્વચ્છતા અને સંસ્કારિતાને અપનાવી પ્રસિદ્ધ થતાં
'ગુજરાત ટુડે'
દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને વંચાવવા ઘરમાં વસાવો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

# વંદે માતરમ વિવાદ : કોંગ્રેસે ૧૯૩૭ના CWCના નિવેદનનો ઉલ્લેખ કરતા કહ્યું કે વડાપ્રધાન મોદીએ ટાગોરનું 'અપમાન' કર્યું છે

## વિપક્ષનો આ હુમલો PMની એવી ટિપ્પણી બાદ થયો હતો કે ૧૯૩૭માં "વંદે માતરમ"ના મુખ્ય શ્લોકો છોડી દેવાથી ભાગલાના બીજ વાવ્યા હતા અને આવી "વિભાજનકારી માનસિકતા" હજુ પણ રાષ્ટ્ર માટે એક પડકાર છે



(એજન્સી) નવી દિલ્હી, તા.૯

વંદે માતરમ વિવાદ પર વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર હુમલો કરતાં કોંગ્રેસે રવિવારે દાવો કર્યો કે વડાપ્રધાને ૧૯૩૭ની કોંગ્રેસ કાર્યકારી સમિતિનું "અપમાન" કર્યું છે, જેણે આ ગીત પર નિવેદન બહાર પાડ્યું હતું, તેમજ રવિન્દ્રનાથ ટાગોરનું પણ અપમાન છે. કોંગ્રેસના મહાસચિવ અને પ્રસારણ પ્રભારી જયરામ રમેશે કહ્યું કે વડાપ્રધાને CWC અને ટાગોરનું અપમાન કર્યું છે તે આઘાતજનક છે પણ આશ્ચર્યજનક નથી કારણ કે RSSએ મહાત્મા ગાંધીની આગેવાની હેઠળના આપણા સ્વતંત્રતા આંદોલનમાં કોઈ ભૂમિકા ભજવી ન હતી. શુક્રવારે વડાપ્રધાને કહ્યું હતું કે રાષ્ટ્રીય ગીત, "વંદે માતરમ"ના મહત્ત્વપૂર્ણ શ્લોકો ૧૯૩૭માં છોડી દેવામાં આવ્યા હતા, જેણે ભાગલાના બીજ વાવ્યા હતા, અને જણાવ્યું હતું કે આવી "વિભાજનકારી માનસિકતા" હજુ પણ દેશ માટે એક પડકાર છે. મોદીએ રાષ્ટ્રીય ગીતના ૧૫૦ વર્ષ નિમિત્તે "વંદે માતરમ"ના વર્ષભરના સ્મૃતિ સમારોહનું ઉદ્ઘાટન કર્યું હતું અને મોદીએ આ પ્રસંગે એક સ્મારક સ્ટેમ્પ અને સિક્કો પણ બહાર પાડ્યો હતો. રમેશે કહ્યું કે, "કોંગ્રેસ કાર્યકારી સમિતિ ૨૬ ઓક્ટોબર-૧ નવેમ્બર ૧૯૩૭ના રોજ કોલકાતામાં મળી હતી. તેમાં હાજર રહેલા લોકોમાં મહાત્મા ગાંધી, જવાહરલાલ નહેરૂ, સરદાર પટેલ, નેતાજી સુભાષ ચંદ્ર બોઝ, રાજેન્દ્ર પ્રસાદ, મૌલાના અબુલ કલામ આઝાદ, સરોજિની નાયડુ, જે.બી. કૃપાલાની, ભુલાભાઈ દેસાઈ, જમનાલાલ બજાજ, નરેન્દ્ર દેવા અને અન્ય લોકોનો સમાવેશ થાય છે. "ધ કલેક્ટેડ વર્ક્સ ઓફ મહાત્મા ગાંધી" એ દર્શાવે છે કે ૨૮ ઓક્ટોબર, ૧૯૩૭ના રોજ CWCએ વંદે માતરમ પર એક નિવેદન બહાર પાડ્યું હતું અને આ નિવેદન ગુરૂદેવ રવીન્દ્રનાથ ટાગોર અને તેમની સલાહથી ખૂબ પ્રભાવિત હતું. વડાપ્રધાને આ CWC તેમજ ગુરૂદેવ રવીન્દ્રનાથ ટાગોરનું અપમાન કર્યું છે. તેમણે આવું કરવું જોઈતું હતું તે આઘાતજનક છે પરંતુ આશ્ચર્યજનક નથી કારણ કે RSS એ મહાત્મા ગાંધીના નેતૃત્વ હેઠળના આપણા સ્વતંત્રતા આંદોલનમાં કોઈ ભૂમિકા ભજવી ન હતી. વડાપ્રધાનને તેમની વર્તમાન રાજકીય લડાઈઓ વર્તમાન મુદ્દાઓ પર લડવી જોઈએ જે કરોડો ભારતીયો માટે દૈનિક ચિંતાનો વિષય છે જેઓ તેમના વર્તમાન અને ભવિષ્યની ચિંતા કરે છે. તેમની આર્થિક નીતિઓએ અસમાનતાઓને વધુ તીવ્ર બનાવી છે. બેરોજગારી નવી ઊંચાઈએ પહોંચી છે. રોકાણની ગતિ રોકાઈ ગઈ છે. તેમની વિદેશ નીતિ પડી ભાંગી છે. તેઓ સંપૂર્ણપણે ખુલ્લા પડી ગયા છે. કોંગ્રેસના મહાસચિવે ૬ પર CWCના નિવેદનના સ્ક્રીનશોટ શેર કર્યા હતા. આ શ્લોકોમાં એવું કંઈ નથી જેનો કોઈ અપવાદ લઈ શકે. ગીતના અન્ય શ્લોક બહુ ઓછા જાણીતા છે અને ભાગ્યે જ ક્યારેય ગવાય છે. તેમાં ચોક્કસ સંકેતો અને ધાર્મિક વિચારધારા છે જે ભારતના અન્ય ધાર્મિક જૂથોની વિચારધારા સાથે સુસંગત ન હોઈ શકે. બધી બાબતોને ધ્યાનમાં રાખીને, સમિતિ ભલામણ કરે છે કે જ્યાં પણ રાષ્ટ્રીય મેળાવડામાં વંદે માતરમ ગવાય છે ત્યાં ફક્ત પહેલા બે શ્લોકો જ ગવા જોઈએ. CWCએ ૧૯૩૭માં કહ્યું હતું કે, લોકોએ તેમની પસંદગીના ગીતો અપનાવ્યા છે, ભલે યોગ્યતા ગમે તે હોય. એક અધિકૃત સંગ્રહ લાંબા સમયથી એક ઈચ્છા તરીકે અનુભવાય છે. તેથી સમિતિ મૌલાના અબુલ કલામ આઝાદ, જવાહરલાલ નહેરૂ, સુભાષ ચંદ્ર બોઝ અને નરેન્દ્ર દેવની બનેલી એક પેટા-સમિતિની નિમણૂક કરે છે, જે તેને મોકલવામાં આવી શકે તેવા તમામ વર્તમાન રાષ્ટ્રીય ગીતોની તપાસ કરે છે અને જેઓ આટલી રુચિ ધરાવે છે તેમને તેમની રચનાઓ આ પેટા-સમિતિને મોકલવા માટે આમંત્રિત કરવામાં આવે છે. CWCએ કહ્યું હતું કે, પેટા-સમિતિ, પ્રાપ્ત થયેલા ગીતોમાંથી, કાર્યકારી સમિતિને તે સંગ્રહ સુપરત કરશે જેને તે રાષ્ટ્રીય ગીતોના સંગ્રહમાં સ્થાન મેળવવા માટે લાયક તરીકે ઓળખવાનું પસંદ કરી શકે છે. ફક્ત એવા ગીતો જે સરળ હિન્દુસ્તાનીમાં રચિત હોય અથવા તેને અનુરૂપ બનાવી શકાય, અને ઉત્સાહપૂર્ણ અને પ્રેરણાદાયક સૂર ધરાવતા હોય, તે પેટા-સમિતિ દ્વારા પરીક્ષણ માટે સ્વીકારવામાં આવશે. પેટા-સમિતિ કવિ રવીન્દ્રનાથ ટાગોરની સલાહ લેશે.

શનિવારે, રમેશે ૧૯૯૪માં વિશ્વભારતી દ્વારા પ્રકાશિત પ્રભાત કુમાર મુખોપાધ્યાય દ્વારા લખાયેલ ટાગોરના બંગાળીમાં અધિકૃત જીવનચરિત્ર 'રવીન્દ્ર-જીવની'ના ખંડ ૪ના પાના ૧૧૦-૧૧૨ ના સ્ક્રીનશોટ શેર કર્યા અને કહ્યું કે, વડાપ્રધાને માફી માંગવી જોઈએ. તેમણે આપણા સ્થાપક પિતા અને ટાગોરનું અપમાન કર્યું છે. અનુસંધાન બીજા પાને

CELEBRATING EXCELLENCE 35 years GT

# આસામમાં ફરીથી ડિમોલિશન કાર્યવાહી શરૂ, સખત ઠંડીમાં ૫૮૦ પરિવારોના જીવન ઉજ્જડ બની જશે !

(એજન્સી) ગુવાહાટી, તા.૯

આસામમાં રાજ્ય સરકારે રવિવારથી ગોલપારા જિલ્લામાં ફરીથી કથિત ગેરકાયદે દબાણ હટાવવાની કાર્યવાહીનો પ્રારંભ કરતા વધુ ૬૦૦ જેટલા મુસ્લિમ પરિવારો પર ઘરવિહોણાં થઈ જવાની તલવાર લટકી રહી છે. દહીંકાટા રિઝર્વ જંગલ વિસ્તારની ૧૧૪૦ વીઘા એટલે કે ૩૭૬ એકર જેટલી જમીન પર



### મુસ્લિમો હોવાને કારણે જ અમને નિશાન બનાવવામાં આવી રહ્યા છે : અસરગ્રસ્ત મુસ્લિમ પરિવારના ઘરમાં આંસુ અને પીડાનો દરિયો

## આસામના વહીવટીતંત્ર દ્વારા ડિમોલિશન એક્શન ફરીથી શરૂ કરવામાં આવતા ૫૮૦ પરિવારો ઘર વિહોણા થઈ જવાની તૈયારીમાં છે, સરકાર એક્શનને જગ્યારોકાણ વિરોધી અભિયાન ગણાવે છે પરંતુ મુસ્લિમોને નિશાન બનાવવામાં આવી રહ્યાના આરોપ કેમ મૂકાઈ રહ્યા છે ?

દબાણ થઈ ગયું હોવાનું કહીને જગ્યા ખાલી કરાવવાનું અભિયાન ફરીથી શરૂ કરી દેવામાં આવ્યું છે જેના કારણે ૬૦૦ મુસ્લિમ પરિવારોની હકાલપટ્ટી એમના ઘરમાંથી થવાનો ભય ઊભો થયો છે. ગોલપારાના ડેપ્યુટી કમિશનર પ્રદીપ તિમંગ જણાવે છે કે જગ્યા ખાલી કરાવવાની કામગીરી શાંતિપૂર્ણ રીતે ચાલી રહી છે અને બે સપ્તાહ પહેલા એ બધાને નોટિસ આપી દેવામાં આવી હતી અને રહેવાસીઓને આ જગ્યા ખાલી કરી દેવાની તાકાત કરવામાં આવી હતી. આ વિસ્તારમાં ૫૮૦ જેટલા પરિવારોએ ૧૧૪૦ વીઘા જમીન ઉપર દબાણ કર્યું હતું અને તેમાંથી ૭૦% નોટિસ મળ્યા પછી ખાલી કરી ગયા છે અને બાકીના પણ ખાલી કરી જવાની તૈયારીમાં છે. વહીવટી તંત્ર દ્વારા જંગી પોલીસ કાફલો મૂકીને દબાણ હટાવ કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો અને પોલીસ જવાનોની સાથે સાથે ભારે મશીનો પણ લાવીને અને એક્સકેવેટર તથા ટ્રેક્ટરો લાવીને ડિમોલિશન શરૂ કરવામાં આવ્યું હતું. આ વિસ્તારને પાંચ ભાગમાં વહેંચી દેવામાં આવ્યો છે અને એકાદ વિસ્તારમાં જ થોડો વિરોધ થયો હતો અને એ સિવાય શાંતિથી તમામ સ્થળે કામગીરી સાંજે પૂરી થઈ હતી. અધિકારીઓ કહે છે કે ગુવાહાટી હાઈકોર્ટના આદેશથી આ કાર્યવાહી કરવામાં આવી છે. આ કાર્યવાહી સામેની અનેક અરજીઓ પણ હાઈકોર્ટમાં થઈ હતી જેની સુનાવણી હાઈકોર્ટમાં થઈ છે. અધિકારીઓ જણાવે છે કે જે લોકોને અહીંથી ખાલી કરી જવું પડ્યું છે તેમાં મોટાભાગના બંગાળી ભાષા બોલતા મુસ્લિમ પરિવારો છે. હિમંતા બિસ્વા સરમા ૨૦૨૧માં મુખ્યમંત્રી બન્યા ત્યારથી અત્યાર સુધીમાં મુસ્લિમ પરિવારો સામે જગ્યા રોકાણના નામે તેમના મકાનોને બુલડોઝરથી તોડી પાડવાની અને જગ્યાઓ ખાલી કરાવવાની આવા અનેક સ્થળે મોટા ઓપરેશન કરીને કાર્યવાહી કરવામાં આવી છે. જગ્યા ઉપર ગેરકાયદે દબાણો થયાનો આરોપ મૂકીને સેંકડો મુસ્લિમ પરિવારોને તેમના ઘરોમાંથી તગેડી મૂકવામાં આવ્યા છે એટલું જ નહીં એમના ઘર ઉપર બુલડોઝર ફરી ગયા છે. મુખ્યમંત્રીએ તાજેતરમાં ફરીથી એવો પડકાર કર્યો હતો કે ગેરકાયદે રહેતા મિયાઓ સામે આ ઓપરેશન ચાલુ જ રાખવામાં આવશે અને મારી સરકારમાં એવા લોકોને શાંતિથી રહેવા દેવાશે નહીં. બંગાળી પછી મુસ્લિમો માટે મિયા આવી રીતે અપમાનજનક શબ્દો વાપરવામાં આવે છે.

# દિલ્હી રમખાણો : મુસ્લિમોના નરસંહાર માટે ખુલ્લેઆમ આહ્‌વાન કરનારા ભાજપના નેતાઓ મુક્ત રીતે ફરે છે, જ્યારે નિર્દોષ મુસ્લિમ કાર્યકરો જેલમાં સડી રહ્યા છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

ફેબ્રુઆરી ૨૦૨૦માં દિલ્હી સળગી રહ્યું હતું. જે શેરીઓ એક સમયે અઝાનના અવાજ અને મંદિરના ઘંટનાદથી ગુંજી રહી હતી તે ગોળીબાર, ચીસો અને જ્વાળાઓના અવાજમાં ડૂબી ગઈ હતી. ઉત્તર-પૂર્વ દિલ્હીમાં થયેલી હિંસામાં પચાસથી વધુ લોકો, (જેમાં મોટાભાગના મુસ્લિમો હતા), માર્યા ગયા. રમખાણોએ માત્ર પડોશીઓને અલગ કર્યા નહીં પરંતુ ભારતના લોકશાહીની નૈતિકતા પણ નષ્ટ કરી હતી. આ સાથે એક કઠોર સત્યનો પર્દાફાશ કર્યો: જે લોકો નરસંહારની હાકલ કરતા હતા તેઓ હજુ પણ મુક્ત ફરે છે, જ્યારે જે લોકો શાંતિ માટે વાત કરતાં હતા તેઓ હજુ જેલમાં છે. આ હત્યાકાંડ કોઈ અકસ્માત ન હતો. તે સતત નફરત અભિયાનો, વિભાજનકારી ભાષણો અને રાજકીય તકવાદનું પરિણામ હતું. હિંસાના મહિનાઓ પહેલા મુસ્લિમ વિરોધી વાણી સામાન્ય બની ગઈ હતી. અનુરાગ ઠાકુર અને કપિલ મિશ્રા જેવા ભાજપના નેતાઓએ ઉશ્કેરણીજનક સૂત્રોચ્ચાર અને ધમકીઓ આપીને ખુલ્લેઆમ ટોળાને ઉશ્કેર્યા હતા. એક ચૂંટણી રેલીમાં ઠાકુરે "દેશ કે ગદ્દારોં કો, ગોલી મારો સાલોં કો" ("દેશદ્રોહીઓને ગોળી મારી દો")ના નારા લગાવ્યા. થોડા સમય પછી મિશ્રાએ દિલ્હી પોલીસના એક વરિષ્ઠ અધિકારી સાથે જાફરાબાદ નજીક અલ્ટીમેટમ આપ્યું: "રસ્તાઓ સાફ કરો



નહીંતર અમે તે જાતે કરીશું." તેના કલાકોમાં જ હિંસા ફાટી નીકળી અને ત્રણ દિવસ સુધી દિલ્હી સળગી, જ્યારે પોલીસ જોતી રહી અથવા હિંસક ટોળામાં જોડાઈ ગઈ હતી.

મુસ્લિમોના ઘરો, મસ્જિદો અને દુકાનો રાખમાં ફેરવાઈ ગઈ. નિર્દોષ માણસોને ખેંચીને બહાર કાઢવામાં આવ્યા, માર મારવામાં આવ્યા અને મારી નાખવામાં આવ્યા. છતાં પાંચ વર્ષ પછી, આ આગ ભડકાવનારા એક પણ ભાજપ નેતા પર કેસ ચલાવવામાં આવ્યો નથી. નફરતના માસ્ટરમાઈન્ડ આજે પણ છૂટથી ફરી રહ્યા છે. આ હંગામા પછીની વાર્તાને ઉલટાવી દેવામાં આવી. હિંસા માટે હાકલ કરનારાઓને પકડવાને બદલે, અધિકારીઓએ શાંતિ ઈચ્છતા લોકોને નિશાન બનાવ્યા. ત્યારબાદ થયેલી ધરપકડોએ એક ભયંકર પેટર્ન જાહેર કરી: મુસ્લિમ કાર્યકરો, વિદ્યાર્થીઓ અને બૌદ્ધિકોને કાવતરાખોરો તરીકે ઓળખવામાં આવ્યા. તેમના પર રાજ્ય સામે યુદ્ધ છેડવાનો આરોપ મૂકવામાં આવ્યો.

ધરપકડ કરાયેલા લોકોમાં ઉમર ખાલિદ, શરજીલ ઈમામ, મીરાન હૈદર, ગુલ્ફીશા ફાતિમા અને શિફા-ઉર-રહેમાનનો સમાવેશ થાય છે - જે ભારતની અગ્રણી યુનિવર્સિટીઓ જેવી કે JNU, જામિયા મિલિયા ઈસ્લામિયા અને દિલ્હી યુનિવર્સિટીના યુવાઓ છે. તેમણે નાગરિકતા સુધારો અધિનિયમ (CAA) અને રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટર (NRC) - કાયદાઓ સામે શાંતિપૂર્ણ રીતે વિરોધ કરવા માટે વિદ્યાર્થીઓ અને નાગરિકોને એકત્ર કર્યા હતા. તેમના ભાષણોમાં ન્યાય, અહિંસા અને ધર્મનિરપેક્ષતાની વાત કરવામાં આવી હતી, છતાં તેમના પર ભારતના સૌથી કઠોર કાયદાઓમાંના એક, ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (UAPA) હેઠળ આરોપ મૂકવામાં આવ્યા હતા.

પાંચ વર્ષોથી, તેઓ જેલના સળિયા પાછળ છે, તેમના કેસ ગોકળગાયની ગતિએ ચાલી રહ્યા છે. તેમની સામેના પુરાવા નબળા છે; આરોપો રાજકીય રીતે પ્રેરિત છે. સત્યમાં, સજા દોષિત ઠેરવવામાં નહીં પરંતુ જેલમાં છે. જામીન, જોકે બંધારણીય અધિકાર છે, જે વારંવાર નકારવામાં આવે છે. તેમની યુવાની, બુદ્ધિ અને આદર્શવાદને રાજ્યના પસંદગીયુક્ત ન્યાયના ભાર હેઠળ કચડી નાખવામાં આવે છે.

દરમિયાન, જે લોકોએ ખુલ્લેઆમ નરસંહારનું આહ્વાન કર્યું હતું તેઓ હજુ પણ બચી ગયા છે. ઉદાહરણ તરીકે, રાગિની તિવારી રમખાણો દરમિયાન ફેસબુક પર લાઈવ થઈ હતી, તેણે કેસરી રંગનો સ્કાર્ફ લહેરાવ્યો હતો અને મુસ્લિમો અને દલિતોની હત્યા માટે હાકલ કરી હતી. તેણીએ જાફરાબાદ હિંસામાં પોતાની ભૂમિકા સ્વીકારી અને તેવું ફરીથી કરવાનું વચન આપ્યું. આ સ્વ-કબૂલાત છતાં, તેણી સામે કોઈ FIR દાખલ કરવામાં આવી ન હતી. તેણીની ક્યારેય પૂછપરછ કરવામાં આવી નથી કે ધરપકડ કરવામાં આવી નથી અને તે મુક્તપણે ઓનલાઈન નફરત ફેલાવે છે.

આ વિરોધાભાસ ભારતની ન્યાય વ્યવસ્થામાં રહેલી ખામીઓને ઉજાગર કરે છે. બહુમતીવાદી નેતાઓ દ્વારા કરવામાં આવતા નફરતભર્યા ભાષણને અવગણવામાં આવે છે, જ્યારે લઘુમતીઓના અસંમતિને ગુનાહિત ગણવામાં આવે છે. પોલીસ, ન્યાયતંત્ર અને રાજકીય વર્ગ સામૂહિક રીતે કાયદા સમક્ષ સમાનતાના સિદ્ધાંતને જાળવી રાખવામાં નિષ્ફળ રહ્યા છે. કપિલ મિશ્રા સામે એફઆઈઆર નોંધવાનો આદેશ આપવા માટે દિલ્હીની કોર્ટે પાંચ વર્ષ લાગ્યા જે તેમના ભાષણના કલાકોમાં જ થવું જોઈતું હતું. જ્યારે ટ્વિટ્સ અથવા શાંતિપૂર્ણ સૂત્રોચ્ચાર માટે રાતોરાત એફઆઈઆર નોંધાઈ શકે છે, ત્યારે સિસ્ટમને આ નફરતભર્યા ભાષણને સ્વીકારવામાં અડધો દાયકો કેમ લાગ્યો ?

આ બેવડા ધોરણો ગંભીર છે. એક તરફ, બંધારણીય પ્રતિકારમાં માનતા યુવા મુસ્લિમ વિદ્વાનો એકાંત કોઠડીમાં સડી રહ્યા છે; બીજી તરફ, ટોળાને ઉશ્કેરનારાઓને રાજકીય પ્રમોશન અને મીડિયા પ્લેટફોર્મથી પુરસ્કાર આપવામાં આવે છે. પીડિતોને હુનેગાર બનાવવામાં આવે છે; ગુનેગારોને ઈનામ આપવામાં આવે છે.

આમ દિલ્હી રમખાણોની વાર્તા માત્ર હિંસાની વાર્તા નથી પરંતુ ન્યાય વ્યવસ્થાની પણ છે જે અસંમતિને શાંત કરવા અને શક્તિશાળી લોકોને બચાવવા માટે બનાવવામાં આવી છે. કાયદો હવે સત્ય તરફ ઝૂકતો નથી, તે રાજકીય સુવિધા તરફ ઝૂકે છે. ભગવા ધ્વજ હેઠળ કૂચ કરવી એ ગુનો નથી. પાંચ વર્ષ પછી, એક શહેર પર પ્રશ્નો ધુમાડાની જેમ રહે છે : શું રક્તપાતને ઉશ્કેરનારાઓને ક્યારેય ન્યાય મળશે ? શું રાજ્ય તેની સંડોવણી સ્વીકારશે ? જ્યાં સુધી આ પ્રશ્નોના જવાબ નહીં મળે, ત્યાં સુધી દિલ્હીના રમખાણો એક યાદ અપાવશે કે આજના ભારતમાં, શાંતિ માટે બોલવાથી તમારી સ્વતંત્રતા ગુમાવી શકાય છે, જ્યારે નરસંહાર માટે હાકલ કરવાથી તમને વાહવાહી મળી શકે છે.

### ક્યા બાત હૈ ?!

**મેં તમને કહ્યું' તું ને કે 'ભારત માતા કી જય'બોલાવવા તેના પર જબરદસ્તી ન કરતાં !**




# મોદી અને શાહ મતચોરી બદલ અંતે તો પકડમાં આવી જ જશે, રાહુલ ગાંધીનો દાવો

### મતદારયાદી રિવિઝન મારફત મતચોરી ઉપર પડદો પાડવાના પ્રયાસો થઈ રહ્યાનો કોંગ્રેસ નેતાનો આક્ષેપ, રાહુલે દાવો કર્યો કે મતદારયાદીમાં જોવા મળેલી કથિત ગેરરીતિઓના પુષ્કળ પુરાવા કોંગ્રેસે એકત્ર કરી લીધા છે અને તબક્કાવાર આ બધી માહિતી જાહેર કરવામાં આવશે



### કોંગ્રેસ નેતાએ ભાજપ અને આરએસએસ પર દેશના ભાગલા પાડી રહ્યાનો આક્ષેપ કર્યો હતો અને કહ્યું કે ઈન્ડિયા બ્લોક લોકશાહીનું રક્ષણ કરવા માંગે છે અને એકતાનું જતન કરવાનું લક્ષ્યાંક ધરાવે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

બિહારમાં કિશનગંજ ખાતે રેલીમાં આક્રમક સંબોધન કરતાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ઉપર જબરા પ્રહારો કર્યા હતા અને ભારપૂર્વક જાહેર કર્યું હતું કે મતચોરી બદલ તેઓ બંને અંતે તો પકડમાં આવી જ જશે બંને નેતાઓ જ્યાં જાય ત્યાં છેવટે તો મતચોરી એમની પાછળ પડીને એમને ઘેરી લેશે. તેમણે દેશના વિભાજનનો પ્રયાસ કરી રહ્યાનો ભાજપ અને આરએસએસ પર આરોપ મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે વિપક્ષનું ઈન્ડિયા બ્લોક લોકશાહી જન ચુકાદાની રક્ષા કરવા અને લોકોને એક સૂત્રમાં બાંધી રાખવા પરિશ્રમ કરી રહ્યું છે.

મોદી, શાહ અને ચૂંટણી પંચે મતચોરીને લગતા અમારા આક્ષેપોનો જવાબ આપ્યો નથી કેમ કે સચ્ચાઈ લોકોની નજર સામે આવી ગઈ છે. પીએમ અને શાહ ભલે જ્યાં જવું હોય ત્યાં જઈ શકે છે પરંતુ છેવટે તો મતચોરી બદલ બંને સાણસામાં આવી જશે. રાહુલના આ વિધાનો સાંભળીને જનમેદનીએ ગગનભેદી હર્ષનાદો કર્યા હતા. તેમણે એવી પ્રતિજ્ઞા પણ લીધી હતી કે બિહારમાં ઈન્ડિયા બ્લોકની સરકાર આવે છે અને એ વિશે હું સો ટકા નિશ્ચિત છું લોકો એકતા જાળવે અને ચૂંટણીની લાલચોને વશ નહીં થાય તો સો ટકા બિહારમાં અમારી સરકાર રચાશે. લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ રવિવારે આરોપ લગાવ્યો કે મતદાર યાદીઓનું વિશેષ સઘન સંશોધન (SIR) એ "મત ચોરી"ને છૂપાવવા અને તેને સંસ્થાકીય બનાવવાનો પ્રયાસ છે. ગાંધી શનિવારે મધ્યપ્રદેશ જિલ્લા કોંગ્રેસ પ્રમુખોના તાલીમ શિબિરમાં ભાગ લેવા માટે નર્મદાપુરમના પચમઢી પહાડી શહેરમાં પહોંચ્યા હતા. કોંગ્રેસ સાંસદે પત્રકારો સાથે વાત કરતા દાવો કર્યો કે, મત ચોરી એક મહત્વનો મુદ્દો છે અને SIR દ્વારા તેને ઢાંકવા અને આ સિસ્ટમને સંસ્થાકીય બનાવવા વિશે છે. ચૂંટણી પંચ દ્વારા નવ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદારોની યાદીનું ખાસ સઘન સંશોધન (SIR) ૪ નવેમ્બરથી શરૂ થયું છે. રાહુલ ગાંધીએ કહ્યું કે તેમનું માનવું છે કે હરિયાણાની જેમ, મધ્યપ્રદેશ મહારાષ્ટ્ર અને છત્તીસગઢમાં પણ 'મત ચોરી' થઈ હતી. થોડા દિવસો પહેલા, મેં હરિયાણા પર એક પ્રેઝન્ટેશન આપ્યું હતું, અને મેં સ્પષ્ટપણે જોયું કે મત ચોરી થઈ રહી હતી. ત્યાં ૨૫ લાખ મતની ચોરી થઈ હતી, ૮ માંથી ૧ મત ચોરી થયો હતો. તે જોયા પછી, ડેટા જોયા પછી, હું માનું છું કે મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને છત્તીસગઢમાં પણ આવું જ બન્યું હતું. અને આ ભાજપ અને EC (ચૂંટણી પંચ)ની સિસ્ટમ છે. તેમણે આરોપ લગાવ્યો કે, અમારી પાસે વધુ પુરાવા છે, જે અમે ધીમે ધીમે પ્રદાન કરીશું. પરંતુ મારો મુદ્દો મત ચોરીનો છે. SIR દ્વારા હવે તેને ઢાંકવા અને સિસ્ટમને સંસ્થાકીય બનાવવાનો છે. ભવિષ્યમાં આવી વધુ વિગતો જાહેર કરશે કે કેમ તે પૂછવામાં આવતા, ગાંધીએ કહ્યું કે તેમની પાસે "ઘણી બધી અલગ માહિતી છે અને ખૂબ જ વિગતવાર માહિતી" છે અને તેઓ તેને જાહેર કરશે. અત્યારે, ફક્ત થોડી જ માહિતી બતાવવામાં આવી છે. કોંગ્રેસના નેતાએ કહ્યું કે, મારો મુદ્દો એ છે કે લોકશાહી પર હુમલો થઈ રહ્યો છે, આંબેડકરના બંધારણ પર હુમલો થઈ રહ્યો છે. વડાપ્રધાન મોદીજી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહજી અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશજી સંયુક્ત ભાગીદારી સાથે આ કરી રહ્યા છે. અને તેના કારણે, દેશને ઘણું નુકસાન થઈ રહ્યું છે. ભારત માતાને નુકસાન થઈ રહ્યું છે. બીજા પ્રશ્નના જવાબમાં, ગાંધીએ કહ્યું કે તેમને મધ્યપ્રદેશમાં કોંગ્રેસના જિલ્લા પ્રમુખોની તાલીમ પર સારો પ્રતિસાદ મળ્યો છે.

# RSSના અમુક કાર્યકરો મહાત્મા ગાંધીની હત્યાની ઉજવણી કરે છે : RSSના કાર્યકરની કોર્ટમાં કબૂલાત

## RSSના કાર્યકર્તા રાજેશ કુંટેએ થાણે કોર્ટને જણાવ્યું હતું કે કેટલાક RSS સ્વયંસેવકો મહાત્મા ગાંધીની હત્યાની ઉજવણી કરે છે અને સ્વીકાર્યું હતું કે તેમણે એક સમયે આવા કાર્યક્રમોમાં ભાગ લીધો હતો

(એજન્સી) તા.૯

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના કાર્યકર્તા રાજેશ કુંટે, જેમણે મહાત્મા ગાંધીની હત્યા સાથે RSSને જોડવા બદલ થાણે કોર્ટમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સામે માનહાનિનો કેસ દાખલ કર્યો હતો, તેમણે કોર્ટને જણાવ્યું હતું કે કેટલાક RSS સ્વયંસેવકો મહાત્મા ગાંધીની હત્યાની ઉજવણી કરે છે, અને તેમણે પોતે પણ તેમની યુવાનીમાં આવી ઉજવણીમાં ભાગ લીધો હતો. કુંટે, હાલમાં ૨૦૨૨થી કોંકણ વિભાગના ધર્મજાગરણના વડા અને અગાઉ ભિવંડીમાં RSS એકમના કાર્યવાહક (સચિવ) હતા, તેમણે ગાંધીના વકીલો, સુદીપ પાસબોલા અને નારાયણ ઐયર દ્વારા ઉલટતપાસ દરમિયાન આ નિવેદન આપ્યું હતું અને કહ્યું હતું કે, મહાત્મા ગાંધીની પુણ્યતિથિ RSS કાર્યાલયોમાં ઉજવવામાં આવતી નથી, પરંતુ કેટલીક જગ્યાએ RSS કાર્યકર્તાઓ તે ઉજવે છે. એ કહેવું સાચું છે કે RSS કાર્યાલયોમાં પુણ્યતિથિ ઉજવવામાં આવતી નથી. સ્વયંસેવકો સ્વતંત્ર રીતે મહાત્મા ગાંધીની પુણ્યતિથિ ઉજવે છે. મેં ૧૯૯૧માં મહાત્મા ગાંધીની પુણ્યતિથિ ઉજવી હતી. ૩ જૂન, ૨૦૨૩ના રોજ રાહુલ ગાંધી દ્વારા ૨૦૧૪ની લોકસભા પ્રચાર રેલી દરમિયાન કરવામાં આવેલી કથિત બદનક્ષીભરી ટિપ્પણી અંગે કુંટેનું નિવેદન લેવામાં આવ્યું હતું, જેમાં વિશ્વનાથ પાટિલ, રાધાકૃષ્ણ વિખે પાટિલ, પૃથ્વીરાજ ચવ્હાણ, નારાયણ રાણે અને માણિકરાવ ઠાકરે સહિત અનેક કોંગ્રેસ નેતાઓ હાજર રહ્યા હતા.

## BCCI, PCB એશિયા કપ ટ્રોફી વિવાદનો અંત લાવવા માટે વિકલ્પો શોધી રહ્યા છે : સૈકિયા

નવી દિલ્હી: દુબઈમાં ICC મીટિંગ દરમિયાન PCB ચેરમેન મોહસીન નકવી સાથેની મુલાકાત બાદ, BCCI સેક્રેટરી દેવજીત સૈકિયાએ ભારતીય ક્રિકેટ બોર્ડ (BCCI) અને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)એ એશિયા કપ ટ્રોફી વિવાદના ઉકેલ તરફ પ્રથમ પગલાં લીધા છે, તેની પુષ્ટિ કરી. ૨૮ સપ્ટેમ્બરના રોજ પાકિસ્તાન સામે ટી-૨૦ એશિયા કપ ફાઇનલમાં વિજેતા ભારતે નકવી પાસેથી સીધી ટ્રોફી સ્વીકારવાનો ઇનકાર કર્યા પછી વિવાદ ઉભો થયો, જે એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC)ના અધ્યક્ષ પણ છે, તેમના ભારત વિરોધી વલણને ટાંકીને. ત્યારથી ટ્રોફી દુબઈમાં ACC મુખ્યાલયમાં રાખવામાં આવી છે અને સ્ટાફને નકવીની પરવાનગી વિના તેને ખસેડવાની સૂચના આપવામાં આવી છે. શુક્રવારે ICC બોર્ડ મીટિંગ માટે છેલ્લી ઘડીએ દુબઈ પહોંચેલા નકવીને મૂળ રીતે આ બાબતે ચર્ચામાં ભાગ લેવાનું નક્કી કરવામાં આવ્યું ન હતું. હું ICCની અનૌપચારિક અને ઔપચારિક બંને બેઠકોનો ભાગ હતો. સૈકિયાએ સમાચાર એજન્સી PTIને જણાવ્યું, PCBના અધ્યક્ષ મોહસીન નકવી પણ હાજર હતા. ઔપચારિક બેઠક દરમિયાન, તે એજન્ડામાં નહોતું, પરંતુ ICC એ ICCના એક વરિષ્ઠ પદાધિકારી અને અન્ય એક વરિષ્ઠ અધિકારીની હાજરીમાં મારી અને PCB વડા વચ્ચે અલગ ચર્ચાની સુવિધા આપી.

## સુંદરવન મંદિરમાં બે મહિલાઓના લગ્ન; ગામડાંનાં લોકોએ તેમને આશીર્વાદ આપ્યા, દોષ ન આપ્યો

નવી દિલ્હી: સુંદરવનના એક નાના ગામમાં જ્યાં પરંપરાઓ ખૂબ જ ઊંડી છે, ત્યાં બે યુવતીઓએ આ અઠવાડિયે સ્થાનિક મંદિરમાં એકબીજા સાથે લગ્ન કરીને પરંપરા તોડી અને તેમના સમુદાયને શાંતિથી તેમની બાજુમાં ઉભો જોયો. વ્યાવસાયિક નૃત્યાંગનાઓ રિયા સરદાર અને રાખી નાસ્કર, બંને તેમની વીસીના દાયકાની શરૂઆતમાં, ૪ નવેમ્બરના રોજ કુલતાલી બ્લોકના જલાબેરિયામાં પાલેર ચક મંદિરમાં માળા અને પ્રતિજ્ઞાઓનું વિનિમય કર્યું. તેમના લગ્ન, જોકે કાનૂની માન્યતાના અભાવે, એકંદરે ગ્રામજનોએ તાળીઓ પાડી, વંદન કર્યા અને દંપતી પર આશીર્વાદ વરસાવ્યા. રૂઢિચુસ્ત સામાજિક માળખા માટે જાણીતા પ્રદેશમાં, સમારોહ સરળ અને પ્રતીકાત્મક બંને હતો- હિમાલયી છવાયેલો પ્રેમનો શાંત નૃત્ય. દુલ્હન તરીકે સજ્જ રિયા અને વરરાજાના મુગટ પહેરેલી રાખી, સ્થાનિક પુજારીના માર્ગદર્શન હેઠળ ધાર્મિક વિધિઓ કરી. અમે જીવનસાથી બનવાની પ્રતિજ્ઞા લીધી છે, પીટીઆઈ દ્વારા ટાંકવામાં આવ્યા મુજબ રિયાએ કહ્યું, અમે ખુશ છીએ. અમે અમારા જીવનનો નિર્ણય લઈ શકીએ છીએ. જીવનસાથી પસંદ કરતી વખતે લિંગ શા માટે મહત્વનું હોવું જોઈએ. મંદિરજીવનના રામેશ્વરપુરની રિયાએ તેના માતા-પિતાને વહેલા ગુમાવ્યા હતા અને તેનો ઉછેર તેની કાકી કવિતા કોયલ દ્વારા થયો હતો, જે શરૂઆતમાં ખચકાટ અનુભવતી હતી પરંતુ તેણીની પસંદગીનો વિરોધ કરતી નહોતી. બંને મહિલાઓ સ્થાનિક નૃત્ય મંડળીઓમાં કલાકાર તરીકે કામ કરે છે અને એક જ જૂથમાં જોડાતા પહેલા સોશિયલ મીડિયા દ્વારા મળી હતી.

## એમએસ પૂર્ણ કર્યાના થોડા દિવસોમાં અમેરિકામાં તેલુગુ વિદ્યાર્થિનીનું મૃત્યુ, પરિવારમાં આઘાતનો માહોલ

નવી દિલ્હી: આંધ્રપ્રદેશની ૨૩ વર્ષીય મહિલા, જે યુનાઇટેડ સ્ટેટ્સમાં અભ્યાસ કરી રહી હતી, તેના રૂમમેટ્સ દ્વારા મૃત હાલતમાં મળી આવી. રાજ્યલક્ષ્મી બાપટલા જિલ્લાના કરમ્ચેડુના યાલર્ગડ્ડા રામકૃષ્ણ અને નાગમણીની પુત્રી હતી. તેણીએ વિજયવાડાની એક ખાનગી કોલેજમાં એન્જિનિયરિંગ ડિગ્રી પૂર્ણ કરી. ૨૦૦૩માં તેણી ઉચ્ચ અભ્યાસ માટે યુનાઇટેડ સ્ટેટ્સ ગઈ. તેણીએ તાજેતરમાં ટેક્સાસ એ એન્ડ એમ યુનિવર્સિટી-કોર્પસ ક્રિસ્ટીમાંથી કમ્પ્યુટર સાયન્સમાં એમએસ પૂર્ણ કર્યું હતું અને સક્રિય રીતે નોકરી શોધી રહી હતી. તેણીના મૃત્યુના ત્રણ દિવસ પહેલા, તેણીએ તેના પરિવાર સાથે વાત કરી અને શરદી અને થાકની ફરિયાદ કરી હતી. સ્થાનિક અહેવાલો સૂચવે છે કે તેણીએ સોમવાર માટે ડોક્ટરની એપોઇન્ટમેન્ટ બુક કરાવી હતી. જોકે, શુક્રવારે સવારે, તેના રૂમમેટ્સે તેણીને જગાડવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે નિષ્ફળ ગયો. તેણીને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવી, જ્યાં ડોક્ટરોએ તેણીને મૃત જાહેર કરી. તેણીના અચાનક મૃત્યુથી તેના પરિવારને હચમચી ગયો છે. સમાચાર સાંભળીને તેના માતા-પિતા બેભાન થઈ ગયા હોવાનું કહેવાય છે અને આખું ગામ શોકમાં છે.

## કેરળ ભાજપ સ્થાનિક સ્વરાજ્ય અને વિધાનસભાની ચૂંટણીઓની તૈયારી કરી રહ્યું છે અને ઘરે ઘરે જઈને મુસ્લિમો સુધી પહોંચી રહ્યું છે

નવી દિલ્હી: બે મહત્વપૂર્ણ ચૂંટણીઓ નજીક આવી રહી છે, ત્યારે કેરળ ભાજપ એકમે શુક્રવારે દક્ષિણ રાજ્યમાં એક વ્યાપક મુસ્લિમ સંપર્ક કાર્યક્રમની જાહેરાત કરી. કેરળ ભાજપ પ્રમુખ રાજીવ ચંદ્રશેખરે જણાવ્યું હતું કે આ કાર્યક્રમનું નેતૃત્વ પાર્ટીના મુસ્લિમ સભ્યો કરશે, જેમાં ઉપપ્રમુખ ડૉ. એમ. અબ્દુલ સલામ અને સમુદાયના અન્ય સભ્યોનો સમાવેશ થાય છે. સલામ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપના એકમાત્ર મુસ્લિમ ઉમેદવાર હતા. ચંદ્રશેખરે કહ્યું કે ટીમ મુસ્લિમ પરિવારોના ઘરોની મુલાકાત લેશે અને તેમને રાજ્ય માટે પાર્ટીના વિકાસલક્ષી વિઝન વિશે માહિતી આપશે, જેમાં ધર્મને ધ્યાનમાં લીધા વિના દરેકનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે આ પાર્ટીની મુસ્લિમ વિરોધી છબીને તોડવાનો પણ પ્રયાસ છે. ચંદ્રશેખરે કહ્યું, નરેન્દ્ર મોદી સરકારે સબકા સાથ, સબકા વિકાસનું દૃષ્ટિકોણ આગળ મૂક્યું હતું. પરંતુ અહીં, સીપીઆઈ (એમ) અને કોંગ્રેસે લઘુમતીઓના મનમાં ઝેર ભેળવી દીધું છે. આ કાર્યક્રમ એ બતાવવા માટે શરૂ કરવામાં આવશે કે અમે દરેક સાથે કામ કરીશું, પછી ભલે તેઓ કોણ હોય અથવા તેમની સમસ્યાઓ શું હોય. અમને કોઈ રાજકારણ નથી અને તે મત માટે નથી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ કાર્યક્રમ ફક્ત વિશ્વાસ બનાવવાનો અને નિષ્ઠાવાન પ્રયાસ છે. ચંદ્રશેખરે કહ્યું કે ટીમ તમામ મુસ્લિમ ઘરોની મુલાકાત લેશે અને બધા માટે વિકસિત કેરળના ભાજપના વિઝનને સમજાવશે. કેરળમાં એક પણ ધારાસભ્ય ન હોય તેવા ભાજપ આ કાર્યક્રમ એવા સમયે શરૂ કરી રહી છે જ્યારે એક મહિનામાં રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાવાની છે અને ત્યારબાદ તરત જ વિધાનસભાની ચૂંટણીઓ યોજાશે.

## યુપીએના સમયમાં ૮૮,૦૦૦ સામે ભાજપને ૧૧ વર્ષમાં માત્ર ૨,૪૦૦ ઘુસણખોરો મળ્યા : દિગ્વિજય સિંહ

નવી દિલ્હી: કોંગ્રેસના નેતા દિગ્વિજય સિંહે શનિવારે મતદાર યાદીઓના ચાલી રહેલા SIR (સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન)ની ટીકા કરતા દાવો કર્યો કે ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર આ કવાયતને યોગ્ય ઠેરવવા માટે પુરાવા વિના ઘુસણખોરોનો મુદ્દો ઉઠાવી રહી છે. મધ્યપ્રદેશના પત્રકારોને સંબોધતા, રાજ્યસભાના સભ્યએ કહ્યું કે સરકારનું વર્ણન સત્તાવાર ડેટા સાથે મેળ ખાતું નથી. બિહાર વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ ઘુસણખોરોનો પોકાર કરી રહી છે, પરંતુ હકીકત શું છે, સિંહે પૂછ્યું. ૨૦૦૪ અને ૨૦૧૪ની વચ્ચે, બે UPA કાર્યકાળ દરમિયાન,૮૮,૦૦૦ બિન-નાગરિકોને ઓળખીને પાછા મોકલવામાં આવ્યા હતા. પરંતુ ભાજપના શાસનકાળમાં છેલ્લા ૧૧ વર્ષમાં, ફક્ત ૨,૪૦૦ ઘુસણખોરો મળી આવ્યા છે. UPA શાસન દરમિયાન શોધાયેલા આંકડાના ત્રણ ટકા પણ તેમને મળ્યા નથી. આ આંકડાઓ હોવા છતાં, તેમણે કહ્યું કે, ભાજપ ચૂંટણી લાભ માટે ઘુસણખોરોનો મુદ્દો ઉઠાવવાનું ચાલુ રાખે છે. આ અઠવાડિયાની શરૂઆતમાં મધ્યપ્રદેશમાં SIR કવાયત શરૂ થઈ હતી અને ઘણા રાજ્યોમાં રાજકીય ચિંતાઓ ઉભી થઈ છે. સિંહે કહ્યું કે આ સુધારા જવાબદારીમાં નોંધપાત્ર ઉલટફેર દર્શાવે છે. પહેલાં ચૂંટણી પંચની ફરજ હતી કે દરેક નાગરિક મતદાન કરી શકે. SIR હેઠળ, નાગરિકતા સાબિત કરવાની જવાબદારી લોકોને સોંપવામાં આવી છે, તેમણે પ્રશ્ન ઉઠાવતા કહ્યું કે, જે મતદારો જરૂરી દસ્તાવેજો રજૂ કરવામાં અસમર્થ છે તેમનું શું થશે.

## દિલ્હી ૩૩૫ પર AQI સાથે રેડ ઝોનમાં પ્રવેશ્યું, ભારતનું સૌથી પ્રદૂષિત શહેર બન્યું

નવી દિલ્હી: સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (CPCB) અનુસાર, શનિવારે સવારે ૯ વાગ્યે શહેરનો સરેરાશ હવા ગુણવત્તા સૂચકાંક (AQI) ૩૩૫ પર પહોંચ્યો ત્યારે રાષ્ટ્રીય રાજધાની ધુમ્મસથી જાગી ગઈ, જેના કારણે તે રેડ ઝોનમાં આવી ગયું અને દેશનું સૌથી પ્રદૂષિત શહેર બન્યું. PM2.5 કણોના પ્રભાવ હેઠળ બગડતી હવાની ગુણવત્તાએ રહેવાસીઓને ગૂંગળાવી દીધા, કારણ કે શહેરમાં તાપમાનમાં પણ તીવ્ર ઘટાડો થયો, જે ૧૧.૬ નોંધાયું, જે મોસમી સરેરાશ કરતા ત્રણ ડિગ્રી નીચે હતું. દિવાળીથી રાષ્ટ્રીય રાજધાની બગડતી હવાની ગુણવત્તાનો સામનો કરી રહી છે, AQI ખરાબ અને ખૂબ જ ખરાબ શ્રેણીઓ વચ્ચે રહે છે, ક્યારેક ક્યારેક ગંભીર શ્રેણીમાં સરકી જાય છે. પરાળી બાળવા અને વાહનોના ઉત્સર્જનને નિયંત્રિત કરવાના પ્રયાસો છતાં, શહેરના ઘણા ભાગોમાં દૃશ્યતા ઓછી રહી, જેના કારણે રહેવાસીઓની અગવડતા વધી ગઈ. ભારતીય હવામાન વિભાગ (IMD) અનુસાર, દિલ્હીમાં મહત્તમ તાપમાન ૨૮.૯સે નોંધાયું હતું, જે સામાન્ય કરતાં ૦.૯ ડિગ્રી ઓછું હતું. IMDએ નોંધ્યું છે કે, આ વર્ષે લઘુત્તમ તાપમાન પાછલા વર્ષોની તુલનામાં શિયાળાની શરૂઆત થોડી મોડી થવાનો સંકેત આપે છે. ૨૯ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ ૯.૫સે, ૨૩ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ ૯.૨સે અને ૨૯ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ ૭.૩સે. હવામાન વિભાગે બાકીના દિવસ દરમિયાન મુખ્યત્વે સ્વચ્છ આકાશની આગાહી કરી છે.

## રશિયન સેનામાં ભારતીય નાગરિકોની સંખ્યા ઝડપથી વધીને ૪૪ થઈ

નવી દિલ્હી : શુક્રવાર, ૭ નવેમ્બરના રોજ વિદેશ મંત્રાલયે અહેવાલ આપ્યો હતો કે રશિયન સેનામાં સેવા આપતા ભારતીયોની સંખ્યા સપ્ટેમ્બરમાં ૨૭ થી વધીને ૪૪ થઈ ગઈ છે. અહેવાલો અનુસાર, નવી દિલ્હીએ મોસ્કોને ભારતીયોને મુક્ત કરવા અને ભારતીય નાગરિકો માટે ભરતી પ્રક્રિયા બંધ કરવા વિનંતી કરી છે. સાપ્તાહિક મીડિયા બ્રીફિંગ દરમિયાન, મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે પુષ્ટિ આપી હતી કે તાજેતરના મહિનાઓમાં રશિયન લશ્કરી એકમો દ્વારા ઘણા ભારતીયોની ભરતી કરવામાં આવી છે. તેમણે કહ્યું, અમારી માહિતી અનુસાર, હાલમાં ૪૪ ભારતીય નાગરિકો રશિયન સેનામાં સેવા આપી રહ્યા છે. અમે ફરી એકવાર આ મુદ્દો રશિયન અધિકારીઓ સાથે ઉઠાવ્યો છે જેથી તેમને શક્ય તેટલી વહેલી તકે મુક્ત કરી શકાય અને આ ભરતી પ્રક્રિયા સમાપ્ત કરી શકાય. રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, સરકાર રશિયન પક્ષ અને સામેલ લોકોના પરિવારો બંનેના સંપર્કમાં છે.

## વંદે માતરમ (પહેલા પાનાનું ચાલુ)

(પહેલા પાનાનું ચાલુ)

૧૯૩૭માં "વંદે માતરમ"માંથી શ્લોકો કાઢી નાખવા અંગે વડા પ્રધાન મોદી પર હુમલો કર્યા બાદ કોંગ્રેસે શુક્રવારે તેમના પર વળતો પ્રહાર કર્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે ટાગોરે પોતે ગીતના પહેલા બે શ્લોકો અપનાવવાનું સૂચન કર્યું હતું અને નોબેલ પુરસ્કાર વિજેતા પર વિભાજનકારી વિચારધારા રાખવાનો આરોપ મૂકવો એ "શરમજનક" છે. વિપક્ષી પક્ષે મોદી પાસેથી તેમના નિવેદન બદલ માફીની માંગ પણ કરી હતી. વિવિધ અહેવાલો અનુસાર, ૧૯૩૭માં કોંગ્રેસ દ્વારા એક પૅનલ દ્વારા અપનાવવાની ભલામણ કરવામાં આવ્યા બાદ "વંદે માતરમ" નું કાપેલું સંસ્કરણ, જેમાં છ મૂળ શ્લોકોમાંથી ફક્ત પ્રથમ બે શ્લોકો જ હતા, તે રાષ્ટ્રીય ગીત તરીકે પસંદ કરવામાં આવ્યું હતું. આ પુસ્તકના અંશો અનુસાર, "પરામર્શ કર્યા પછી, રવીન્દ્રનાથ ટાગોરની સલાહ હતી. પહેલા બે શ્લોકો રચયિતાના સંપૂર્ણપણે સ્વીકાર્ય હતા, તેઓ પછીના શ્લોકો સાથે સહાનુભૂતિ દર્શાવી શક્યા નહીં. નહેરુને લખેલા પત્રમાં ટાગોરે લખ્યું કે, "મારા માટે તેના પહેલા ભાગમાં વ્યક્ત થયેલી કોમળતા અને ભક્તિની ભાવના આપણી માતૃભૂમિના સુંદર અને કલ્યાણકારી પાસાઓ પર તેણે આપેલો ભાર એક ખાસ આકર્ષણ હતું.

# મુંબઈ : કોંગ્રેસના ધારાસભ્ય અસલમ શેખે પાર્થ પવાર સાથે સંકળાયેલા કરોડોના પુણે જમીન સોદામાં કાર્યવાહી અને જવાબદારીની માંગ કરી

### શેખે આરોપ લગાવ્યો છે કે, આવા અનિયમિત જમીન સોદા થાય તેમાં કોઈ નવીનતા નથી, કારણ કે, સરકાર કથિત રીતે વિવિધ કલ્યાણકારી યોજનાઓ દ્વારા રાજ્યના વિકાસના નાણાંનું તેના સંબંધીઓમાં 'વિતરણ' કરી રહી છે

(એજન્સી) મુંબઈ, તા.૯

કોંગ્રેસના ધારાસભ્ય અસલમ શેખે રવિવાર રાજ્યના નાયબ મુખ્યમંત્રી અજિત પવારના પુત્ર પાર્થ પવાર સાથે સંકળાયેલા કરોડોના પુણે જમીન સોદા કેસમાં મહારાષ્ટ્ર સરકારની ટીકા કરી અને કડક કાર્યવાહી અને જવાબદારીની માંગ કરી છે.

**અનિયમિત જમીન સોદા થવા જ જોઈએ, અસલમ શેખે કહ્યું :**

શેખે આરોપ લગાવ્યો કે આવા અનિયમિત જમીન સોદા થવાના જ છે કારણ કે, સરકાર કથિત રીતે વિવિધ કલ્યાણકારી યોજનાઓ દ્વારા રાજ્યના વિકાસના નાણાંનું તેમના સંબંધીઓને 'વિતરણ' કરી રહી છે. આ બાબતમાં શું થયું છે તે બધું સ્પષ્ટ છે અને જો આવું સરકારી જમીન અંગે થાય છે, તો તેવું બનશે જ કારણ કે, તમે લાડકી ભાભી, લાડકે ભાઉ અને વિવિધ યોજનાઓ દ્વારા વિકાસના નાણાંનું વિતરણ શરૂ કરી દીધું છે અને હવે બાકીની જમીન સરકારી જમીન છે જે તમે આવા મોટા લોકોને આપશો અને આખરે આવું થવાનું જ છે.

આ અગાઉ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદચંદ્ર પવાર)ના નેતા અને મહારાષ્ટ્રના પૂર્વ મહેસૂલ પ્રધાન એકનાથ ખડસેએ આરોપ લગાવ્યો હતો કે, નાયબ મુખ્યપ્રધાન અજિત પવારના પુત્ર પાર્થ પવારને બચાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તેમણે નૈતિક ધોરણે અજિત પવારના રાજીનામાની પણ માંગ કરી હતી. ખડસે કહે છે કે, જમીન સોદામાં પાર્થ પવાર સમાન રીતે જવાબદાર છે. આ વ્યવહાર દર્શાવે છે કે, જમીન ખરીદીમાં બે વ્યક્તિઓ સામેલ હતા. પાર્થ પવાર કંપનીમાં ૯૯% હિસ્સો ધરાવે છે. જો કે, સરકારનો દાવો છે કે, પાવર ઓફ એટર્ની ફક્ત બે વ્યક્તિઓને આપવામાં આવી હતી. પાર્થ પવાર પહેલા બે જેટલા જ જવાબદાર છે. પાર્થ પવારને બચાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જ્યારે ભ્રસારી પ્લોટ અંગે મારા પર આરોપ મૂકવામાં આવ્યો હતો, જો કે, મારો તેની સાથે કોઈ સંબંધ નહોતો. તેમ છતાં નૈતિક ધોરણે, મારે રાજીનામું આપવું પડ્યું... તો અહીં આ કેમ ન કરવામાં આવ્યું ? આજે સસ્પેન્ડ કરાયેલા તહસીલદારની સસ્પેન્શન ફાઈલ બે મહિનાથી પેન્ડિંગ છે. તેના માટે નાર્કો ટેસ્ટ કરાવવો જોઈએ. પાર્થ પવાર સાથે જોડાયેલી કંપની, અમાડિયા એન્ટરપ્રાઇઝિસ LLPને પુણેના મુંધવા વિસ્તારમાં ૪૦ એકર સરકારી માલિકીની જમીનના વેચાણને લઈને વિવાદ ચાલી રહ્યો છે. જમીનનું ઓછું મૂલ્યાંકન કરવા અને સ્ટેમ્પ ડ્યુટી ન ચૂકવવા બદલ આ સોદાની ટીકા થઈ રહી છે.

## હિમાચલ પ્રદેશના ભાજપના ધારાસભ્ય હંસ રાજ પર સગીરનું જાતીય શોષણના આરોપ હેઠળ POCSO એક્ટ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો

### વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, ચંબા મહિલા પોલીસ સ્ટેશનમાં એક મહિલા જે હવે ૨૦ વર્ષની છે, તેણીએ એવો આરોપ લગાવ્યા બાદ કેસ નોંધવામાં આવ્યો હતો કે, ધારાસભ્યએ સગીર વયે તેનું જાતીય શોષણ કર્યું હતું, હંસ રાજ હિમાચલ પ્રદેશના ત્રીજા ભાજપ નેતા છે જેમને છેલ્લા મહિનામાં જાતીય શોષણના આરોપોનો સામનો કરવો પડ્યો છે

(એજન્સી) ચંદીગઢ, તા.૮

હિમાચલ પ્રદેશના ભાજપના ધારાસભ્ય હંસ રાજ પર રાજ્ય પોલીસે જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ (POCSO) એક્ટ હેઠળ કેસ દાખલ કર્યો છે કારણ કે, એક ફરિયાદીએ ફરિયાદી પર સગીર વયે તેના પર હુમલો કરવાનો આરોપ લગાવ્યો હતો. ચંબા જિલ્લાના ચુરાહ વિધાનસભા મતવિસ્તારના ભગવા પક્ષના ૪૨ વર્ષીય ધારાસભ્ય પર POCSO કાયદાની કલમ ૬ અને ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૬૯ (કપટપૂર્ણ માધ્યમોનો ઉપયોગ કરીને જાતીય સંભોગ) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. શુક્રવારે મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ગયા અઠવાડિયે મહિલાએ ફેસબુક પર લાઇવ થઈને ધારાસભ્ય અને તેમના સહાયકો સામે જાતીય શોષણ અને ધાકધમકીનો ગંભીર આરોપ લગાવ્યો હતો, જેમાં તેમણે પુરાવા હોવાનો દાવો કર્યો હતો. તેણીએ સાત મિનિટનો વીડિયો અપલોડ કર્યો હતો જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે, ધારાસભ્યએ તેના પરિવારને બરબાદ કરી દીધો છે અને તેણીને પોતાના જીવનો ભય છે. જવાબમાં, હંસ રાજે એક વીડિયો જાહેર કર્યો હતો જેમાં આરોપોને પાયાવિહોણા અને રાજકીય રીતે પ્રેરિત ગણાવ્યા હતા. ત્યારબાદ તેના પિતાએ મીડિયાને જણાવ્યું હતું કે, ધારાસભ્યના સહાયકોએ તેમનું અપહરણ કર્યું છે, તેમના મોબાઈલ ફોન તોડી નાખ્યા છે અને જો તેઓ કેસ પાછો ખેંચી નહીં લે તો તેમનું ઘર બાળી નાખવાની ધમકી આપી છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે વીસી વર્ષની પીડિતાએ આરોપ લગાવ્યો હતો કે, જ્યારે તે સગીર હતી ત્યારે ધારાસભ્ય દ્વારા તેનું જાતીય શોષણ કરવામાં આવ્યું હતું, જેના પછી શુક્રવારે સાંજે ચંબાના મહિલા પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો. તેનું નિવેદન મેજિસ્ટ્રેટ સમક્ષ નોંધવામાં આવ્યું હતું અને તબીબી તપાસ કરવામાં આવી હતી. પીડિતાના પિતા દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદમાં ધારાસભ્ય તેમના અંગત સચિવ લેખ રાજ અને અન્ય એક સહયોગી મુનિયાન ખાન પર તેમની પુત્રી અને તેમને બળજબરીથી શિમલા લઈ જવાનો અને જો તેઓ તેમના પહેલાના નિવેદનમાં ફેરફાર નહીં કરે તો તેમને ગંભીર પરિણામો ભોગવવાની ધમકી આપવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

## મોદીની સાચી રમત તો ચૂંટણીઓ પછી જ ખુલ્લી પડશે : ખડગે

### કોંગ્રેસના પ્રમુખે ભવ્ય વાયદાઓ અને દાવાઓ તથા રાજકીય વાસ્તવિકતા વચ્ચેનું અંતર અને ખાઈ ઉજાગર કર્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ચૂંટણી ભાષણો અને વાયદાઓ ઉપર તથા જુમલાબાજી ઉપર પ્રહારો કર્યા હતા અને જણાવ્યું હતું કે બિહારની વર્તમાન વિધાનસભા ચૂંટણીઓના પ્રચાર દરમિયાન જે ભવ્ય મોટા મોટા વાયદાઓ કરવામાં આવ્યા છે અને દાવો કરવામાં આવ્યા છે તેની અને રાજકીય વાસ્તવિકતાની વચ્ચે ઘણું મોટું અંતર છે અને મોટી ખાઈ છે. સોશિયલ મીડિયા ઉપર પોસ્ટ મૂકતા ખડગે એ જણાવ્યું હતું કે મોદીને મોટા મોટા દાવાઓ કરવાની આદત છે. લોકસભાની ચૂંટણી વખતે ૪૦૦ પાર બેઠકોનું વચન આપ્યું હતું અને પૂરેપૂરા વિશ્વાસ સાથે શ્રદ્ધા સાથે આવો દાવો કર્યો હતો. પરંતુ તેઓ પોતાની તાકાતથી આ દાવો પૂરો કરી શક્યા નહોતા. તેમણે આગળ જણાવ્યું હતું કે મોદીની સાચી રમત તો ચૂંટણીઓ પછી જ બહાર આવશે અને ખૂલ્લી પડશે. બિહારમાં મુખ્યમંત્રી પદના ઉમેદવાર અંગે એનડીએ દ્વારા નિર્ણય લઈ



શકાયો નથી તે અંગે એનડીએ પર કટાક્ષ કરતાં તેમણે એ વાતની નોંધ લીધી હતી કે એનડીએ દ્વારા હજુ પણ વિદાય લેતા મુખ્યમંત્રી નીતિશકુમારનું નામ મુખ્યમંત્રી પદના દાવેદાર તરીકે જાહેર કરવામાં આવ્યું નથી અને ખૂબ જ ખરાબ રીતે મહત્ત્વના ચાવીરૂપ સાથી પક્ષને બાજુએ ધકેલી દેવામાં આવ્યો છે. વિરોધ પક્ષને ડરાવવા ધબકાવવાની મોદીની પદ્ધતિને ઉપરની ટીકાને આગળ વધારતા ખડગે એ સવાલ કર્યો હતો કે નરેન્દ્ર મોદી એવું કહે છે કે કોંગ્રેસના કપાળ પર બંદૂક મૂકીને કામ લેવામાં આવ્યું તો શું ડોનાલ્ડ ટ્રમ્પે પણ મોદીના કપાળ ઉપર બંદૂક મૂકી હતી ?

## પીએમ મોદીની વારાણસી મુલાકાત દરમિયાન આરપીએફ જવાન સાથે સંઘર્ષ કરવા બદલ ભાજપના ધારાસભ્ય સૌરભ શ્રીવાસ્તવ સામે એફઆઈઆર દાખલ કરવા સપાના વડા અખિલેશ યાદવની માગણી

(એજન્સી) વારાણસી, તા.૯

સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે વારાણસીમાં વડાપ્રધાનની મુલાકાત દરમિયાન રેલવે સ્ટેશન પર આરપીએફના એક જવાન સાથે માથાકૂટ અને ધક્કા મુક્કી કરવા બદલ ભાજપના ધારાસભ્ય સૌરભ શ્રીવાસ્તવ સામે એફઆઈઆર દાખલ ભાજપ ધારાસભ્ય વચ્ચે બોલાચાલી થઈ હતી અને બંને વચ્ચે અથડામણ પણ થઈ પડી હતી. વાયરલ થયેલા વીડિયોમાં દેખાયું હતું કે બંને એકબીજાને ધક્કા મારતા દેખાઈ રહ્યા છે. અખિલેશ યાદવે આ ઘટના અંગે પ્રતિક્રિયા આપતા ભાજપ ધારાસભ્યની ટીકા કરી હતી અને અધિકારીઓની ફરજમાં રૂકાવટ

### બનારસ સ્ટેશનમાં ગેટ નંબર ૮ પર આ ઘટના બની હતી એવા અહેવાલ છે, સુરક્ષા જવાનોએ વડાપ્રધાનની મુલાકાત પહેલા લાગુ કરાયેલા સુરક્ષા પ્રોટોકોલને કારણે ભાજપની એક મહિલા કાર્યકરને અંદર જતા અટકાવી હતી

કરવાની માગણી કરી હતી. એવા અહેવાલો મળ્યા છે કે બનારસી સ્ટેશનના ગેટ નંબર ૮ પર આ ઘટના બની હતી જ્યારે વડાપ્રધાનની મુલાકાતને કારણે સુરક્ષા પ્રોટોકોલ અમલમાં હોવાથી સુરક્ષા જવાનોએ ભાજપની એક મહિલા કાર્યકરને અંદર જવા દીધી નહોતી. આ ઘટનાથી કહેવાય છે કે ભાજપના ધારાસભ્ય શ્રીવાસ્તવ એકદમ ગુસ્સે ભરાયા હતા અને મહિલા કાર્યકરને રોકતા અધિકારીને તાત્કાલિક ત્યાંથી ફરજ પરથી હટાવી લેવા માગણી કરવા લાગ્યા હતા. જેના કારણે સુરક્ષા અધિકારી અને બદલ ધારાસભ્ય સામે કાર્યવાહી કરવાની માગણી કરી હતી. સપાના વડાએ ટ્વિટ કર્યું હતું કે સરકારી કામગીરીમાં અવરોધ ઊભો કરવા બદલ ભાજપના આવા બેકાબૂ ધારાસભ્ય સામે કેસ દાખલ કરવો જોઈએ. વડાપ્રધાનના મતવિસ્તારમાં ભાજપની ગુંડાગીરીનું આ એક નવું ઉદાહરણ છે અને અન્ય વિસ્તારોની તો વાત જ શું કરવી. આવું વર્તન નિંદનીય છે અને સજાને પાત્ર છે. જોકે પોલીસે કોઈ કામગીરી કરી હોવાના કે ભાજપ ધારાસભ્ય સામે પગલાં લીધા હોવાના અહેવાલો નથી.

## રાજા સિંહની જમ્મુ અને કાશ્મીરમાં મેડિકલ કોલેજમાં લઘુમતી ક્વોટા રદ કરવાની માંગ

### તેમણે કહ્યું કે,"જે લોકો મંદિરની મુલાકાત લેતા નથી તેમને કોલેજમાં કામ કરવાની મંજૂરી આપવી જોઈએ નહીં. આ મંદિરની પવિત્રતા જાળવવા માટે છે"

(એજન્સી) હૈદરાબાદ, તા.૯

ગોશામહલના ધારાસભ્ય ટી રાજા સિંહે શ્રી માતા વૈષ્ણો દેવી ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ એક્સેલન્સ (SMVDIME), જમ્મુ અને કાશ્મીરના મેનેજમેન્ટને કોલેજમાં મુસ્લિમ વિદ્યાર્થીઓને ફાળવવામાં આવેલી ૪૨ બેઠકો તાત્કાલિક રદ કરવા જણાવ્યું, કારણ કે તેઓ "હિન્દુ દેવતાઓની પૂજા કરતા નથી." તેમના મતે, મેડિકલ કોલેજ હિન્દુ યાત્રાળુઓના દાનથી સ્થાપિત કરવામાં આવી હતી. રાજા સિંહે કહ્યું કે, "મુસ્લિમ વિદ્યાર્થીઓને ૪૨ બેઠકો આપવામાં આવે છે, જ્યારે ૬૦ બેઠકો હિન્દુઓ માટે છે, જે સ્વીકાર્ય નથી. ફક્ત હિન્દુ વિદ્યાર્થીઓને જ પ્રવેશ ફાળવવો જોઈએ." ગોશામહલના ધારાસભ્યએ જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહાને મુસ્લિમોને ફાળવવામાં આવેલી બેઠકો તાત્કાલિક રદ કરવા વિનંતી કરી. વધુમાં, તેમણે દાવો કર્યો કે કોલેજ સ્ટાફના પગાર આ જ ભંડોળ દ્વારા ચૂકવવામાં આવતા હતા અને વૈષ્ણો દેવી મંદિર શ્રાઇન બોર્ડ ત્યાંના સ્થાનિક વિકાસ કાર્યો માટે જવાબદાર હતું. તેમણે માંગ કરી હતી કે કોલેજ સત્તાવાળાઓ ફક્ત હિન્દુઓને જ નોકરી આપે. તેમણે દાવો કર્યો કે, "જે લોકો મંદિરમાં જતા નથી તેમને કોલેજમાં કામ કરવાની મંજૂરી આપવી જોઈએ નહીં. આ મંદિરની પવિત્રતા જાળવવા માટે છે,". તેમણે જમ્મુ ક્ષેત્રમાં રહેતા હિન્દુઓને આ મુદ્દા પર આંદોલન કરવા અને તબીબી સંસ્થા દ્વારા ફક્ત તેમને જ લાભ મળે તેની ખાતરી કરવા કહ્યું. રાજા સિંહે કહ્યું કે, "જો જરૂર પડશે, તો અમે હૈદરાબાદથી આવીશું અને આંદોલનમાં જોડાઈશું."

## મહારાષ્ટ્ર : શિવસેના-યુબીટીના વડા ઉદ્ધવ ઠાકરેએ દેવેન્દ્ર ફડણવીસને 'આકસ્મિક મુખ્યમંત્રી' અને ભાજપને 'ભ્રષ્ટ જનતા પાર્ટી' ગણાવી

### 'વંદે માતરમ' ઉજવણીની ૧૫૦મી વર્ષગાંઠ પર એક કાર્યક્રમનું આયોજન કરવાના શાસક પક્ષના પગલાનો ઉલ્લેખ કરતા તેમણે એમ પણ કહ્યું કે 'ભારત માતા'ને લૂંટી રહેલી ભાજપને 'વંદે માતરમ' કહેવાનો કોઈ અધિકાર નથી

(એજન્સી) જાલના, તા.૯

શિવસેના-યુબીટીના વડા ઉદ્ધવ ઠાકરેએ મહારાષ્ટ્રના રાજકારણમાં ચર્ચા જગાવી હતી અને કહ્યું હતું કે દેવેન્દ્ર ફડણવીસ "આકસ્મિક મુખ્યમંત્રી" છે. તેમણે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) પર આકરા પ્રહારો કર્યા, તેને "ભ્રષ્ટ જનતા પાર્ટી" ગણાવી.

**'ભાજપને વંદે માતરમ કહેવાનો કોઈ અધિકાર નથી': ઉદ્ધવ ઠાકરે :** શુક્રવારે 'વંદે માતરમ' ઉજવણીની ૧૫૦મી વર્ષગાંઠ પર કાર્યક્રમ યોજવાના શાસક પક્ષના પગલાનો ઉલ્લેખ કરતા તેમણે એમ પણ કહ્યું કે 'ભારત માતા' ને લૂંટી રહેલી ભાજપને 'વંદે માતરમ' કહેવાનો કોઈ અધિકાર નથી.

ઠાકરે કુદરતી આફતથી તબાહ થયેલા ખેડૂતો સાથે વાતચીત કર્યા પછી વરસાદ અને પૂરગ્રસ્ત મરાઠવાડાની તેમની ચાર દિવસીય મુલાકાતના અંતિમ દિવસે પત્રકારો સાથે વાત કરી રહ્યા હતા.

**લોન ચુકવણી અંગેની ટિપ્પણી પર ઉદ્ધવ ઠાકરેએ અજિત પવાર પર કટાક્ષ કર્યો :** શિવસેના-યુબીટી વડાએ નાયબ મુખ્યમંત્રી અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના વડા અજિત પવાર પર પણ કટાક્ષ કર્યો કે ખેડૂતોએ માફી માંગવાને બદલે નિયમિતપણે લોન ચૂકવવાની આદત પાડવી જોઈએ. (જેમાં તેમના પુત્ર પાર્થ પવાર સાથે સંકળાયેલા કંપનીનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો તે પુણે જમીન સોદાના વિવાદનો ઉલ્લેખ કરીને)ઠાકરેએ કહ્યું કે,"પોતાના પુત્ર સિવાય, અજિત પવાર કોઈને પણ મફતમાં કંઈપણ મેળવવા દેવા માંગતા નથી." ઠાકરેએ અજિત પવાર પર પણ નિશાન સાધતા કહ્યું કે, "ખેડૂતો મુશ્કેલીઓ છતાં સખત મહેનત કરી રહ્યા હોવાથી આપણને ખાવા માટે ખોરાક મળી રહ્યો છે. પક્ષો (શિવસેના અને એનસીપી) ચોરી કર્યા પછી, આ (મહાયુતિ) સરકાર પહેલા મત ચોરી કરીને સત્તામાં આવી હતી અને હવે તે જમીન પણ ચોરી રહી છે."

**'ભાજપમાં બધા ગુનેગારો' : પુણે જમીન વિવાદ પર ઉદ્ધવ ઠાકરેએ મુખ્યમંત્રી પર નિશાન સાધ્યું :** પાર્થ પવાર અને તેમની કંપની સાથે સંકળાયેલા પુણેના મુખ્ય જમીન વ્યવહારના વેચાણ કરારને રદ કરવાની નાયબ મુખ્યમંત્રી પવારની જાહેરાતનો ઉલ્લેખ કરતા, શિવસેના-યુબીટી વડાએ કહ્યું, "મુખ્યમંત્રી દરેકને ક્લીન ચીટ આપે છે, તેથી તેઓ ક્લીન ચીટર બની ગયા છે. પહેલા, કેન્દ્રીય મંત્રી મુરલીધર મોહોલ સાથે સંકળાયેલા પુણે જમીન વ્યવહાર પ્રકાશમાં આવ્યો, અને સોદો રદ કરવામાં આવ્યો. તેવી જ રીતે, નાયબ મુખ્યમંત્રી અજિત પવારના પુત્ર પાર્થ પવાર સાથે સંકળાયેલા મુંડાવા કોરેગાંવ જમીન સોદાના વિવાદ પછી, વેચાણ કરાર રદ કરવામાં આવ્યો છે. હવે પરિવહન મંત્રી પ્રતાપ સરનાઈક સાથે સંકળાયેલા અન્ય એક વિવાદાસ્પદ જમીન સોદાનો ખુલાસો થયો. બધા ગુનેગારો ભાજપમાં છે અને મુખ્યમંત્રી ક્લીન ચીટર બની ગયા છે." ઠાકરેએ ખેડૂતોને રાજ્ય સરકારની ઉદાસીનતા અને ઉપેક્ષા સામે અવાજ ઉઠાવવા હાકલ કરી.

## પશ્ચિમ બંગાળમાં હેવાનિયતની હદ પાર : રેલવે સ્ટેશન પર પરિવાર સાથે સૂઈ રહેલી ૪ વર્ષની બાળકીનું અપહરણ કરી બળાત્કાર, હાલત ગંભીર

(એજન્સી) કોલકાતા, તા.૯

પશ્ચિમ બંગાળના હુગલી જિલ્લામાંથી એક હચમચાવી દેનારી ઘટના સામે આવી છે, જ્યાં શુક્રવારે મોડી રાત્રે તારકેશ્વર રેલવે સ્ટેશન પર પોતાના પરિવાર સાથે સૂઈ રહેલી ચાર વર્ષની બાળકીનું અપહરણ કરી તેની સાથે જાતીય અત્યાચાર કરવામાં આવ્યો. બાળકી શનિવારે બપોરે અત્યંત ગંભીર હાલતમાં લોહીલુહાણ મળી આવી હતી. આ ઘટના બાદ પોલીસ અને હોસ્પિટલ પ્રશાસન પર ગંભીર બેદરકારીના આરોપો લાગ્યા છે અને રાજ્યમાં રાજકીય ઘમાસાણ શરૂ થઈ ગયું છે.

**મચ્છરદાની કાપીને બાળકીને ઉઠાવી ગયો નરાધમ :** હુગલી ગ્રામીણ પોલીસના એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર, પીડિત બાળકીનો પરિવાર બેઘર હોવાથી તારકેશ્વર રેલવે સ્ટેશનના એક શેલ્ટરમાં રહે છે. શુક્રવારે રાત્રે બાળકી તેની નાની સાથે મચ્છરદાનીમાં સૂઈ રહી હતી, ત્યારે કોઈ નરાધમ મચ્છરદાની કાપીને તેને ઉઠાવી ગયો. પરિવારને સવારે લગભગ ૪ વાગ્યે બાળકી ગુમ હોવાની જાણ થઈ. કલાકોની શોધખોળ બાદ, શનિવારે બપોરે બાળકી રેલવે સ્ટેશન પાસેની એક ગટર નજીકથી નગ્નાવસ્થામાં અને લોહીથી લથપથ હાલતમાં મળી આવી હતી. ભાજપના સ્થાનિક નેતાઓના કહેવા મુજબ, બાળકીના ગાલ પર બચકાં ભરવાના નિશાન હતા અને તેના ગુપ્તાંગોમાંથી સતત રક્તસ્ત્રાવ થઈ રહ્યો હતો. પીડિતાની દાદીએ રડતાં-રડતાં કહ્યું, 'અમારા ઘર તોડી પાડવામાં આવ્યા છે, એટલે અમે રસ્તા પર રહીએ છીએ. અમે ક્યાં જઈએ ? કોઈએ મારી સાથે સૂઈ રહેલી બાળકીને ઉઠાવી લીધી. તે નગ્નાવસ્થામાં મળી.'

**પરિવારનો આરોપ : કલાકો સુધી કોઈએ ન સાંભળી ફરિયાદ, હોસ્પિટલ-પોલીસે કાઢી મૂક્યા :** પરિવારનો આરોપ છે કે બાળકીને ગંભીર હાલતમાં તારકેશ્વર ગ્રામીણ હોસ્પિટલમાં લઈ જવામાં આવી, પરંતુ ત્યાંના સ્ટાફે માત્ર પ્રાથમિક સારવાર આપીને રજા આપી દીધી અને પોલીસને જાણ કરવાની તસ્દી પણ ન લીધી. ત્યારબાદ જ્યારે પરિવાર ફરિયાદ નોંધાવવા પોલીસ સ્ટેશન પહોંચ્યો, તો ત્યાં હાજર અધિકારીઓએ કથિત રીતે તેમને ત્યાંથી ચાલ્યા જવા કહ્યું. જાહેર આક્રોશ ફાટી નીકળ્યા બાદ જ પોલીસે કાર્યવાહી શરૂ કરી અને બાળકીને ફરીથી મેડિકલ તપાસ માટે હોસ્પિટલમાં લાવી. પોલીસે આ મામલે પોક્સો (POCSO) એક્ટ હેઠળ FIR નોંધીને આરોપીની શોધખોળ શરૂ કરી છે.

**ઘટના પર રાજકીય ઘમાસાણ, ભાજપે મમતા સરકારને ઘેરી :** આ ઘટના બાદ ભાજપના કાર્યકરોએ હોસ્પિટલમાં ઘૂસીને પોલીસ અને ડોક્ટરોની બેદરકારી વિરુદ્ધ ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું. બંગાળ વિધાનસભામાં વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ X પર પોસ્ટ કરીને મમતા બેનરજી સરકાર પર આકરા પ્રહાર કર્યા. તેમણે મમતા બેનરજીને 'નિષ્ફળ મુખ્યમંત્રી' ગણાવ્યા અને આરોપ લગાવ્યો કે તારકેશ્વર પોલીસ સત્યને દબાવીને રાજ્યની કાયદો અને વ્યવસ્થાની ખોટી છબી બચાવવાનો પ્રયાસ કરી રહી છે. બીજી તરફ, તારકેશ્વરના સ્થાનિક ધારાસભ્ય રામેન્દુ સિંહા રોયે આ ઘટનાને 'અત્યંત દુર્ભાગ્યપૂર્ણ' ગણાવી અને આ વિસ્તારની સુરક્ષા માટે રેલવે પોલીસની 'નિષ્ફળતા' પર સવાલ ઉઠાવ્યા.

## પાકિસ્તાન સાથે જોડાયેલા હેકર જૂથે અદ્યતન સ્પાયવેર વડે ભારત સરકારઅને લશ્કરી નેટવર્કને નિશાન બનાવ્યા

### આ અહેવાલમાં હેકર્સ દ્વારા AI અને LLMsનો ઉપયોગ કરીને નવા મેલવેર વેરિઅન્ટ્સ ઝડપથી વિકસાવવામાં આવ્યા છે, જે પરંપરાગત સાયબર સુરક્ષા સંરક્ષણને પાછળ છોડી દે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

એક ગુપ્તચર એજન્સીના અહેવાલે ગૃહ મંત્રાલય (MHA)ને પાકિસ્તાન સાથે જોડાયેલા હેકર જૂથ ટ્રાન્સપરન્ટ ટ્રાઈબ દ્વારા એક મોટા સાયબર-જાસૂસી અભિયાન અંગે ચેતવણી આપી છે, જે DeskRAT નામના અદ્યતન સ્પાયવેર વડે ભારત સરકાર અને લશ્કરી નેટવર્કને નિશાન બનાવી રહ્યું છે. આ રિપોર્ટમાં ચેતવણી આપવામાં આવી છે કે, આ જૂથે આ વર્ષે તેની યુક્તિઓ અપગ્રેડ કરી છે, ગૂગલ ડ્રાઈવ જેવા જાહેર ક્લાઉડ પ્લેટફોર્મથી ખાનગી સર્વર તરફ આગળ વધી રહી છે, જેના કારણે શોધ અને અવરોધ વધુ મુશ્કેલ બન્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, હેકર્સ લદ્દાખમાં ચાલી રહેલા સરહદી તણાવનો લાભ લઈ રહ્યા હોવાનું માનવામાં આવે છે, જે ભારતીય સિસ્ટમ દ્વારા ચીનની લશ્કરી ગતિવિધિઓ સંબંધિત ગુપ્ત માહિતીને અટકાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. એજન્સીઓએ જણાવ્યું હતું કે, હુમલાખોરો સરકારી સૂચનાઓ, ઝીપ ફાઈલો અને ગુપ્ત માહિતી બ્રીફિંગ તરીકે છુપાયેલા અત્યાધુનિક ફિશિંગ ઈમેઈલ્સનો ઉપયોગ કરી રહ્યા છે, જે ઘણીવાર સુરક્ષા ચેતવણીઓ અથવા સરહદી ઘટનાઓ અંગે હોય છે. એકવાર ઈન્સ્ટોલ થઈ ગયા પછી, DeskRAT, સરકારી કચેરીઓમાં વ્યાપકપણે ઉપયોગમાં લેવાતી BOSS Linux સિસ્ટમ્સ માટે તૈયાર કરાયેલ રિમોટ એક્સેસ ટૂલ, ગુપ્ત રીતે સંવેદનશીલ ફાઈલોનું નિરીક્ષણ, નિષ્કર્ષણ અને ટ્રાન્સમિટ કરી શકે છે. આ નવીનતમ હુમલાઓ ઝડપી, ગુપ્ત અને શોધવામાં મુશ્કેલ છે. આ અહેવાલમાં હેકર્સ દ્વારા AI અને LLMsના ઉપયોગને પણ દર્શાવવામાં આવ્યો છે. નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે, ફક્ત સ્વચાલિત, રીઅલ-ટાઈમ શોધ જ ભારતના સંરક્ષણ અને વહીવટી નેટવર્ક્સની લાંબા ગાળાની જાસૂસીને ધ્યાનમાં રાખીને આવા અનુકૂલનશીલ હુમલાઓનો સામનો કરી શકે છે. ટ્રાન્સપરન્ટ ટ્રાઈબ અગાઉ ક્રિમસન RAT માલવેર વિતરિત કરતા હુમલાઓ સાથે જોડાયેલું છે, ઘણીવાર સુરક્ષા બ્રીફિંગ તરીકે છુપાયેલા ફિશિંગ દસ્તાવેજો દ્વારા તે આવે છે.

## શ્રીનગરમાં આતંકવાદી સંગઠન જૈશના પોસ્ટર લગાડવાના આરોપસર ઉત્તર પ્રદેશમાં એક કાશ્મીરી ડોક્ટરની ધરપકડ

(એજન્સી) લખનૌ, તા.૯

જમ્મુ અને કાશ્મીરના શ્રીનગરમાં પાકિસ્તાન પ્રેરિત આતંકવાદી સંગઠન જૈશ-એ- મોહમ્મદ એટલે કે જેઈએમના પોસ્ટરો લગાડવાની પ્રક્રિયા સાથે સંકળાયેલા હોવાનું મનાતા એક કાશ્મીરી ડોક્ટરની યુપીમાં ધરપકડ કરવામાં આવી હતી. સહારનપુરની ખાનગી હોસ્પિટલમાં કામ કરી રહેલા આ ડોક્ટરનું નામ આદિલ અહેમદ છે અને તેઓ કાશ્મીરના અનંતનાગ જિલ્લાના રહેવાસી છે. શ્રીનગરમાં jemની તરફેણ કરતા અનેક પોસ્ટર શહેરમાં અલગ અલગ સ્થળે જોવા મળ્યા હતા અને તેની પોલીસ તપાસ દરમિયાન ડોક્ટરનું નામ બહાર આવ્યું હતું. તપાસનીશ અધિકારીઓએ જણાવ્યું હતું કે શ્રીનગરના અલગ અલગ વિસ્તારોના સીસીટીવી ફૂટેજ મેળવવામાં આવ્યા હતા તેમાં ડોક્ટર આદિલ જાતે પોસ્ટર લગાડતા હોવાનું દેખાયું હતું. આ પુરાવાને આધારે શ્રીનગરથી પોલીસની એક ટીમ સહારનપુર પહોંચી હતી અને સ્થાનિક પોલીસની મદદથી હોસ્પિટલ પર દરોડો પાડીને ડોક્ટરની અટકાયત કરી લેવામાં આવી હતી. એડિશનલ એસપી વિયોમ બિન્દલે આવી કાર્યવાહી થયાને સમર્થન આપ્યું હતું અને કહ્યું હતું કે આદિલ અહેમદને સ્થાનિક અદાલતમાં રજૂ કરવામાં આવ્યા હતા અને ટ્રાન્ઝિટ રિમાન્ડ ઉપર એમને કાશ્મીરી પોલીસને વધુ તપાસ માટે સોંપવામાં આવ્યા હતા. સહારનપુરના અધિકારીઓ જણાવ્યું હતું કે આ ઘટના પછી બહારના રાજ્યોમાંથી આવીને કામ કરતા અને ખાસ કરીને કાશ્મીરથી આવતા તમામ કર્મચારીઓ અંગે વધુ ઊંડી અને ઝીણવટ ભરી ચકાસણી કરવામાં આવી રહી છે. હોસ્પિટલોમાં પણ સુરક્ષાની ચકાસણીનો દાયરો વ્યાપક બનાવવામાં આવ્યો છે અને સંવેદનશીલ વિસ્તારોમાંથી આવતા અને કામ કરતા કર્મચારીઓની પણ ચકાસણી કરવામાં આવી રહી છે. પોલીસે જણાવ્યા અનુસાર શ્રીનગરમાં અચાનક જેઈએમની તરફેણના અનેક પોસ્ટર જોવા મળ્યા હતા તેના કારણે પોલીસની જોરદાર તપાસ શરૂ થઈ હતી અને તમામ કેમેરા ચકાસીને શકમંદની તાત્કાલિક ઓળખ કરી લેવામાં આવી હતી.

# 'અમે માત્ર નીતિઓને સમર્થન આપીએ છીએ, પક્ષોને નહીં': મોહન ભાગવતે રાજકારણમાં RSSની ભૂમિકા અંગે સ્પષ્ટતા કરી

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૯

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)એ જણાવ્યું છે કે, તે કોઈપણ વ્યક્તિ કે રાજકીય પક્ષને સમર્થન આપતું નથી, પરંતુ રાષ્ટ્રના હિતોને સેવા આપતી નીતિઓને મજબૂતીથી સમર્થન આપે છે. RSS સરસંઘચાલક મોહન ભાગવતે RSSની શતાબ્દી નિમિત્તે આયોજિત બેંગ્લુરૂમાં બે દિવસીય વ્યાખ્યાન શ્રેણી દરમિયાન આ નિવેદન આપ્યું હતું.

સંઘ કોઈપણ રાજકીય પક્ષને સમર્થન કેમ આપતું નથી તે પ્રશ્નના જવાબમાં ભાગવતે કહ્યું કે, અમે કોઈપણ રાજકીય પક્ષને સમર્થન આપતા નથી. અમે ચૂંટણી રાજકારણમાં ભાગ લેતા નથી. સંઘ સમાજને એક કરવામાં રોકાયેલ છે, જ્યારે રાજકારણ સ્વભાવે વિભાજનકારી છે. અમે નીતિઓને સમર્થન આપીએ છીએ. ખાસ કરીને હવે અમે એક સામાજિક શક્તિ છીએ,



## RSS વ્યક્તિઓના સંગઠન તરીકે ઓળખાય છે : મોહન ભાગવતનો ટીકાકારોને જવાબ

ભાગવતની આ ટિપ્પણી ત્યારે આવી છે જ્યારે કોંગ્રેસ વડા મલ્લિકાર્જુન ખડગેએ તાજેતરમાં કહ્યું હતું કે, RSS પર પ્રતિબંધ મૂકવો જોઈએ, તેમના પુત્ર અને કર્ણાટકના મંત્રી પ્રિયાંક ખડગેએ સરકારી સંસ્થાઓ અને જાહેર સ્થળોએ RSS પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી હતી

## હિન્દુ ધર્મ પણ નોંધાયેલ નથી : RSSની કાનૂની સ્થિતિ અંગે મોહન ભાગવતનો ખુલાસો

તેઓએ કહ્યું કે, અમને ત્રણ વખત પ્રતિબંધિત કરવામાં આવ્યા હતા તેથી સરકારે અમને માન્યતા આપી છે, જો અમે માન્ય ન હોત તો શું તેઓએ અમને પ્રતિબંધિત કર્યા હોત ? ભાગવતે કહ્યું કે, ઘણી બધી એવી વસ્તુઓ છે, જે નોંધાયેલ નથી, હિન્દુ ધર્મ પણ નોંધાયેલ નથી

ત્યારે અમે યોગ્ય નીતિને સમર્થન આપવા માટે અમે પ્રભાવનો ઉપયોગ કરીશું, કોઈ વ્યક્તિ કે પક્ષને નહીં. ઉદાહરણ તરીકે અમે અયોધ્યામાં રામ મંદિર ઈચ્છતા હતા. અમારા સ્વયંસેવકોએ તે હેતુ અને તેના નિર્માણ માટે ઊભા રહેલા લોકોને ટેકો આપ્યો હતો.

તેમણે સમજાવ્યું કે તે આંદોલનો દરમિયાન ચૂંટણીઓ થઈ હતી અને મોટાભાગના કિસ્સાઓમાં એક પક્ષની સ્પર્ધા ન હતી પરંતુ ગઠબંધન હતું. ભાજપે ગઠબંધનના ઉમેદવારોને ટેકો આપ્યો હતો, ત્યાં અમારા સ્વયંસેવકોએ એવા ઉમેદવારોને ટેકો આપ્યો હતો જેમણે આ હેતુને ટેકો આપ્યો હતો. કોઈ ચોક્કસ રાજકીય પક્ષ પ્રત્યે કોઈ લગાવ નથી.

તેમણે સ્પષ્ટતા કરી કે કોઈ પક્ષ અમારો નથી અને બધા પક્ષો અમારા છે - કારણ કે, તે ભારતીય પક્ષો છે. અમે રાષ્ટ્રનીતિને સમર્થન આપીએ છીએ, રાજનીતિ (પક્ષીય રાજકારણ)ને નહીં. અમે આ ખુલ્લેઆમ કરીએ છીએ. આ દેશે કઈ દિશામાં લઈ જવું જોઈએ તે અંગે અમારી પાસે અમારા મંતવ્યો અને દૃષ્ટિકોણ છે અને અમે તે દિશામાં કામ કરનારાઓને સમર્થન આપીએ છીએ. ભાગવતે જણાવ્યું કે, કોઈપણ રાજકીય પક્ષના સૂત્ર સાથે જોડાવાનો કોઈ પ્રશ્ન જ નથી. ઘણા પક્ષોમાં એવા સ્વયંસેવકો છે જે સંઘની જેમ વિચારે છે. અમે કોઈને પણ બાકાત રાખ્યા વિના સમગ્ર સમાજને સંગઠિત કરવાનો ધ્યેય રાખીએ છીએ. હાલના વિરોધીઓ પણ સંભવિત સ્વયંસેવકો છે. સંઘ જે એકમાત્ર વસ્તુ ઈચ્છે છે અને તે દેશમાં સુધારણા ઈચ્છે છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે, RSS રાષ્ટ્રધ્વજને બદલે ભગવા ધ્વજ (ભગવા ધ્વજ)નો ઉપયોગ કેમ કરે છે અને કેટલાક લોકો સંઘ પ્રત્યે દ્વેષ કેમ રાખે છે, ત્યારે ભાગવતે સમજાવ્યું કે, સંઘની શરૂઆત ૧૯૨૫માં થઈ હતી અને અમને સંગઠન માટે એક પ્રતીકની જરૂર હતી. ડૉ.હેડગેવારે કહ્યું કે, સંઘ આપણું છે. જો આપણી બહેન કે ભાઈના લગ્ન થાય છે, તો આપણે દાન નથી માંગતા, આપણે લોન લઈએ છીએ. આપણે ક્યારેય આપણા કાર્ય માટે ભીખ નહીં માંગીએ. સંઘ આપણું છે અને આપણે યોગદાન આપવું જોઈએ. પરંતુ આપણા યોગદાનમાં કોઈ અહંકાર ન હોવો જોઈએ. તે દાન ન હોવું જોઈએ, પરંતુ સમર્પણ અને ભક્તિનું કાર્ય હોવું જોઈએ. તેથી અમે ગુરૂ દક્ષિણા (અર્પણ) આપીએ છીએ. આ માટે ગુરૂ હોવા જોઈએ. પરંતુ વ્યક્તિ ગુરૂ ન હોઈ શકે, કારણ કે, તેનું આયુષ્ય મર્યાદિત હોય છે.

દરેક પાપીનો ભૂતકાળ હોય છે અને દરેક સંતનું ભવિષ્ય હોય છે. પરિસ્થિતિઓ બદલાય છે. તેથી અમારી ભવ્ય સંસ્કૃતિ અને હિન્દુત્વનું કાયમી પ્રતીક હોવું જોઈએ અને તે ભગવોધ્વજ છે. તે હંમેશા અમારો ગુરૂ છે અને રહેશે. ભગવા ધ્વજને અમારા ગુરૂ તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રધ્વજને ૧૯૩૭માં અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. ધ્વજ સમિતિએ સર્વાનુમતે સ્વતંત્ર ભારતના રાષ્ટ્રીય ધ્વજ તરીકે પરંપરાગત ભગવા ધ્વજની ભલામણ કરી હતી. જો કે, મહાત્મા ગાંધીએ હસ્તક્ષેપ કર્યો અને ટોચ પર ભગવો રંગ ધરાવતો ત્રિરંગો ધ્વજ સૂચવ્યો હતો.

સંઘે તિરંગા ધ્વજ (રાષ્ટ્રીય ધ્વજ)નું સન્માન કર્યું છે, તેને શ્રદ્ધાંજલિ આપી છે અને તેનું રક્ષણ કર્યું છે. તેને સૌપ્રથમ ૧૯૩૩માં મહારાષ્ટ્રમાં કોંગ્રેસના અધિવેશનમાં ફરકાવવામાં આવ્યો હતો. આ ધ્વજની રચના થઈ ત્યારથી અમે તેના બચાવમાં ઊભા રહ્યા છીએ. જ્યારે કોર્ટે પાછળથી ચુકાદો આપ્યો કે ખાનગી સંસ્થાઓ દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવી શકાય છે, ત્યારે અમે તેને ૨૬ જાન્યુઆરી અને ૧૫ ઓગસ્ટના રોજ બધી શાખાઓમાં ફરકાવવાનું શરૂ કર્યું. તેથી ભગવા અને તિરંગા વચ્ચે કોઈ સંઘર્ષ નથી. દરેક સામ્યવાદી પક્ષ પાસે લાલ ધ્વજ હોય છે; કોંગ્રેસ પક્ષ પાસે પ્રતીક સાથે ત્રિરંગો છે. અમારી પાસે ભગવો છે અને અમે તેનો આદર કરીએ છીએ. 'આ વાસ્તવિકતા છે.' RSS પ્રત્યે મીડિયાના કથિત દુશ્મનાવટ અંગેના પ્રશ્નોના જવાબમાં ભાગવતે કહ્યું કે, અમારે દરેક પ્રશ્નનો જવાબ કેમ આપવો જોઈએ ? દરેક પ્રશ્ન જવાબને લાયક નથી. એવા લોકો છે જેમની ભૂમિકા સંઘ વિશે શંકા ઊભી કરવાની છે, આપણે દરેકને જવાબ આપવાની જરૂર નથી; આપણી પાસે વધુ મહત્ત્વપૂર્ણ કાર્ય છે. વર્ષોથી આવી ટીકાએ અમને વધુ લોકપ્રિય બનાવ્યા છે. અમે લોકોને વધુ પ્રશ્નો પૂછવા માટે પણ પ્રોત્સાહિત કરીએ છીએ. અમે અમારૂં કાર્ય નિષ્ઠાપૂર્વક અને રાષ્ટ્રના ભલા માટે કરી રહ્યા છીએ. તેમ છતાં હંમેશા કેટલાક એવા હશે જે સત્ય જાણ્યા છતાં અમારી ટીકા કરવાનું પસંદ કરે છે.

# બંગાળમાં 'SIRમાં અનિયમિતતાઓ' અંગે ચૂંટણી પંચે BLA અને BLO પર કડક કાર્યવાહી કરી

## CEO કાર્યાલયના અધિકારીઓએ કહ્યું છે કે, ગેરકાયદેસર રીતે ગણતરી ફોર્મ લેવા અને વિતરણ કરવા બદલ આઠ બૂથ-લેવલ એજન્ટો સામે FIR દાખલ કરવામાં આવી છે

(એજન્સી) તા.૯

પશ્ચિમ બંગાળમાં ગણતરી ફોર્મના વિતરણમાં દખલ કરવાનો, BLO પાસેથી ગેરકાયદેસર રીતે ફોર્મ કબજે કરવાનો અને પોતાને દ્વારા વિતરણ કરવાનો આરોપ લગાવતા આઠ બૂથ-લેવલ એજન્ટો (BLA) સામે FIR દાખલ કરવામાં આવી છે. વિતરણની 'શોર્ટકટ' પદ્ધતિઓ અપનાવીને કમિશનના ધોરણોનું ઉલ્લંઘન કરવા બદલ આઠ BLOને કારણદર્શક નોટિસ જારી કરવામાં આવી છે. ફોર્મના ફરજિયાત ઘરે-ઘરે વિતરણને બદલે, આ અધિકારીઓએ કથિત રીતે તેમને નિશ્ચિત સ્થળેથી વિતરણ કરવાનું પસંદ કર્યું હતું જે ECIની નિર્ધારિત પ્રક્રિયાનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) દરમિયાન ગંભીર ગેરરીતિઓના આરોપો બાદ, ભારતીય ચૂંટણી પંચ (ECI)એ પશ્ચિમ બંગાળમાં બૂથ-લેવલ ઓફિસર્સ (BLOs) પર કડક કાર્યવાહી શરૂ કરી છે.



# જે રીતે ચીન યુદ્ધની પીછેહઠથી નેહરૂજીની કારકિર્દીનું મૂલ્યાંકન કરી ન શકાય અને ઈન્દિરા ગાંધીનું માત્ર કટોકટીને કારણે મૂલ્યાંકન કરી ન શકાય એ રીતે રામ મંદિર યાત્રા માત્રથી અડવાણીજીની કારકિર્દીનું મૂલ્યાંકન કરી ન શકાય

(એજન્સી) તા.૯

કોંગ્રેસના સાંસદ શશી થરૂર ફરી એકવાર ભાજપના નેતા પર કરેલી તેમની ટિપ્પણી માટે વિવાદમાં આવ્યા છે. આ વખતે તેઓએ પૂર્વ નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણીના રાજકીય વારસાનો બચાવ કરતા, જણાવ્યું હતું કે જવાહરલાલ નેહરુ અને ઈન્દિરા ગાંધીની જેમ, ભાજપના આ દિગ્ગજ નેતાની



પ્રહાર કરતા લખ્યું કે, આ દેશમાં 'નફરતના ડ્રેગન બીજ' વાવવા એ જાહેર સેવા નથી'. ત્યારબાદ થરૂર અને વરિષ્ઠ વકીલ વચ્ચે ટૂંકી વાતચીત થઈ, જેમાં કોંગ્રેસના નેતાએ અડવાણીના વારસાનો બચાવ કરીને તેની સરખામણી પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નેહરૂ અને ઈન્દિરા ગાંધી સાથે કરી હતી. સુપ્રીમ કોર્ટના વકીલ સંજય હેગડેએ વળતો પ્રહાર કરતા લખ્યું

## શશી થરૂરે લાલકૃષ્ણ અડવાણીને જન્મદિવસની શુભેચ્છાઓ આપી છે અને તેમના 'જીવનમાં સેવા' માટે પ્રશંસા કરી છે, તેના લીધે ઓનલાઈન પ્રતિક્રિયાઓ આવી છે, સુપ્રીમ કોર્ટના એક વકીલે કોંગ્રેસના સાંસદ પર ભાજપના દિગ્ગજ નેતાની વિભાજનકારી રાજકારણમાં તેમની ભૂમિકાને છુપાવવાનો આરોપ લગાવ્યો છે

દાયકાઓની જાહેર સેવાનું મૂલ્યાંકન એક જ ઘટનાના આધારે ન કરવું જોઈએ. થરૂરે X પર લખ્યું કે, તેમની અનેક વર્ષોની સેવાને એક જ ઘટનામાં ભૂલી જવી એ અન્યાયી છે. જેમ નેહરૂજીની કારકિર્દીને ફક્ત ચીનના પરાજયથી વ્યાખ્યાયિત કરી શકાતી નથી અને ઈન્દિરા ગાંધીનું મૂલ્યાંકન માત્ર કટોકટીથી ન થાય તેવી જ રીતે અડવાણીજી પ્રત્યે પણ ન્યાયીતા દાખવવી જોઈએ. કોંગ્રેસ સાંસદની આ ટિપ્પણી ભાજપના સ્થાપક સભ્યોમાંના એક, અડવાણીને તેમના ૯૮મા જન્મદિવસ પર શુભેચ્છા પાઠવ્યા પછી કરવામાં આવી હતી અને થરૂરે અડવાણીની 'જાહેર સેવા પ્રત્યેની અટલ પ્રતિબદ્ધતા'ની પ્રશંસા કરી હતી. તેમણે લખ્યું કે, આદરણીય શ્રી લાલકૃષ્ણ અડવાણીને ૯૮મા જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ! જાહેર સેવા પ્રત્યેની તેમની અતૂટ પ્રતિબદ્ધતા, તેમની નમ્રતા અને શિષ્ટાચાર અને આધુનિક ભારતના માર્ગને આકાર આપવામાં તેમની ભૂમિકા અવિસ્મરણીય છે. એક એવા સાચા રાજકારણી જેમનું સેવાકીય જીવન અનુકરણીય રહ્યું છે. લાલકૃષ્ણ અડવાણીની જાહેર કારકિર્દી માટે થરૂરની પ્રશંસા પછી ઓનલાઈન તીવ્ર પ્રતિક્રિયા આવી રહી છે અને ટીકાકારોએ કોંગ્રેસના સાંસદ પર વિભાજનકારી રાજકારણમાં ભાજપના દિગ્ગજ નેતાની ભૂમિકાને અવગણવાનો આરોપ લગાવ્યો છે. સુપ્રીમ કોર્ટના વકીલ સંજય હેગડેએ વળતો કે 'રથયાત્રા કોઈ એક ઘટના નહોતી. તે ભારતીય પ્રજાસત્તાકના પાયાના સિદ્ધાંતોને નષ્ટ કરી દેવા માટે એક લાંબી કૂચ હતી. તેણે ૨૦૦૨ અને ૨૦૧૪ અને ત્યારબાદનો તબક્કો શરૂ કર્યો. જેમ દ્રૌપદીના અપમાનથી મહાભારતનો તબક્કો શરૂ થયો, તેમ રથયાત્રા અને તેનો હિંસાનો વારસો આ દેશના ભાગ્યને સતત સતાવી રહ્યો છે. તેમણે કોઈ રાજધર્મનો ઉપદેશ આપ્યો નથી. ઉલ્લેખનીય છે કે, અડવાણીની રથયાત્રા, જે સોમનાથથી શરૂ થઈ હતી અને બિહારમાં તત્કાલીન મુખ્યમંત્રી લાલુ પ્રસાદ યાદવે તેને અટકાવી હતી, તેને ડિસેમ્બર ૧૯૯૨માં બાબરી મસ્જિદ ધ્વંસની પૂર્વશરૂઆત તરીકે જોવામાં આવે છે.

# ૧૦ પ્રયાસો પછી અમદાવાદની છોકરી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બની, સ્વર્ગસ્થ પિતાનું સ્વપ્ન પૂર્ણ કર્યું

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

જ્યારે હિરલ પટેલે ધોરણ ૧૨માં ૯૯.૨ પર્સન્ટાઈલ મેળવ્યા, ત્યારે તેણીને લાગ્યું કે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બનવાનું તેનું સ્વપ્ન હવે નજીક છે. પરંતુ પહેલા પગલા સીએ ફાઉન્ડેશન પરીક્ષા માટે કોચિંગ ક્લાસે સ્વપ્ન લગભગ ચકનાચૂર કરી નાખ્યું. ફી ૨૮,૦૦૦ રૂપિયા હતી, જે તેના પરિવાર માટે પરવડે તેવી અશક્ય રકમ હતી. નિરાશ થઈને, તેણીએ તેના પિતા, જે એક સિક્યુરિટી ગાર્ડ હતા અને મહિને ૧૧,૦૦૦ રૂપિયા કમાતા હતા ને ફોન કરીને કહ્યું કે તે હાર માની લેશે. તેમણે એક ક્ષણ માટે થોભ્યા પછી જવાબ આપ્યો, જો મારે તને શિક્ષિત કરવા માટે અમારું ઘર વેચવું પડે, તો હું કરીશ. ક્યારેય તારું સ્વપ્ન ન છોડ. આ અઠવાડિયે, જ્યારે સીએ ફાઈનલના પરિણામો જાહેર થયા, ત્યારે હિરલ તેના સ્વર્ગસ્થ પિતા અશોક પટેલના ફોટોગ્રાફ સામે ઊભી રહી અને તેમને સલામ કરી. તેની આંખો આંસુઓથી ભરાઈ ગઈ, તેણીએ ફફડાટથી કહ્યું, મેં કરી બતાવ્યું, પપ્પા. તે ફક્ત એક વ્યાવસાયિક સીમાચિહ્નરૂપ નહોતું; તે એક એવા માણસને શ્રદ્ધાંજલિ હતી જેણે તેના પર વિશ્વાસ કર્યો હતો જ્યારે તેણીને પોતાના પર ભાગ્યે જ વિશ્વાસ હતો. સીએ બનવાની હિરલની સફર લાંબી અને સજા આપનારી હતી. તેણીએ સીએ ઈન્ટરમીડિયેટ પરીક્ષા પાસ કરવા માટે છ પ્રયાસો કર્યા અને ફાઈનલ પાસ કરવા માટે ચાર પ્રયાસો કર્યા. રસ્તામાં, તેણીએ તેના પિતાને હૃદયરોગના હુમલાથી ગુમાવ્યા, હતાશા સામે લડ્યા અને સતત આર્થિક તંગીનો સામનો કરવો પડ્યો. પરંતુ તેણીએ નોકરી



છોડવાનો ઈનકાર કર્યો. જ્યારે હું પહેલી વાર નાપાસ થઈ, ત્યારે પપ્પાએ મને કહ્યું હતું કે જ્યારે હું સીએ બનીશ ત્યારે તેઓ મને સલામ કરશે. તેમનું ટૂંક સમયમાં જ નોકરી પર અવસાન થયું, પરંતુ તેમના શબ્દો મારા માટે મહત્ત્વપૂર્ણ બની ગયા,હિરલ યાદ કરે છે, તેનો અવાજ તૂટી રહ્યો છે. પટેલ પરિવાર પૂર્વ અમદાવાદના કૃષ્ણનગરમાં એક જર્જરિત ઈમારતમાં એક સાંકડા 1BHK ફ્લેટમાં રહે છે. તેના પિતાના મૃત્યુ પછી, તેની મોટી બહેન-જે બાગાયતમાં MSc કરે છે-એ હિરલના શિક્ષણ માટે નાણાંની જવાબદારી સંભાળી. પૈસા હંમેશા તંગી રહેતી હતી, પરંતુ અમે બધાએ કરેલા બલિદાનને કારણે સફળ થયા, હિરલે કહ્યું. હવે જ્યારે મેં સીએ પાસ કરી લીધું છે, ત્યારે મારું પહેલું લક્ષ્ય મારા પરિવારને સારું જીવન આપવાનું છે. મારા માટે તેમણે સહન કરેલી બધી મુશ્કેલીઓ પછી તેઓને આરામ મળવો જોઈએ. પરિવારની આર્થિક મુશ્કેલીઓ વર્ષો પહેલા શરૂ થઈ હતી. હિરલના પિતા એક સમયે એક નાની ટીવી રિપેર દુકાન ચલાવતા હતા, પરંતુ એલસીડી સ્ક્રીન અને પછી સ્માર્ટફોનના આગમનથી તેમની કુશળતા કાલગ્રસ્ત થઈ ગઈ. હિરલે કહ્યું, તેમને દુકાન બંધ કરીને પાવર કંપનીમાં સુરક્ષા ગાર્ડ તરીકે કામ કરવું પડ્યું. તેમની આવક અમારા છ લોકોના પરિવારની થાળીમાં ખોરાક મૂકવા માટે ભાગ્યે જ પૂરતી હતી. જ્યારે મારી દાદીને ડિમેન્શિયા થયો, ત્યારે હું ઘરમાં ઘોંઘાટથી બચવા માટે દુકાનમાં અભ્યાસ કરતી હતી. પછીથી, જ્યારે અમારે દુકાન છોડવી પડી, ત્યારે મેં એક મિત્રના ઘરે અભ્યાસ કર્યો. તેના પિતાના અવસાન પછી, હિરલનો નિર્ણય ડગમગ્યો. મેં આત્મવિશ્વાસ ગુમાવ્યો અને ઘણી વખત નિષ્ફળ ગઈ. એવા દિવસો આવ્યા જ્યારે મને લાગ્યું કે હું હવે તે કરી શકીશ નહીં, તેણીએ સ્વીકાર્યું. જો મારી માતા, બહેન અને મારા બોસ, કરીમ લાખાણી ન હોત, તો હું નોકરી છોડી દેત. લાખાણી, જેમના માર્ગદર્શન હેઠળ હિરલે પોતાનું લેખન કાર્ય પૂર્ણ કર્યું, તે એક માર્ગદર્શક અને ભાવનાત્મક મિત્ર બન્યા. તેમણે મને પુસ્તકાલયમાં દાખલ કર્યો, મને માર્ગદર્શન આપ્યું અને પિતાની જેમ પ્રેરણા આપી, તેણીએ કહ્યું. મારી માતાએ ક્યારેય મારામાં વિશ્વાસ કરવાનું બંધ કર્યું નહીં. તે મને ફક્ત એક વાર એમ કહીને પ્રોત્સાહિત કરતી રહી. તેમણે મને આગળ વધવાની શક્તિ આપી. જ્યારે તે તેના પિતાના ફોટોગ્રાફ સામે ઉભી રહી, ત્યારે તેની સફળતા એક સિદ્ધિ ઓછી અને નિભાવેલા વચન જેવી વધુ લાગી. એક છોકરી કંઈ પણ કરી શકે છે જો તેણીને તેના પિતાના આશીર્વાદ અને પરિવારનો ટેકો હોય.

# IAS વિજય વર્ધન : ૩૫ વાર નિષ્ફળ ગયા છતાં ક્યારેય હાર માની નહીં, ઉમેદવારો માટે સાચી પ્રેરણા

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

IAS વિજય વર્ધનની વાર્તા સખત મહેનત અને નિશ્ચયનું જીવંત ઉદાહરણ છે. આટલી બધી સરકારી પરીક્ષાઓમાં નિષ્ફળ ગયા છતાં, તેમણે ક્યારેય હાર માની નહીં અને UPSC પરીક્ષાની તૈયારી ચાલુ રાખી. તેમનું સ્વપ્ન IAS અધિકારી બનવાનું હતું. તેમણે આ સ્વપ્નને પૂર્ણ કરવા માટે પોતાનો સમય સમર્પિત કર્યો. સ્વ-શિસ્ત અને સખત મહેનત દ્વારા, તેમણે ૨૦૧૮માં UPSC સિવિલ સર્વિસીસ પરીક્ષા પાસ કરી અને ૧૦૪નો પ્રભાવશાળી અખિલ ભારતીય ક્રમાંક પ્રાપ્ત કર્યો. તેમની પસંદગી ભારતીય પોલીસ સેવા (IPS) માટે થઈ. જોકે, તેમનું સ્વપ્ન હંમેશા ભારતીય વહીવટી સેવા અધિકારી બનવાનું હતું, તેથી તેમણે ફરીથી પરીક્ષા આપી અને અંતે ૨૦૨૧માં IAS બનવામાં સફળ થયા. વિજય વર્ધન હરિયાણાના સિરસા જિલ્લાના વતની છે. તેમણે હરિયાણાના હિસારથી ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન એન્જિનિયરિંગમાં બી.ટેક. પૂર્ણ કર્યું. સ્નાતક થયા પછી, તેઓ લાખો અન્ય ઉમેદવારોની જેમ UPSC પરીક્ષાની તૈયારી કરવા માટે દિલ્હી ગયા. જ્યારે વિજય UPSC સિવિલ સર્વિસીસ



પરીક્ષાની તૈયારી કરવા દિલ્હી આવ્યા, ત્યારે તેમને ખ્યાલ નહોતો કે તેમનું સ્વપ્ન પૂર્ણ કરવામાં આટલો સમય લાગશે. UPSCની તૈયારી કરતી વખતે, તેમણે અન્ય સરકારી પરીક્ષાઓમાં પણ બેસવાનું શરૂ કર્યું. તેમણે હરિયાણા PCS, UPPCS, SSC CGL અને અન્ય પરીક્ષાઓ આપી. કુલ મળીને, તેઓ વિવિધ સરકારી પરીક્ષાઓમાં ૩૫ વખત નાપાસ થયા, પરંતુ તેમણે હાર ન માની અને ધ્યાન અને શિસ્ત સાથે ફરીથી તૈયારી શરૂ કરી. વિજયે સ્નાતક થયા પછી UPSC પરીક્ષાની તૈયારી શરૂ કરી. તેમનું લક્ષ્ય IAS અધિકારી બનવાનું હતું અને વારંવાર નિષ્ફળતાઓ પછી, તેમણે આ પદ પ્રાપ્ત કર્યું. તેમણે ૨૦૧૪માં પોતાનો પહેલો પ્રયાસ કર્યો, પરંતુ સારું પરિણામ મળ્યું નહીં. તેમણે હરિયાણા PCS, UPPCS અને SSC CGL સહિતની ઘણી અન્ય સરકારી પરીક્ષાઓ પણ આપી. દુઃખની વાત છે કે, તે આમાંની ઘણી પરીક્ષાઓમાં નાપાસ થયો. જો કે, આ નિષ્ફળતા તેના માટે નિરાશાનું કારણ બનવાને બદલે બળતણ બની. તેણે વધુ ઉત્સાહ અને સમર્પણ સાથે તેની તૈયારી ફરી શરૂ કરી અને અંતે ૨૦૧૮માં સફળતા મેળવી. તેમણે અખિલ ભારતીય ક્રમાંક ૧૦૪ મેળવ્યું અને ભારતીય પોલીસ સેવા માટે પસંદગી પામ્યો. તે ત્યાં અટક્યો નહીં, કારણ કે તેનું સ્વપ્ન હંમેશા IAS અધિકારી બનવાનું હતું. તેથી, સેવામાં હોવા છતાં, તેમણે ફરીથી તૈયારી શરૂ કરી અને ૨૦૨૧માં બીજો પ્રયાસ કર્યો. અંતે, તેમની મહેનત રંગ લાવી અને તેઓ IAS માટે પસંદગી પામ્યા.




# કોડીનાર પંથકની જીવાદોરી સમાન બિલેશ્વર ખાંડ ઉદ્યોગનો પુનઃ પ્રારંભ

## દસ વર્ષ બાદ મિલ ફરી ધમધમશે, હજારો ખેડૂતોમાં આનંદની લાગણી

(સંવાદદાતા દ્વારા)

કોડીનાર, તા.૯

છેલ્લા એક દાયકાથી બંધ પડેલા કોડીનાર પંથકની જીવાદોરી સમાન બિલેશ્વર ખાંડ ઉદ્યોગને ઈન્ડિયન પોટાશ લિ. (IPL) દ્વારા આ ઉદ્યોગને ૩૦ વર્ષના ભાડાપટ્ટે લઈને પુનઃ નિર્માણ બાદ આગામી શેરડી પીલાણ સીઝન ૨૦૨૫-૨૬નો પ્રારંભ કરાયો છે. સહકાર મંત્રાલયનાં અધિક સચિવ અને આઈ.પી.એલ.નાં અધ્યક્ષ પંકજકુમાર બંસલના હસ્તે વિધિવત રીતે ઉદઘાટન કરવામાં આવ્યું હતું, જેનાથી સમગ્ર ગીર પંથકના હજારો ખેડૂતોમાં ખુશીની લહેર પ્રસરી ગઈ છે. કોડીનાર અને તાલાળાની ખાંડ મિલો છેલ્લા ૧૦થી ૧૨ વર્ષથી બંધ હાલતમાં અને જર્જરિત હતી. ત્યારે સ્થાનિક નેતા પૂર્વ સાંસદ દિનુ સોલંકી વર્તમાન સાંસદ રાજેશ ચુડાસમા અને ધારાસભ્ય ડો.પ્રદ્યુમન વાજાની રજૂઆત બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને દેશના ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહની સૂચનાથી ઈન્ડિયન પોટાશ લિમિટેડ (IPL) દ્વારા આ બંને મિલોને પુનઃ જીવંત કરવા માટે પગલાં લેવાયા હતા. આઈ.પી.એલ.એ પોતાના વચન મુજબ માત્ર ૧૦ મહિનાના ટૂંકા ગાળામાં જ બંને મિલોને ફરીથી કાર્યરત કરવાનુ અભૂતપૂર્વ કાર્ય પૂર્ણ કર્યું છે. બંને ખાંડ ઉદ્યોનું કોડીનાર ખાતેથી સહકાર મંત્રાલયનાં અધિક સચિવ અને આઈ.પી.એલ.નાં અધ્યક્ષ પંકજકુમાર બંસલના હસ્તે શુભારંભ કરવામાં આવ્યું ત્યારે આગામી દિવસોમાં શેરડીનો પાક સંપૂર્ણ તૈયાર થઈ જતાં સીધું પીલાણ શરૂ કરવામાં આવશે. આ શુભ પ્રસંગે આઈ.પી.એલ.ના મેનેજીંગ ડિરેક્ટર ડો. પી.એસ.ગેહલોત, આઈ.પી.એલ. મુખ્ય કાર્યાલય દિલ્હીનાં મુખ્ય કૃષિ વૈજ્ઞાનીક ડો. યુ.એસ.તેવતીયા, અમદાવાદ કાર્યાલયનાં રાજ્ય વડા રણવિજયસિંહ, પૂર્વ સાંસદ દિનુ સોલંકી, બિલેશ્વર ખાંડ ઉદ્યોગના ચેરમેન પ્રતાપ ડોડીયા,કોડીનાર બિલેશ્વર ખાંડ ઉદ્યોગ યુનિટના આઈ.પી.એલ.નાં જનરલ મેનેજર યશ સોલંકી અને શેરડીનાં વડા યતેન્દ્ર પવાર ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત નટુભાઈ વાળા, એમ.ડી. રાજન વૈશ અને તમામ ડિરેકટરોએ પણ હાજરી આપી હતી. કોડીનાર બિલેશ્વર ખાંડ ઉદ્યોગ ફરી ધમધમતો થવાથી માત્ર કોડીનાર તાલુકાને જ નહીં, પરંતુ આસપાસના સુત્રાપાડા, તાલાળા અને ગીર ગઢડા તાલુકાના હજારો શેરડી પકવતા ખેડૂતોને સીધો ફાયદો થશે. ખેડૂતોને તેમના શેરડીના પાકનાં પોષણક્ષમ ભાવ મળશે. ખાંડ ઉદ્યોગ બંધ થવાથી જે આર્થિક ચક્ર થંભી ગયું હતું, તે ટૂંકા સમયમાં ફરી વેગવંતુ બનશે, જેના કારણે ગીર પંથકના ખેડૂતો સહિત તમામ લોકોમાં ઉત્સાહ અને ખુશીનો માહોલ છવાયો છે.



# ધ્રાંગધ્રા પાલિકાના ભાજપના મહિલા સદસ્ય સામે પોલીસ ફરિયાદ

## કોર્ટ કમ્પાઉન્ડમાં જ મહિલા વકીલ સાથે રકઝક કરી અપશબ્દો બોલતા કાર્યવાહી

ધ્રાંગધ્રા, તા.૯

ધ્રાંગધ્રા નગરપાલિકાના વોર્ડ નંબર ૮ના મહિલા કાઉન્સિલર વૈશાલીબેન મકવાણા વિરૂદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. તેમના પર કોર્ટ પરિસરમાં એક મહિલા વકીલ સાથે માથાકૂટ કરવા અને અપશબ્દો બોલવાનો આરોપ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, આ ઘટના ધ્રાંગધ્રા કોર્ટ પરિસરમાં બની હતી. વકીલ રાધાબેન લકુમ કોર્ટમાં હાજર હતા ત્યારે કાઉન્સિલર વૈશાલીબેન મકવાણા તેમની પાસે ગયા હતા. વૈશાલીબેને રાધાબેનને તેમની બહેનની કોર્ટ મેટરમાં રસ લેવા અંગે પ્રશ્ન કર્યો હતો.

આ પ્રશ્ન બાદ બંને વચ્ચે માથાકૂટ થઈ હતી. ફરિયાદમાં જણાવાયું છે કે, વૈશાલીબેને મહિલા વકીલ રાધાબેન સાથે અપશબ્દો બોલી તેમને ધક્કો માર્યો હતો.

આ ઘટના અંગે મહિલા વકીલ રાધાબેન લકુમે ધ્રાંગધ્રા તાલુકા પોલીસ મથકે કાઉન્સિલર વૈશાલીબેન મકવાણા વિરૂદ્ધ ગુનો નોંધાવ્યો છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# બોડેલી : રૂા.૨.૮૭ લાખનો દારૂ-બિયર લોકો લૂટી ગયા, ગુનો નોંધાયો

(સંવાદદાતા દ્વારા)

બોડેલી, તા.૯

બોડેલી અલીપુરા ચાર રસ્તા પાસે દારૂ ભરેલ કારનું અકસ્માત થતા ગાડીમાં ભરેલ દારૂ-બિયર લોકો લૂંટ ગયા હતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી દારૂ અને ગાડી નો કબજો લઈ ગાડીની ચાલકની બાજુની સીટ પર બેસલ બાળ કિશોરને પકડી અને ભાગી ગયેલ ગાડી ચાલક વિરૂદ્ધ ગુનો નોંધાયો હતો.

ગતરાતે બોડેલી અલીપુરા ચાર રસ્તા પાસે હાલોલ રોડ પર જાંબુઘોડા તરફ ઈંગ્લિશ દારૂ ભરી આવતી i20 ફોર વ્હિલ ગાડી ખોડિયાર માતાજીના મંદિર પાસે ગાડી યુટર્ન લેવા જતા ગાડી સામે બીજી ગાડીને અડી જતા લોકો મોટી સંખ્યામાં ભેગા થતા દારૂ ભરેલી ગાડીનો ચાલક ગાડી છોડી ભાગી ગયો હતો ત્યારે સ્થળ પર ગાડીમાં જોતા ગેરકાયદેસર ઈંગ્લિશ દારૂ અને બિયરનો જથ્થો ભરેલ હતો અને લોકો બિયર અને દારૂની આખી પેટી ઉઠાવી લૂંટ ચલાવી હતી.

છોટા ઉદેપુર જિલ્લા એલ.સી.બીની ટીમ ઘટનાસ્થળે દોડી આવી ગાડી અને દારૂનો કબજે લીધો હતો. ગાડીમાંથી દારૂ પ્લાસ્ટિકના ક્વાટરીયા તથા પતરાની ટીન બિયરની કુલ બોટલ નંગ-૧૨૧૦ની કુલ કિં.રૂા.૨,૮૭,૯૩૨/- અને ફોર વ્હીલર ગાડીની કિ.રૂા.૨,૫૦,૦૦૦ તથા મોબાઈલ નંગ-૦૨ કિંમત રૂા.૧૦,૦૦૦/- મળી કુલ કિં.રૂા.૫,૪૭,૯૩૨/-નો મુદ્દામાલ જપ્ત કરી ગાડી ચાલક અર્જુનભાઇ નારસીંગભાઇ રાઠવા રહે.ગુનાટા તા.જિ.છોટાઉદેપુરની વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભાવનગરમાં થયેલ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલતી નિલમબાગ પોલીસ




(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૯

ભાવનગર શહેરમાં થયેલ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી સોનાના દાગીના અને રોકડ સહિત કુલ.રૂા.૨,૮૬,૦૦૦ના મુદ્દામાલ સાથે નિલમબાગ પોલીસે આરોપીને ઝડપી પાડી હતી. ભાવનાગરના આઇ.જી.પી. ગૌતમ પરમાર ભાવનગર રેન્જ તથા પો.અધિક્ષક નિતેશ પાંડે તથા નાયબ પો.અધિક્ષક આર.આર.સિંધાલ તરફથી શહેરમાં બનતી ચોરીની ઘટના અટકાવવા તેમજ ચોરીમાં સંડોવાયેલ ઈસમને શોધી કાઢવા સુચના આપી હતી જે અનુસંધાને નિલમબાગ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. બી.ડી.ઝાલા અનડીટેકડ ગુન્હાઓ શોધી કાઢવા વિસ્તારમાં સખ્ત અને સતત પેટ્રોલીંગ કરવા સુચના આપી હતી. જે અન્વયે ભાવનગર નિલમબાગ પોલીસ સ્ટેશનમાં કાળિયાબીડ ખાતે થયેલ ઘરફોડ ચોરી બાબતે નિલમબાગ પોલીસ સ્ટેશન ખાતે ભોગ બનનારે ફરિયાદ નોંધાવી હતી. જે બનાવની ગંભીરતાને ધ્યાને લઇ ફરિયાદની વિગતે કાળિયાબીડ રચના ૦૨ ફલેટ ભાવનગર ખાતે જઇ પો.કોન્સ. કુલદિપસિંહ બળવંતસિંહ તથા પો.કોન્સ. જયદિપસિંહ પ્રવિણસિંહએ ખાનગી બાતમી તેમજ ત્યાં લગાવેલ સી.સી.ટી.વી. કેમેરા જોઇ તપાસી માહિતી મેળવી કે આ ચોરી કરનાર એક પુરૂષ ઈસમ (હર્ષદિપસિંહ ઉર્ફે લાલો ભૂપતભાઇ ડાભી (ઉ.વ.૩૧) (રહે. શિવપાર્વતી સોસાયટી રીંગ રોડ ભાવનગર) છે. જેથી આજુબાજુના અન્ય સી.સી.ટી.વી. કેમેરા તપાસી સર્વેલન્સ સ્ટાફ પાસે ત્વરિત સી.સી.ટી.વી. વિશ્લેષણ કરાવી આરોપીની ઓળખ કરી સોનાના દાગીના અને રોકડ સહિત કુલ રૂા.૨,૮૬,૦૦૦/-ની ચોરી કરનાર ઈસમને રોકડ મુદ્દામાલ સાથે નિલમબાગ પોલીસ ટીમે આરોપીને ઝડપી પાડી હતી.

# ગીર સોમનાથ જમિયત ઉલેમા-એ-હિંદ દ્વારા તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ યોજાયો

(સંવાદદાતા દ્વારા)

પ્રભાસપાટણ, તા.૯

શુક્રવારના રોજ વેરાવળ શહેરના ત્રણ તેજસ્વી તારલાઓ હાફિઝ મુસેબ આરીફ ભેડા, સેફુલ અ.સત્તાર મલેક, સમીર અ. હબીબ ઐબાણી કે જેઓએ Charted Account (C A) ૨૦૨૫ની ફાઇનલ પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરી C Aની ડિગ્રી પ્રાપ્ત કરતા આ ત્રણેય વિદ્યાર્થીઓએ મુસ્લિમ સમાજનું ગૌરવ વધારેલ છે તેમનું તેમજ તેમની આ સિદ્ધિમાં તન મન અને ધનથી સહભાગી થયેલા તેમના પિતાઓનું પણ સન્માન સમારંભ જમિયત ઉલેમા-એ-હિંદ ગીર સોમનાથ તરફથી રાખવામાં આવેલ, આ તેજસ્વી વિદ્યાર્થીઓને શીલ્ડ સાથે ગિફ્ટ પણ આપવામાં આવેલ તથા તેમના પિતાઓનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ.આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોએ આ વિદ્યાર્થીઓને તેઓ ઉતરોતર પ્રગતિ કરે અને લાંબી આયુષ્ય સાથે દિન અને દુનિયા સાથે રાખી સમાજની સેવા કરે તેવી દુઆ કરાઇ હતી.



આ સન્માન સમારંભ માં જમિયત ઉલેમા એ હિંદ તરફથી ફારૂક મલિક પેરેડાઇઝ, નઝીર ખાન સર રેલ્વેવાળા, તસલીમભાઈ કાઝી, અહેમદભાઈ સોપારી વાલા, ડોક્ટર સોયબ શેખ, સુલેમાન ચાન્દ, આસીફ હમીદ મુનશી, હાફીઝ આસીફ, સુફિયાન અ.ગફાર, દિલાવર બાપુ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ખાસ મહેમાનો તરીકે અનવર મોહમ્મદ ચૌહાણ (પૂર્વ પ્રમુખ મુસ્લિમ સેવા સમાજ), એહમદભાઈ જમાદાર (પૂર્વ પ્રમુખ પટ્ટની વેલફેર સોસાયટી), ઈકબાલભાઈ મુકામી (પૂર્વ ઉપ પ્રમુખ સમસ્ત પટની જમાત), અ.સતાર મલિક પેરેડાઇઝ, અબ્દુલ ગફારભાઈ માયા, ઝૈદ અહેમદ સોપારી વાલા ઉપસ્થિત રહ્યા હતા.

# લકઝરીમાં આંગડિયા પેઢીના કર્મીઓને લૂંટવાનો પ્રયાસ, પોલીસે એકને દબોચ્યો

(સંવાદદાતા દ્વારા)

મોડાસા, તા.૯

શામળાજી પાસે મારૂતિનંદન રિસોર્ટ ખાતે પાર્શ્વનાથ ટ્રાવેલ્સની ગાડી મુસાફરોના ચા નાસ્તા માટે ઉભી હતી. તે દરમિયાન ટ્રાવેલ્સમાં અમદાવાદની આંગડિયા પેઢીના ૪૨ લાખના સોનાના ઘરેણાં ભરેલી બેગની લૂંટનો ચપ્પાની અણીએ પ્રયાસ કરનાર આરોપીને શામળાજી પોલીસે દબોચી લીધો હતો. જોકે અમદાવાદથી ટ્રાવેલ્સ ગાડીનો ગાડી દ્વારા રેકી કરી પીછો કરનાર બે આરોપીઓ ભાગી છૂટ્યા હતા. પોલીસ પૂછપરછમાં ઝડપાયેલા મુંબઈના આરોપીએ એક માસ અગાઉ રાજસ્થાનના કાંકરોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૮૪ લાખની ચોરીને અંજામ આપ્યો હોવાનું બહાર આવ્યું હતું.

અમદાવાદથી રાજસ્થાન તરફ જઈ રહેલી પાર્શ્વનાથ ટ્રાવેલ્સ ગાડીમાં અમદાવાદની આંગડિયા પેઢીમાં કામ કરતાં લોકો પોતાની પેઢીના ૪૨ લાખના સોનાના ઘરેણાં ભરેલી બેગ રાખી ઉદેપુર પેઢીમાં જતા હતા. તે તે દરમિયાન રાત્રે આ ટ્રાવેલ્સ ગાડીમાં રઘુ બાલુ રામ કિષ્ના જાટ રહે. હાઈટ પાર્ક બિલ્ડિંગની બાજુમાં સેક્ટર ૧૨ ખારઘર મુંબઈ રહે. ફલીચડા ખેડી તા.માવલી જિ.ઉદેપુરનો શખ્સ પણ પાર્શ્વનાથ ટ્રાવેલ્સમાં મુસાફરી કરી રહ્યો હતો. દરમિયાન તેની સાથેના સહ આરોપી કિશન ગાડરી અને શંકરભાઈ સુડીરામ જાટ ગાડી લઈ ટ્રાવેલ્સની ગાડીમાં પાછળ રેકી કરી રહ્યા હતા. દરમિયાન ટ્રાવેલ્સ શામળાજી વિસ્તારમાં મારૂતિનંદન રિસોર્ટ ખાતે ચા પાણી માટે ઉભી રહેતા ગાડીમાં બેઠેલો શખ્સ કિશન ગાડરી પોતાના મિત્ર રઘુરામ જાટ સાથે ટ્રાવેલ્સ બસમાં બેસ્યો હતો અને આંગડિયા પેઢીના માણસોની નજર ચૂકવી સોનાના ઘરેણાં ભરેલી બેગ ઝૂંટવી કિશન ગાડરી ભાગવા જતાં આંગડિયા પેઢીના લોકોને જાણ થતાં તેની પાસેથી બેગ ઝૂંટવી લઈ પડકાર કરતાં કિશન ગાડરી ભાગી ગયો હતો.ત્યારબાદ ફરીથી ટ્રાવેલ્સમાં બેઠેલો રઘુ બાલુરામ ક્રિષ્ના જાટ તેના ખિસ્સામાં રહેલું ચપ્પુ કાઢી આંગડિયા પેઢીના લોકો સાથે ઝપાઝપી કરી દાગીનાની લૂંટ કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. દરમિયાન શામળાજી પીઆઈ ડીંડોર અને પીએસઆઈ ચૌધરીને જાણ થતાં તેઓ તાત્કાલિક મારૂતિનંદન રિસોર્ટ ખાતે પહોંચી ગયા હતા અને લૂંટના ઈરાદે આવેલા આરોપી રઘુ બાલુરામ ક્રિષ્ના જાટને ઝડપી પાડ્યો હતો. જોકે ટ્રાવેલ્સની ગાડી ની રેકી કરી ગાડી દ્વારા પીછો કરનાર બંને ભાગી છૂટ્યા હતા.

# સુરત : નોકરીના બહાને વડોદરાની ગૃહિણી સાથે ઠગાઈ, દંપતીની ધરપકડ

## ઈલેક્ટ્રીકલ એન્જિનિયર મહિલા પાસે સુરતના દંપતીએ ૧૮ લાખ પડાવી બોગસ જોઈનિંગ લેટર પધરાવ્યો

(સંવાદાતા દ્વારા) સુરત, તા.૯

સુરતના કતારગામ ખાતે પિયરમાં રહેવા આવેલી આવેલી વડોદરાની ઈલેક્ટ્રીકલ એન્જિનિયર ગૃહિણીને ઓએનજીસીમાં નોકરી અપાવવાના બહાને રૂા.૧૭.૮૦ લાખ પડાવનાર સુરતના દંપતીની કતારગામ પોલીસે ધરપકડ કરી છે. ઈલેક્ટ્રીકલ એન્જિનિયર મહિલા પાસે સુરતના દંપતીએ ૧૭.૮૦ લાખ રૂપિયા પડાવી બોગસ જોઈનિંગ લેટર પધરાવ્યો હતો.મળતી માહિતી પ્રમાણે, સુરતના કતારગામ ખાતે પિયરમાં રહેવા આવેલી વડોદરાની ઈલેક્ટ્રીકલ એન્જિનિયર ગૃહિણીને ઓએનજીસીમાં નોકરી અપાવવાના બહાને સુરતના કતારગામના જ દંપતી કિંજલ-નિર્મળ રઘુભાઈ ધાનાણી (રહે. મકાન નં.૭, વસનજીપાર્ક સોસાયટી, કંતારેશ્વર મહાદેવ મંદિરની પાસે, કતારગામ, સુરત)એ રૂા.૧૭.૮૦ લાખ લઈ બોગસ જોઈનિંગ લેટર આપ્યો હતો. મહિલા ઓએનજીસીમાં તપાસ કરવા ગઈ ત્યારે દંપતીનો ભાંડો ફૂટતા પૈસા પરત માંગતા દંપતીએ પૈસા પરત કરવાને બદલે ધમકી આપી હતી. આખરે મહિલાએ ૨૬ સપ્ટેમ્બરના રોજ કતારગામ પોલીસ મથકમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. કતારગામ પોલીસે આ બનાવમાં ૮ નવેમ્બરના રોજ જોબ પ્લેસમેન્ટનું કામ કરતા પતિ નિર્મળ રઘુભાઈ ધાનાણી (ઉ.વ.૩૭, મૂળ રહે. આણંદપુર, તા.વલ્લભીપુર, જિ.ભાવનગર) અને તેની પત્નીની ધરપકડ કરી હતી. વધુ તપાસ પીએસઆઈ પી.જી.વાઘેલા કરી રહ્યા છે.

# અંજાર નગરપાલિકા દ્વારા રાષ્ટ્રગીતના સન્માનમાં વિવિધ કાર્યક્રમ યોજાયા

(સંવાદદાતા દ્વારા) અંજાર, તા.૯

ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ એક પરિપત્રને અનુલક્ષીને અંજાર નગરપાલિકા દ્વારા રાષ્ટ્રગીત 'વંદે માતરમ'ની ૧૫૦મી ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રગીતના સન્માનમાં વિવિધ કાર્યક્રમોની ઉજવણી નગરપાલિકાના પ્રમુખ વૈભવભાઈ દીપકભાઈ કોડરાણીના અધ્યક્ષસ્થાને અંજાર નગરપાલિકા કચેરી ખાતે કરવામાં આવી હતી. સરકારના પરિપત્ર અનુસાર એક દિવસ માટે કચેરીનો સમય સવારના ૯.૩૦ કલાકેથી સાંજના ૫.૧૦ સુધી રાખવામાં આવ્યું હતું. જેમાં સર્વપ્રથમ ઉપસ્થિત સર્વેએ સમૂહમાં રાષ્ટ્રગીતનું ગાન કર્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત સર્વેને ભારતીબેન બારોટએ 'સ્વદેશી શપથ' લેવડાવ્યા હતા. કાર્યક્રમમાં નગરપાલિકાના પ્રમુખ વૈભવભાઈ કોડરાણી, નગર સેવકો ડાયાલાલભાઈ મઢવી, કેશવજીભાઈ સોરઠીયા વગેરે તેમજ નરશીભાઈ દાવા, દેવેનભાઈ વ્યાસ, અનિલભાઈ ત્રિપાઠી, રશ્મિનભાઈ ભીંડે, તેજપાલ લોચાણી, પ્રકાશભાઈ રોંશિયા, ચૈતાલીબેન રાઠોડ, જીગ્નાબેન જોશી, મિતલબેન બારોટ, ખુશીબેન ઠક્કર, ખેરાજભાઈ મહેશ્વરી, ગુંજનભાઈ પંડ્યા, વિશાલ આહિર, સાવનભાઈ પંડ્યા, જીતેન્દ્રભાઈ જોશી, વિપુલભાઈ ઓઝા, અનિલનાથ નાથબાવા, શંકર લક્ષ્મણભાઈ સિંધવ, રાજનભાઈ પંડ્યા, કિશન પ્રજાપતિ, મયુરભાઈ હેરમાં, વિનોદ શામળિયા, મયુરધ્વજસિંહ જાડેજા, હિતેશભાઈ ભીંડે, પ્રતિપાલસિંહ જાડેજા, કરણ પિત્રોડા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.



# માવઠાથી દાડમના બાગાયત પાકને વ્યાપક અસર, ખેડૂતો દાડમ ફેંકી દેવા મજબૂર

વઢવાણ, તા.૯

કમોસમી વરસાદના કારણે બાગાયત પાકને નુકસાન થયું છે. ત્યારે સુરેન્દ્રનગરમાં પણ માવઠાના કારણે બાગાયત પાકને વ્યાપક નુકસાન થયું છે. માવઠાને કારણે દાડમ બગડી જતાં ફેંકી દેવાયા છે. દાડમની ક્વોલિટી ખરાબ થઈ જતા ખેડૂતોની હાલત કફોડી થઈ છે. ગુજરાતમાં સુરેન્દ્રનગર સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ ખાબકતા ખેતરો જળમગ્ન બન્યા હતા.

જેના પગલે બાગાયત પાકો જ નહીં ડાંગર, કપાસ સહિતના પાકોને પણ મોટું નુકસાન થયું છે. ઉલ્લેખનીય છે કે ભારે માવઠાના કારણે કપાસ, મગફળી ઉપરાંત બાગાયત પાકને પણ ભારે નુકસાન થયું છે. તેમજ દાડમ, સરગવો, લીંબુ જેવા પાકો પણ બગડી ગયા છે. જેના કારણે વર્તમાન સમયમાં જગતના તાતને રાતાપાણીએ રડવાનો વારો આવ્યો છે.



બીજી તરફ રાજ્ય સરકારે ૧૦ હજાર કરોડની કૃષિ સહાય જાહેર કર્યા બાદ સુરેન્દ્રનગર જિલ્લાના ખેડૂતોમાં નારાજગી જોવા મળી રહી છે. ખેડૂતોનું કહેવું છે કે હેક્ટર દીઠ ૨૨ હજાર રૂપિયા તે પૂરતી સહાય ન કહેવાય કારણ કે ખેડૂતે મહામહેનતે લોન લઈ ખર્ચો કરી પાકનું વાવેતર કર્યુ. એની સામે ૨૫ ટકા જ સહાય અપૂરતી હોવાથી ખેડૂતોમાં આક્રોશ છે.

## સરકારની યોજના હેઠળ છેતરપિંડીનો કિસ્સો

# બે હજાર રૂપિયામાં લેપટોપ મળે છે એવી લાલચ આપી રાજકોટમાં છેતરપિંડી

રાજકોટ, તા.૯

કેન્દ્ર સરકારની લેપટોપ સહાય યોજના હેઠળ માત્ર બે હજાર રૂપિયામાં લેપટોપ મળે છે એવી લાલચ આપી રાજકોટમાં છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો છે. સમાજ કલ્યાણ વિભાગના સરકારી અધિકારી સાથે જ એક શખ્સે છેતરપિંડી કરી ૩૬ હજાર રૂપિયાનો ચૂનો લગાવ્યો છે. હવે સાયબર ક્રાઈમ પોલીસે આ નકલી અધિકારીને ઝડપી લીધો છે.

રાજકોટના મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી નિખીલ પરમારને એક અજાણ્યા વ્યક્તિએ ફોન કરી જણાવ્યું કે, કેન્દ્ર સરકારની "કૌશલ્ય સ્કિલ ડેવલપમેન્ટ" યોજના હેઠળ માત્ર બે હજાર રૂપિયામાં લેપટોપ આપવામાં આવે છે. અરજી કર્યા બાદ રૂપિયા રિફંડ મળે છે એવું કહી વિશ્વાસ જીત્યો અને પછી ધીમે ધીમે રૂપિયા પડાવ્યા હતા. જયસુખ સરવૈયા નામના શખ્સે પોતે સેન્ટ્રલ ગવર્મેન્ટનો એજ્યુકેશન નોડલ ઓફિસર હોવાનું જણાવી ચાર વિદ્યાર્થીઓના નામે ફોર્મ ભરાવ્યા. ક્યુઆર કોડ મારફતે એક પછી એક કરીને ૪ હજાર, ૮ હજાર, ૨૦ હજાર, અને પછી ૫ હજાર એમ કુલ ૩૬થી ૩૭ હજાર રૂપિયા જેટલી રકમની છેતરપિંડી કરી હતી. બાદમાં જયસુખનો સંપર્ક ન થતા અધિકારીએ સાયબર હેલ્પલાઈન પર ફરિયાદ નોંધાવી. સાયબર ફ્રોડની છેતરપિંડીના કેસ મામલે ક્રાઈમ ડી.સી.પી જગદીશ બાંગરવા જણાવ્યું હતું કે, સાયબર ક્રાઈમ પોલીસની પીઆઈ એસ.ડી. ગિલવા અને ટીમે તપાસ હાથ ધરી આરોપીને ઝડપી લીધો છે. આરોપી પોતે કેન્દ્રીય અધિકારી તરીકે ઓળખ આપતો હતો અને ગરીબ વિદ્યાર્થીઓને લેપટોપ આપવાની લાલચ આપતો હતો. હાલ તેની ધરપકડ કરી છે અને તેની સામે વધુ કેટલાએ ફરિયાદ કરી છે તે દિશામાં તપાસ ચાલુ છે. સાથે જ ડી.સી.પી ક્રાઈમ જગદીશ બાંગરવાએ લોકોને ચેતવણી આપતા જણાવ્યું હતું કે, જો કોઈ વ્યક્તિ સરકારી યોજના હેઠળ સહાય અપાવવા રૂપિયા માંગે તો તે છેતરપિંડી હોઈ શકે છે. કોઈ પણ અચોક્કસ લિંક કે ઊઇ કોડ પર રૂપિયા ન ભરો અને શંકાસ્પદ કિસ્સામાં તરત ૧૯૩૦ પર સંપર્ક કરો.

## ધાર્મિક કાર્યક્રમ

# સુરતમાં ઉર્સ ઊજવાશે

સુરત શહેર વરિયાવી બજાર સ્થિત એશિયા ખંડની રિફાઈ સિલસિલાની મોટી ખાનકાહ શરીફ રિફાઈ સાહેબની મોટી ગાદીમાં પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ સૂફીસંત હઝરત સૈયદ અહમદ કબીર માશુકુલ્લાહ રિફાઈ (રે.અ.)નો ૮૬૯મો વાર્ષિક ઉર્સ મઝારે મુબારક ઉમ્મે ઉબૈદા, ઈરાક યોજાશે. ભારતમાં સર્વ પ્રથમ (બાબુલ મક્કાહ, સુરત)માં રિફાઈ સિલસિલાની શરૂઆતનો ૮૪૭મો વાર્ષિક ઉત્સવ તેમજ હઝરત સૈયદ અબ્દુર્રરહીમ રિફાઈ (પ્રથમ)નો ૭૯૭મા ઉર્સનું આયોજન કરવામાં આવ્યું છે. સજ્જાદાનશીન હઝરત સૈયદ અબ્દુર્રહીમ મેહબુબુલ્લાહ રિફાઈ (રે.અ.)નો ૩૪૭ મોંક ઉર્સ શરીફ (મઝારે મુબારક વરિયાવી બજાર રિફાઈ સાહબની મોટી ગાદી)માં તા/૮/૧૧/૨૦૨૫ શનિવારથી તા/૧૪/૧૧/૨૦૨૫ને શુક્રવાર સુધી સાપ્તાહિક પારંપરિક રીતે ભવ્ય ઉજવણી કરવામાં આવશે. તે પ્રસંગે તા.૮/૧૧/૨૦૨૫ શનિવારે પરચમ કુશાઈ, મિલાદ શરીફ અને મઝાર મુબારકની વાર્ષિક ખિદમત થશે. તા.૧૩/૧૧/૨૦૨૫ ગુરૂવારના રોજ સવારે ૮ વાગ્યે ખાનકાહ શરીફથી ભવ્ય જુલૂસ નીકળી શહેરના વિવિધ સ્થળો પર ફરી ખાનકાહ શરીફ પર પરત ફરશે. ત્યાર બાદ અસર (સાંજ)ની નમાઝ પછી મઝારે મુબારક પર સંદલ શરીફ પેશ થશે. ત્યાર બાદ આમ ન્યાઝ (લંગર) ખવડાવવામાં આવશે. રાત્રે ઈશાની નમાઝ પછી રાતીબે રિફાઈનો જલાલી જલ્સો થશે અને વહેલી સવારે ખાસ નસ રિફાઈની ન્યાઝ ખવડાવવામાં આવશે. ઉર્સ શરીફના બધાજ પ્રસંગો રિફાઈ સૂફી પંથના હાઝીર સજ્જાદાનશીન (ગાદીપતિ) હઝરત સૈયદ અલાઉદ્દીન હસન અલી શાહ રિફાઈ સાહેબની સરપરસ્તી અને ખાનકાહ શરીફના પ્રમુખ હઝરત સૈયદ લતીફુદ્દીન શાહ રિફાઈની સદારત તેમજ નિગરાનીમાં ઉર્સ કમિટી આયોજન કરશે.

# સુરેન્દ્રનગરના તરણેતર ડેમમાંથી મળ્યો યુવકનો મૃતદેહ

(સંવાદદાતા દ્વારા) સુરેન્દ્રનગર, તા.૯

થાનગઢ નજીક આવેલા સુપ્રસિદ્ધ તરણેતર ગામના ડેમમાંથી એક યુવકનો મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. મૃતદેહ જે હાલતમાં મળી આવ્યો છે તે જોતાં આ હત્યાનો મામલો હોવાની ગંભીર આશંકા સેવાઈ રહી છે. મૃતક યુવકની લાશ ડેમના પાણીમાંથી મળી આવી છે. યુવકનો મૃતદેહ અંદાજે ચારથી પાંચ દિવસ પાણીમાં હતોસૌથી ગંભીર બાબત એ છે કે યુવકનો મૃતદેહ પથ્થરથી બાંધેલી હાલતમાં મળી આવ્યો છે, જે સ્પષ્ટપણે દર્શાવે છે કે આ કોઈ સામાન્ય અકસ્માત કે આત્મહત્યાનો કેસ નથી. હત્યા કરીને પુરાવા છુપાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ ગંભીર બનાવની જાણ થતાં જ થાનગઢ પોલીસ સ્ટેશનનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે ડેમમાંથી યુવકની લાશનો કબજો લીધો હતો અને તેને પોસ્ટમોર્ટમ માટે ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી. પથ્થરથી બાંધેલો મૃતદેહ મળવાના કારણે પોલીસે આ કેસને અત્યંત ગંભીરતાથી લીધો છે. પોલીસે મૃતક યુવકની ઓળખ કરવા તેમજ ગુનો આચરનારા આરોપીઓ સુધી પહોંચવા માટે આસપાસના વિસ્તારમાં પૂછપરછ અને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. આ ઘટનાએ તરણેતર જેવા શાંતિપ્રિય વિસ્તારમાં સનસનાટી મચાવી દીધી છે. પોલીસ દ્વારા ટૂંક સમયમાં જ હત્યા પાછળનું કારણ અને હત્યારાઓને ઝડપી પાડવામાં આવે તેવી લોકમાગ છે.

# પાવીજેતપુર તાલુકાના ડુંગરવાંટ ત્રણ રસ્તા પાસેથી ૨,૫૧,૦૦૦/-નો વિદેશી દારૂ ઝડપાયો


(તસ્વીર : આસીફ ખત્રી, પાવીજેતપુર)

પાવીજેતપુર, તા.૯

પાવીજેતપુર તાલુકાના ડુંગરવાંટ ત્રણ રસ્તા પાસેથી બાતમી આધારે પાવીજેતપુર પોલીસે દારૂની હેરાફેરી કરનાર ખેપિયાને ૨,૫૧,૦૦૦/-ના વિદેશી દારૂ તેમજ ગાડીની કિંમત રૂા.૪, ૫૦, ૦૦૦૦/- મળી રૂા.૭, ૦૬, ૦૦૦/- મુદ્દામાલ સાથે પકડી પાડવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ પાવીજેતપુર પોલીસ પેટ્રોલિંગમાં હતી તે સમયે તેઓને બાતમી મળી હતી કે એક ફોર વીલર ગાડી દારૂ લઈને બે ઈસમો સાથે તેજગઢ, કીકાવાડા થઈ ડુંગરવાંટ ચોકડી બાજુ આવી રહી છે જે હકીકતના આધારે પાવીજેતપુર પોલીસે ડુંગળવાંટ ત્રણ રસ્તા પાસે વોચ ગોઠવી હતી. બાતમીવાળી કાર આવતા તેને અટકાવવાનો ઈશારો કરવા છતાં ખેપિયાએ કારને ઊભી ન રાખી ભાગવાનો પ્રયત્ન કર્યો હતો જેનો પાવીજેતપુર પોલીસે પીછો કરી ગાડી ચાલકની પકડી પાડ્યો હતો જ્યારે બાજુમાં બેઠેલ ઈસમ ભાગવામાં સફળ થયો હતો. પકડાયેલ ઈસમનું નામ પૂછતા પોતાનું નામ અભય વિજયભાઈ ગોહિલ રહે. ભાવનગર જણાવ્યું હતું. જ્યારે બાજુમાં બેસેલ ઈસમ જે ભાગી ગયો હોય તેનું નામ પૂછતા શિવ ઉર્ફે ફૂટી મુકેશભાઈ વસાવા રહે. સોમા તળાવ, વડોદરા જણાવ્યું હતું. કારની તલાસી લેતા તેમાં ૨૦ નંગ વિદેશી દારૂના પુઠાના બોક્ષ જોવા મળ્યા હતા જેને ખોલીને જોતા ૧૦૦૦ નંગ જેટલી દારૂની બોટલો હોય જેની કિંમત ૨,૫૧,૦૦૦/- તેમજ અંગ જડતીમાંથી મળેલ એક મોબાઈલની કિંમત ૫૦૦૦, દારૂની હેરાફેરીમાં વપરાયેલ કારની કિંમત રૂા.૪,૫૦,૦૦૦૦/- મળી કુલ ૭,૦૬,૦૦૦/-ના મુદ્દામાલ સાથે આરોપી અભયભાઈને પકડી પાડવામાં આવ્યો હતો જ્યારે આ દારૂની હેરાફેરીમાં મંગાવી આપનાર, ભરાઈ આપનાર એવા અન્ય ત્રણ ઈશમો જીતેન્દ્ર ઉર્ફે હરીશ ઉર્ફે હરીશ ઉર્ફે જાય ઉર્ફે બદરી મહેશભાઈ તડવી રહે. સોમાતળાવ વડોદરા, ધર્મેશ ઉર્ફે મચ્છર ધનસુખભાઈ પ્રજાપતિ રહે. સોમાતળાવ વડોદરા, ગોપાલભાઈ સુખાભાઈ બારૈયા રહે. સથરા, તા. તળાજા, જી. ભાવનગર કુલ પાંચ આરોપીઓ વિરૂદ્ધ પાવીજેતપુર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# હિંમતનગરમાં દુકાનમાં આગ સરસામાન અને કપડાં બળી ગયા



હિંમતનગર, તા.૯

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં ખેડ તસીયા રોડ પર આવેલી શારદાકુંજ સોસાયટીમાં એક ધોબીની દુકાનમાં અચાનક આગ લાગી હતી. આ ઘટનામાં દુકાનનો સરસામાન અને ગ્રાહકોના કપડાં બળીને ખાખ થઈ ગયા હતા. ફાયર વિભાગે ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો. હિંમતનગર નગરપાલિકાના ફાયર વિભાગના મયંક પટેલે ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, શારદાકુંજ સોસાયટીમાં આવેલી ઝીલ વોશિંગ કંપનીની દુકાનમાં શનિવારે રાત્રે કોઈ અગમ્ય કારણોસર આગ લાગી હતી. આગ ઝડપથી દુકાનમાં ફેલાઈ ગઈ હતી, જેના કારણે ગ્રાહકોના કપડાં સહિતનો તમામ સામાન બળી ગયો હતો. આગની જાણ પડોશીઓએ દુકાન માલિક શીતલબેન અજયભાઈ ધોબીને કરી હતી. સ્થાનિકો દ્વારા ફાયર વિભાગને જાણ કરાતા, ફાયર ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી પાણીનો મારો ચલાવી આગને બુઝાવી દીધી હતી.

# વિમેન્સ વર્લ્ડકપ ટીમ ઈન્ડિયાની બોલર રાધા યાદવનું વડોદરામાં ભવ્ય સ્વાગત

(સંવાદદાતા દ્વારા)વડોદરા, તા.૯

આઈસીસી વુમન્સ ક્રિકેટ વર્લ્ડ કપમાં ચેમ્પિયન ટીમ ઈન્ડિયાની ઓલ રાઉન્ડર અને વડોદરાની રાધા યાદવ ગતરાત્રે વડોદરામાં હવાઈ માર્ગે આવી પહોંચી હતી. એરપોર્ટ પર ક્રિકેટ પ્રેમીઓ મોટી સંખ્યામાં ઊમટી પડ્યા હતા. જે બાદ એરપોર્ટથી છ કિલોમીટરનો તેનો ભવ્ય રોડ શો યોજાયો હતો. જેમાં સાંસદ, મેયર, કાઉન્સિલરો સહિત રાજકારણીઓ જોડાયા હતા.

મુંબઈમાં મિલેનિયમ વર્ષના એપ્રિલ મહિનાની તારીખ ૨૧મી એ જન્મેલી રાધા યાદવ રાઈટ હેન્ડ બેટીંગ અને લેફ્ટ આર્મ ઓર્થોડોક્સ બોલર છે. એક સામાન્ય પરિવારથી આવતી રાધાને સફળ ક્રિકેટર બનાવવા માટે તેના પિતા ઓમ પ્રકાશ વડોદરા આવ્યા હતા મૂળ ઉત્તર પ્રદેશના વતની એવા યાદવ પરિવારે રાધાનું કોચિંગ ૧૨ વર્ષની હતી ત્યારથી જ શરૂ કરાવ્યું હતું રાધા એ વર્ષ ૨૦૧૮માં દક્ષિણ આફ્રિકા સામે ટી ૨૦માં ૧૭ વર્ષની ઉંમરે ડેબ્યૂ કર્યું હતું. ઓલ રાઉન્ડર તરીકે સતત પર્ફોર્મન્સ આપતી રાધાનો આઈસીસી ક્રિકેટ વર્લ્ડ કપની ટીમ ઈન્ડિયામાં સમાવેશ થયો હતો. ટીમ ઈન્ડિયા ઈતિહાસમાં સર્વપ્રથમ વખત વર્લ્ડ ચેમ્પિયન બનતા ચર્ચાના કેન્દ્રમાં છે. ચેમ્પિયન ટીમની ઓલ રાઉન્ડ ખેલાડી રાધા યાદવ આજે હરણી એરપોર્ટ ખાતે આવી હતી. જે બાદ કૃગારા ક્રિકેટ એકેડમી દ્વારા તેનો ભવ્ય રોડ શો યોજાયો હતો. હરણી એરપોર્ટથી ખુલ્લા વાહનમાં રાધા યાદવના ૬ કિલોમીટર રોડ સોની શરૂઆત થઈ હતી. જેમાં રાધાના કોચ કેટલાક ક્રિકેટર્સ અને મોટી સંખ્યામાં ક્રિકેટના ચાહકો જોડાયા હતા.

# સાવલી તાલુકામાં છ વર્ષનો બાળક ગુમ થયા બાદ તળાવમાંથી લાશ મળતા ચકચાર

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૯

સાવલી તાલુકાના પ્રથમપુરા ગામના તળાવમાંથી છ વર્ષના બાળકનો મૃતદેહ મળતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. ગામના તળાવમાંથી બાળકનો મૃતદેહ મળતા ગ્રામજનોના ટોળા એકત્રિત થયા હતા. સાવલી પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહનો કબજો મેળવી પીએમની તજવીજ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે બે દિવસ અગાઉ પ્રથમપુરા ગામમાંથી છ વર્ષનો ભવ્ય બાળક ગુમ થયાની જાણ સાવલી પોલીસને કરવામાં આવ્યા બાદ પોલીસે ગુનો નોંધ્યો હતો બાદમાં રહસ્યમય સંજોગોમાં લાશ મળતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# વડોદરા ગોલ્ડન ચોકડી નજીક ટુ વ્હિલરની ડીકી તોડી રોકડા બે લાખની ચોરી

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૯

ગોલ્ડન ચોકડી વજન કાંટા પાસે પાર્ક કરેલા ટુ વ્હિલરની ડીકીનું લોક તોડી તેમાં મૂકેલા રોકડા બે લાખ લઈને આરોપી ફરાર થઇ ગયો હતો. જે અંગે હરણી પોલીસે તપાસ હાથ ધરી છે.

નિઝામપુરા ઘેલાણી પેટ્રોલ પંપની પાછળ મહાકાળી ચોકમાં રહેતો જુનેદ ઈવેન્ટનું કામ કરે છે. હરણી પોલીસ સ્ટેશનમાં તેણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ગત ૩જી તારીખે મારે ફરાસખાનાનો સામાન લેવાનો હોઇ મારા ઘરેથી પપ્પાનો ચેક લઇને નિઝામપુરાની યુનિયન બેંકમાં ગયો હતો. ચેકથી દોઢ લાખ ઉપાડીને હું ઘરે ગયો હતો. ઘરેથી બીજા ૫૦ હજાર લઈને કુલ બે લાખ લઈને હું નિઝામપુરા ચાર રસ્તા નજીક જીગભાવ કોમ્પલેક્સ બોઇઝોન ઈવેન્ટની ઓફિસે ગયો હતો. હું ઓફિસથી મારા કાકાનું ટુ વ્હિલર લઈને ડીકીમાં રૂપિયા મૂકી ગોલ્ડન ચોકડીમાં પાર્ટી પ્લોટની બાજુમાં સુપ્રિમ કાંટા ખાતે અમારો સામાન ભરવા માટે ખાલી ટેમ્પાનું વજન કરાવવા ગયો હતો. મેં ટુ વ્હિલર થોડું દૂર પાર્ક કર્યુ હતું. વજન કરાવી હું ટુ વ્હિલરની ડીકીમાંથી પૈસા લેવા આવ્યો ત્યારે ડીકીમાં મૂકેલા બે લાખ નહતા. મેં તથા મારા સ્ટાફના મિત્ર ભવાનસિંહે આજુબાજુ તપાસ કરી હતી. પરંતુ, પૈસા મળ્યા નહતા. પૈસા મળી જશે, તેવી આશાથી મેં તે સમયે ફરિયાદ કરાવી નહતી. પરંતુ, પૈસા નહીં મળતા આજે હું ફરિયાદ કરવા આવ્યો છું.

# અરવલ્લી : મોડાસા શહેરમાં રખડતી ગાયોના ત્રાસથી શહેરીજનો ત્રાહિમામ્

## મોડાસા નગરપાલિકા તંત્ર રખડતાં પશુઓને પાંજરે પૂરવા પશુમાલિકો સામે લાચાર



મોડાસા, તા.૯

મોડાસા શહેરના માલપુર, મેઘરજ, કોલેજ રોડ વિસ્તારમાં રખડતી ગાયોના ટોળેટોળા રોડ પર જોવા મળી રહ્યા છે. હાલ સ્થિતિ એવી છે કે જાહેર માર્ગો પર ગાયો રસ્તા વચ્ચે બેસેલી કે દોડતી જોવા મળે છે. રસ્તા પરથી પસાર થતા હોઈએ ત્યારે અચાનક ગાય આવી જાય ત્યારે વાહનચાલક મુશેકેલીમા મુકાય છે. રખડતા ઢોર ટ્રાફીક જામ કરે છે શહેરના માર્ગો પર રખડતાં પશુઓ છોડી મૂકનાર પશુપાલકો સામે પણ ઉગ્ર રોષ પ્રવર્તી રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે શહેરભરનો કોઈ પણ વિસ્તાર રખડતી ગાયના કારણે સલામત રહયો નથી. મોડાસા શહેરમાં રખડતી ગાયોના ત્રાસથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. રખડતી ગાય અને આખલાના આતંકનો અનેક લોકો ભોગ બની ચુક્યા છે જ્યારે બીજી બાજુ પાલિકા તંત્ર દ્વારા રખડતી ગાયો પકડવાની ચાલતી પ્રક્રિયામાં ક્યારેક પશુ માલિકો અડચણ ઉભી કરતા હોવાની ઘટનાઓ પણ બની છે શહેરના માર્ગો પર અને સોસાયટી વિસ્તારમાં રખડતા ઢોરને પગલે રીતસરનો ભય જોવા મળી રહ્યો છે નગરપાલિકા તંત્ર રખડતા ઢોરને પાંજરે પુરી પશુપાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેની શહેરીજનોમાં લોકમાંગ પ્રબળ બની છે.

# વડોદરા : ૮ અને ૨૩ વર્ષ જૂના અપહરણ કેસના બે આરોપી ઝડપાયા

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૯

વડોદરા શહેરમાં અપહરણના બનેલા જુદા જુદા બે બનાવના આરોપીઓ લાંબાસમય બાદ પોલીસને હાથ લાગ્યા છે. ગોરવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આઠ વર્ષ પહેલાં પાંચ વર્ષની બાળકીના અપહરણનો બનાવ બન્યો હતો. જેમાં દિનેશ મંગળાભાઈ ડામોર (રહે. મોટા મસ્કા,બાંસવાડા, રાજસ્થાન)ને શોધવા પોલીસની ટીમો કામે લાગી હતી. ડીસીપી ઝોન-૧ના સ્કવોડને આરોપી વિશે માહિતી મળતાં રાજસ્થાન ખાતેના વતનમાંથી પોલીસે તેને ઝડપી પાડ્યો હતો. આવી જ રીતે જવાહરનગર વિસ્તારમાં પણ વર્ષ-૨૦૦૨માં એક સગીરાનું અપહરણ થતાં પોલીસ ફરિયાદ નોંધાઇ હતી..જેમાં આરોપી મહેન્દ્ર રામકુમાર જોષી (રહે. અહમદનગર, મહારાષ્ટ્ર, મૂળ રાજસ્થાન)નો પતો લાગતો નહતો. આરોપી બાજવા વિસ્તારમાં આવ્યો હોવાની વિગતો મળતાં જવાહરનગર પોલીસની ટીમોએ વોચ રાખી તેને ઝડપી પાડ્યો હતો.

# બંધારણમાં સુધારો કરી બરોડા ક્રિકેટ એસોસિએશનની ચૂંટણી લંબાવવાની ચેષ્ટા

## પૂર્વ એપેક્સ કાઉન્સિલ સભ્યની ઠરાવ માટે બેલેટ વોટિંગની માંગ

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૯

બરોડા ક્રિકેટ એસોસિએશનની ચૂંટણી જાહેર ન કરી દર ત્રીજા વર્ષે યોજાનારી ચૂંટણીના બંધારણમાં ફેરફાર કરી ચૂંટણી લંબાવવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાના આક્ષેપ સાથે પૂર્વ એપેક્સ કાઉન્સિલ સભ્યએ બેલેટ વોર્ટિંગ દ્વારા ઠરાવ કરવાની માગ કરી છે. એડવોકેટે બરોડા ક્રિકેટ એસોસિએશનના પ્રમુખને રજૂઆત કરી છે કે, ૮૫મી એન્યુઅલ જનરલ મીટિંગમાં બરોડા એસોસિએશનના બંધારણમાં સુધારામાટે ઉલ્લેખ કર્યા છે. નવા બંધારણની જોગવાઈ મુજબ જનરલ કે જનરલ બોર્ડની મીટિંગમાં હાજર સભ્યોની સંખ્યામાંથી ૩/૪ સભ્યો પાસ કરે અને ત્યારબાદ તે સુધારો નામદાર સુપ્રીમ કોર્ટમાં મંજૂરી માટે મેળવવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. હોદ્દેદારો દ્વારા બંધારણમાં છેડછાડ કરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. લોઠા કમિટી આવ્યા પછી જે હોદ્દેદારોની ઉંમર ૭૧ વર્ષ ઉપરાંત હતી તે તમામે સ્વેચ્છાએ રાજીનામાંઆપી દીધા હતા. હોદ્દેદારોનો સમય પૂરો થઈ ગયો હોવા છતાં જે સુધારો બંધારણમાં કરવા જઈ રહ્યા છે તે યોગ્ય નથી અને સામાન્ય સભ્યોને લાઇફ મેમ્બર બનાવવા અને સભ્યના કુટુંબમાંથી એક સભ્યને મેમ્બરશીપ આપવાની વાતનો છેદ ઉડાવી દીધો છે. સુધારો કરવાની મીટિંગમાં જે ઠરાવ કરવાનો છે તેમાં સભ્ય દ્વારા બેલેટ વોટિંગ કરવામાં આવે. બરોડા ક્રિકેટ એસોસિએશનના નાણાનો દુરુપયોગ થઈ રહ્યો છે. કોટંબી સ્ટેડિયમ રૂા.૨૨૫થી ૨૫૦ કરોડમાં થઈ શકે તેવી ચર્ચા હતી. હાલના સમયે રૂા.૩૫૦ કરોડ સુધીનો ખર્ચ સ્ટેડિયમ પાછળ થયો છે. તેમ છતાં ઈન્ટરનેશનલ સ્ટેડિયમ માટે ત્રીજા રસ્તાની કે વીઆઈપી રસ્તાની સુવિધા નથી. લાયકાત ન ધરાવનારને બરોડા ક્રિકેટ એસોસિએશન સોંપી દેવાની કાર્યવાહી પ્રમુખ દ્વારા થઈ રહી હોઈ તે યોગ્ય નથી. બીસીએના વર્ષો જૂના બંધારણ સાથે થઈ રહેલ છેડછાડ અને ચૂંટણી લંબાવવાની થઈ રહેલી ચેષ્ટાનો વિરોધ કરવો જોઈએ.

# વડગામના શહીદ જિજ્ઞેશ ચૌધરીને વતનમાં શ્રદ્ધાંજલિ : કેન્ડલ માર્ચ યોજાઈ



બનાસકાંઠાના વડગામ તાલુકાના મોટી ગીડાસણ ગામના શહીદ જવાન જિજ્ઞેશ ચૌધરીને તેમના વતન અને આસપાસના ગામોમાં શ્રદ્ધાંજલિ આપવામાં આવી. મોટી ગીડાસણ, ચુડાસણ, રૂપાલ સહિતના ગામોમાં કેન્ડલ માર્ચ યોજી શહીદને યાદ કરાયા હતા.આ કેન્ડલ માર્ચમાં મોટી સંખ્યામાં યુવાનો, વડીલો, મહિલાઓ અને બાળકો જોડાયા હતા. (તસવીર : જમીલ મેમણ, ડીસા)

# ધોળકા ખાતે રખડતાં ઢોરની અડફેટે બાઈક સવાર દંપતી ઈજાગ્રસ્ત

## નગરપાલિકા ઢોરના ત્રાસથી નગરજનોને ક્યારે મુક્તિ અપાવશે ?

ધોળકા, તા.૯

ધોળકા નગરપાલિકાની હદ વિસ્તારમાં રખડતા ઢોરનો ત્રાસ ખૂબ વધી ગયો છે. આવા રખડતા ઢોરને પકડવા ધોળકા નગરપાલિકા તંત્ર ધ્યાન ના આપતાં અવાર-નવાર આવા ઢોર નગરજનોને વગાડે છે. આવો જ એક બનાવ ગત રાત્રે ધોળકા ખાતે રબારીવાસ નજીક ખેડા-બગોદરા હાઈવે પર બન્યો હતો. જ્યાં એક ગાયની અડફેટે બાઈક સવાર દંપતી ઈજાગ્રસ્ત થયું હતું.

તારીખ ૮/૧૧/૨૦૨૫, શનિવારે રાત્રે આશરે ૯.૦૦ વાગે ધોળકા ખાતે હસનઅલી હાઈસ્કૂલ પાસે નાનકવાડીમાં રહેતા દિલીપભાઈ રામજીભાઈ પટેલ તેમના પત્ની અને તેમની દીકરી સાથે હોટલમાં જમીને ઘરે જઈ રહ્યા હતા. ત્યારે રબારીવાસ શ્રીફળ એક્ઝોટિકા કોમ્પ્લેક્સ પાસેથી પસાર થતાં એક ગાય ડિવાઈડર ઉપરથી દોડીને આડી ઊતરતા બાઈક સવાર કપલને પાડી દેતા બાઈક સવાર કપલ ગંભીર રીતે ઘવાતા આસપાસથી લોકો દોડી આવ્યા હતા અને કોઈએ ૧૦૮ને કોલ કરતા ૧૦૮ એમ્બયુલન્સ ઘટના સ્થળે આવી પહોંચી હતી. ઈજાગ્રસ્તોને ધોળકાની પાર્શ્વનાથ હોસ્પિટલ લઈ જવાયા હતા. દિલીપભાઈ રામજીભાઈ પટેલને વધુ સારવારની જરૂરિયાત જણાતા પાર્શ્વનાથ હોસ્પિટલના ફરજ પરના ડોક્ટરે અમદાવાદની હોપ હોસ્પિટલમાં રીફર કર્યા હતા. ઈજાગ્રસ્ત દિલીપભાઈ પટેલને હેમરેઝની અસર જણાય આવેલ છે.

# અંકલેશ્વરના દઢાલ ગામ ખાતે ફ્રી મેડિકલ કેમ્પ યોજાયો

## ટાઈગર ટિહ ફાઉન્ડેશનના ચેરમેન હનીફભાઈ પાંચભાયાના સહયોગથી ૨૫૦ જેટલા દર્દીઓએ ફ્રી મેડિકલ કેમ્પનો લાભ લીધો


(તસ્વીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૯

અંકલેશ્વર તાલુકાના દઢાલ ગામે આજરોજ ટાઈગર ટિહ ફાઉન્ડેશનના સૌજન્યથી ફ્રી મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

ટાઈગર ટિહ ફાઉન્ડેશનના સંયોજક હનીફભાઈ પાંચભાયા અને લાઈફ લાઇન હોસ્પિટલ અને નર્સિંગ હોમના સૌજન્યથી અત્રેના દઢાલ ગામે અહમદ મહમદ પટેલ કૉમ્યુનિટી હૉલ ખાતે ફ્રી મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં નાના બાળકો તથા નવજાત શિશુઓના નિષ્ણાંત, હાડકાંના રોગના નિષ્ણાંત, આંખોના રોગના નિષ્ણાંત, હ્રદય, ડાયાબિટીસ, બલ્ડ પ્રેશર તથા દાંતના રોગોના નિષ્ણાત તબીબોએ સેવાઓ બજાવી હતી. આ કેમ્પમાં લગભગ ૨૦૦થી ૨૫૦ જેટલા દર્દીઓને તપાસી રોગોનું નિદાન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં ડૉ. બિલાલ હિદાયત, ડૉ. નીરજ ગુપ્તા, ડૉ. પાર્થ રંગપરિયા, ડૉ. નીરવસિંહ રાવલજી, ડૉ. અસલમ ખત્રિ, ડૉ. ધરૂં મોદી, ડૉ. શાહીલ શેખ, ડૉ. જમાલ ચૌધરી વગેરે તબીબો એ સેવા બજાવી હતી. જે બદલ ટાઈગર ટિહ ફાઉન્ડેશનના સહયોગ બદલ તમામ લોકોએ આભાર વ્યક્ત કર્યો હતો.

# આણંદમાં ઉમ્મીદ ગ્રુપના ઉપક્રમે રક્તદાન કેમ્પ યોજાયો


(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૯

આણંદમાં રક્તદાન અને શૈક્ષણિક ક્ષેત્રે કાર્યરત ઉમ્મીદ ચેરીટેબલ ટ્રસ્ટ (ઉમ્મીદ ગૃપ) દસ વર્ષ પૂર્ણ કરી ૧૧માં વર્ષમાં પ્રવેશ કરતા આજે ધાસવાલા હાઈસ્કૂલ ખાતે રક્તદાન કેમ્પ અને બ્લડગૃપ ચકાસણી કેમ્પ યોજવામાં આવ્યો હતો.ઉમ્મીદ ગૃપ દ્વારા ઈન્દુ બ્લડ બેંકનાં સહકારથી યોજાયેલા આ રક્તદાન કેમ્પમાં મોટી સંખ્યામાં રક્તદાતાઓ દ્વારા રક્તદાન કરવામાં આવ્યું હતું. તેમજ બ્લડગૃપની ચકાસણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉમ્મીદ ગૃપનાં સરફરાજ ઉર્ફે ટીકુ કાજલએ જણાવ્યું હતું કે, સમાજમાં રક્તદાનની જાગૃતિ અને આકસ્મિક સંજોગોમાં રક્તની પડતી તકલીફ અને અછતને નિવારવા માટે દસ વર્ષ પૂર્વે રક્તદાન કેમ્પ સાથે રક્તદાન જાગૃતિ માટેની શરૂઆત કરી હતી. ઉમ્મીદગૃપ દ્વારા માત્ર રક્તદાન કેમ્પનું આયોજન નહી પણ વર્ષ દરમિયાન જ્યારે પણ દર્દીઓને કે હોસ્પિટલમાં આકસ્મિક સંજોગોમાં રક્તની જરૂરીયાત પડે છે, ત્યારે ઉમ્મીદ ગૃપનાં રક્તદાતાઓ રક્તદાન કરવામાં મોખરે હોય છે, તેમજ શૈક્ષણિક ક્ષેત્રે પણ કામગીરી કરવામાં આવી રહેલ છે. આ પ્રસંગે ઉમ્મીદ ગૃપનાં રીયાજ ઉર્ફે રીલુ વ્હોરા, ડૉ.જાવેદ વ્હોરા, નદીમ વહોરા, આસીફ તાજ, સમીર એનડી સહિત યુવાનોએ ભારે ઝહેમત ઉઠાવી રક્તદાન કેમ્પને સફળ બનાવ્યો હતો.

# ભીલડી માર્કેટયાર્ડમાં મગફળીના પોષણક્ષમ ભાવ ન મળતાં ખેડૂતોની હાલત કફોડી

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૯

ભીલડી માર્કેટયાર્ડમાં મગફળીમાં સરકારે જાહેર કરેલા ટેકાના ભાવ રૂા.૧૪૫૬ સામે માત્ર રૂા.૭૦૦થી ૧૧૦૦ સુધીના ભાવ મળતાં હોવાની રાવ ઉઠી છે. કમોસમી વરસાદના કારણે ખેડૂતો ભારે આર્થિક સંકડામણ અનુભવી રહ્યા છે. ત્યારે માર્કેટ દ્વારા તેમને ઓછા ભાવ આપવામાં આવતાં હાલત કફોડી બની છે. ભીલડી પંથકના ખેડૂતો હાલ ગંભીર આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યા છે. મગફળીના પાક માટે અથાગ મહેનત કરનાર ખેડૂતોને ભીલડી માર્કેટ યાર્ડમાં યોગ્ય ભાવ મળી રહ્યો નથી. સરકાર દ્વારા મગફળીનો ટેકાનો ભાવ રૂા.૧૪૫૬ પ્રતિ ૨૦ કિલો જાહેર કરવામાં આવ્યો હોવા છતાં માર્કેટમાં વેપારીઓ ખેડૂતોને માત્ર રૂા.૭૦૦થી ૧૧૦૦ સુધીના ભાવ આપી રહ્યા છે. તાજેતરના કમોસમી વરસાદના કારણે મગફળી ભીની પડતાં વેપારીઓએ ભાવ વધુ ઘટાડ્યા છે, જેના કારણે ખેડૂતોને પડતા ઉપર પાટુ જેવી પરિસ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે. ખેડૂતોએ જણાવ્યું હતું કે ખેતીમાં ખર્ચ બીજ, ખાતર, મજૂરી સતત વધી રહ્યા છે પણ ઉપજનો યોગ્ય ભાવ ન મળતાં આર્થિક રીતે તેમને મુશ્કેલીઓ પડી રહી છે. આ પરિસ્થિતિને પગલે ભીલડી માર્કેટયાર્ડમાં જિલ્લા કિસાન મોરચાના મીડિયા સેલ ઈન્ચાર્જ નારણભાઈ જોષીના ઉપસ્થિતિમાં વેપારીઓ સાથે બેઠક યોજાઈ હતી. વેપારી આગેવાનોએ બાંયધરી આપી કે ખેડૂતનું હિત એ અમારું હિત છે અને મગફળીના ઊંચા ભાવ માટે ઉપરની મીલો સાથે પણ સંકલન કરી યોગ્ય ભાવ અપાવવાનો પ્રયત્ન કરવામાં આવશે.

# તામિલનાડુને હરાવી બરોડા અન્ડર ૧૯ની વુમન્સ ટીમ સેમિફાઈનલમાં

વડોદરા, તા.૯

બરોડા અંડર-૧૯ મહિલા ટીમ બીસીસીઆઈ મહિલા અંડર-૧૯ ટી ૨૦ ટ્રોફીની સેમિફાઇનલમાં પ્રવેશી છે. મહિલા ટીમે ક્વાર્ટર ફાઇનલમાં તમિલનાડુ પર શાનદાર વિજય નોંધાવ્યો હતો. જેનાથી કર્ણાટક સામેની સેમિફાઇનલમાં સ્થાન મેળવ્યું હતું. જે સોમવાર, ૧૦ નવેમ્બરે કોલકાતામાં યોજાશે. એસોસિએશન સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફના સતત પ્રયાસો, સમર્પણ અને ટીમવર્કની પ્રશંસા કરી છે. સમગ્ર બીસીએ મેનેજમેન્ટ આગામી સેમિફાઇનલ મુકાબલા માટે ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી. તમિલનાડુની ટીમમાંથી બેટિંગમાં મધુમિતા અંબુ ૨૯(૪૪), વર્શિની જી ૨૩(૩૩) રન માર્યા હતા. જ્યારે બોલિંગમાં સોનિકા ૩-૧૦(૪), મધુમિતા અંબુ ૨-૧૬ (૨.૫), વિકેટ મેળવી હતી. બીજી તરફ બરોડાની ટીમે બેટિંગમાં આર્યા મહેતા ૨૮(૩૦), મૈત્રી મણિયાર ૨૩(૨૨), જ્યારે બોલિંગમાં આર્યા મહેતા ૨-૧૨(૪),વિધિ પરમાર ૨-૧૪(૪) વિકેટ મેળવી હતી. આમ બરોડાની ટીમે ૧૪ રનથી જીત મેળવી સેમિફાઇનલમાં પહોંચ્યું હતું.

# વડોદરામાં યોગા શીખવા આવેલી વિદ્યાર્થિનીનો માસ્ટર પર દુષ્કર્મનો આક્ષેપ

## વિદ્યાર્થિનીએ હોટલની અગાશીથી પડતું મૂકતા ઈજાગ્રસ્ત

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૯

મહારાષ્ટ્રના છ વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓનું ગ્રુપ યોગાની ટ્રેનિંગ માટે વડોદરા આવ્યું હતું. જે પૈકીની ૧૪ વર્ષની વિદ્યાર્થિનીએ આક્ષેપ કર્યો છે કે, યોગા શીખવતા માસ્ટરે મારી સાથે દુષ્કર્મ કર્યું છે. વિદ્યાર્થિની હોટલની અગાશી પરથી નીચે કૂદી જતા તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. મહારાષ્ટ્રના એક જિલ્લાના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓનું એક ગ્રુપ યોગાના ૧૫ દિવસના કેમ્પમાં વડોદરા આવ્યું હતું. સયાજીગંજ વિસ્તારની એક હોટલમાં તેઓ રોકાયા હતા. આ ગ્રુપની ૧૪ વર્ષની કિશોરીએ ગઇકાલે સયાજીગંજ વિસ્તારની એક હોટલની અગાશી પરથી નીચે પડતું મૂક્યું હતું. લોકો દોડી આવતા તેને સારવાર માટે હોસ્પટિલમાં દાખલ કરવામાં આવી હતી. વિદ્યાર્થિનીને જમણા પગ અને ચહેરા પર ઈજા થઇ હતી. તેણે એવી કેફિયત રજૂ કરી હતી કે, છઠ્ઠી તારીખે હું હોટલમાં યોગાના ક્લાસમાં ગઇ હતી. માસ્ટરે મને હિપ્નોટાઇસ કરીને બેભાન કરી દીધી હતી. હું ભાનમાં આવી ત્યારે મારા શરીર પરના કપડાં વેરવિખેર હતા. તેણે એવો આક્ષેપ કર્યો છે કે, માસ્ટરે મારી સાથે દુષ્કર્મ કર્યું છે. જેથી, ફતેગંજ પોલીસ દોડી ગઇ હતી. કિશોરી પર દુષ્કર્મ થયું છે કે કેમ ? તેની ચકાસણી કરવા પોલીસે ડોક્ટરને કહ્યું છે. ભોગ બનનાર વિદ્યાર્થિનીના માતા-પિતાને જાણ કરી અહીંયા બોલાવવામાં આવ્યા છે. તેઓ આવ્યા પછી આગળની કાર્યવાહી કરવામાં આવશે. તેવું ફતેગંજ પી.આઇ. એ.એમ. ગઢવીએ જણાવ્યું છે. ભોગ બનનાર વિદ્યાર્થિનીની સાથે આવેલા અન્ય વિદ્યાર્થીઓની પણ પોલીસ પૂછપરછ કરશે. જે સ્થળે દુષ્કર્મ કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ છે. તે સ્થળે પણ પોલીસ દ્વારા તપાસ કરવામાં આવશે.

# અમદાવાદ ગ્રામ્યની ૮ સરકારી સ્કૂલોને જમીન ફાળવાતા હવે બિલ્ડીંગ તૈયાર થશે

## ૨૦૧૮થી લઈને ૨૦૨૪ સુધીમાં આ સરકારી સ્કૂલોને મંજૂરી આપવામાં આવી હતી

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૯

અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં આવેલી ૮ જેટલી સરકારી માધ્યમિક શાળાઓને સરકાર દ્વારા જમીન ફાળવવામાં આવતા આગામી દિવસોમાં આ જગ્યા પર અદ્યતન સ્કૂલ બિલ્ડીંગનું નિર્માણ કરવામાં આવશે. હવે આ સ્કૂલો માટે સરકાર તરફથી જમીનની ફાળવણી કરવામાં આવતા શિક્ષણ વિભાગની સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી દ્વારા શાળાના બિલ્ડીંગ તૈયાર કરવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં ચાલુ વર્ષે ૩ નવી સરકારી હાઈસ્કૂલ શરૂ કરવામાં આવી હતી. ગ્રામ્યમાં ૨૦૨૪માં ધંધુકાના ગુંજાર, રોજકા અને વિરમગામના ઝેઝારમાં સરકારી માધ્યમિક શાળા શરૂ કરવામાં આવી હતી. આ ઉપરાંત ૨૦૨૦માં ધોળકાના ભોળાદમાં અને ધોલેરાના કામાતળાવમાં સરકારી માધ્યમિક સ્કૂલ શરૂ કરવામાં આવી હતી. જ્યારે ૨૦૧૮માં ધોળકાના લોલીયા અને નવાપુરામાં તેમજ વિરમગામના વનથળીમાં સરકારી માધ્યમિક સ્કૂલ શરૂ કરવામાં આવી છે. જોકે, આ ૮ સરકારી માધ્યમિક શાળાઓ પાસે પોતાની જમીન ન હોવાથી વિદ્યાર્થીઓનો અભ્યાસ ન બગડે તે માટે નજીકમાં આવેલી પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને બેસાડી ભણાવવાનું શરૂ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આ સ્કૂલોને પોતાની જમીન મળી રહે તે માટે અમદાવાદ ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા જિલ્લા કલેક્ટર સમક્ષ અરજી કરવામાં આવી હતી. જિલ્લા શિક્ષણાધિકારી કચેરીની ટીમ દ્વારા વિવિધ સ્થળે શરૂ થયેલી શાળા માટે જમીન શોધી તેની દરખાસ્તો કરવામાં આવી હતી. ડીઈઓની દરખાસ્તના આધારે જિલ્લા કલેક્ટર દ્વારા ૮ સરકારી માધ્યમિક શાળાઓને જમીન ફાળવવાના હુકમ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. આમ, હવે સરકારી માધ્યમિક સ્કૂલો માટે જમીન મળતા બિલ્ડીંગના બાંધકામ માટે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા કમિશનર ઓફ સ્કૂલની કચેરીને દરખાસ્ત મોકલી આપી હોવાનું જાણવા મળે છે. દરખાસ્તના આધારે હવે આગામી દિવસોમાં સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી દ્વારા મંજુરીના આધારે બિલ્ડીંગના બાંધકામ માટેના ટેન્ડર બહાર પાડવામાં આવશે અને ત્યારબાદ જગ્યા પર સ્કૂલ માટે બાંધકામ કરવામાં આવશે.

### સૌરાષ્ટ્ર વિસ્તારમાં જ ઉપરા છાપરી ખેડૂત દ્વારા આત્મહત્યા કરવાના બનાવો

# રાજ્યમાં ભારે નુકસાનનો ભોગ બનનાર વધુ એક ખેડૂતે આખરે જીવન ટૂંકાવ્યું

## દીકરીના લગ્નના દેવા ઉપરાંત પાક નિષ્ફળ જવાથી આવી પડેલ બોજ સહન ના થતાં મોતને વ્હાલું કર્યું

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૯

કમોસમી વરસાદ (માવઠા)ના કારણે પાક નિષ્ફળ જવાથી ખેડૂતોની સ્થિતિ કફોડી બની છે. રાજ્ય સરકારે ૧૦ હજાર કરોડનું આર્થિક પેકેજ જાહેર કર્યું છે. આમ છતાં ખેડૂતોના માથે આર્થિક બોજ ઓછો થઈ રહ્યો નથી. ત્યારે પાક નુકસાન થવાથી આર્થિક નુકસાન અને તણાવના કારણે રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણી તાલુકાના અરડોઈ ગામમાં વધુ એક ખેડૂતે આપઘાત કરી લીધો હોવાની ઘટના સામે આવી છે. આ અગાઉ ઉનાના રેવદ ગામના ખેડૂતે પેટે વીજપોલ બાંધી કૂવામાં ઝંપલાવી આપઘાત કરી લીધો હતો. આ ઉપરાંત રાજકોટ જિલ્લાના જ વિંછીયામાં માવઠાથી પાક નુકસાન થતા અન્ય એક ખેડૂતે આપઘાત કરી લીધો હતો. જેમાં રહેવાણીયા ગામના દાનાભાઈ જાદવે આર્થિક તંગીથી જીવન ટૂંકાવ્યું હોવાનો પરિવારજનો આક્ષેપ કરી રહ્યા છે. સૌરાષ્ટ્રમાં ખેડૂતના આપઘાતની સતત દુઃખદ ઘટનાઓ બની રહી છે. માવઠાના મારથી પાક નિષ્ફળ



જતા સૌરાષ્ટ્રમાં વધુ એક ખેડૂતે આપઘાત કરી લીધો છે. રાજકોટના કોટડાસાંગાણીના અરડોઈ ગામમાં ૫૦ વર્ષીય ખેડૂત દિલીપભાઈ વિરડીયાએ જીવન ટૂંકાવ્યું છે. કમોસમી વરસાદને કારણે પાક નિષ્ફળ જતાં આર્થિક નુકસાન અને તણાવને કારણે તેમણે આ પગલું ભર્યું હોવાનું પુત્ર અને સરપંચ દાવો કરી રહ્યા છે. અરડોઈ ગામના સરપંચ નરશી ગજેરાએ જણાવ્યું કે, દિલીપભાઈ ખેતી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. પાક નિષ્ફળ જવાથી તેમને ભારે આર્થિક નુકસાન થયું હતું, જે આત્મહત્યાનું કારણ બન્યું છે. ખેડૂતના આત્મહત્યાના સમાચારથી સમગ્ર અરડોઈ ગામમાં ગમગીની છવાઈ ગઈ છે. પોલીસ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ગતરાત્રિના સમયે દિલીપભાઈએ પોતાની વાડીએ જ ઝેરી દવા ગટગટાવી લીધી હતી. આ ઘટનાને પગલે પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પરિવારજનોના જણાવ્યા અનુસાર, કમોસમી વરસાદના કારણે તેમનો મગફળી સહિતનો પાક મોટા પાયે નિષ્ફળ ગયો હતો. આર્થિક રીતે મોટું નુકસાન થતાં તેઓ સતત તણાવમાં રહેતા હતા, જેના કારણે તેમણે આ અંતિમ પગલું ભર્યું હતું. આત્મહત્યા કરનાર ખેડૂતના પુત્ર ઉત્સવે જણાવ્યું કે, કમોસમી વરસાદ અને વધુ વરસાદ આવ્યો એના લીધે બધું બગાડ થયો. માંડવીમાં પછી કપાસમાં અને ડુંગળી. બધુ ત્રણેય વસ્તુ ફેલ થઈ, કપાસ થોડો થોડો થયો બાકી માંડવી અને ડુંગળી બેઈના પાથરા પલળી ગયા હતા અને ડુંગળી સૂકાઈ ગઈ હતી. એના લીધે મારા પિતા ટેન્શનમાં હતા. અમને આ વસ્તુ દવાખાને લઈ જતા જાણ થઈ બાકી અમને આ વસ્તુની જાણ ન હતી. હું સવારમાં સૂતો હતો ત્યારે મારા પપ્પા વાડીએ ગયા. ત્યારે મારા મમ્મીને કહીને ગયા હતા, અડધી કલાક પછી લેવા મોકલજે એટલે હું લેવા ગયો ત્યારે નીચે સૂતા હતા. એ પછી ત્યાંથી બેસાડીને ગામમાં આવીને માત્ર મિત્રને લઈને હોસ્પિટલ ગયો. અંદાજે ૧૦ લાખનું નુકસાન થયું હતું. ડુંગળી, કપાસ અને મગફળી ત્રણ વસ્તુનું વાવેતર હતું. છેલ્લે વરસાદ પડ્યો ત્યારના ૧૫-૨૦ દિવસથી ટેન્શનમાં રહેતા હતા. ગામના સરપંચ નરશી ગજેરાએ કહ્યું કે, બીજા આગળથી પૈસા લઈને જીરૂ વાવ્યું બાકી એમ નેમ જ રાખ્યું હતું વાવ્યું નહોતું. ૨૮ વીઘા વાવવા રાખ્યું હતું અને ૧૨ વીઘા ઘરની જમીન છે. બધાયમાં નિષ્ફળ ગયા હતા. અત્યારે એની પાસે પૈસા નહોતા. ગયા વર્ષે દીકરીના મેરેજ હતા મેરેજનું દેણું હતું ને હવે આ દેણું થયું. એને બિયારણને બધું લઈને વાવેતર કર્યું હતું એના કારણે અત્યારે કોઈને કહીં ના શક્યા જેને લઈને આખરે આ પગલું ભરવું પડ્યું છે. તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

### CCTVથી સમગ્ર પ્રક્રિયા પર નજર રાખવામાં આવશે

# રાજ્યવ્યાપી મગફળી સહિતના પાકની ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ

## પ્રથમવાર પોઈન્ટ ઓફ સેલ મશીન કે ફેસ રેકગ્નિશન દ્વારા ખરીદી થશે

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૯

ગુજરાતના ૨૨ જિલ્લાના ૩૦૦થી વધુ ખરીદ કેન્દ્ર પર મગફળી, મગ, અડદ, સોયાબીન સહિતના પાકોની ટેકાના ભાવે ખરીદી આજે રવિવાર (૯ નવેમ્બર)થી શરૂ કરવામાં આવી છે, ત્યારે સમગ્ર પ્રક્રિયા પર CCTV દ્વારા નજર રખાશે. આશરે ૧૫૦૦૦ કરોડથી વધુ મુલ્યની ખેત પેદાશોની ટેકાના ભાવે ખરીદી કરવાનો સરકારનો લક્ષ્યાંક છે. રાજ્યમાં ખરીદી પ્રક્રિયા અંતર્ગત મગફળી માટે પ્રતિ ક્વિન્ટલ રૂા.૭,૨૬૩, અડદ પ્રતિ ક્વિન્ટલે રૂા.૭,૮૦૦ અને સોયાબીન પ્રતિ ક્વિન્ટલ રૂા.૫,૩૨૮ના ભાવ નિર્ધારિત કરાયા છે. ટેકાના ભાવે ખરીદી માટે રજિસ્ટર્ડ ખેડૂતોને SMS દ્વારા જાણ કરીને બોલાવામાં આવ્યા છે. ગુજરાતમાં માવઠાના કારણે સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં વધુ અસર પહોંચી છે. જેમાં અમરેલી જિલ્લા સહિતના વિસ્તારોમાં અતિભારે કમોસમી વરસાદના કારણે ખેડૂતોનો મોટાભાગના પાકને ભારે નુકસાની થઈ હતી. અમરેલીના રાજુલા, સાવરકુંડલા, બગસરા, બાબરા, સહિત માર્કેટિંગ યાર્ડમાં મગફળીની ટેકાના ભાવે ખરીદી શરૂ કરાઈ છે. જેમાં બગસરા તાલુકામાં ૫૪૦૭ થી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી છે. ટેકાના ભાવે મગફળી ૧૪૫૨ રૂપિયાથી ખરીદી કરવાની શરૂ થઈ છે. બનાસકાંઠાના ધાનેરા ખરીદ વેચાણ સંઘે ટેકાના ભાવે મગફળીની ખરીદીની શરૂઆત કરી છે. જે આગામી ૭૦ દિવસ સુધી ચાલશે. જેમાં રોજના ૪૦૦ જેટલાં ખેડૂતો પાસેથી ટેકાના બાવે મગફળી ખરીદાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ વખત પ્રથમવાર ટેકાવા ભાવે ખરીદી પોઈન્ટ ઓફ સેલ મશીન કે ફેસ રેકગ્નિશન દ્વારા થશે જો કે તેમાં વેચાણ કરવા આવી ન શકે તેવા ખેડૂતો માટે નોમીનીની નિયુક્તિ કરવાની જોગવાઈ પણ રખાઈ છે. ધાનેરામાં ૨૦,૭૧૪ ખેડૂતોએ નોંધણી કરાવી છે. ૨૫૦૦ કિલો હેકટર દીઠ રૂપિયા ૧૪૫૨ના ટેકાના ભાવથી મગફળી ખરીદાશે. આ સાથે વાવ અને થરાદ માર્કેટ યાર્ડમાં પણ મગફળીની ખરીદી શરૂ થઈ છે. સૌરાષ્ટ્ર સહિત રાજ્યના મોટાભાગના જિલ્લામાં ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ થયો છે. આજે જૂનાગઢ જિલ્લાના કુલ ૪૨ કેન્દ્રો પૈકી ૧૭ કેન્દ્રો પર મગફળી અને સોયાબીનની ખરીદી શરૂ થઈ છે. જિલ્લામાં ૧.૧૫ લાખથી વધુ ખેડૂતોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે, જેમાં કેશોદના ૨૦,૦૩૪ ખેડૂતોનો સમાવેશ થાય છે. જ્યારે રાજકોટમાં ૯.૩૦ લાખથી વધુ ખેડૂતોએ ટેકાના ભાવે ખરીદી માટે રજિસ્ટ્રેશન કરાવ્યું છે, જેમાં જિલ્લાના ૧૧ કેન્દ્રો પર ટેકાના ભાવે ખરીદીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

# પાલડી પોલીસ સ્ટેશન કમ્પાઉન્ડમાં મહિલા પોલીસ સામે દારૂડિયાઓની ધમાલ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ,તા.૯

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં શહેરમાં ઠેર-ઠેર દારૂ વેચાઈ રહ્યો છે અને પોલીસની હાજરીમાં જ કેટલાક લોકો દારૂ પીને પોલીસ કમ્પાઉન્ડમાં ધતિંગ કરતા હોય છે. આવો વધુ એક કિસ્સો શહેરના પાલડી પોલીસ સ્ટેશનમાં બન્યો છે. અમદાવાદમાં શનિવારે મોડી રાત્રે પાલડી પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં જ પોલીસની સામે બે શખ્સો દારૂ પીધેલી હાલતમાં ઝઘડો કરતા હોવાની ઘટના બની છે. પોલીસ કમ્પાઉન્ડમાં જ બે શખ્સ દારૂ પીધેલી હાલતમાં પોલીસની સામે બોલાચાલી કરી રહ્યા હતા. પોલીસકર્મી અને મહિલાની હાજરીમાં જેમ ફાવે તેમ બોલી રહ્યા હતા. ઝઘડા બાબતે પોલીસ કંટ્રોલરૂમનો મેસેજ કરવામાં આવ્યો હતો અને ત્યારબાદ આ બંને સમક્ષ પોલીસ સ્ટેશન કમ્પાઉન્ડમાં બોલાચાલી કરતા હતા. આ સમગ્ર બાબત અંગેનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો. ત્યારબાદ પાલડી પોલીસે આ મામલે ગુનો નોંધી બંનેની અટકાયત કરી હતી અને બંને વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

## ક્રાઈમ ડાયરી

### મહિલાના ગળામાંથી રૂા.૧.૫૦ લાખની સોનાની ચેઈન લઈ બે પુરૂષો નાસી ગયા

ઈલાબેન અતુલકુમાર ભાવસાર (ઉ.વ.૬૧, રહે. શુકન એપાર્ટમેન્ટ, સાંઈ ચોકની બાજુમાં, નવા નરોડા) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી છે કે તા.૭/૧૧/૨૦૨૫ સાંજના ૬:૪૫ વાગ્યાના સુમારે સાંઈ ચોક પાસે શુકન એપાર્ટમેન્ટના ગેટ પાસે રોડ ઉપર એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ એ ભેગા મળી ઈલાબેનના ગળામાં પહેરેલ સોનાની ચેઈન કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા.

### શાહપુરમાં ઘરમાંથી રૂા.૩.૬૩ લાખની મત્તાની ચોરી

મોહંમદ હુસૈન ખેરાદાવાલા (રહે. હલીમા મંજીલ ફલેટ ચાંદ ગલીની અંદર મીરઝાપુર શાહપુર)એ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી છે કે તા.૭/૧૧/૨૦૨૫ રાત્રે ૮:૦૦થી તા.૮/૧૧/૨૦૨૫ના કલાક ૧:૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કુલ કિંમત રૂપિયા ૩,૬૩,૦૦૦/- મતાના ચોરી કરી લઈ ગઈ હતી.

# AMCની ઢોરપાર્ટીની અસંવેદનશીલ કાર્યવાહી : પશુ સાથે માલિક પણ પાંજરામાં

## આ મારૂ ઢોર નહીં, આ મારી આજીવિકા છે, કહી માલિક અને દીકરી પોક મૂકીને રડવા લાગી

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૯

અમદાવાદના નરોડા-નાના ચિલોડા ચાર રસ્તાનો એક વીડિયો વાઈરલ થયો છે. જેને જોઈને તમારું દિલ દ્રવી ઉઠશે. તા.૮ નવેમ્બરે AMCની ઢોર પાર્ટી રખડતા ઢોરને પકડવા આવી હતી, પરંતુ, જાણે ચોપડે કામ બતાવવાનું હોય તેમ તેમણે એક બળદ ગાડું પકડ્યું, અને ગાડામાંથી બળદને છોડી ટ્રેક્ટરમાં ચડાવી રહ્યા હતા. જે કોઈનું આજીવિકાનું સાધન હતું. બળદને ટ્રેક્ટરના પાંજરામાં ચઢાવવામાં આવતા જ, તેની માલિક, એક દીકરી, પોક મૂકીને રડવા લાગી હતી. તે અધિકારીઓ સામે કરગરતી રહી કે, 'આ રખડતું ઢોર નથી, આ મારી આજીવિકા છે !' પણ, સંવેદનહીન અધિકારીઓ માન્યા નહીં. કોર્પોરેશનના અધિકારીઓ અને સાથે રહેલા કર્મચારીઓએ તેની આજીજી સાંભળવાને બદલે કાર્યવાહી ચાલુ રાખી. છેવટે, દીકરી પોતાના બળદથી અલગ ન થવાના ઈરાદે અને બળદને બચાવવા જીદ કરીને ટ્રેક્ટરના પાંજરામાં બળદ સાથે જ બેસી ગઈ. વિચારો, બે-ત્રણ કિલોમીટર સુધી આ દીકરીને પશુની જેમ પાંજરામાં પૂરીને પોલીસ સ્ટેશન લઈ જવી કેટલી યોગ્ય વાત છે ? જ્યાં સ્ત્રી સન્માન અને માનવતાની મોટી મોટી વાતો થાય છે, ત્યાં આ દૃશ્ય જોઈને સૌના દિલ દ્રવી ઉઠ્યા છે. કોર્પોરેશનના કર્મચારીઓ અને હાજર પોલીસની આ અસંવેદનશીલ કાર્યવાહી પર ગંભીર સવાલો ઉઠી રહ્યા છે.

### સુરત, સુરેન્દ્રનગર, મોરબી, સાવરકુંડલામાં ગેંગ દ્વારા ક્રિપ્ટો કરન્સીમાં કન્વર્ટ કરવાનું રેકેટ

# રાજ્યમાં સાયબર ફ્રોડનો ઘટસ્ફોટ : મ્યુલ એકાઉન્ટ મારફત ૧૦ કરોડ પાકિસ્તાન મોકલ્યા

## સુરતમાં મુખ્ય આરોપીની ધરપકડ : ૧૦૦ બેન્ક એકાઉન્ટની માહિતી મળી આવી

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૯

ગુજરાત સાયબર ક્રાઈમ સેન્ટર ઓફ એક્સેલન્સ અને CID ક્રાઈમે ૨૦૦ કરોડના સાયબર ફ્રોડ પર મોટી કાર્યવાહી કરી છે. મોરબી, સુરેન્દ્રનગર, સુરત અને સાવરકુંડલામાં કાર્યરત આ ગેંગ 'મ્યુલ એકાઉન્ટ્સ' મારફતે ફ્રોડના પૈસાને ક્રિપ્ટોકરન્સી (USDT)માં કન્વર્ટ કરી પાકિસ્તાન મોકલતી હતી. તપાસમાં આ નેટવર્કના પાકિસ્તાન સાથે સીધા નાણાકીય સંબંધો હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. સાયબર ટીમે સમગ્ર દેશમાં ફેલાયેલા ૩૮૬ સાયબર ગુનાઓ સાથે જોડાયેલા ૧૦૦થી વધુ મ્યુલ એકાઉન્ટ્સની ઓળખ કરી, પૈસાના પ્રવાહને સાત સ્તરોમાં ટ્રેક કરી રૂા.૧૦ કરોડની રકમ પાકિસ્તાન પહોંચી હોવાનું બહાર પાડ્યું છે.

CID ક્રાઈમે સુરતમાંથી મુખ્ય આરોપી ચેતન ગંગાણીની ધરપકડ કરવામાં આવી છે. તપાસમાં જાણવા મળ્યું કે, આ આરોપીએ માત્ર ચાર મહિનામાં જ આશરે રૂા.૧૦ કરોડની રકમને USDTમાં કન્વર્ટ કરી પાકિસ્તાની વોલેટ એડ્રેસ પર મોકલી હતી. કુલ રૂા.૨૯ કરોડના વિદેશી વોલેટમાં આ આરોપી દ્વારા જમા કરાયેલા રૂા.૧૦ કરોડનો સીધો ટ્રેસ મળ્યો છે. આરોપી વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૮(૪), ૬૧(૨), ૩૧૭(૨) તથા IT એક્ટની કલમ ૬૬(D) હેઠળ ગુનો નોંધાયો છે. લખતર APMC માર્કેટમાં શિવમ એન્ટરપ્રાઈઝ નામની પેઢી શરૂ કરીને સાયબર ફ્રોડના રૂા.૨૦૦ કરોડ વિદેશ મોકલી આપવાના કૌભાંડમાં પોલીસે ૬ આરોપીની ધરપકડ કરી હતી. સાયબર સેન્ટર ફોર એક્સિલન્સની ટીમે સાયબર ફ્રોડ કૌભાંડમાં મહેન્દ્ર સોલંકી (મોરબી), રૂપેન ભાટીયા (મોરબી), રાકેશ લાણીયા (લખતર), રાકેશકુમાર દેકાવાડીયા (લખતર), વિજય ખાંભલ્યા(સુરત) અને પંકજ કથિરિયા (સુરત)ની ધરપકડ કરી હતી. તેમની પાસેથી ૧૨ મોબાઈલ અને ૨ સીમ મળ્યા હતા અને ૧૦૦ બેંક એકાઉન્ટની માહિતી મળી આવી હતી. આ બેંક એકાઉન્ટ સામે દેશમાં સાયબર ફ્રોડની ૩૮૬ ફરિયાદ થઈ છે. ઠગાઈના રૂા.૧૨ કરોડ જમા કરાવનારા ૩ આરોપીઓએ આ પૈસામાંથી મોરબીમાં સ્પા સેન્ટર શરૂ કર્યુ હતું. આરોપીઓના ભાગે આવેલા રૂા.૫૦થી ૬૦ લાખમાંથી ૩ મહિના પહેલા સ્પા શરૂ કર્યુ હતું.

પોલીસ અધિક્ષક ડો. રાજદીપસિંહ ઝાલાએ જણાવ્યું કે, ગુજરાત સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સની ટીમના એ.આઈ.ડોડિયા અને તેમની ટીમ દ્વારા ૩ નવેમ્બરના રોજ જે ડિટેક્શન કરવામાંઆવ્યુંહતું. આ ડિટેક્શનમાં મ્યુલ એકાઉન્ટસના માધ્યમથી સાયબર ફ્રોડના પૈસાની હેરફેર કરવામાં આવતી હતી, જે અનુસંધાને શિવમ ટ્રેડિંગ APMC ખાતે જે પેઢી ઊભી કરવામાં આવી હતી. ત્યા જેના નામે પ્રોપરાઈટી હતી તે મહેન્દ્ર સોલંકી તેની સાથે રૂપેન ભાટિયા, માણિયા રાકેશ અને દેલવાડિયા રાકેશ આ લોકોની અટકાયત કરવામાં આવી હતી. ત્યારબાદ તેની અપર લાઈનમાં વિજય ખાંભલિયા અને તેની અપર લાઈનમાં પંકજ કથિરિયા છે, જેની ધરપકડ કરવામાં આવી હતી.

વધુમાં તેઓએ જણાવ્યું કે, આ તમામની અપર લાઈનમાં પણ એક વ્યક્તિ છે, જે દુબઈ છે. તેના વિશે હાલ તપાસ હાથ ધરવામાં આવી છે. ટીમે લખતર, મોરબી, સાવરકુંડલા અને સુરતમાં એકસાથે ઓપરેશન કરી આ તમામ લેયરને ઓળખી કાઢ્યા અને તમામની ધરપકડ કરવામાં આવી છે. જેમાં પૈસાના ફ્લોની વાત કરીએ તો ફ્લો એ રીતે રહેતો હતો કે, જે શિવમ ટ્રેડિંગના એકાઉન્ટમાં પૈસા આવતા હતા. આ પૈસા કેશમાં વિડ્રો કરવા માટે અન્ય આરોપીઓને આપતા. ત્યારબાદ આરોપીઓ તેને મ્યુલ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરીને અન્ય આરોપીને પહોંચાડતા અને છેલ્લે દુબઈથી ઓપરેટ કરતો શખ્સ જે એકાઉન્ટ આપે તેમાં ક્રિપ્ટોમાં પૈસા ટ્રાન્સફર કરવામાં આવતા હતા.

### ઉચ્છલ ખાતે નવા અદ્યતન સિવિલ ન્યાય મંદિરનું લોકાપર્ણ કરતા ના.મુખ્યમંત્રી

# પ્રત્યેક નાગરિકને ઝડપી, અટલ અને પારદર્શક ન્યાય એ બંધારણીય અધિકાર

## ઝડપી ન્યાય માટેની જવાબદારી પોલીસ અને સરકારી તંત્રની પણ છે

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૯

ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકા ખાતે નવીન સિવિલ ન્યાય મંદિરનું લોકાર્પણ કરતાં ગુજરાત-મહારાષ્ટ્રની સરહદના આ વિસ્તારની વિશિષ્ટતા એ છે કે અહીંના રેલવે પ્લેટફોર્મ પરથી બે રાજ્યો દેખી શકાય છે. કાયદા વ્યવસ્થાની દૃષ્ટિએ આવા વિસ્તારનું સંચાલન હંમેશા પડકારરૂપ રહે છે, છતાં તાપી જિલ્લાના ન્યાયતંત્રે તે જવાબદારી સફળતાપૂર્વક નિભાવી છે.

તેમણે ઉમેર્યું હતું કે, તાપી જિલ્લાના આદિવાસી અને સરહદી વિસ્તારોના લોકો માટે જે નવી સુવિધાઓ ઉભી થઈ રહી છે, તેનાથી ન્યાય પ્રાપ્તિની પ્રક્રિયા વધુ સરળ બનશે.

ન્યાયતંત્ર જેટલું ઝડપી ન્યાય આપે છે, એટલી જ જવાબદારી પોલીસ અને સરકારી તંત્રની પણ છે. ગુનેગારો સામે મજબૂત પુરાવા એકત્ર કરવા તે અત્યંત જરૂરી છે. તેમણે સરકારી વકીલોને દરેક કેસમાં માત્ર પીડિતના દૃષ્ટિકોણથી ન્યાય મળે તે દિશામાં પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે કહ્યું કે, દરેક નાગરિકને ઝડપી, સરળ અને પારદર્શક ન્યાય મળવો એ બંધારણીય અધિકાર છે. આ અધિકારની પૂર્તિ માટે સરકાર અને ન્યાયતંત્ર ખભે ખભા મિલાવી સતત કાર્યરત છે, સરકાર ટ્રાન્સપેરન્સી, ઈફિશિયન્સી અને ગુડ ગવર્નન્સ માટે ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન આપી રહી છે. આ દિશામાં ગુજરાતની ન્યાયપાલિકાએ અગ્રણી ભૂમિકા ભજવી છે. ગુજરાત પહેલું રાજ્ય બન્યું છે.

વડાપ્રધાન કહે છે કે, "ન્યાય હંમેશા સરળ અને સ્પષ્ટ હોય છે. પરંતુ ક્યારેક જટીલ પ્રક્રિયાઓ ન્યાયને મુશ્કેલ બનાવી દે છે. તેને શક્ય તેટલો સરળ અને સ્પષ્ટ બનાવવાની આપણી સૌની જવાબદારી છે." એ પ્રક્રિયાને સરળ બનાવવા સરકાર અને ન્યાયતંત્ર મળીને સતત પ્રયત્ન કરી રહ્યા છે.

આ તકે ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ ડી.એમ. વ્યાસે જણાવ્યું હતું કે, આ નવું કોર્ટ બિલ્ડીંગ માત્ર માળખું નથી, પરંતુ છેવાડાના નાગરિકો માટે ઝડપી અને પારદર્શક ન્યાયનું આશાનું કિરણ છે. તેમણે કોર્ટ પરિસરની સ્વચ્છતા જાળવવાની સૌને અપીલ કરી હતી. આ પ્રસંગે પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજ તેજસ દેસાઈએ જણાવ્યું હતું કે, ઉચ્છલની આવશ્યકતા પૂર્ણ થઈ છે અને આ નવું કોર્ટ બિલ્ડીંગ નાગરિકોને નિષ્પક્ષ અને ઝડપી ન્યાય આપવા સહાયરૂપ બનશે.

# અમદાવાદના પૂર્વ વિસ્તાર નરોડામાં જાહેરમાં લૂંટની બે ઘટના

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૯

અમદાવાદના નરોડામાં જાહેરમાં લૂંટની બે ઘટના સામે આવી છે. નરોડામાં જાહેર રોડ પર ચેઈન સ્નેચિંગની ઘટના બની છે. સાંજના સમયે ઈલાબેન ભાવસાર શાક માર્કેટમાં શાકભાજી લેવા માટે ગયા હતાં. ઘરે પરત ફરતા સમયે સોસાયટીના ગેટ આગળ બે અજાણ્યા શખ્સોએ નજીક આવીને વાહન ધીમું પાડી. ઈલાબેન ભાવસારના ગળામાં પહેરેલી સોનાની ચેઈન ખેંચી અને તેને તોડીને ફરાર થઈ ગયાં હતાં. જે મામલે કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે અજાણ્યા શખ્સોની વધુ તપાસ હાથ ધરી છે. ગત ૭ તારીખે નવા નરોડામાં રહેતા ઈલાબેન ભાવસાર સાંજે ૭ વાગ્યાની આસપાસ તેમની ઘરની નજીકમાં આવેલા મહાકાળી દુકાન પાસે ભરાતી શાક માર્કેટમાં શાકભાજી લેવા માટે ગયા હતાં. શાકભાજી લીધા બાદ ઈલાબેન જ્યારે ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે સોસાયટીના ગેટની બહાર બે અજાણ્યા શખ્સો બાઈક લઈને આવ્યા હતાં. ઘરે પરત ફરી રહેલા ઈલાબેનના ગળામાં પહેરેલી ચેઈન પર મોટર સાઈકલ પર આવેલા શખ્સોની નજર પડી હતી. જેથી મહાકાળી દુકાન પાસે મોટર સાઈકલ ધીમી પાડી પાછળ બેઠેલા એક શખ્સે ઈલાબેનના ગળામાં પહેરેલી સોનાની ચેઈન ખેંચી તોડી નાખી હતી.

ઈલાબેન મોટર સાઈકલ પર આવેલા શખ્સનો ચહેરો જોવે અને તેમને પકડે તે પહેલા જ બંને અજાણ્યા શખ્સ ઘટના સ્થળેથી ફરાર થઈ ગયા હતા. જાહેર રોડ પર આ પ્રકારની ઘટના બનતા ઈલાબેન ગભરાઈ ગયા હતા. ૨૦ ગ્રામની રૂા.૧.૫૦ લાખની સોનાની ચેઈનની લૂંટ થઈ હોવાની કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં બે અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધવામાં આવી છે.

બીજી ઘટના નરોડા-દેહગામ રોડ પર દીકરી સાથે ખરીદી કરવા નીકળેલી મહિલા સાથે લૂંટની બની હતી. દીકરી સાથે ખરીદી કરવા ગયેલા પિક્રીબેન દરજી એક્ટિવા પર ઘરે પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન નરોડા દેહગામ રોડ પર એચ.પી પેટ્રોલપંપ પાસે સ્પોર્ટ્સ બાઈક લઈને બે અજાણ્યા શખ્સો આવ્યા હતા. સ્પોર્ટ્સ બાઈક આવેલા અજાણ્યા શખ્સો પિક્રીબેનના નજીક આવી તેમની પાસેથી મોબાઈલ અને પર્સની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. જેથી પિક્રીબેન દરજીએ રૂા.૧૫ હજારથી વધુના મોબાઈલની અને પર્સની લૂંટની નરોડા પોલીસ સ્ટેશનમાં બે અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે.

૧૪ ઓક્ટોબરના રાત્રે આઠ વાગ્યાની આસપાસ પિક્રીબેન દરજી તેમની દીકરી સાથે ખરીદી કરવા માટે ગયા હતા. ખરીદી પૂર્ણ કરી રાત્રે ૧૨ વાગ્યા આસપાસ એક્ટિવા પર પોતાના ઘરે જઈ રહ્યા હતા. ત્યારે નરોડા દહેગામ રોડ પર આવેલા એચ.પી પેટ્રોલ પંપ નજીક પહોંચતા પાછળથી બે અજાણ્યા શખ્સો સ્પોર્ટ્સ બાઈક લઈને આવ્યા હતા. બંને અજાણ્યા શખ્સોની નજર મહિલાના પર્સ અને મોબાઈલ પર ગઈ હતી. જેથી એક્ટિવા પર જઈ રહેલા પિક્રીબેન અને તેમની દીકરી પાસે વાહન ધીમું પાડી મોબાઈલ અને લાલ કલરનું પર્સ ઝૂંટવી દીધું હતું.

પિક્રીબેન અને તેમની દીકરી રોવાનો પ્રયાસ કરે તે પહેલા બે અજાણ્યા શખ્સો બાઈક પર ફરાર થઈ ગયા હતા. જે બાદ પિક્રીબેન અને તેમની દીકરી ગભરાઈ ગયા હતા અને તરત ઘરે આવી સમગ્ર ઘટનાની જાણ કરી હતી. જો કે તે સમયે મોબાઈલની બિલ ના હોવાથી હવે નરોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે. નરોડા પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

# વટવામાં ઝઘડાની અદાવત રાખી ઘર અને વાહનમાં આગ લગાવનાર ચાર સામે ફરિયાદ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૯

અમદાવાદના વટવા વિસ્તારમાં નવાપુરા પાસે દરબાર નગરમાં રાત્રે પિતા અને પુત્ર સહિતના લોકો દ્વારા મકાન અને વાહનમાં આગ લગાવવાની ઘટના બની હતી. ઘરની પાસે પડેલા લાકડા બાબતે થયેલા ઝઘડાની અદાવત રાખીને બોલાચાલી બાદ વાહનમાં આગ લગાડી દેવામાં આવી હતી. ત્યારબાદ બાઈકનું સીટ કવર ઘરમાં ફેકતા ઘરમાં આગ લાગી હતી ફાયર બ્રિગેડની ટીમ દ્વારા તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો હતો. મુખ્ય આરોપી રાજા ઉપર અગાઉ પણ ગુના નોંધાયેલા છે. પોલીસે ચાર લોકો વિરૂદ્ધ તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, શહેરના વટવા વિસ્તારમાં આમીના મસ્જિદ પાસે આવેલા દરબાર નગરમાં વહીદાબાનું શેખ પોતાના પરિવાર સાથે રહે છે તેમની બાજુમાં અમન ઉર્ફે રાજા અસલમખાન પઠાણ પણ પરિવાર સાથે રહે છે. રાજા અને તેમના પરિવારના સભ્યો ઘરની આગળ આવેલી જગ્યામાં ઘરનો સામાન રાખવા બાબતે બોલાચાલી અને ઝઘડો કરતા હતા છેલ્લા કેટલાક દિવસથી ઘરની આગળ આવેલી ખુલ્લી જગ્યામાં લાકડા પડેલા હતા જે કોઈ વ્યક્તિ લઈ ગયું હતું. શનિવારે સવારના સમયે રાજા અને તેના પિતા અસલમખાન પઠાણ સહિત બીજા બે સભ્યો દુકાન પર જઈને લાકડા લઈ જવા બાબતે વહિદાબાનુના પતિ અને તેના પિયર સાથે બોલાચાલી કરી મારા મારી કરી હતી જેથી બંનેને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા. હોસ્પિટલમાં હતા ત્યારે સાંજે ૭:૩૦ વાગ્યાની આસપાસ વહીદાબાનુના પતિના મોબાઈલ પર પરિચિત નંબરથી ફોન આવ્યો હતો કે તમારી બાજુમાં રહેતા રાજા અને તેમના પિતા અસલમખાન પઠાણ તથા કુવા કાલુ અને હિના ચારેય જણા તમારૂં ઘર સળગાવવા માટે આવ્યા છે. રાજા તમારા ઘરની બહાર પડેલી બાઈક સળગાવી દીધી છે અને સળગતી વસ્તુ તમારા બંધ મકાનની જાળીમાં નાખતા ઘરમાં આગ લાગી છે. આ બાબતે સ્થાનિક લોકો દ્વારા પોલીસ અને ફાયર બ્રિગેડને પણ જાણ કરવામાં આવતા ફાયર બ્રિગેડ ઘટનાસ્થળે પહોંચી હતી. હોસ્પિટલથી ચારેય લોકો ઘરે આવ્યા ત્યારે પોલીસ અને ફાયર બ્રિગેડ ઘટના સ્થળ પર હાજર હતી અને આગને કાબુમાં લઈ લીધી હતી. આગ લાગવાના કારણે ઘરમાં રહેલુ ફર્નિચર બળી ગયું હતું અને બે બાઈક પણ બળી ગઈ હતી. આ મામલે વટવા પોલીસ દ્વારા રાજા સહિત ચાર લોકો વિરૂદ્ધ ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ઈઝરાયેલ-હમાસ યુદ્ધમાં અત્યારસુધીમાં ૬૯,૦૦૦થી વધુ પેલેસ્ટીનીઓ મૃત્યુ પામ્યા : ગાઝા આરોગ્ય અધિકારીઓ

(એજન્સી) તા.૯

ગાઝાના આરોગ્ય અધિકારીઓ કહે છે કે ઈઝરાયેલ-હમાસ યુદ્ધમાં ૬૯,૦૦૦થી વધુ પેલેસ્ટીનીઓ મૃત્યુ પામ્યા છે. ગાઝાના આરોગ્ય મંત્રાલયે શનિવારે જણાવ્યું કે ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ ઈઝરાયેલ પર હમાસના હુમલા પછી મૃત્યુઆંક વધીને ૬૯,૧૬૯ થયો છે, જ્યારે ૧૭૦,૬૮૫ ઘાયલ થયા છે. વિનાશકારી પટ્ટીમાં યુદ્ધવિરામની ઘોષણા થયા પછી કાટમાળ નીચેથી વધુ મૃતદેહો મળી આવ્યા છે અને અગાઉ અજાણ્યા મૃતદેહોની ઓળખ થઈ છે તેના કારણે મૃત્યુઆંકમાં તાજેતરનો વધારો થયો છે. ઈઝરાયેલે શનિવારે ૧૫ પેલેસ્ટીનીઓના મૃતદેહો ગાઝા પરત કર્યા પછી આ જાહેરાત કરવામાં આવી છે. બે વર્ષીય યુદ્ધ દરમિયાન થયેલા યુદ્ધવિરામ કરાર હેઠળ આતંકવાદીઓએ બંધકના અવશેષો ઈઝરાયેલને પરત કર્યા હતા. આ વાતચીત અમેરિકાની મધ્યસ્થી દ્વારા કરવામાં આવેલા અસ્થિર યુદ્ધવિરામ કરારમાં વધુ એક પગલું આગળ ધપાવશે. કરાર હેઠળ, ઈઝરાયેલે દરેક ઈઝરાયેલી બંધકના બદલામાં ૧૫ પેલેસ્ટીનીઓના અવશેષો પરત કર્યા હતા. ખાન યુનુસ શહેરના નાસેર હોસ્પિટલે અહેવાલ



આપ્યો છે કે ૧૫ મૃતદેહો ત્યાં લાવવામાં આવ્યા છે. શુક્રવારે રાત્રે પરત કરાયેલા અવશેષો ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ હમાસ સાથે યુદ્ધ શરૂ કરનારા આતંકવાદીઓના હુમલામાં મૃત્યુ પામેલા ઈઝરાયેલી વ્યક્તિના હોવાનું ઈઝરાયેલી વ્યક્તિ દ્વારા ખાતરી કર્યા પછી તરત જ આ પરત ફર્યું છે. વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહૂના કાર્યાલયના એક નિવેદન અનુસાર, બંધકની ઓળખ લિયોર રુડેફ તરીકે થઈ છે.

# ઈઝરાયેલના નરસંહાર પછી ગાઝાનું પાણી ઝેરી બની ગયું છે

(એજન્સી) તા.૯

ગાઝા પર ઈઝરાયેલના યુદ્ધે માત્ર આખા વિસ્તારોને નષ્ટ કર્યા નથી, ક્યારેક પરિવારોને વિસ્થાપિત કર્યા છે અને તબીબી સુવિધાઓનો નાશ કર્યો છે, પરંતુ પેલેસ્ટીનીઓ જેના પર નિર્ભર છે તે જમીન અને પાણીને પણ ઝેરી બનાવ્યા છે. ચાર અઠવાડિયાના નાજુક યુદ્ધવિરામ પછી, જેનું ઈઝરાયેલ દરરોજ ઉલ્લંઘન કરે છે, પર્યાવરણીય વિનાશનું પ્રમાણ સ્પષ્ટપણે દૃશ્યમાન થઈ ગયું છે. ગાઝા શહેરના શેખ રદ્વાન વિસ્તારમાં, જે એક સમયે જીવંત વસાહત હતી, તે હવે ઉજ્જડ જમીન બની ગઈ છે. ઘરો ખંડેર પડી ગયા છે અને એક મહત્ત્વપૂર્ણ પાણીનો સ્ત્રોત, જે એક સમયે વરસાદી પાણીનો તળાવ હતો, તે હવે ગટર અને કાટમાળથી ભરાઈ ગયો છે. ઘણા વિસ્થાપિત પરિવારો માટે, તે ઘર અને જોખમ બંને છે. ગર્ભવતી અને બેઘર ઉમ્મ હિશામ, તેના બાળકો સાથે ગંદા પાણીમાં પસાર થાય છે. તેમની પાસે બીજે ક્યાંય જવાની જરૂર નથી. તેમણે જણાવ્યું કે, 'અમે અહીં શેખ રદ્વાન તળાવ પાસે, મચ્છરોથી લઈને વધતા ગટર સુધીની તમામ પ્રકારની મુશ્કેલીઓ વચ્ચે, આશ્રય લીધો છે, ચારે બાજુ વિનાશનો ઉલ્લેખ તો કરવો જ જોઈએ. આ બધું આપણા જીવન અને આપણા બાળકોના જીવનને જોખમમાં મૂકે છે. વરસાદી પાણી એકત્રિત કરવા અને તેને દરિયામાં ઠાલવવા માટે રચાયેલ



આ તળાવ, ઈઝરાયેલી હવાઈ હુમલામાં પંપ નાશ પામ્યા પછી હવે કાચા ગટરથી ભરાઈ ગયું છે. વીજળી અને સ્વચ્છતા ખોરવાઈ જવાથી, દૂષિત પાણી સતત વધી રહ્યું છે, જેનાથી નજીકના ઘરો અને તંબુઓમાં પાણી ભરાઈ જવાનો ભય છે. ગાઝા શહેરના મ્યુનિસિપલ અધિકારી માહેર સલીમે જણાવ્યું કે 'કોઈ શંકા નથી કે આનાથી બધા નાગરિકો પર ગંભીર અસર પડી રહી છેઃ દુર્ગંધ, જંતુઓ, મચ્છર. વધુમાં, કોઈપણ રક્ષણ વિના ગટરનું સ્તર ૬ મીટર [૨૦ ફૂટ]થી વધુ વધી ગયું છે; વાડ સંપૂર્ણપણે નાશ પામી છે, જેના કારણે કોઈપણ બાળક, મહિલા, વૃદ્ધ માણસ અથવા તો કોઈ કાર પણ આ તળાવમાં પડી શકે તેવી શક્યતા છે.

# યુદ્ધવિરામ કરાર હેઠળ ગાઝાને ઈઝરાયેલ તરફથી વધુ ૧૫ પેલેસ્ટીનીઓનાં અવશેષો મળ્યા

(એજન્સી) તા.૯

ગાઝા આરોગ્ય મંત્રાલયે શનિવારે જણાવ્યું કે યુદ્ધવિરામ કરાર હેઠળ રેડ ક્રોસની આંતરરાષ્ટ્રીય સમિતિ દ્વારા ઈઝરાયેલ દ્વારા મુક્ત કરાયેલા ૧૫ પેલેસ્ટીનીઓના અવશેષો તેમને મળ્યા છે. મંત્રાલયના એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે આ નવા ટ્રાન્સફરથી ૧૦ ઓક્ટોબરથી યુદ્ધવિરામ અમલમાં આવ્યા બાદ ઈઝરાયેલ દ્વારા પરત કરાયેલા પેલેસ્ટીની મૃતદેહોની સંખ્યા ૩૦૦ થઈ ગઈ છે. મંત્રાલયે જણાવ્યું કે ફોરેન્સિક ટીમોએ અત્યાર સુધીમાં ૮૯ મૃતદેહોની ઓળખ કરી છે અને તેમનું દસ્તાવેજીકરણ કરીને પરિવારોને સોંપતા પહેલા 'મંજૂર તબીબી પ્રક્રિયાઓ અને પ્રોટોકોલ અનુસાર' તેમની તપાસ ચાલુ રાખી રહી છે. પેલેસ્ટીની અધિકારીઓએ જણાવ્યું કે ઈઝરાયેલ દ્વારા સોંપવામાં આવેલા ઘણા મૃતદેહો પર મારપીટ, હાથકડી, આંખે પાટા અને ચહેરા પર વિકૃતિ જેવા દુર્વ્યવહારના ચિહ્નો હતા અને ઓળખાયા વિના પરત કરવામાં આવ્યા હતા. વર્ષોથી ઈઝરાયેલી નાકાબંધી અને પ્રયોગશાળાઓના વિનાશને કારણે ગાઝામાં ફોરેન્સિક સુવિધાઓ બંધ હોવાથી પરિવારો તેમના સંબંધીઓના અવશેષોને તેમના શારીરિક નિશાનો અથવા કપડાં દ્વારા



ઓળખવાનો પ્રયાસ કરી રહ્યા છે. પેલેસ્ટીની રાષ્ટ્રીય શહીદોના પ્રત્યાવર્તન અભિયાન અનુસાર, યુદ્ધવિરામ પહેલાં, ઈઝરાયેલે ૭૩૫ પેલેસ્ટીની મૃતદેહોને 'ગણતરીઓના કબ્રસ્તાન'માં રાખ્યા હતા. ઈઝરાયેલી દૈનિક હારેટ્ઝ અનુસાર, સેના દક્ષિણ ઈઝરાયેલના કુખ્યાત સદે તેઈમાન લશ્કરી મથક પર ગાઝાથી આશરે ૧,૫૦૦ પેલેસ્ટીનીઓના મૃતદેહો રાખી રહી છે. ઓક્ટોબર ૨૦૨૩થી ગાઝામાં થયેલા હુમલાઓમાં ઈઝરાયેલમાં ૬૯,૦૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે, જેમાં મોટાભાગે મહિલાઓ અને બાળકો છે, ૧,૭૦,૬૦૦થી વધુ ઘાયલ થયા છે અને આશરે ૯,૫૦૦ ગુમ થયા છે-ઘણા લોકો નાશ પામેલા ઘરો હેઠળ ફસાયેલા હોવાનું માનવામાં આવે છે અથવા હજુ પણ ગુમ છે.

# લેબેનોનમાં ઈઝરાયેલી હુમલામાં ત્રણ લોકોનાં મોત, યુરોપીય સંઘે યુદ્ધવિરામનુ પાલન કરવાની વિનંતી કરી

(એજન્સી) તા.૯

લેબેનોનની રાષ્ટ્રીય સમાચાર એજન્સી (NNA) અનુસાર, દક્ષિણપૂર્વ લેબેનોન શહેરો આઈન અતા અને શેબા વચ્ચે એક વાહન પર ઈઝરાયેલી હવાઈ હુમલામાં બે ભાઈઓ મૃત્યુ પામ્યા, જે વર્ષો જૂના યુદ્ધવિરામનું તાજેતરનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. લેબેનોનના આરોગ્ય મંત્રાલયે અહેવાલ આપ્યો છે કે શનિવારે એક અલગ હુમલામાં, દક્ષિણ શહેર બિંત જબેઈલમાં સલાહ ગંદૌર હોસ્પિટલ નજીક એક કાર પર ઈઝરાયેલી ડ્રોન હુમલો કર્યો, જેમાં સાત લોકો ઘાયલ થયા. ગીચ વસ્તીવાળા વિસ્તારમાં બે મિસાઈલો વાહન પર વાગી. NNAના જણાવ્યા અનુસાર, દિવસના ત્રીજા ઈઝરાયેલી ડ્રોન હુમલામાં બરાચિટ વિસ્તારમાં એક કારને નિશાન બનાવવામાં આવી હતી. એજન્સી દ્વારા શેર કરવામાં આવેલા ફોટામાં હુમલા પછી રસ્તા પર સળગતા કાટમાળ ઉપર ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો. NNAના જણાવ્યા અનુસાર, આ હુમલામાં એક વ્યક્તિનું મોત થયું અને ચાર અન્ય ઘાયલ થયા. ઈઝરાયેલી સૈન્યએ કોઈ પુરાવા આપ્યા વિના દાવો કર્યો હતો કે આ હુમલાઓ હિઝબુલ્લાહના સ્થળોને નિશાન બનાવીને કરવામાં આવ્યા હતા. નવેમ્બર ૨૦૨૪ના યુદ્ધવિરામ છતાં, ઈઝરાયેલ તેના ઉત્તરી પાડોશી પર લગભગ દરરોજ હુમલાઓ ચાલુ રાખે છે, જ્યારે દક્ષિણ વિસ્તારોમાં સૈનિકો જાળવી રાખે છે. હિઝબુલ્લાહ કહે છે કે તે યુદ્ધવિરામ માટે પ્રતિબદ્ધ છે, પરંતુ ભારપૂર્વક કહે છે કે જ્યાં સુધી ઈઝરાયેલ લેબેનીઝ પ્રદેશ પર કબજો કરવાનું ચાલુ રાખશે અને તેના હુમલાઓ ચાલુ રાખશે ત્યાં સુધી તે નિઃશસ્ત્ર નહીં થાય. યુરોપિયન યુનિયને શનિવારે એક કડક નિવેદનમાં તાજેતરના ઈઝરાયેલી હુમલાઓની ટીકા કરી અને યુદ્ધવિરામનું



તાત્કાલિક પાલન કરવાની માંગ કરી. 'EU ઈઝરાયેલને નવેમ્બર ૨૦૨૪માં એક વર્ષ પહેલા થયેલા ઠરાવ નંબર ૧૭૦૧ અને યુદ્ધવિરામ કરારનું ઉલ્લંઘન કરતી બધી ક્રિયાઓ બંધ કરવા હાકલ કરે છે,' EU વિદેશ બાબતોના પ્રવક્તા અનૌઆર અલ અનૌઆનીએ જણાવ્યું કે, હિઝબુલ્લાહ અને અન્ય લેબેનીઝ સમૂહને 'પરિસ્થિતિને વધુ ભડકાવી શકે તેવા કોઈપણ પગલાં અથવા પ્રતિક્રિયાઓથી દૂર રહેવા' વિનંતી કરી હતી. લેબેનીઝ સેનાએ ઈઝરાયેલ પર 'લેબેનીઝ સ્થિરતાને નબળી પાડવાનો' પ્રયાસ કરવાનો અને યુદ્ધવિરામ અનુસાર લેબેનીઝ સેનાની સંપૂર્ણ તૈનાતીમાં અવરોધ લાવવાનો આરોપ મૂક્યો. લેબેનીઝ રાષ્ટ્રપતિ જોસેફ આઉને તાજેતરના હુમલાઓને આંતરરાષ્ટ્રીય કાયદાનું 'સ્પષ્ટ ઉલ્લંઘન' ગણાવીને ટીકા કરી, જ્યારે ઈરાને તેમને 'બર્બર' ગણાવ્યા અને વૈશ્વિક સમુદાયને હસ્તક્ષેપ કરવા વિનંતી કરી.




નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

# ઝોહરાન મામદાનીનો ભવ્ય વિજય એ પ્રમુખ ટ્રમ્પ માટે નાલેશીભર્યો પરાજય

કોઈ મહાસત્તાના વડા એટલે કે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પોતાના જ દેશના એક શહેરના મેયર પદના ઉમેદવારને હરાવવા માટે એડીચોટીનું જોર લગાવે...જાહેરમાં મનફાવે એવા બખાળા કાઢે અને આટઆટલું કર્યા બાદ પણ એ પેલા ઉમેદવારને હરાવી ન શકે બલ્કે એ ઉમેદવાર પ્રચંડ બહુમતી સાથે વિજય મેળવે તો એ બહુ જ મોટી સિદ્ધિ ગણાય અને આ સિદ્ધિ મેળવી છે ભારતીય મૂળ ધરાવતા મુસ્લિમ ઝોહરાન મામદાનીએ. ન્યૂયોર્ક શહેરના મેયર પદની ચૂંટણીમાં મામદાનીને હરાવવા માટે ટ્રમ્પે ભારે ધમપછાડા કર્યા પરંતુ છતાં તેઓ હરાવી ન શકયા એમાં ટ્રમ્પનું તો નાક કપાયું જ પરંતુ દુનિયાભરમાં એમની મશ્કરી પણ થઈ અને ટ્રમ્પનું પાણી મપાઈ ગયું... જ્યારે બીજી તરફ આ ટ્રમ્પને કારણે જ દુનિયાભરમાં ઝોહરાન મામદાનીનું નામ ગાજતું થઈ ગયું... આજે દુનિયાના દરેક દેશનો પ્રમુખ ઝોહરાન મામદાનીને સારી રીતે જાણતો થઈ ગયો છે કારણ કે એમણે ટ્રમ્પ જેવા માંધાતાને ધૂળ ચટાડી છે. આપણે ત્યાં એવી કહેવત છે કે 'કાબે અર્જુન લૂંટયો... વહી ધનુષ વહી બાણ'.... એમ ઝોહરાને ટ્રમ્પને એમના જ ચૂંટણી રૂપી ધનુષથી ભૂંડો પરાજય આપ્યો છે. ટ્રમ્પને કારણે જે એક મેયરપદની ચૂંટણી વિશ્વભરમાં હેડલાઈન બની ગઈ અને મામદાનીએ ખૂબ સંયમ, સૌજન્ય અને આદર્શો સાથે ટ્રમ્પના ઝેરીલા પક્ષપાતી પ્રયાસોને ભારે માત આપી.

વળી અમેરિકામાં હાલની ચૂંટણીઓના પરિણામો પરથી સ્પષ્ટ સંકેત એ મળે છે કે આ પરિણામો ઈમિગ્રન્ટ્સ (પ્રવાસીઓ)ના પક્ષમાં જનાદેશ દર્શાવે છે, તો બીજી તરફ, તે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની વિવાદાસ્પદ નીતિઓ વિરુદ્ધ સંદેશ પણ આપે છે. ન્યૂયોર્કની મેયરની ચૂંટણીથી લઈને અનેક રાજ્યોના ગવર્નરની અને સ્થાનિક ચૂંટણીઓ સુધી, પરિણામોએ સ્પષ્ટ કર્યું છે કે અમેરિકન સમાજ વિવિધતા અને સંવાદિતાની સંસ્કૃતિને મહત્વ આપે છે, અને મનસ્વી કાર્યવાહીને સહન કરતો નથી. આ દ્રષ્ટિકોણથી, આ ચૂંટણી પરિણામો ટ્રમ્પ માટે એક આંચકો છે, જે ઈમિગ્રેશનને મુદ્દો બનાવવાના તેમના નિર્ણય પર અડગ દેખાતા હતા; તેમની કડવાશ અને ધમકીઓ છતાં, ઝોહરાન મામદાનીએ ન્યૂયોર્કમાં મેયરની ચૂંટણી જીતી. ન્યૂયોર્કમાં છેલ્લા પચાસ વર્ષમાં સૌથી વધુ મતદાન થયું. આ એક મહત્વપૂર્ણ ઘટનાક્રમ છે. તે દર્શાવે છે કે, તમામ અવરોધો અને ઉતાર-ચઢાવ છતાં, અમેરિકા ચોક્કસ સમુદાયના રાજકારણથી ઉપર ઉઠવા અને આગળ વધવા માટે તૈયાર છે. જ્યારે ડેમોક્રેટિક પાર્ટીએ ન્યૂયોર્ક, વર્જિનિયા, મિસિસિપી, કેન્ટુકી અને સિનસિનાટી, ઓહિયોમાં ચૂંટણીઓમાં પ્રભુત્વ મેળવ્યું છે ત્યારે ભારતીય-અમેરિકન સમુદાયે પણ નોંધપાત્ર પ્રભાવ દર્શાવ્યો છે. નોંધપાત્ર રીતે, આ પરિણામોએ અમેરિકામાં ડેમોક્રેટિક પાર્ટીમાં ફરી ઉત્સાહ જગાવ્યો છે, હિલેરી ક્લિન્ટને પોતે પરિણામોને લોકશાહીનો વિજય ગણાવ્યાં છે. આનાથી એ પણ સ્પષ્ટ થયું છે કે અમેરિકા ખરેખર શું ઈચ્છે છે. ખરેખર, ન્યૂયોર્ક ઈમિગ્રન્ટ્સ દ્વારા સંચાલિત શહેર બની ગયું છે. તેમની જીત પછી, ઝોહરાન મામદાનીએ પણ જાહેર કર્યું કે આ શહેર ઈમિગ્રન્ટ્સનું છે. એ નોંધનીય છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે આ ભારતીય-અમેરિકન નેતાને હરાવવા માટે પોતાની બધી શક્તિ લગાવી દીધી હતી. તેમ છતાં, તેમની જીત સાબિત કરે છે કે ન્યૂયોર્કના મતદારો વર્તમાન સરકારથી કેટલા નાખુશ છે અને તેઓ સ્પષ્ટપણે માને છે કે અમેરિકા પણ ઈમિગ્રન્ટ્સનો દેશ છે.

આ તેમના વિશ્વાસ અને આશાનો પણ વિજય છે, જેઓ માને છે કે દેશને આપખુદશાહી દ્વારા ચલાવી શકાતો નથી. આ પરિણામથી સ્પષ્ટ રીતે સમજી શકાય તેવું છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ માટે આગળનો રસ્તો સરળ નહીં હોય. આ ચૂંટણી પરિણામોને રિપબ્લિકન પાર્ટી અને ખુદ ટ્રમ્પ માટે એક સબક તરીકે જોવામાં આવી રહ્યા છે.

# આસામમાં SIRથી ભાજપ અને હિમંતા બિસ્વા સરમા શા માટે દૂર ભાગી રહ્યા છે ? જાણો આસામીઝ પ્રોફેસરનું સચોટ વિશ્લેષણ !

આસામનું નામ અચાનક ચૂંટણી પંચની મતદાર યાદીના વિશેષ ગહન સુધારણા(SIR – Special Intensive Revision)ના બીજા તબક્કામાંથી કાઢી નાખવામાં આવ્યું છે. આ નિર્ણયે રાજકીય જગતમાં અનેક અણધાર્યા અનુમાનોને જન્મ આપ્યો છે. વિશેષજ્ઞોનું માનવું છે કે ભાજપ સરકાર પહેલેથી જ નાગરિકતા સંબંધિત વિવાદો અને તાજેતરના રાજકીય ઉથલપાથલ વચ્ચે ઘેરાયેલી છે, તે આ સુધારણાની ''ગરમી'' સહન કરી શકી નથી.

આસામ યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના વડા પ્રોફેસર જોયદીપ બિસ્વાસના મત મુજબ, આ નિર્ણય ભાજપ માટે ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણી પહેલાં એક મોટી રાહત સાબિત થયો છે, કારણ કે SIRની પ્રક્રિયા દરમિયાન મતદારયાદીમાંથી નામ કાઢી નાખવામાં આવે તો રાજ્ય સરકાર માટે તે અત્યંત હાનિકારક પરિસ્થિતિ ઊભી કરી શકે એમ છે. પ્રોફેસર બિસ્વાસનું આ નિવેદન 'ધ હિન્દુ' અખબારમાં સોમવારે પ્રકાશિત થયું છે.

આસામમાં નાગરિકતાનો મુદ્દો સ્વતંત્રતા પછીથી જ વિવાદાસ્પદ રહ્યો છે. રાજ્યમાં ધાર્મિક અને ભાષાકીય લઘુમતીઓને 'અન્ય' ગણવાની વૃત્તિ સ્પષ્ટ દેખાય છે. પ્રોફેસર બિસ્વાસના કહેવા મુજબ, સ્વતંત્રતા બાદના ઈતિહાસમાં ગેર-આસામી અને ગેર-ખિલોંજીયા (મૂળ નિવાસી નહીં એવા) સમુદાયોને ભાષાકીય, સાંસ્કૃતિક અને રાજકીય હકોમાંથી વંચિત રાખવાની કોશિશો સતત ચાલુ રહી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં આ જટિલતા વધુ ઊંડી બની છે, જ્યાં બંધારણના ભાગ III હેઠળના કેટલાક મૂળભૂત અધિકારોને જાણી-જોઈને નબળા પાડવામાં આવ્યા છે અથવા થોડા સમય માટે સ્થગિત કરવામાં આવ્યા છે. આસામ એ દેશનું એકમાત્ર એવું રાજ્ય છે જ્યાં બે પ્રકારના મતદારો અને બે પ્રકારના નાગરિકો અસ્તિત્વ ધરાવે છે.

૧૯૯૭માં ચૂંટણી પંચના એક અસંવિધાનિક આદેશ બાદ નીચલા આસામ અને બરાક ખીણના લાખો મતદારો મોટાભાગે બંગાળી ભાષી સમુદાયનાને 'ડી-વોટર' (સંદિગ્ધ મતદાર) જાહેર કરવામાં આવ્યા હતા. તેના કારણે આજ સુધી લગભગ એક લાખ લોકો આ અપમાનજનક પરિસ્થિતિમાં ફસાયેલા છે. ૨૮ વર્ષ પહેલા લગભગ પાંચ લાખ મતદારોને આ જાળમાં ખેંચાયા હતા, અને વિવિધ વિદેશી ટ્રિબ્યુનલોમાં ૨.૪૪ લાખ કેસ નોંધાયા, જેમાંથી ૧.૪૭ લાખ કેસોનું નિરાકરણ થયું.



આસામના મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા સરમા

જનતા ખાસ કરીને જેન-ઝી પેઢીના યુવાનો ન્યાયની માંગ સાથે લાખો સંખ્યામાં રસ્તાઓ પર ઉતરી આવી હતી.

ઝુબિને પોતાના ટૂંકા જીવનમાં આસામની સંસ્કૃતિ અને લોકો માટે સર્વસ્વ સમર્પિત કર્યું, તેમની વિદાયે શેક્સપીયરના શબ્દોને જીવંત કરી દીધા - ''મૃત સીઝર જીવંત સીઝર કરતાં વધુ શક્તિશાળી હોય છે.''

સોશિયલ મીડિયામાં મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમા અને તેમની પત્ની સાથે જોડાયેલા પ્રભાવશાળી કુટુંબો, ખાસ કરીને ઉદ્યોગપતિ શ્યામકાનુ મહંત સામેના ભ્રષ્ટાચાર અને અવ્યવસ્થાના આક્ષેપો તીવ્રતાથી વાયરલ થઈ રહ્યા છે. ઝુબિન જે નૉર્થ ઈસ્ટ ફેસ્ટિવલમાં પરફોર્મ કરવા સિંગાપુર ગયા હતા, તેના મુખ્ય આયોજક મહંત જ હતા. હવે જનતા સ્વતંત્ર અને નિષ્પક્ષ તપાસની માંગ કરી રહી છે જેના કારણે ભાજપની એકતા અને ''સ્વચ્છ છબી'' તૂટીને ટુકડાં થઈ ગઈ છે.

### પ્રોફેસર જોયદીપ બિસ્વાસ રજૂ કરે છે રાજકારણની અંદરની વાત

સંવેદનશીલ સમયમાં મોદી-શાહ-સરમાની ત્રિપુટી આસામમાં SIRનું જોખમ ઉઠાવી શકે તેમ નથી. જ્યાં લાખો લોકો પહેલેથી જ નાગરિકતા વિવાદોમાં ફસાયેલા છે, ત્યાં મતદાર યાદીમાંથી નામ કાઢવાનો પ્રયાસ ભાજપ માટે આત્મઘાતી સાબિત થઈ શકે છે.

આસામના વિશેષ નાગરિકતા નિયમોને કારણે રાજ્યને હાલ SIR પ્રક્રિયાથી બહાર રાખવામાં આવ્યું છે એવું ચૂંટણી પંચનો આ તર્ક કોઈને સંતોષ આપી શક્યું નથી. રાજકીય વર્તુળોમાં માનવામાં આવે છે કે ભાજપે ૨૦૨૬ની ચૂંટણી સુધી આ મુદ્દાને ઠંડો પાડવાનો વ્યૂહાત્મક માર્ગ અપનાવ્યો છે.

## તમિલનાડુ અને પશ્ચિમ બંગાળે SIR સામે ખુલ્લેઆમ મોરચો ખોલી દીધો છે, બંને રાજ્યોમાં આવતા વર્ષે ચૂંટણી છે. તો પ્રશ્ન એ છે કે જ્યારે આસામમાં પણ આવતા વર્ષે જ ચૂંટણી છે તો ત્યાં આ સુધારણા શા માટે અટકાવી દેવામાં આવી ?

તે જ રીતે, ૨૦૧૫થી ૨૦૧૯ દરમિયાન ફક્ત આસામમાં જ રાષ્ટ્રીય નાગરિક રજીસ્ટર (NRC) અપડેટ કરવામાં આવ્યું, પરંતુ ૨૦૧૪ના સુપ્રીમ કોર્ટના આદેશ હોવા છતાં આ પ્રક્રિયા પૂર્ણ થઈ શકી નહોતી. ૧,૬૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયા બાદ પણ ૧૯.૬ લાખ લોકોને યાદીમાંથી બહાર રાખવામાં આવ્યા, અને છ વર્ષ પછી પણ આ દસ્તાવેજને અંતિમ સ્વરૂપ મળી શક્યું નથી.

પ્રોફેસર બિસ્વાસ લખે છે કે ૧૯૭૯થી ૧૯૮૫ વચ્ચે ઑલ આસામ સ્ટુડન્ટ્સ યુનિયન અને ગણ સંગ્રામ પરિષદ દ્વારા ચલાવવામાં આવેલા હિંસક 'વિદેશી વિરોધી' આંદોલને આસામના બહુસાંસ્કૃતિક સમાજમાં 'મૂળ નિવાસી સામે વિદેશી' એવું કૃત્રિમ વિભાજન કર્યું. રાજ્ય તંત્રના ખુલ્લા તેમજ ગુપ્ત સમર્થનથી આ વિસંવાદ વધુ મજબૂત બન્યો. ભાજપના રાજ્યમાં પ્રવેશ સાથે ધાર્મિક વિભાજનને નવી ચિંગારી મળી, જેના કારણે વિરોધ પક્ષો લગભગ નષ્ટ થઈ ગયા. ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણી પછી કોંગ્રેસનો થોડોક અમથો પ્રભાવ પણ મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાએ જનગણનામાં કરેલી ગરબડીઓ અને પરિસીમનના બહાને પૂરી રીતે નષ્ટ થયો.

લોકપ્રિય ગાયક અને સમાજસેવક ઝુબિન ગર્ગના ૧૯ સપ્ટેમ્બરે સિંગાપુરમાં થયેલા રહસ્યમય મૃત્યુએ આસામની રાજનીતિને હચમચાવી દીધી છે. ભાજપ, જે ૨૦૨૬ની ચૂંટણીમાં ત્રીજી વાર સતત જીતની આશા રાખી રહી હતી, તેના સપનાઓને આ ઘટનાએ મોટો ઝટકો આપ્યો છે. ''ડૂબી જવાથી થયેલું મોત'' તરીકે જાહેર કરાયેલ આ બનાવ બાદ આસામની

તે જ દરમિયાન યોજાયેલી બોડો ટેરિટોરિયલ કાઉન્સિલ (BTC)ની ચૂંટણીમાં ભાજપને ભારે પરાજયનો સામનો કરવો પડ્યો. હગ્રામા મોહિલરીની બોડોલેન્ડ પીપલ્સ ફ્રન્ટ (BPF)એ પૂર્ણ બહુમતી સાથે સત્તામાં વાપસી કરી, જે ભાજપ માટે મોટો ઝાટકો સાબિત થયો. ભલે ભાજપ ખુલ્લેઆમ સ્વીકારતું ન હોય, પરંતુ આ હાર મુખ્યમંત્રી હિમંત સરમા માટે વ્યક્તિગત અપમાન સમાન છે કારણ કે તેઓ જ પક્ષના મુખ્ય પ્રચારક હતા. પ્રોફેસર જોયદીપ બિસ્વાસ લખે છે કે આવા વ્યૂહાત્મક માર્ગ અપનાવ્યો છે. આસામના સમાજ, રાજકારણ અને અર્થતંત્ર પર નજર રાખનાર પ્રોફેસર બિસ્વાસ અંતે લખે છે ''ભલે ભાજપ આસામમાં પોતાની વ્યૂહાત્મક વાપસી માનતો હોય, પરંતુ વધતા જનઆક્રોશે રાજ્યની રાજનીતિમાં મોટા પરિવર્તનના સંકેતો આપી દીધા છે.'' રાજ્યભરમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોએ સત્તારૂઢ પક્ષને હચમચાવી દીધો છે, જ્યારે વિપક્ષને નવી ઊર્જા અને આત્મવિશ્વાસ મળી રહ્યો છે. **(સૌ. : સત્યહિન્દી.કોમ)**

# પુણે : અજિત પવારે પુત્ર પાર્થ પવાર સાથે જોડાયેલ મુંધવા મહાર વતન જમીન સોદો રદ કર્યો : પરંતુ આ અંગે અનેક પ્રશ્નો અનુત્તરિત છે

**અમાડિયા એન્ટરપ્રાઈઝિસ એલએલપીએ ૧૯ મે ૨૦૨૫ના રોજ મુંધવામાં મહાર વતન જમીન સોદાનો ૪૦ એકર જમીનનો ભાગ ખરીદ્યો હતો સૂત્રોના જણાવ્યા અનુસાર, મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિતપવારના પુત્ર પાર્થપવાર, અમાડિયા એન્ટરપ્રાઈઝિસ એલએલપીમાં બહુમતી હિસ્સો ધરાવે છે. પવારની સાથે તેમના પિતરાઈ ભાઈ દિગ્વિજય પાટિલ પણ ભાગીદાર છે**

(એજન્સી) પુણે, તા.૯

નાયબ મુખ્યમંત્રી અજિતપવારે શુક્રવારે જાહેરાત કરી કે તેમના પુત્ર પાર્થપવાર સાથે જોડાયેલ કથિત શંકાસ્પદ મુંધવા મહાર વતન જમીન સોદો રદ કરવામાં આવ્યો છે. પવારે જણાવ્યું હતું કે એક મહિનામાં, આ કેસમાં ચાલી રહેલી તપાસની સંપૂર્ણ વિગતો સામે આવશે, અને રાજ્ય 'ઓલ ઈઝ વેલ' માનસિકતામાં જવા માટે તૈયાર છે. પરંતુ પુણેના મુખ્ય વિસ્તાર, કોરેગાંવ પાર્ક પાસે આવતા મુંધવા મહાર વતન જમીન સોદાએ શહેરના નાગરિકોના મનમાં ઘણા પ્રશ્નો ઉભા કર્યા છે.

અમાડિયા એન્ટરપ્રાઈઝિસ એલએલપીએ ૧૯ મે ૨૦૨૫ના રોજ મુંધવામાં મહાર વતન જમીન સોદામાંથી ૪૦ એકર જમીન ખરીદી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિતપવારના પુત્ર પાર્થપવાર, અમાડિયા એન્ટરપ્રાઈઝિસ એલએલપીમાં બહુમતી હિસ્સો ધરાવે છે. પવાર સાથે, તેમના પિતરાઈ ભાઈ દિગ્વિજય પાટિલ પણ ભાગીદાર છે. અમાડિયા એન્ટરપ્રાઈઝિસ તાજેતરમાં બે શંકાસ્પદ સોદામાં સામેલ છે, અને બંને ઘટનાઓમાં પોલીસમાં કેસ નોંધવામાં આવ્યો છે. એક કેસ ખડક પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવ્યો હતો, જ્યારે બીજો બાવધન પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવ્યો હતો.

બંને કિસ્સાઓમાં, અધિકારીઓએ એફઆઈઆર દસ્તાવેજોમાં સીધા સંકળાયેલા અધિકારીઓ અને સરકારી અધિકારીઓ પર કેન્દ્રિત કરી છે, જેમાં પાવર ઓફ એટર્ની ધારક, સબ-રજિસ્ટ્રાર, તહસીલદાર અને ભાગીદારનો સમાવેશ થાય છે જેઓ સોદા દરમિયાન હાજર હતા. તેમના પર છેતરપિંડી, છેતરપિંડી અને ગેરકાયદેસર જમીન વ્યવહારોનો આરોપ મૂકવામાં આવ્યો છે, જેના કારણે રાજ્યને મુખ્યત્વે નાણાકીય નુકસાન થયું છે.

આ બંને એફઆઈઆરમાં પાર્થપવારનું નામ નોંધપાત્ર રીતે નથી, પોલીસે જણાવ્યું છે કે તેમણે અધિકારીઓ પાસેથી મળેલી સામગ્રીના આધારે ફરિયાદો નોંધી છે. તપાસના પરિણામે પાર્થપવાર સામે કેસ નોંધવામાં આવી શકે છે. જોકે, ટીકાકારો કહે છે કે તે માત્ર એક છીછરું નિવેદન છે, જેનું કોઈ મહત્વ નથી.

અજિતપવારે શુક્રવારે દાવો કર્યો હતો કે તેમની રાજકીય કારકિર્દીમાં, તેમણે 'ક્યારેય કંઈ ખોટું કર્યું નથી' અને પોતે ખાતરી આપી હતી કે સોદો રદ કરવામાં આવ્યો છે અને એક મહિનાના સમયગાળામાં સત્ય બહાર આવશે, છતાં કેટલાક પ્રશ્નો હજુ પણ અનુત્તરિત છે.

**પ્રશ્ન ૧. જો 'એક પણ પૈસો ચૂકવવામાં આવ્યો ન હતો' તો વેચાણ દસ્તાવેજ કેવી રીતે નોંધવામાં આવ્યો ?**

અજિતપવારે ગઈકાલે દાવો કર્યો હતો કે આ સોદામાં કોઈ નુકસાન થયું નથી, અને બંને પક્ષો વચ્ચે કોઈ રકમની આપ-લે ન થઈ હોવાથી તેને રદ કરવામાં આવી રહ્યું છે. આ પછી લોકોએ પ્રશ્ન કર્યો હતો કે જો પૈસાની આપ-લે ન થઈ હોય તો વેચાણ દસ્તાવેજ કેવી રીતે રજીસ્ટર થયો. પરંતુ આનો જવાબ આપવો સરળ છે. બાવધન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કેસમાં, એવું કહેવામાં આવ્યું છે કે વ્યવહાર ગેરકાયદેસર હતો.

જમીન સરકારી માલિકીની હતી અને મંજૂરી વિના કાયદેસર રીતે વેચી શકાતી ન હતી. હવેલી સબ રજિસ્ટ્રાર વેંન્દ્રતારૂએ કોઈપણ રીતે દસ્તાવેજ રજીસ્ટર કર્યો હતો. તેથી, સરળ શબ્દોમાં કહીએ તો, વાસ્તવિક માલિકોને કોઈ ચુકવણી કરવામાં ન આવી હોવા છતાં, વેચાણ દસ્તાવેજ ખોટી રીતે બનાવટી અથવા બદલાયેલા દસ્તાવેજો પર નોંધવામાં આવ્યો હતો. બાવધન પોલીસમાં આ કેસ નોંધાયેલ છે.

**પ્રશ્ન ૨. જો પૈસા ચૂકવવામાં ન આવ્યા હોય તો સ્ટેમ્પ-ડ્યુટી માફી શા માટે લાગુ કરવામાં આવી ?**

પોલીસે જણાવ્યું હતું કે અમાડિયા એન્ટરપ્રાઈઝે આઈટી/ડેટા સેન્ટર પ્રોજેક્ટ ખોટી રીતે દાવો કરીને સ્ટેમ્પ ડ્યુટી પર મુક્તિનો દાવો કર્યો હતો. હકીકતમાં, કંપનીએ આઈટી પાર્ક માટે અરજી કરી હતી અને ઉદ્યોગ નિર્દેશાલય પાસેથી લેટર ઓફ ઈન્ટેન્ટ મેળવ્યો હતો. તેના આધારે, નોંધણી કચેરીએ ૭% સ્ટેમ્પ ડ્યુટી (લગભગ રૂા.૨૧ કરોડ) માફ કરી છે.

ટીકાકારોએ નિર્દેશ કર્યો છે કે આ નિયમોની વિરૂદ્ધ હતું : આ મુક્તિ લેટર ઓફ ઈન્ટેન્ડ (કોઈ ચોક્કસ પ્રોજેક્ટ વિના) પર આપવામાં આવી હતી. કાર્યકર્તા દિનકર કોટકરની ફરિયાદમાં નોંધવામાં આવ્યું છે કે ફક્ત ડ્યુટી માફીથી રાજ્યને કરોડોનું નુકસાન થયું હતું, અને FIRમાં -રૂા.૫.૯ કરોડનું મહેસૂલ નુકસાન થવાનો અંદાજ છે. ટૂંકમાં, કોઈ માન્ય ચુકવણી અથવા પ્રોજેક્ટ અસ્તિત્વમાં ન હોવા છતાં પણ મુક્તિ અયોગ્ય રીતે મેળવવામાં આવી હતી, અને તપાસ ચાલુ છે.

**પ્રશ્ન ૩. શીતલ તેજવાની પાસે આ જમીન માટે પાવર ઓફ એટર્ની કેવી રીતે હતી ?**

અહેવાલો અનુસાર, જમીન માલિકોએ ઘણા વર્ષો પહેલા શીતલ તેજવાનીને પાવર ઓફ એટર્ની આપી હતી. તપાસમાં એવો આરોપ મૂકવામાં આવ્યો છે કે તેજવાનીએ ૨૭૨ વ્યક્તિગત માલિકો પાસેથી 'અફર' PoA મેળવ્યા હતા, દરેકને ફક્ત રૂા.૧૦,૦૦૦ - રૂા.૧૫,૦૦૦ ચૂકવીને. બીજા શબ્દોમાં કહીએ તો, તેજવાનીએ આ PoA દ્વારા કાયદેસર રીતે માલિકીનું નિયંત્રણ કર્યું હતું.

એ વાત સાચી છે કે તેણી ૨૦૧૮ના સેવાવિકાસ બેંક લોન કૌભાંડ - તેમના પતિનો કેસ, જે પિંપરી-ચિંચવડ પોલીસમાં નોંધાયેલ છે - માટે પહેલાથી જ તપાસ હેઠળ હતી. પરંતુ તેમાં તેમની સંડોવણી કાયદેસર રીતે તેમને PoA રાખવાથી રોકતી નથી. જમીનનું વેચાણ તેજવાણીના PoA દ્વારા કરવામાં આવ્યું હતું, અને તેણીએ માલિકો વતી સહી કરી હતી. આમ, વિવાદાસ્પદ હોવા છતાં, PoA-ધારક તરીકેની તેમની ભૂમિકા FIRમાં દસ્તાવેજીકૃત થયેલ હકીકત છે.

**પ્રશ્ન ૪. FIRમાં અમાડિયા એન્ટરપ્રાઈઝ અને પાર્થપવારનું નામ કેમ નથી ?**

આ કદાચ રાજકીય વર્તુળો અને નાગરિકો દ્વારા હાલમાં પૂછવામાં આવતો સૌથી મોટો પ્રશ્ન છે, અને કોઈ નક્કર જવાબો સામે આવ્યા નથી. પોલીસે જણાવ્યું હતું કે પ્રારંભિક FIR ગેરકાયદેસર નોંધણી અંગેની ફોજદારી ફરિયાદના આધારે નોંધણી મહાનિરીક્ષકની કચેરી દ્વારા દાખલ કરવામાં આવી હતી. તેમાં નોંધણી પૂર્ણ કરનારાઓને લક્ષ્ય બનાવવામાં આવ્યા હતા.

આમ, FIRમાં દિગ્વિજય પાટિલ, શીતલ તેજવાણી, સબ-રજિસ્ટ્રાર આર.બી. તરૂ અને અન્ય એક અધિકારીનો સમાવેશ થાય છે. પાર્થપવાર અને એલએલપીનું નામ આપવામાં આવ્યું ન હતું, કારણ કે એફઆઈઆર નોંધણીમાં 'ગેરઉપયોગ અને છેતરપિંડી' પર કેન્દ્રિત હતી. પિંપરી-ચિંચવડ પોલીસના ડીસીપી વિશાલ ગાયકવાડે કહ્યું હતું કે, 'અમે ફરિયાદીએ રજૂ કરેલી સામગ્રીના આધારે ફરિયાદ દાખલ કરી છે. અમે આ મામલાની વધુ તપાસ કરીશું.

આ દરમિયાન, ફરિયાદ નોંધાવનારા સંયુક્ત જિલ્લા રજિસ્ટ્રાર સંતોષ હિંગણેએ કહ્યું હતું કે, 'મારા માટે, જેમણે નોંધણી પૂર્ણ કરી છે તેઓ દોષિત છે. મીડિયા અહેવાલોમાં એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે પાર્થપવાર કંપનીમાં ૯૯% હિસ્સો ધરાવે છે જ્યારે દિગ્વિજય પાટિલ ફક્ત ૧% હિસ્સો ધરાવે છે, અને વિપક્ષે કહ્યું છે કે તે શક્ય નથી; પવાર પોતે તેમાં સામેલ ન હતા.

શુક્રવારે પત્રકારો સાથે વાત કરતા, અજિતપવારે કહ્યું હતું કે, 'પાર્થ હસ્તાક્ષરમાં સામેલ ન હતા. પાર્થ અને દિગ્વિજય બંનેને ખબર ન હતી કે આ જમીન સરકારી મિલકત છે. ફક્ત દિગ્વિજય અને તેજવાણી અને અધિકારી તરૂ, સ્વયં દસ્તાવેજ નોંધણી કરાવવા ગયા હતા, જેના કારણે તેમનું નામ એફઆઈઆરમાં હતું. પાર્થ ત્યાં પણ ન હતો. આનાથી સરકાર અને પોલીસ અધિકારીઓને પાર્થનું નામ FIRમાં નહીં નોંધવાની છૂટ મળી છે કારણ કે તેઓ ઉચ્ચ સ્તરીય નામો સંડોવાયેલા હોવાથી ભારે દબાણ હેઠળ કામ કરી રહ્યા છે.

**પ્રશ્ન ૫. અજિતપવારે આમાં પોતાને કેવી રીતે સંડોવ્યા છે ?**

જમીન સોદો રદ કરવાની જાહેરાત નાયબ મુખ્યમંત્રી અજિતપવાર દ્વારા કરવામાં આવી હતી, જેમણે જાહેરમાં જણાવ્યું હતું કે વેચાણ દસ્તાવેજો રદ કરવામાં આવ્યા છે અને સોગંદનામા રજૂ કરવામાં આવ્યા છે. જોકે, આ સોદો રદ કરવાની કાનૂની સત્તા ફક્ત મહેસૂલ વિભાગના રજિસ્ટ્રાર પાસે છે, નાયબ મુખ્યમંત્રી પાસે નહીં.

આ સોદો રદ કરવામાં અજિતપવાર પાસે શું અધિકાર હતો તે અંગે પ્રશ્ન ઉઠાવવામાં આવી રહ્યો છે, પરંતુ કમનસીબે ટીકાકારોના અનુમાન માટે, અજિતના નિવેદને ફક્ત પુષ્ટિ કરી છે કે તેમના પુત્રની પેઢીએ રદ કરવાનો સોદો દાખલ કર્યો હતો. રદ કરવાની પ્રક્રિયા હવે પ્રમાણભૂત મહેસૂલ પ્રક્રિયાઓ દ્વારા કરવામાં આવી રહી છે.

ગુરૂવારે, અજિતપવારે દાવો કર્યો હતો કે તેમણે મહિનાઓ પહેલા આ સોદાની અફવાઓ સાંભળી હતી અને અધિકારીઓને ચેતવણી આપી હતી. તેમણે કહ્યું હતું કે તેમને કે પાર્થપવારને આ વ્યવહાર વિશે કોઈ જાણકારી ન હતી. તેમની વાર્તા અને તેમની બેદરકારી વિશેના દાવાઓ ૨૪ કલાકમાં બદલાઈ ગયા છે. જોકે, વિપક્ષ અને ટીકાકારોએ કહ્યું છે કે અજિતપવાર પાર્થના કથિત અજ્ઞાનનો ઉપયોગ કરીને FIRમાં તેમનું નામ કેમ આપવામાં આવ્યું નથી તેને યોગ્ય ઠેરવી રહ્યા છે.

**પ્રશ્ન ૬. શું અજિતપવાર સંડોવાયેલા હોય ત્યારે તપાસ પર વિશ્વાસ કરી શકાય ?**

અજીતપવાર મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રી છે, અને તે સાથે, તેઓ પુણે જિલ્લાના પાલક મંત્રી પણ છે. કોંગ્રેસના નેતા વિજય વાડેટ્ટીવારે ન્યાયિક તપાસની માંગ કરી અને નોંધ્યું કે, 'અજીતપવાર પુણેનું સંચાલન કરે છે. છતાં તેઓ કહે છે કે તેઓ કંઈ જાણતા નથી.' NCP-SPના એકનાથ ખડસેએ પણ તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી પવારના રાજીનામાની માંગ કરી છે.

ટૂંકમાં, આ ચિંતા વાજબી છે : જિલ્લાના ટોચના મંત્રીને સંડોવવાથી આવી સમસ્યા ઊભી થાય છે. દરમિયાન, અજિતપવારનો નાગરિક અને પોલીસ અધિકારીઓને ફોન કરવાનો અને 'પોતાનું વર્ચસ્વ દાખવવાનો' દસ્તાવેજી ઈતિહાસ પણ છે.

**હવે શું ?**

રાજકીય નિરીક્ષકો અને કાનૂની નિષ્ણાતોએ આરોપ લગાવ્યો છે કે પાર્થપવાર સામેના કેસ અને તેમની સામેની દલીલો મજબૂત નથી. RTI કાર્યકર્તા વિજય કુંભારએ કહ્યું હતું કે આ જમીન સોદામાં નોંધાયેલા પોલીસ કેસ નબળા છે. એક વરિષ્ઠ પત્રકારે નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, આખરે આ મામલો શાંત પડી જશે. જમીન સોદામાં ન્યાય થશે, અને તેની સંપૂર્ણ ચકાસણી કરવામાં આવશે, પરંતુ ઈતિહાસે આપણને એક વાત શીખવી છે કે : ''હાઈ-પ્રોફાઈલ લોકોને અંતે ક્લીનચીટ મળશે.''

**હદીસ બોધ**

મોટા સાથે વિવેક, નાના સાથે સ્નેહ. જે આવું ન વર્તે તે માનવી નથી.
(હદીસ બોધ)

**બોધ વચન**

ઉત્તમ માણસની ત્રણ ઓળખ છે : સદ્‌ગુણ હોવાથી તે ચિંતાથી મુક્ત છે, ડાહ્યો હોવાથી તે ગૂંચવાડાથી મુક્ત છે, બહાદુર હોવાથી તે ભયથી મુક્ત છે.
-કોન્ફ્યુશિયસ

**આજની આરસી**

| | |
|---|---|
| ૧૦ નવેમ્બર સોમવાર ૨૦૨૫ | |
| ૧૮ જમાદિલઅવ્વલ હિજરી ૧૪૪૭ | |
| કારતક વદ છઠ્ઠ સંવત ૨૦૮૨ | |
| સુબ્હ સાદિક | ૫-૨૮ |
| ખત્મે ઝવાલ | ૧૨-૨૪ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૬-૫૦ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૫-૫૭ |

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચક મિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - **વ્યવસ્થાપક**

# શું 'ફિયરલેસ' T20 ટીમ ઈન્ડિયા માટે 'બોજ' બની રહ્યા છે શુભમન ગિલ ? આંકડા ખોલી રહ્યા છે મોટી પોલ



નવી દિલ્હી, તા.૯

શુભમન ગિલ એક અસાધારણ પ્રતિભા છે, તેમાં કોઈ શંકા નથી. પરંતુ શું તેમની બેટિંગની ગતિ ભારતીય T20 ટીમના આક્રમક મિજાજને નુકસાન પહોંચાડી રહી છે? શું તેમના કારણે ટીમના અન્ય ખેલાડીઓને તેમની ભૂમિકામાંથી હટાવવામાં આવી રહ્યા છે? આ સવાલ એ નથી કે ગિલ સારા ખેલાડી છે કે નહીં, પરંતુ સવાલ એ છે કે શું તે એ ટીમ માટે યોગ્ય છે જેણે "નિડર" અને "આક્રમક" રમત રમીને સફળતા મેળવી છે ? ક્યાંથી શરૂ થઈ આક્રમક રમતની ક્રાંતિ ? આ સવાલનો જવાબ શોધવા માટે, આપણે એ સમયમાં પાછા જવું પડશે જ્યારે ભારતીય ટીમ કાગળ પર મજબૂત હતી, પરંતુ સ્કોરબોર્ડ પર નહીં. ૨૦૨૧ અને ૨૦૨૨ના T20 વર્લ્ડ કપમાં મળેલી હાર એક વેક-અપ કોલ હતી. રોહિત, કોહલી અને રાહુલ જેવા દિગ્ગજો હોવા છતાં ટીમ ટ્રોફી જીતી શકી નહીં. ૨૦૨૨ની સેમિફાઈનલમાં ઈંગ્લેન્ડે ભારતને ૧૦ વિકેટે હરાવ્યું, તે રાત્રે કેપ્ટન રોહિત શર્માએ ભારતીય ટીમની રમવાની રીત બદલવાનો નિર્ણય કર્યો. રોહિતે ડર્યા વગર, એવરેજની ચિંતા કર્યા વગર પહેલા બોલથી જ આક્રમણ કરવાની સંસ્કૃતિ શરૂ કરી. આ જ ફોર્મ્યુલાએ ભારતને T20 વર્લ્ડ કપ ૨૦૨૪ અને ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫માં ચેમ્પિયન બનાવ્યું. આક્રમકતાની આ આગને સૂર્યકુમાર યાદવ અને ગૌતમ ગંભીરે આગળ ધપાવી. ગિલની એન્ટ્રી અને સમસ્યાની શરૂઆતઆક્રમક રમતનો પાયો ઓપનિંગ જોડી હતી: અભિષેક શર્મા અને સંજુ સેમસન. બંનેએ સાથે મળીને બોલરો પર કહેર વરસાવ્યો હતો. પરંતુ એશિયા કપથી શુભમન ગિલની ટીમમાં વાપસી થઈ અને અહીંથી જ સમસ્યાઓ શરૂ થઈ.

**આંકડામાં સમસ્યા સ્પષ્ટ દેખાય છે :**

| ઓપનર | મેચ | રન | સ્ટ્રાઈક રેટ |
|---|---|---|---|
| અભિષેક શર્મા | ૨૬ | ૯૮૮ | ૧૯૨ |
| સંજુ સેમસન | ૧૩ | ૪૧૭ | ૧૮૨ |
| યશસ્વી જયસ્વાલ | ૬ | ૨૨૧ | ૧૭૦ |
| શુભમન ગિલ | ૧૯ | ૫૦૨ | ૧૩૬ |

આંકડા સ્પષ્ટપણે દર્શાવે છે કે ગિલનો સ્ટ્રાઈક રેટ અન્ય ઓપનરો કરતાં ઘણો ઓછો છે, જે આધુનિક T20 ક્રિકેટ માટે ચિંતાનો વિષય છે. એક ફેરફારની આખી ટીમ પર અસર (The Ripple Effect) ગિલને ટીમમાં સમાવવા માટે આખા બેટિંગ ઓર્ડરમાં ફેરફાર કરવો પડ્યો છે. સૌથી મોટું નુકસાન સંજુ સેમસનને થયું: એક સફળ ઓપનર તરીકે પોતાને સ્થાપિત કર્યા બાદ, તેને મિડલ ઓર્ડરમાં ખસેડવામાં આવ્યો અને તાજેતરમાં ઓસ્ટ્રેલિયા શ્રેણીમાં તેને પડતો પણ મૂકવામાં આવ્યો.

તિલક વર્માની ભૂમિકા બદલાઈ : એક ટોપ-ઓર્ડર બેટ્સમેન હોવા છતાં તિલકને નીચલા ક્રમમાં બેટિંગ કરવી પડી રહી છે.

**ગિલની વાપસી પહેલા અને પછીના આંકડા :**

| ખેલાડી | ગિલની વાપસી પહેલા (સ્ટ્રાઈક રેટ) | ગિલની વાપસી પછી (સ્ટ્રાઈક રેટ) |
|---|---|---|
| તિલક વર્મા | ૧૭૦.૬૬ | ૧૨૬.૦૦ |
| સંજુ સેમસન | ૧૮૩.૭૦ | ૧૨૧.૮૧ |

સૌથી ચોંકાવનારો આંકડો એ છે કે, અભિષેક-સેમસન યુગમાં ભારતે ૧૨માંથી ૬ મેચમાં ૨૦૦+ સ્કોર બનાવ્યો હતો, જ્યારે અભિષેક-ગિલ યુગમાં ભારતે ૧૨માંથી માત્ર ૧ મેચમાં ૨૦૦+ સ્કોર બનાવ્યો છે. આ દર્શાવે છે કે ટીમનું "ફિયરલેસ" બેટિંગ એન્જિન ધીમું પડી ગયું છે.તો હવે સવાલ એ છે કે...કોઈને ગિલની પ્રતિભા પર શંકા નથી. તે ભવિષ્યનો કેપ્ટન પણ છે. પરંતુ શું ટીમ મેનેજમેન્ટ તેને તેની કુદરતી રમત વિરુદ્ધ રમવા માટે દબાણ કરી રહ્યું છે ? શું T20ની નિષ્ફળતાની અસર તેની ટેસ્ટ અને ODI કેપ્ટનશિપ પર પડશે ? ભારતે ગિલ સાથે એક મોટો દાવ રમ્યો છે, જે કદાચ સપાટી પર પરિણામ આપતો દેખાય, પરંતુ તે ટીમના એ "DNA"ને નષ્ટ કરી રહ્યો છે જેને બનાવવામાં વર્ષો લાગ્યા છે.

# જીત છતાં નિરાશા : નોવાક જોકોવિચે ફેડરરનો રેકોર્ડ તોડી ૧૦૧મું ટાઇટલ જીત્યું, પણ ઈજાને કારણે ATP ફાઇનલ્સમાંથી ખસી ગયો

નવી દિલ્હી, તા.૯

ટેનિસ જગતના લિવિંગ લેજેન્ડ અને વર્લ્ડ નંબર ૧ નોવાક જોકોવિચે શનિવારે એથેન્સમાં હેલેનિક ચેમ્પિયનશિપની ફાઇનલમાં ઈટાલીના લોરેન્ઝો મુસેટ્ટીને હરાવીને પોતાની કારકિર્દીનું ૧૦૧મું ટાઇટલ જીતી લીધું. જોકે, આ શાનદાર જીતના થોડા સમય બાદ જ તેણે ખભાની ઈજાને કારણે આગામી ATP ફાઇનલ્સમાંથી પોતાનું નામ પાછું ખેંચી લેવાની જાહેરાત કરીને તેના ચાહકોને નિરાશ કર્યા હતા.



**ત્રણ કલાક ચાલેલી રોમાંચક ફાઈનલ**

એથેન્સમાં રમાયેલી ફાઇનલ અત્યંત રોમાંચક અને સંઘર્ષપૂર્ણ રહી હતી. ત્રણ કલાક સુધી ચાલેલી આ મેચમાં જોકોવિચે પ્રથમ સેટ ગુમાવ્યા બાદ શાનદાર વાપસી કરી હતી અને મુસેટ્ટીને ૪-૬, ૬-૩, ૭-૫થી પરાજય આપ્યો હતો. મેચ બાદ જોકોવિચે કહ્યું, 'આ એક અવિશ્વસનીય લડાઈ હતી. ત્રણ કલાકની થકવી દેનારી મેચ. આ મેચ કોઈ પણ જીતી શક્યું હોત, તેથી લોરેન્ઝોને તેના શાનદાર પ્રદર્શન માટે અભિનંદન. મને ગર્વ છે કે હું આ મેચ જીતી શક્યો.'

**ફેડરરનો તોડ્યો રેકોર્ડ**

આ જીત સાથે, ૩૮ વર્ષીય જોકોવિચે તેની કારકિર્દીના ૧૦૧ ટાઇટલ પૂરા કર્યા. આ તેનું ૭૨મું હાર્ડ-કોર્ટ ટાઇટલ હતું અને આ સાથે જ તેણે ઓપન એરામાં સૌથી વધુ હાર્ડ-કોર્ટ ટાઇટલ જીતવાના મામલે રોજર ફેડરરને પાછળ છોડી દીધો છે.

**ઈજાને કારણે ATP ફાઈનલ્સમાંથી બહાર**

મેચ બાદ, જોકોવિચે પુષ્ટિ કરી કે તે ખભાની જૂની ઈજાને કારણે તુરિનમાં યોજાનારી ATP ફાઈનલ્સમાં ભાગ લઈ શકશે નહીં. આ સતત બીજું વર્ષ છે જ્યારે તે ઈજાને કારણે વર્ષના અંતની આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટમાંથી બહાર થયો છે. જોકોવિચે અગાઉ સાત વખત આ ટાઇટલ જીત્યું છે.

**હાર છતાં મુસેટ્ટીને મળી તક**

જોકોવિચના હટવાથી લોરેન્ઝો મુસેટ્ટીને મોટો ફાયદો થયો છે. તે હવે જોકોવિચના સ્થાને તુરિનમાં યોજાનારી ATP ફાઇનલ્સમાં રમશે, જે તેનું ડેબ્યૂ હશે. હાર છતાં મુસેટ્ટીએ જોકોવિચની પ્રશંસા કરતા કહ્યું, 'નોવાક, તમારી કારકિર્દી વિશે કહેવા માટે શબ્દો નથી. તમે હજુ પણ આ ઉંમરે સાબિત કરી રહ્યા છો કે તમે અમને હરાવી શકો છો. જ્યારે પણ હું તમારી સાથે કોર્ટ શેર કરું છું, ત્યારે હું તેને એક પાઠ તરીકે લઉં છું, તે બદલ આભાર.'

# 'જસપ્રીત બુમરાહ કરતાં પણ વધુ મૂલ્યવાન છે...', ભારતીય બોલર પર પૂર્વ ક્રિકેટરનું ચોંકાવનારું નિવેદન

નવી દિલ્હી, તા.૯

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ઝડપી બોલર જસપ્રીત બુમરાહને આધુનિક ક્રિકેટના શ્રેષ્ઠ બોલરોમાંના એક ગણવામાં આવે છે, પરંતુ ભારતના જ એક પૂર્વ ક્રિકેટરનું માનવું છે કે T20 ફોર્મેટમાં બુમરાહ કરતાં પણ વધુ મૂલ્યવાન અન્ય એક ભારતીય બોલર છે. પૂર્વ ક્રિકેટર સુબ્રમણ્યમ બદ્રીનાથે તાજેતરમાં ઓસ્ટ્રેલિયા સામેની T20 શ્રેણીમાં શાનદાર પ્રદર્શન કરનાર સ્પિનર વરુણ ચક્રવર્તીને જસપ્રીત બુમરાહ કરતાં પણ વધુ 'મૂલ્યવાન' ગણાવીને ક્રિકેટ જગતમાં નવી ચર્ચા જગાવી છે. ઓસ્ટ્રેલિયા સામેની પાંચ મેચોની T20 શ્રેણીમાં વરુણ ચક્રવર્તીએ ૬.૮૩ની શાનદાર ઈકોનોમી રેટથી ૫ વિકેટ ઝડપી હતી. તેની સરખામણીમાં, જસપ્રીત બુમરાહે ૩ વિકેટ લીધી હતી. સ્ટાર



સ્પોર્ટ્સ સાથેની વાતચીતમાં બદ્રીનાથે કહ્યું, 'આંકડા આપણને કહે છે કે વરુણ ચક્રવર્તી વિશ્વનો નંબર ૧ T20 બોલર છે. તે બુમરાહ કરતાં પણ વધુ મૂલ્યવાન છે. જ્યારે પણ પાવરપ્લે, મિડલ ઓવર્સ કે પછી ૧૮મી ઓવરમાં રન રોકવાની વાત આવે છે, ત્યારે વરુણ ટીમનો સૌથી ભરોસાપાત્ર બોલર બની જાય છે. તે પોતાની રમતને એક અલગ જ સ્તરે લઈ ગયો છે.'

**શાનદાર વાપસી બાદ બન્યો ઘાતક**

બદ્રીનાથે વરુણની સફરની પ્રશંસા કરતાં કહ્યું, 'શરૂઆતમાં તક મળ્યા બાદ ફિટનેસના કારણે ટીમમાંથી બહાર થઈ જવું અને પછી આવી શાનદાર વાપસી કરવી એ અદ્ભુત છે. પોતાની વાપસીના આ બીજા તબક્કામાં તેણે પોતાની રમતને નેક્સ્ટ લેવલ પર પહોંચાડી દીધી છે.' ઉલ્લેખનીય છે કે, ત્રણ વર્ષના લાંબા અંતરાલ બાદ ૨૦૨૪ના અંતમાં ભારતીય ટીમમાં વાપસી કર્યા પછી, વરુણ ચક્રવર્તીએ ૨૩ મેચોમાં ૪૩ વિકેટ ઝડપી છે.

**T20 વર્લ્ડ કપ ૨૦૨૬ માટે ભારતનું 'બ્રહ્માસ્ત્ર'**

બદ્રીનાથે ભવિષ્યવાણી કરતાં કહ્યું કે વરુણ ચક્રવર્તી ભારત માટે માત્ર એક મોટો એસેટ જ નહીં, પરંતુ એક 'હથિયાર' છે. તેમણે કહ્યું, 'આગળ T20 વર્લ્ડ કપ ભારતમાં આવી રહ્યો છે, ત્યારે તે ટીમ માટે સૌથી મહત્ત્વનું પરિબળ સાબિત થશે. જો વરુણનો દિવસ સારો રહ્યો, તો ભારતીય ટીમનો દિવસ પણ સારો જશે તેની પૂરી સંભાવના છે.'

# "તમે બ્રાહ્મણની જેમ સંસ્કૃતનો અભ્યાસ કરી શકો નહીં" : કેરળ યુનિવર્સિટીના ડીન પર દલિત પીએચડી વિદ્વાનોનો જાતિ ભેદભાવનો આરોપ

(એજન્સી) તા.૯

કેરળ યુનિવર્સિટીના એક દલિત સંશોધન વિદ્વાન, વિપિન વિજયને સંસ્કૃત વિભાગના ડીન ડૉ. સી. એન. વિજયકુમારી પર જાતિ ભેદભાવ અને શૈક્ષણિક ઉત્પીડનનો આરોપ લગાવ્યો છે, કારણ કે તેમની પીએચડી ડિગ્રી કથિત રીતે તમામ ઔપચારિક શૈક્ષણિક આવશ્યકતાઓ પૂર્ણ કરવા છતાં રોકી રાખવામાં આવી હતી. વિજયન, જેમણે એક જ પ્રોફેસરની દેખરેખ હેઠળ એમ. ફિલ અને પીએચડી સંશોધન પૂર્ણ કર્યું હતું, તેમણે દાવો કર્યો હતો કે ડીને તેમની પીએચડી ફાઇલ મંજૂરી માટે મોકલવાનો ઈન્કાર કર્યો હતો અને સંસ્કૃતનો અભ્યાસ કરવાના તેમના અધિકાર પર પ્રશ્ન ઉઠાવતા જાતિવાદી ટિપ્પણીઓ કરી હતી. તેમણે એક વિગતવાર સોશિયલ મીડિયા નિવેદનમાં લખ્યું કે,"તેમણે મને કહ્યું હતું કે પુલયન અથવા પારાયણ ક્યારેય બ્રાહ્મણની જેમ સંસ્કૃતમાં નિપુણતા મેળવી શકતો નથી," આ અનુભવને "ભાવનાત્મક રીતે વિનાશક અને શૈક્ષણિક રીતે અપમાનજનક" ગણાવ્યો. વિદ્વાનએ કહ્યું કે તેમ છતાં તેમનો થીસીસ સદગુરૂસર્વાસિમ: અ સ્ટડી વાઈસ-ચાન્સેલર દ્વારા નિયુક્ત બે બાહ્ય પરીક્ષકો દ્વારા મંજૂર કરવામાં આવ્યો હતો, ડીને કથિત રીતે તેમના અંતિમ મોક ઈન્ટર્વ્યુ પ્રમાણપત્રને અવરોધિત કર્યું હતું, અને કહ્યું હતું કે તેઓ "સંસ્કૃત બોલવા માટે પણ લાયક નથી." વિજયનએ કહ્યું કે તેમની પાસે શ્રી શંકરાચાર્ય યુનિવર્સિટી અને કેરળ યુનિવર્સિટીમાંથી સંસ્કૃતમાં અનુસ્નાતક ડિગ્રી છે. તેમણે આરોપ લગાવ્યો કે જાતિ અને રાજકીય પૂર્વગ્રહને કારણે આ અવરોધ ઉભો થયો, તેમણે નોંધ્યું કે તેઓ એક સમયે સ્ટુડન્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (SFI)ના સભ્ય હતા, જ્યારે ડૉ. વિજયાકુમારી "ખુલ્લા દિલથી RSS-BJP વિચારધારા સાથે જોડાયેલા" છે અને સંઘ સાથે જોડાયેલા શિક્ષક સંગઠનના સભ્ય છે. તેમણે સવાલ કર્યો કે, "જો હું રાજકીય રીતે પક્ષપાતી છું, તો તેમની ક્યારેય પૂછપરછ કેમ કરવામાં આવતી નથી ?" વિજયનએ મીડિયા રિપોર્ટ્સને પણ નકારી કાઢ્યા જેમાં તેમને "રિસર્ચ સ્કોલર્સ યુનિયનના જનરલ સેક્રેટરી" તરીકે દર્શાવવામાં આવ્યા હતા, તેમને ખોટા અને બદનક્ષીભર્યા ગણાવ્યા હતા. તેમણે કહ્યું કે, "મેં ક્યારેય તે ચૂંટણીમાં ચૂંટણી લડી નથી." છતાં, ડીનની કાર્યવાહીને યોગ્ય ઠેરવવા માટે મને મુશ્કેલી સર્જનાર તરીકે ચિતરવામાં આવ્યો હતો.'' કેરળ યુનિવર્સિટીના પીએચડી નિયમો અનુસાર, ડીનની ભૂમિકા વહીવટી છે કે તેઓ પરીક્ષકો દ્વારા થીસીસ મંજૂર થયા પછી મૂલ્યાંકન અહેવાલો એકેડેમિક કાઉન્સિલને મોકલે. વિદ્વાન દલીલ કરે છે કે ડીને સકારાત્મક મૂલ્યાંકન પછી પણ તેમની ફાઈલ રોકીને તેમના અધિકારનું ઉલ્લંઘન કર્યું. તેમણે પ્રશ્ન કર્યો કે, "જ્યારે ત્રણ લાયક નિષ્ણાતોએ મારી ડિગ્રીની ભલામણ કરી છે, ત્યારે કઈ નૈતિક કે કાનૂની સત્તા તેમને તેને રદ કરવાની મંજૂરી આપે છે ?" તેમણે એક વીડિયો ક્લિપ પણ બહાર પાડી જેમાં અલ્હાબાદ યુનિવર્સિટીના પ્રોફેસર અનિલ પ્રતાપ ગિરી, જેમણે તેમના ખુલ્લા બચાવની અધ્યક્ષતા કરી હતી, તેમના પીએચડીના એવોર્ડની ભલામણ કરનારા પરીક્ષકોના અહેવાલો વાંચતા દર્શાવવામાં આવ્યા હતા. આ હોવા છતાં, વિજયન દાવો કરે છે કે ડીને તેમના પરિણામને અવરોધિત કર્યા હતા અને "આ વિભાગ અશુદ્ધ થઈ ગયો છે અને તેને ફરીથી શુદ્ધ કરવું જોઈએ" જેવી અપમાનજનક ટિપ્પણીઓ કરી હતી. આ ઘટનાને ભારતીય શિક્ષણશાસ્ત્રમાં જડબેસલાક જાતિવાદનું પ્રતિબિંબ ગણાવતા, વિજયને કહ્યું કે તેઓ તેમના સંશોધન સપનાઓને સુરક્ષિત રાખવા માટે મહિનાઓ સુધી મૌન રહ્યા હતા પરંતુ હવે કાનૂની આશરો લેવાની યોજના ધરાવે છે. તેમણે કહ્યું કે,"તેમના પૂર્વગ્રહે મારું ભવિષ્ય બરબાદ કરી દીધું છે." "એક સહીએ મારી વર્ષોની મહેનતને નકારી કાઢી છે,". તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે તેમના થીસીસને લગતી ગુપ્ત ફાઈલો મીડિયામાં લીક કરવામાં આવી હતી, જેને તેમણે "તેમના ચારિત્ર્યને ખરડવાનો સંકલિત પ્રયાસ" ગણાવ્યો હતો. "જે લોકો યુનિવર્સિટીની પ્રતિષ્ઠા જાળવી રાખવાનો દાવો કરે છે તેઓએ તેને જાતિના કિલ્લામાં ફેરવી દીધું છે." તેમણે કહ્યું કે,"હાંસિયામાં ધકેલાઈ ગયેલા પૃષ્ઠભૂમિના કોઈપણ વિદ્યાર્થીને ફરીથી આ પ્રકારનો દુર્વ્યવહાર સહન ન કરવો પડવો જોઈએ,". કેરળ યુનિવર્સિટી વહીવટીતંત્રે હજુ સુધી આ બાબતે કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી. ફેકલ્ટી સૂત્રોએ પુષ્ટિ આપી છે કે આ મામલો કુલપતિ કાર્યાલયના ધ્યાન પર લાવવામાં આવ્યો છે. દલિત વિદ્યાર્થી ફેડરેશન અને SFI સહિત કેમ્પસમાં વિદ્યાર્થી જૂથોએ તપાસ અને તપાસ પૂર્ણ થાય ત્યાં સુધી ડીનને સસ્પેન્ડ કરવાની માંગ કરી છે.

# 'જાતિ દ્વારા શ્રદ્ધાને બાંધી શકાય નહીં' : મદ્રાસ હાઈકોર્ટે દલિત વસાહતમાંથી મંદિરના રથને લઈ જવા માટેના માર્ગને મંજૂરી આપી

**કોર્ટે ઉમેર્યું કે, ભેદભાવને પરંપરાની પવિત્રતામાં લપેટી શકાય નહીં; કોઈ પણ વ્યક્તિ દેવતા સમક્ષ ઊભા રહેવાનો હકદાર કોણ છે તે નક્કી કરી શકે નહીં**

(એજન્સી) તા.૯

મદ્રાસ હાઈકોર્ટે તાજેતરમાં દલિત વસાહતમાંથી મંદિર કાર પસાર થવાનો માર્ગ મોકળો કર્યો હતો. જસ્ટિસ પી.બી. બાલાજીએ ટિપ્પણી કરી હતી કે ભગવાન ક્યારેય ભેદભાવ કરતા નથી અને કોઈ પણ શેરી રથ અથવા તેના દ્વારા લઈ જવામાં આવતા દેવતા માટે અયોગ્ય નથી. કોર્ટે કહ્યું કે, "શ્રદ્ધાને જાતિ અથવા સંપ્રદાય દ્વારા બંધન કરી શકાતી નથી અને દેવત્વને માનવ પૂર્વગ્રહ દ્વારા મર્યાદિત કરી શકાતું નથી. ભગવાન ફક્ત ચોક્કસ શેરીઓમાં રહેતા નથી. કોઈ પણ શેરી રથ અથવા તેના દ્વારા લઈ જવામાં આવતા દેવતા માટે અયોગ્ય નથી. ભગવાન ક્યારેય ભેદભાવ કરતા નથી. તેથી ભેદભાવને પરંપરાની પવિત્રતામાં લપેટી શકાય નહીં."

કોર્ટે ઉમેર્યું કે બંધારણની કલમ ૧૭ દ્વારા, અસ્પૃશ્યતાને ફક્ત ભૌતિક સ્વરૂપમાં જ નહીં પરંતુ અક્ષરશ: અને ભાવનાત્મક રીતે પણ નાબૂદ કરવામાં આવી હતી. કોર્ટે ઉમેર્યું હતું કે કોઈ પણ વ્યક્તિ એ નક્કી કરી શકતું નથી કે કોણ દેવતા સમક્ષ ઊભા રહી શકે અને પૂજા કરી શકે અને કોણ ન કરી શકે અને કોઈપણ વ્યક્તિને કોઈપણ મંદિરમાં પ્રવેશવા અને પૂજા કરવા માટે કોઈ પ્રતિબંધ નહોતો. કોર્ટે કહ્યું કે, ''ભારતના બંધારણે કલમ ૧૭ હેઠળ અસ્પૃશ્યતા નાબૂદ કરી હતી. આવી નાબૂદી ફક્ત ભૌતિક સ્વરૂપમાં જ નહીં પરંતુ ખરા અર્થમાં હતી. તેથી, કોઈ પણ વ્યક્તિ એ નક્કી કરી શકતું નથી કે કોણ દેવતા સમક્ષ ઊભા રહીને પૂજા કરવાનો હકદાર છે અને કોણ નહીં.

# યુપીમાં દલિતો સામે હિંસા વધી રહી છે? ગોંડામાં કસ્ટડીમાં મૃત્યુ, બુલંદશહેરમાં પૂર્વ પ્રધાનની હત્યા

**ગોંડામાં પોલીસ કસ્ટડીમાં દલિત યુવાનનું મૃત્યુ અને બુલંદશહેરમાં ભૂતપૂર્વ પ્રધાનની હત્યાએ ઉત્તર પ્રદેશમાં દલિતોની સલામતી અંગે ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. શું યોગી સરકાર દલિત હિંસા રોકવામાં નિષ્ફળ રહી છે ?**

(એજન્સી) તા.૯

ઉત્તર પ્રદેશમાં દલિત સમુદાય સામે હિંસા અને ઉત્પીડનની ઘટનાઓ સતત ચાલુ છે. ગોંડા જિલ્લામાં રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF)ની કસ્ટડીમાં ૩૫ વર્ષીય દલિત યુવાન સંજય કુમાર સોનકરનું તાજેતરમાં શંકાસ્પદ મૃત્યુ થતાં રાજ્યભરમાં આક્રોશનું મોજું ફરી વળ્યું છે. દરમિયાન, બુલંદશહેરના અહમદગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દલિત જનપ્રતિનિધિ અને ભૂતપૂર્વ પ્રધાન મુકેશ ખાટીકની ક્રૂર હત્યાએ પરિવારને બેવડી દુર્ઘટનામાં ધકેલી દીધો છે. એક વર્ષ પહેલા તેમના પુત્રની હત્યા બાદ પણ પોલીસ પર બેદરકારીનો આરોપ લગાવવામાં આવી રહ્યો છે. ભીમ આર્મીના વડા ચંદ્રશેખર આઝાદે આને કાયદો અને વ્યવસ્થાની નિષ્ફળતા ગણાવી છે અને સરકાર પાસેથી કડક કાર્યવાહીની માંગ કરી છે. પ્રશ્ન એ છે કે: શું ઉત્તર પ્રદેશમાં દલિતો પર અત્યાચાર વધી રહ્યા છે?

**"ત્રાસ આપીને હત્યા, ત્રણ સસ્પેન્ડ"**

ગોંડા જિલ્લાના કિંકી ગામના રહેવાસી સંજય કુમાર સોનકરને ૪ નવેમ્બરના રોજ આરપીએફ દ્વારા સરસવના તેલની ચોરીના આરોપસર અટકાયતમાં લેવામાં આવ્યો હતો. પરિવારનો આરોપ છે કે પૂછપરછ દરમિયાન સબ-ઈન્સ્પેક્ટર સુરેન્દ્ર કુમાર, સબ-ઈન્સ્પેક્ટર કરણ સિંહ યાદવ અને કોન્સ્ટેબલ અમિત કુમાર યાદવે તેમને ખૂબ માર માર્યો અને ઈલેક્ટ્રિક શોક આપ્યો. જ્યારે સંજયની હાલત બગડી, ત્યારે તેમને ગોંડા મેડિકલ કોલેજ લઈ જવામાં આવ્યા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા. પોસ્ટમોર્ટમ રિપોર્ટ હજુ પણ સ્પષ્ટ નથી, પરંતુ ફોરેન્સિક તપાસ માટે વિસેરા સાચવવામાં આવ્યો છે.

સંજયના ભાઈ રાજુ સોનકરે હત્યાની ફરિયાદ નોંધાવી. મીડિયાના અહેવાલ મુજબ, આરપીએફ ડીઆઈજી ચંદ્ર મોહન મિશ્રાએ કહ્યું, "ત્રણેય કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ત્રણ સભ્યોની કોર્ટ ઓફ ઈન્ક્વાયરીની રચના કરવામાં આવી છે." આરપીએફનો દાવો છે કે પૂછપરછ દરમિયાન સંજયની હાલત અચાનક બગડી ગઈ હતી, પરંતુ પરિવારનો એવો પણ આરોપ છે કે મૃતદેહને શબઘરમાં છોડી દેવામાં આવ્યો હતો અને તેઓ ભાગી ગયા હતા. ગામમાં વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા, ગ્રામજનોએ "દલિતો પર અત્યાચાર બંધ કરો"ના નારા લગાવ્યા. સંજય એક મજૂર હતો અને ત્રણ બાળકોનો પિતા હતો. આ ઘટના કસ્ટોડિયલ મૃત્યુની વધતી સંખ્યાની યાદ અપાવે છે, જ્યાં દલિત પીડિતો ન્યાય મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે.

**બુલંદશહેર : ભૂતપૂર્વ પ્રધાનની હત્યા**

બુલંદશહેરના અહમદગઢ પોલીસ સ્ટેશન વિસ્તારના એક ગામમાં ૩ નવેમ્બરના રોજ ભૂતપૂર્વ સરપંચ મુકેશ ખટીકની હત્યાનો આરોપ મૂકવામાં આવ્યો છે. ઘટના સમયે તેઓ તેમના ખેતરમાં હતા. પોલીસે કેસ નોંધ્યો છે અને તપાસ શરૂ કરી છે, પરંતુ પરિવારનો દાવો છે કે તે જૂની દુશ્મનાવટનું પરિણામ છે. નોંધનીય છે કે, તેમના પુત્રની પણ લગભગ એક વર્ષ પહેલા હત્યા કરવામાં આવી હતી, અને તપાસ નિષ્ફળ રહી છે, જેના કારણે પરિવાર ન્યાયની રાહ જોઈ રહ્યો છે.

ભીમ આર્મીના વડા ચંદ્રશેખર આઝાદે એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં આ ઘટનાની નિંદા કરતા કહ્યું, "ઉત્તર પ્રદેશના બુલંદશહર જિલ્લાના અહમદગઢ પોલીસ સ્ટેશન વિસ્તારના એક ગામમાં ૩ નવેમ્બર, ૨૦૨૫ના રોજ દલિત જનપ્રતિનિધિ અને ભૂતપૂર્વ પ્રધાન મુકેશ ખટીકની ક્રૂર હત્યા અત્યંત દુઃખદ અને સજાપાત્ર છે. સૌથી શરમજનક અને પીડાદાયક બાબત એ છે કે લગભગ એક વર્ષ પહેલા તેમના પુત્રની હત્યા છતાં, પોલીસ વહીવટીતંત્રે કોઈ નક્કર કાર્યવાહી કરી ન હતી. ન્યાયની આશામાં જીવતા પરિવારના વડાની હત્યાએ હવે આખા પરિવારને બીજા દુઃખમાં ધકેલી દીધો છે.


**સુધારો**

આ સુધારો ૨૮/૧૦/૨૦૨૫ના રોજ **સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક**ના અધિકૃત અધિકારી દ્વારા પ્રકાશિત ઈ-ઓક્શન નોટિસના સંદર્ભમાં જારી કરવામાં આવે છે. 'ગુજરાત ટુડે' માં રકમ ખોટી રીતે **રૂા.૧૭,૫૦,૦૯,૬૩૬.૩૫/-** ને બદલે **રૂા.૨૯,૨૬,૯૧,૩૯૬.૪૦/-** દર્શાવવામાં આવી હતી અને હરાજીની **તારીખ ૧૬-૧૨-૨૦૨૫** વાંચવાની છે. બોલી રજૂ કરવાની છેલ્લી **તારીખ ૧૫.૧૨.૨૦૨૫** વાંચવાની છે.

સહી/-
તારીખ : 10-11-2025 અધિકૃત અધિકારી
સ્થળ : સુરત સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક

**સુધારા નોટિસ**

**એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રકશન કંપની લિમિટેડ**

**રજિસ્ટર્ડ કાર્યાલય :** એડલવાઈસ હાઉસ, પહેલો માળ, ઓફ સીએસટી રોડ, કલીના, મુંબઈ-૪૦૦૦૯૮-CIN:U67100MH2007PLC174759

**સ્થાવર મિલકતના વેચાણ માટેની ઈ-હરાજી માટે જાહેર નોટિસ**ના સંદર્ભમાં આ સમાચાર પત્રમાં તા.૦૯.૧૦-૨૦૨૫માં છપાયેલ જાહેર ખબર બાબતે મહેરબાની કરીને નીચેના દેણદારો માટે હરાજીની સુધારેલી તારીખ વાંચવી

| લોન એકા.નં./વેચાણ સંસ્થા | દેણદાર અને સહ-દેણદાર(રો)ના નામ | મિલકતની જગ્યા | સુધારેલ હરાજી તારીખ | હરાજીની નવી તારીખ |
|---|---|---|---|---|
| X0HLAME00002898904/ ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટસ એન્ડ ફાઈનાન્સ કંપની લિમિટેડ | હિરેન શરદભાઈ મિસ્ત્રી (દેણદાર) દિપિકાબેન શરદ મિસ્ત્રી (સહ-દેણદાર) | અમદાવાદ | ૦૬.૧૧.૨૦૨૫ | ૨૦.૧૧.૨૦૨૫ |

અન્ય તમામ વિગતો યથાવત્ રહેશે.

**તારીખ : ૧૦-૧૧-૨૦૨૫** **અધિકૃત અધિકારી**
**સ્થળ : મુંબઈ** **એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રકશન કંપની લિમિટેડ**

Edelweiss Asset Reconstruction

**સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક**

**સરફેસી એક્ટ, ૨૦૦૨ (ધ એક્ટ)ની કલમ ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટિસ**

| ક્રમ નં. | દેણદાર(રો)નું નામ અને સરનામું | લોનની રકમ (રૂા.) | લોન એકાઉન્ટ નં. | મોર્ગેજ મિલકતની વિગતો | બાકી રકમ (રૂા.) | NPA તારીખ |
|---|---|---|---|---|---|---|
| | (A) | (B) | (C) | (D) | (E) | (F) |
| ૧. | **૧) સલીલ દિનેશચંદ્ર પટેલ** **૨) વૈશાલી સલીલ પટેલ** **૩) ભારતીબેન પટેલ** ૫, મુરલીધર ૨, ૩, ગવર્નમેન્ટ હાઉસિંગ સોસાયટી, મ્યુનિસિપલ માર્કેટ સામે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૨૪૮૧ **અત્રે પણ** ફલેટ નં.૩૦૩, ત્રીજો માળ, ન્યુ ગીરધર પાર્ક, સી.એન. વિદ્યાલય પાસે, પાર્થ એપાર્ટમેન્ટ, અમદાવાદ-૩૮૦૦૦૯ | રૂા.૫૦,૦૦,૦૦૦.૦૦/- (રૂા. પચાસ લાખ માત્ર) | ૫૨૫૩૯૧૬૪ | ફલેટ નં.૩૦૩, ત્રીજો માળ, ન્યુ ગીરધર પાર્ક, સી.એન. વિદ્યાલય પાસે, પાર્થ એપાર્ટમેન્ટ, અમદાવાદ-૩૮૦૦૦૯ સ્થાવર મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ ફલેટ નં.૩૦૩, ક્ષેત્રફળ ૧૪૫ ચો.મી., ત્રીજો માળ, સ્કીમ નામે પાર્થ અસોસિએટ્સ શોપ્સ એન્ડ કો.ઓ.હા.સો.લિ. એન્ડ એલિયન્સ શોપ્સ અને સીએચએસએલ,એફ.પી. નં.૬૪૭/૭-૮ પર બંધાયેલ, સ્કીમ નં.૩ મોજે કોચરબ, સબ જિ. અમદાવાદ-૪, (પાલડી) અને જિ. અમદાવાદ | રૂા.૪૨,૨૨,૬૮૫.૫૪/- (રૂા. બેતાલીસ લાખ બાવીસ હજાર છસ્સો પંચ્યાસી અને ચોપ્પન પૈસા માત્ર) | ૦૧/૦૯/૨૦૨૫ |

જ્યારે, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંકમાં તેની શાખા કચેરી ધરાવે છે, અભિજીત-૨, ગ્રાઉન્ડ ફ્લોર, મીઠાખળી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૬ (ત્યારબાદ "બેંક" તરીકે ઓળખવામાં આવે છે) એ કોલમમાં લખેલા ઉપરોક્ત નામના દેણદાર(રો) સુધી લંબાવવામાં આવ્યો હતો. કોલમ Bમાં લોનની રકમ, લોન એકાઉન્ટ નંબર દ્વારા લખેલી અલગ ક્રેડિટ સુવિધાઓ અનુક્રમે સીરીયલ નંબર ૧ અને ૨ દ્વારા દેણદારોના દરેક સમૂહના નામ સામે કોલમ Cમાં ઉલ્લેખિત છે.
દરેક દેણદાર (ત્યારબાદ "સુરક્ષિત સંપત્તિ" તરીકે ઓળખાય છે)ના નામ સામે કોલમ Dમાં લખેલી સ્થાવર મિલકત પર ગીરો દ્વારા ઉક્ત ક્રેડિટ સુવિધાઓ અન્ય બાબતોમાં સુરક્ષિત કરવામાં આવે છે. કે, ઉપરોક્ત નામના દેણદાર(રો) લોન ખાતામાં નાણાકીય શિસ્ત જાળવવામાં નિષ્ફળ ગયા છે અને બેંક દ્વારા બેંકિંગ વ્યવસાયના સામાન્ય અભ્યાસક્રમમાં જાળવવામાં આવેલા એકાઉન્ટના ખાતા મુજબ તેમના નામ સામે કોલમ Eમાં દર્શાવેલ બાકી રકમ અસ્તિત્વમાં છે. દરેક દેણદાર(રો).
ઉપરોક્ત નામના દેણદાર(રો)ના તરફથી લોનની રકમની ચુકવણીમાં સતત ડિફોલ્ટને કારણે ઉપરોક્ત નામના દેણદાર(રો)ના લોન ખાતાને બેંક દ્વારા ઉલ્લેખિત તારીખો પર નોન-પર્ફોર્મિંગ એસેટ/ટ્સ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે. ભારતીય રિઝર્વ બેંક દ્વારા નિર્ધારિત ધોરણોની અંદર કૉલમ Fમાં. પરિણામે ધારા ૧૩(૨) હેઠળની નોટિસો પણ દરેક દેણદારોને જારી કરવામાં આવી હતી, જેમણે ડિલિવરી વિના પરત મેળવ્યું છે.
ઉપરોક્ત ડિફોલ્ટને ધ્યાનમાં રાખીને, બેંક આ દ્વારા ઉપરોક્ત નામના દેણદાર(રો)ને ઉપરોક્ત કૉલમ Eમાં દર્શાવેલ તમામ બાકી લેણાંની ચૂકવણી કરીને બેંક પ્રત્યેની તેમની જવાબદારીઓને સંપૂર્ણ રીતે ડિસ્ચાર્જ કરવા કહે છે, જેમાં અદ્યતન વ્યાજ, ખર્ચ અને શુલ્ક સામેલ છે. આ નોટિસના પ્રકાશનની તારીખથી ૬૦ દિવસની અંદર, જેમાં નિષ્ફળ થવા પર, બેંક સિક્યોર્ડ એસેટનો કબજો મેળવવા માટે હકદાર બનશે અને બેંકને કાયદામાં ઉપલબ્ધ છે તેમ અન્ય પગલાં પણ લેશે.
તે, કૃપા કરીને જાણ કરવામાં આવે છે કે તમે, ઉપરોક્ત નામના દેણદાર(રો) આથી અલગ થવાથી (ટ્રાન્સફર, વેચાણ, લીઝ અથવા અન્ય રીતે) અથવા તૃતીય પક્ષનું હિત ઊભું કરવાથી અથવા ચોક્કસ સિવાય કોઈપણ રીતે સુરક્ષિત સંપત્તિ સાથે વ્યવહાર કરવાથી પ્રતિબંધિત છે. બેંક તરફથી પૂર્વ લેખિત પરવાનગી. જાણ કરો કે તેનું કોઈપણ ઉલ્લંઘન એક વર્ષ સુધીની કેદ અથવા દંડ અથવા બંને સાથે શિક્ષાને પાત્ર રહેશે.
તે, તમારા, દેણદારોનું ધ્યાન, SARFAESI એક્ટની કલમ ૧૩ની પેટા-કલમ (૮) તરફ આકર્ષિત કરવામાં આવે છે, જે સુરક્ષિત સંપત્તિઓને રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં છે, જેમાં જણાવવામાં આવ્યું છે કે તમે સુરક્ષિત સંપત્તિને રિડીમ કરી શકો છો. જાહેર હરાજી અને/અથવા ઈ-ઓક્શન દ્વારા ક્વોટેશન આમંત્રિત કરીને સુરક્ષિત સંપત્તિ(ઓ)ના વેચાણ માટેની નોટિસના પ્રકાશનની તારીખ સુધી બેંક દ્વારા કરાયેલા તમામ ખર્ચ, ચાર્જ અને ખર્ચ સાથે બાકી લેણાંની સંપૂર્ણ રકમનું ટેન્ડરિંગ, જાહેર અથવા ખાનગી સંધિ દ્વારા ટેન્ડર.
તે, મહેરબાની કરીને નોંધ કરો કે આ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ આખરી સૂચના છે. કહેવાની જરૂર નથી કે બેંક કોઈપણ અથવા તમામનો ઉપયોગ કરવાના તેના અધિકારની અંદર હશે. તમારા જોખમ, જવાબદારી અને ખર્ચ પર સંપૂર્ણપણે સરનામું આપનાર સામે ઉપર દર્શાવેલ અધિકારો.

સહી/-
**તારીખ : ૧૦/૧૧/૨૦૨૫** **અધિકૃત અધિકારી**
**સ્થળ : અમદાવાદ** **સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક**

# ન્યાય એ મુઠ્ઠીભર લોકોનો વિશેષાધિકાર નથી પણ દરેક નાગરિકનો અધિકાર છે : CJI ગવઈ

## NALSA (નેશનલ લીગલ સર્વિસિસ ઓથોરિટી) દ્વારા તેના ૩૦મા વર્ષ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં CJI એ કહ્યું કે કાનૂની સહાયને પ્રતિક્રિયાશીલ પ્રણાલી તરીકે નહીં પરંતુ એક જીવંત ચળવળ તરીકે કલ્પના કરવી જોઈએ

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

ભારતના મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈએ જણાવ્યું હતું કે ન્યાય એ મુઠ્ઠીભર લોકોનો વિશેષાધિકાર નથી પરંતુ દરેક નાગરિકનો અધિકાર છે, ન્યાયાધીશો અને વકીલોની ફરજ છે કે તેઓ ખાતરી કરે કે ન્યાયનો પ્રકાશ સમાજના હાંસિયામાં ઉભેલા છેલ્લા વ્યક્તિ સુધી પણ પહોંચે.

સુપ્રીમ કોર્ટ પરિસરમાં કાનૂની સહાય વિતરણ મિકેનિઝમને મજબૂત બનાવવા પર રાષ્ટ્રીય પરિષદના ઉદ્‌ઘાટન સમારોહને સંબોધતા, ગવઈએ કહ્યું કે કાનૂની સેવા ચળવળનો સાચો પુરસ્કાર આંકડા કે વાર્ષિક અહેવાલોમાં નથી, પરંતુ એક સમયે અદ્રશ્ય લાગતા નાગરિકોની શાંત કૃતજ્ઞતા અને નવી શ્રદ્ધામાં રહેલો છે.

ગવઈએ કહ્યું કે, "ન્યાય એ થોડા લોકોનો વિશેષાધિકાર નથી, પરંતુ દરેક નાગરિકનો અધિકાર છે અને ન્યાયાધીશો, વકીલો અને કોર્ટના અધિકારીઓ તરીકે આપણી ભૂમિકા એ સુનિશ્ચિત કરવાની છે કે ન્યાયનો પ્રકાશ સમાજના છેવાડાના વ્યક્તિ સુધી પણ પહોંચે."

CJIએ નોંધ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરી કાયદાકીય સહાય અને બધા માટે ન્યાયની પહોંચના કારણને આગળ વધારવામાં વિધાનસભા, કારોબારી અને ન્યાયતંત્રની સહિયારી જવાબદારીને પુનઃપુષ્ટિ કરે છે.

ગવઈએ કહ્યું કે સફળતાનું વાસ્તવિક માપ સંખ્યામાં નથી પરંતુ સામાન્ય વ્યક્તિના વિશ્વાસમાં છે, આ માન્યતામાં કે કોઈ, ક્યાંક, તેમની સાથે ઊભા રહેવા તૈયાર છે. તેમણે ઉમેર્યું કે, "અને તેથી જ આપણું કાર્ય હંમેશા એ ભાવના દ્વારા સંચાલિત હોવું જોઈએ કે આપણે જીવન બદલી રહ્યા છીએ."

તેમણે કહ્યું કે, "એક દિવસ માટે તમારી હાજરી, ગામ કે જેલની તમારી મુલાકાત, મુશ્કેલીમાં મુકાયેલા વ્યક્તિ સાથેની તમારી વાતચીત, એવા વ્યક્તિ માટે જીવન બદલી શકે છે જેણે પહેલાં ક્યારેય કોઈને તેમના માટે આવવાનું કહ્યું નથી."

NALSA (નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરિટી) દ્વારા તેના ૩૦મા વર્ષ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં, CJI એ કહ્યું કે કાનૂની સહાયને પ્રતિક્રિયાશીલ પ્રણાલી તરીકે નહીં, પરંતુ એક જીવંત ચળવળ તરીકે કલ્પના કરવી જોઈએ.

"આપણે આપણા દરવાજા ખટખટાવશે તેની રાહ જોવી જોઈએ નહીં. તેના બદલે, આપણે સતત વિચાર કરવો જોઈએ કે સમાજ નવા પડકારો, બાકાત રાખવાના નવા સ્વરૂપો અને આપણે જેની સેવા કરીએ છીએ તેમની ઉભરતી જરૂરિયાતોમાં કેવી રીતે



બદલાઈ રહ્યો છે. તેમણે કહ્યું કે, "એક ન્યાયી સમાજની તાકાત આપણી ક્ષમતામાં રહેલી છે કે અન્યાય ક્યાં ઉદ્‌ભવી શકે છે તે જોવું અને તે થાય તે પહેલાં ત્યાં પહોંચવું."

ગવઈએ કહ્યું કે જ્યારે ભારત તેના બંધારણના ૭૫મા વર્ષની ઉજવણી કરી રહ્યું છે, ત્યારે કાનૂની સહાય ચળવળે પ્રસ્તાવનામાં સમાવિષ્ટ સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાયની ખાતરીના દ્રષ્ટિકોણને આગળ ધપાવવો જોઈએ.

તેમણે કહ્યું કે,"બંધારણનું વચન ખરેખર ત્યારે જ પૂર્ણ થશે જ્યારે દરેક વ્યક્તિ, જાતિ, લિંગ, ભાષા અથવા પરિસ્થિતિઓને ધ્યાનમાં લીધા વિના, એવું અનુભવે કે ન્યાય વ્યવસ્થા તેમની છે." આ કાર્યક્રમમાં મોદી મુખ્ય મહેમાન હતા, જેમાં કેન્દ્રીય કાયદા પ્રધાન અર્જુન રામ મેઘવાલ, ગવઈના અનુગામી સૂર્યકાંત, તેમજ સુપ્રીમ કોર્ટ અને ઉચ્ચ અદાલતોના અન્ય ન્યાયાધીશો પણ હાજર રહ્યા હતા.

જસ્ટિસ વિક્રમ નાથે આભારવિધિ કરી અને કહ્યું કે વડા પ્રધાનની હાજરીથી સમૂહને નવી દિશા અને ઊર્જા મળી છે. ન્યાયની સુલભતાને કાર્યક્ષમ, સમાવિષ્ટ અને ટેકનોલોજી-આધારિત બનાવવાનો પ્રયાસ કરો.

સમાજના નબળા વર્ગોને મફત કાનૂની સેવાઓ પૂરી પાડવા અને વિવાદોના સૌહાર્દપૂર્ણ સમાધાન માટે લોક અદાલતોનું આયોજન કરવા માટે, કાનૂની સેવા સત્તાધિકારી અધિનિયમ ૧૯૮૭ હેઠળ NALSAની રચના કરવામાં આવી હતી.

CJI તેના મુખ્ય આશ્રયદાતા તરીકે કાર્ય કરે છે અને સુપ્રીમ કોર્ટના આગામી સૌથી વરિષ્ઠ ન્યાયાધીશ કાર્યકારી અધ્યક્ષ છે.

# 'મતદાતાઓમાં છેતરપિંડીના આરોપો વચ્ચે કર્ણાટક સરકાર સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી માટે બેલેટ પેપર મતદાન પર વિચાર કરી રહી છે': નાયબ મુખ્યમંત્રી શિવકુમાર

## બેંગ્લુરૂમાં મતદાતાઓમાં છેતરપિંડી અંગે મુખ્યમંત્રી સિદ્ધારમૈયા સાથે સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા શિવકુમારે જણાવ્યું હતું કે, "જ્યારે અમે ચૂંટણી પંચ પાસે ચૂંટણીમાં ગેરરીતિની તપાસ માટે દસ્તાવેજો માંગીએ છીએ ત્યારે તેઓ અમને પુરાવા આપવાનું કહે છે. તેથી અમે મતપત્રોનો ઉપયોગ કરીને મ્યુનિસિપલ ચૂંટણીઓ યોજવાનું વિચારી રહ્યા છીએ"

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૯

કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી અને રાજ્ય કોંગ્રેસના પ્રમુખ ડી.કે. શિવકુમારે જણાવ્યું હતું કે સરકાર રાજ્યમાં ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM)ને બદલે મતપત્રોનો ઉપયોગ કરીને સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીઓ યોજવાનું વિચારી રહી છે. બેંગલુરૂ નાગરિક એજન્સીની ચૂંટણી વહેલા યોજાશે તે જોતાં આ નિવેદન મહત્વપૂર્ણ બન્યું છે.

શિવકુમારે બેંગલુરૂમાં મતદાર યાદીમાં છેતરપિંડી અંગે મુખ્યમંત્રી સિદ્ધારમૈયા સાથે સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, "જ્યારે અમે ચૂંટણી પંચ પાસે ચૂંટણીમાં ગેરરીતિની તપાસ માટે દસ્તાવેજો માંગીએ છીએ, ત્યારે તેઓ અમને પુરાવા આપવાનું કહે છે. તેથી, અમે મતપત્રનો ઉપયોગ કરીને મ્યુનિસિપલ ચૂંટણીઓ યોજવાનું વિચારી રહ્યા છીએ."

"કર્ણાટકના અલાંદ મતવિસ્તારમાં, અમારા ધારાસભ્ય અને મંત્રી પ્રિયંક ખડગેએ ચૂંટણી પહેલા જ ગેરરીતિની ફરિયાદો ઉઠાવી હતી. ચૂંટણી પંચે પાછળથી તપાસ શરૂ કરી. મતદાર યાદીમાંથી નામ કાઢી નાખવા માટે સવારે ૪ વાગ્યે નકલી અરજીઓ દાખલ કરવામાં આવી હતી - ૧૭ મિનિટમાં, ૧૪ મત કાઢી નાખવામાં આવ્યા હતા.

તેમણે કહ્યું કે,લગભગ ૬,૦૦૦ મત કાઢી નાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. SIT તપાસમાં બહાર આવ્યું છે કે રાજ્યની બહારના વ્યક્તિઓએ તેમના મોબાઈલ નંબરનો ઉપયોગ કાઢી નાખવામાં ચાલાકી કરવા માટે કર્યો હતો."

તેમણે વર્ણવ્યું કે, "બેંગલુરૂના ફ્રીડમ પાર્કમાં આયોજિત વિરોધ પ્રદર્શનમાં, રાહુલ ગાંધી, AICC પ્રમુખ મલ્લિકાર્જુન





ખડગે અને આપણા મુખ્યમંત્રીએ આ ગેરરીતિઓ પર પ્રકાશ પાડ્યો, જે રાષ્ટ્રને એક મજબૂત સંદેશ આપે છે. આ ફક્ત એક મતવિસ્તાર પૂરતું મર્યાદિત નથી - ગાંધી નગર અને અન્ય વિસ્તારોમાં પણ આવી જ છેતરપિંડી થઈ છે. કોંગ્રેસનો ટેકો ઓછો કરવા માટે મતદાર યાદીઓમાં લઘુમતી, પછાત અને દલિત મતદારોના નામ બૂથ પર ખસેડવા માટે છેતરપિંડી કરવામાં આવી હતી."

"ચૂંટણી પ્રક્રિયાઓ માટે ચૂંટણી પંચ સંપૂર્ણ જવાબદારી લે છે. ૨૫૬ બૂથમાં, ફોર્મ ૭૨ના દુરૂપયોગનો ઉપયોગ કરીને ૭,૨૫૦ મત કાઢી નાખવામાં આવ્યા હતા. ઉત્તર પ્રદેશ, બિહાર, દિલ્હી અને ઝારખંડમાં મોબાઈલ નંબરો પરથી અરજીઓ આવી હતી.

શિવકુમારે જણાવ્યું કે, "૨૩ ફેબ્રુઆરીના રોજ, ઓછામાં ઓછા ૧૫૧ મતદારો જેમના નામ કાઢી નાખવામાં આવ્યા હતા તેમણે ફરિયાદ નોંધાવી હતી. જોકે, તપાસ અધિકારીઓના ૧૨ પત્રો છતાં કમિશને સહકાર આપ્યો નથી.

ભાજપના ઉમેદવાર સુભાષ ગુટ્ટેદારે મતદાર યાદીઓ સહિત દસ્તાવેજો બાળી નાખ્યા હોવાના અહેવાલ છે. એવું બહાર આવ્યું છે કે દરેક કાઢી નાખવામાં આવેલા મત માટે ૮૦ રૂપિયા ચૂકવવામાં આવ્યા હતા." તેમણે કહ્યું કે, "અમે અગાઉ ખુલાસો કર્યો હતો કે વિધાનસભા ચૂંટણી પહેલા ચિલુમે સંગઠનનો કેવી રીતે દુરુપયોગ થયો હતો. તપાસ રિપોર્ટ ટૂંક સમયમાં બહાર આવશે."

તેમણે કહ્યું, "આયોગ ભાજપના એજન્ટની જેમ વર્તી રહ્યો છે, અને અમારૂં લક્ષ્ય જાગૃતિ લાવવા અને મતદાનના અધિકારનું રક્ષણ કરવાનું છે."

ચૂંટણી પંચ આરોપોને અવગણી રહ્યું છે કે કેમ તે અંગે તેમણે કહ્યું કે, "૩૦૦થી વધુ સાંસદોએ કેન્દ્રીય ચૂંટણી પંચને દરખાસ્ત રજૂ કરી છે. આજ સુધી, કોઈ પ્રતિભાવ મળ્યો નથી. તેઓ કહે છે કે તેઓ FIR દાખલ કરશે પણ કોઈ કાર્યવાહી કરશે નહીં. તેઓ જાણે છે કે જો તેઓ તપાસ કરશે તો કોણ ખુલ્લું પડશે. તેમ છતાં, અમે અમારા પ્રયાસો ચાલુ રાખીશું,".

# "SIRCUS" આવતા જ તમિલનાડુ લાલઘૂમ, પૂર, તહેવારો અને સ્થળાંતરને કારણે હજારો સાચા મતદારોને SIR કવાયતમાંથી બાકાત રહેવાનું જોખમ છે

(એજન્સી) તા.૯

૨૭ ઓક્ટોબરના રોજ, જ્યારે ભારતીય ચૂંટણી પંચ (ECI) એ જાહેરાત કરી કે તમિલનાડુને મતદાર યાદીઓના તેના ખાસ સઘન સુધારા (SIR 2.0)ના બીજા તબક્કામાં સમાવવામાં આવશે, ત્યારે તેને નિયમિત પ્રક્રિયા તરીકે રજૂ કરવામાં આવ્યું હતું. પરંતુ દ્રમુક્ર શાસિત તમિલનાડુ ક્રોધિત જોવા મળ્યું.

૨-૩ નવેમ્બરના રોજ, કોંગ્રેસ, CPI, CPI(M), VCK, MDMK, IUML અને અનેક પ્રાદેશિક અને દલિત સંગઠનો સહિત ૪૫ પક્ષો ચેન્નાઈમાં તમિલનાડુ સચિવાલયમાં પેરિયાર અને અન્નાના ચિત્રો નીચે ભેગા થયા હતા. મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિનના શબ્દોમાં ઈતિહાસનો ભાવનાત્મક ચાર્જ હતો. "આ સુધારો નથી, તે ભૂંસી નાખવાનો કારસો છે, તે કાગળકામ દ્વારા રાજકીય કાવતરૂં છે."

આગામી ચૂંટણી ચક્ર પહેલા બાર રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને SIR 2.0ના ભાગ તરીકે સૂચિબદ્ધ કરવામાં આવ્યા છે. એપ્રિલ/મે ૨૦૨૬માં તમિલનાડુમાં વિધાનસભાની ચૂંટણીઓ થવાની છે. સર્વપક્ષીય બેઠક સુપ્રીમ કોર્ટમાં ECI વિરૂદ્ધ અરજી દાખલ કરવાના ઠરાવ સાથે સમાપ્ત થઈ. સ્વર સ્પષ્ટપણે દ્રવિડિયન, ગર્વિત અને લડાયક હતો, જે બીજા યુગને યાદ કરે છે, જ્યારે રાજ્યના નેતાઓએ હિન્દી લાદવાનો, દિલ્હીના નાણાકીય આદેશો અને ભાષાકીય વિવિધતાને અવગણના કરતી રાષ્ટ્રીય શિક્ષણ નીતિઓનો પ્રતિકાર કર્યો હતો.

રાજ્ય સચિવાલયના માર્બલ કોરિડોરથી દૂર, દરિયાકાંઠે ચોમાસાનો વરસાદ પડ્યો. નાગપટ્ટીનમના માછીમારી ગામડાઓમાં, રેઈનકોટ પહેરેલા ગણતરીદારો કાદવમાંથી પસાર થઈ રહ્યા હતા, પોલીથીનમાં લપેટેલ ટેબ્લેટમાં નામો નોંધી રહ્યા હતા.

ચેન્નાઈની ઝૂંપડપટ્ટીઓ અને તિરુપુરના સ્થળાંતરિત લોકોમાં મૂંઝવણ પ્રવર્તી રહી હતી. ઉત્તર ચેન્નાઈના નાગરિક સ્વયંસેવક એન. રાજેશ્વરીએ કહ્યું કે,"તેઓ ગયા અઠવાડિયે આવ્યા હતા અને આધાર માંગ્યો હતો." "હવે તેઓ કહે છે કે આધાર જરૂરી નથી. લોકોને ખબર નથી પડતી કે શું માનવું કે ન માનવું ."

કુડ્ડલોરના દરિયાકાંઠાના પટ્ટામાં, પંચાયત સભ્ય એસ. પાંડ્યને એક સરળ ભય વ્યક્ત કર્યો: "જો તેઓ દરિયામાં હોય ત્યારે આવશે, તો તેઓ અમારા ઘરને તાળું મારી દેશે. પછી તેઓ કહેશે કે અમે અસ્તિત્વમાં નથી." માછીમારો, દૈનિક વેતન કામદારો અને આંતરિક સ્થળાંતર કરનારાઓ માટે, ગણતરી કોઈ અમૂર્તતા નથી - તે નક્કી કરે છે કે તેમના નામ સૂચિમાં દેખાશે કે નહીં જે તેમને શાસનમાં અવાજ આપે છે અને તેમને રાજ્ય લાભો માટે હકદાર બનાવે છે.

ડીએમકેની દલીલ પ્રક્રિયા અને જીવંત વાસ્તવિકતા વચ્ચેના અંતર પર કેન્દ્રિત છે. પૂર, તહેવારો અને સ્થળાંતર સાથે, હજારો સાચા મતદારો એસઆઈઆર કવાયતમાંથી બાકાત



રહેવાનું જોખમ ધરાવે છે. ડીએમકેના રાષ્ટ્રીય પ્રવક્તા સલેમ ધરણીધરને નેશનલ હેરાલ્ડને જણાવ્યું કે, "સમય મહત્વપૂર્ણ છે... આ રીતે મતદારોનું દમન કાર્ય કરે છે,"

ઈસીઆઈનો પ્રતિભાવ ડેડપેન છે: ચેન્નાઈમાં એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે, "કોઈપણ રાજ્ય પોતાને યોગ્ય પ્રક્રિયામાંથી બાકાત કરી શકતું નથી." "ચોકસાઈ એ અમારી પ્રથમ ફરજ છે." કમિશનનો હેતુ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીમાં અંતિમ યાદી પ્રકાશિત કરવાનો છે, સંભવતઃ મતદાનની જાહેરાતના એક મહિના પહેલા.

**દ્રવિડિયન હોકાયંત્ર**

તમિલનાડુની પ્રતિક્રિયા સમજવા માટે, ચૂંટણીના અંકગણિતથી આગળ જોવું જોઈએ. ડીએમકેનો આક્રોશ ઈતિહાસમાં મૂળ ધરાવે છે. ડીએમકેને જન્મ આપનાર દ્રવિડિયન ચળવળ ઉત્તરીય વર્ચસ્વ - જાતિ, ભાષા અને રાજ્યસત્તા - સામેના સંઘર્ષમાંથી બહાર આવી હતી.

૨૦મી સદીની શરૂઆતમાં, દ્રવિડિયન પક્ષોના પૂર્વગામી, જસ્ટિસ પાર્ટીએ શિક્ષણ અને વહીવટમાં બ્રાહ્મણવાદી એકાધિકારને પડકાર્યો. પેરિયારની 'આત્મ-સન્માન ચળવળ'એ તેને અંધશ્રદ્ધા, વંશવેલો અને સાંસ્કૃતિક એકરૂપતા સામે બુદ્ધિવાદની લડાઈ તરીકે રજૂ કરી હતી.

જ્યારે ૧૯૩૦ના દાયકામાં અને ફરીથી ૧૯૬૦ના દાયકામાં હિન્દીને ભારતની રાષ્ટ્રભાષા તરીકે લાદવાની માંગ કરવામાં આવી, ત્યારે તમિલનાડુમાં આક્રોશ ફાટી નીકળ્યો. વિદ્યાર્થીઓ શેરીઓમાં ઉમટી પડ્યા અને વિરોધમાં જીવ ગુમાવ્યા. ત્યારે સૂત્ર હતું 'હિન્દી મુર્દાબાદ, તમિલ ઝિંદાબાદ' તે ખરેખર બીજી ભાષા પ્રત્યે દ્વેષ નહોતો પરંતુ સ્વ-શાસનનો બચાવ હતો - એવી માન્યતા કે જીવન અને જીવનશૈલીના નિર્ણયો બીજે ક્યાંયથી નક્કી ન થવા જોઈએ. આજના SIR ૨.૦ના વિરોધને એ જ ભાવના ઉત્તેજિત કરે છે-તે તેના રાજકીય માસ્ટર્સના ઈશારે ECI ના સામાજિક પુનઃનિર્માણનો એક તીવ્ર પ્રતિભાવ છે.

વિલ્લુપુરમની ગલીઓમાં અને તિરૂનેલવેલીની ગલીઓમાં ગણતરીદારો ડિજિટલ ટેબ્લેટ સાથે દરવાજા ખટખટાવે છે. તેમને શંકાનો સામનો કરવો પડે છે. સૈદાપેટના ૬૮ વર્ષીય રામાસ્વામીએ કહ્યું કે, "તેઓ અમારા નામ, અમારા આધાર, અમારી ઉંમર પૂછે છે," "ગઈ વખતે, મારા ભાઈનું નામ કાઢી નાખવામાં આવ્યું હતું. અમે તેને પાછું મેળવવા માટે મહિનાઓ સુધી લડ્યા. આ વખતે, મેં બધા દસ્તાવેજો તૈયાર રાખ્યા છે. પરંતુ મને તેમના પર વિશ્વાસ નથી."

રાજ્ય જ્યાં ન કરી શકે ત્યાં નાગરિક જૂથોએ પગલું ભર્યું છે. પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝ (PUCL) અને સ્થાનિક ચૂંટણી દેખરેખ મંચો દ્વારા પેમ્ફલેટ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. કોયમ્બતુરના એક કાર્યકર્તાએ કહ્યું, "લોકો દિલ્હીના હાથથી ડરે છે. અવિશ્વાસ ઓછો પેરાનોઈયા અને વધુ અસ્તિત્વ ટકાવી રાખવાની વૃત્તિ છે. તમિલનાડુના શ્રમજીવી વર્ગને પૂર્વોત્તરમાં NRC (નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝન્સ) વિવાદો યાદ છે. તેઓ આધાર સાથે જોડાયેલી કલ્યાણકારી યોજનાઓ ખોટી પડી હોવાનું યાદ કરે છે.

ભાજપ DMKના અભિયાનને 'બનાવટી આક્રોશ' તરીકે ફગાવી દે છે. ચેન્નાઈમાં ભાજપના એક વરિષ્ઠ નેતાએ કહ્યું કે,"દરેક શાસક પક્ષ સત્તાથી બહાર હોય ત્યારે સ્વચ્છ યાદીની માંગ કરે છે અને સત્તામાં હોય ત્યારે નિંદા કરે છે." "આ રાજકીય નાટક છે."

એઆઈએડીએમકે, જે તેના દ્રવિડ વંશ અને ભાજપ સાથેના તેના જોડાણ વચ્ચે ફસાયેલી છે, તેણે અસ્પષ્ટતા પસંદ કરી છે. એક પ્રવક્તાએ કહ્યું કે, " કેન્દ્ર-રાજ્ય વચ્ચેના સતત ઘર્ષણથી પ્રભાવિત લોકો ત્રાહિમામ પોકારી ગયા છે..." "તેઓ શાસન ઈચ્છે છે, દાવપેચ નહીં."

૩ નવેમ્બરના રોજ, ડીએમકેએ સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરી જેમાં ચૂંટણી પંચના ૨૭ ઓક્ટોબરના જાહેરનામાની બંધારણીય માન્યતાને પડકારવામાં આવી હતી, જેમાં એસઆઈઆરને તમિલનાડુ અને અન્ય ૧૧ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો સુધી લંબાવવામાં આવ્યો હતો. તેમાં દલીલ કરવામાં આવી છે કે ૪ નવેમ્બરના રોજ અમલમાં મુકાયેલ એસઆઈઆર બંધારણની કલમ ૧૪, ૧૯, ૨૧, ૩૨૫ અને ૩૨૬ તેમજ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦નું ઉલ્લંઘન કરે છે.

આ અરજીમાં મનસ્વી દસ્તાવેજ આવશ્યકતાઓ, ટૂંકી સમયમર્યાદા અને લાખો મતદારો, ખાસ કરીને હાંસિયામાં ધકેલાઈ ગયેલા જૂથોના મતાધિકારથી વંચિત રહેવાના જોખમોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ડીએમકેએ એસઆઈઆરને 'ડી ફેક્ટો એનઆરસી' ગણાવ્યું છે. ડીએમકેને તમિલનાડુના સંઘીય ગૌરવના રક્ષક તરીકે રજૂ કરવા માટે સ્ટાલિન માટે કોર્ટરૂમ એક મેદાન માત્ર છે. મોટી લડાઈ વૈચારિક છે -. તેમની રેલીઓ હવે કાનૂની ફરિયાદને સાંસ્કૃતિક સ્મૃતિ સાથે મિશ્રિત કરે છે: "અમે ભાષા નિયંત્રણનો પ્રતિકાર કર્યો, અમે શિક્ષણ નિયંત્રણનો પ્રતિકાર કર્યો, અને હવે આપણે મતદાન નિયંત્રણનો પ્રતિકાર કરવો જોઈએ."

# 'હું જજ માટે દુઆ કરીશ...', ૨૦૧૯ના હેટ સ્પીચ કેસમાં નિર્દોષ છૂટ્યા બાદ આઝમ ખાન ભાવુક, કહ્યું-'ન્યાયની જીત થઈ'

(એજન્સી) લખનૌ, તા.૯

સમાજવાદી પાર્ટી (SP)ના વરિષ્ઠ નેતા અને પૂર્વ મંત્રી આઝમ ખાનને શુક્રવારે લખનૌની વિશેષ MP/MLA કોર્ટે ૨૦૧૯ના એક હેટ સ્પીચ અને બદનક્ષીના કેસમાં નિર્દોષ જાહેર કર્યા છે. આ કેસમાં તેમના પર RSS, ભાજપ અને શિયા ધર્મગુરુ મૌલાના સૈયદ કલ્બે જવાદ નકવી વિરૂદ્ધ નફરત ફેલાવવા અને સરકારી લેટરહેડનો દુરૂપયોગ કરવાનો આરોપ હતો.

**કોર્ટે શા માટે નિર્દોષ છોડ્યા ? :** વિશેષ ACJM (MP/MLA કોર્ટ) આલોક વર્માએ ચુકાદો આપતા જણાવ્યું કે સરકારી પક્ષ આરોપોને શંકાની બહાર સાબિત કરવા માટે પૂરતા પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ રહ્યો છે. કોર્ટે મુખ્યત્વે બે કારણોસર આ કેસને ફગાવી દીધો :

**સમય મર્યાદા બહારનો કેસ :** કોર્ટે નોંધ્યું કે કથિત ઘટના ૨૦૧૪માં બની હતી, જ્યારે તેની FIR પાંચ વર્ષ પછી ૨૦૧૯માં દાખલ કરવામાં આવી હતી, જે ફોજદારી પ્રક્રિયા સંહિતા (CrPC)ની કલમ ૪૬૮ હેઠળ કાર્યવાહી શરૂ કરવા માટેની



કાયદાકીય સમય મર્યાદાની બહાર હતી.

**કેસમાં ખામીઓ :** કોર્ટે એ પણ અવલોકન કર્યું કે જે પ્રેસ રિલીઝના આધારે આખો કેસ કરવામાં આવ્યો હતો, તેની મૂળ નકલ ક્યારેય રજૂ કરવામાં આવી ન હતી. વધુમાં, બદનક્ષીની ફરિયાદ માત્ર પીડિત વ્યક્તિ જ કરી શકે છે, પરંતુ આ કેસમાં મૌલાના કલ્બે જવાદ વતી અન્ય વ્યક્તિએ ફરિયાદ નોંધાવી હતી, જે કાયદાકીય રીતે યોગ્ય ન હતું.

**ચુકાદા બાદ આઝમ ખાનની ભાવુક પ્રતિક્રિયા :** ચુકાદા બાદ કોર્ટની બહાર પત્રકારો સાથે વાત કરતાં આઝમ ખાન ભાવુક થઈ ગયા હતા. તેમણે કહ્યું, 'આ નિર્ણય ખૂબ જ ઈમાનદારીથી લેવામાં આવ્યો છે. હું ફક્ત જજ માટે દુઆ કરી શકું છું અને તેમનો આભાર માની શકું છું. આજે ન્યાયની જીત થઈ છે.' તેમણે વધુમાં ઉમેર્યું, 'જ્યાં સુધી કાયદો અને વ્યવસ્થાની વાત છે, હવે માત્ર 'વ્યવસ્થા' (Order) જ બચી છે. કાયદો (Law) પણ ન્યાયના રૂપમાં અસ્તિત્વમાં હોવો જોઈએ, જે આજે જોવા મળ્યું છે... સત્યને હંમેશા માટે કેદ કરી શકાતું નથી. ન્યાયનો પોતાનો સમય હોય છે અને તે સમય આજે આવ્યો છે.'

**સમર્થકો અને મુસ્લિમ નેતાઓમાં ખુશીનો માહોલ :** આઝમ ખાનના નિર્દોષ છૂટવાથી તેમના સમર્થકો અને અનેક મુસ્લિમ નેતાઓએ ખુશી વ્યક્ત કરી છે. તેમના એક નજીકના સહયોગીએ કહ્યું, 'આ માત્ર આઝમ ખાનની જીત નથી, આ સત્ય અને ન્યાયની જીત છે. તેઓ એક શક્તિશાળી મુસ્લિમ અવાજ છે, તેથી તેમને વર્ષોથી ખોટી રીતે નિશાન બનાવવામાં આવ્યા છે.' રાજકીય નિરીક્ષકોનું માનવું છે કે આ ચુકાદાથી સમાજવાદી પાર્ટી અને રામપુરમાં તેમના સમર્થકોમાં આઝમ ખાનનું નૈતિક કદ ફરીથી સ્થાપિત થઈ શકે છે.

# શા માટે ઘૂસણખોરોને તમે પાછા કાઢી મૂકતા નથી ? નિષ્ફળતા બદલ ભાજપની ડબલ એન્જિન સરકારની ઝાટકણી કાઢતા ખડગે; ૧૬૦ બેઠકો મળી રહ્યાના દાવાને પણ ફગાવી દીધો

## કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે બિહાર વિધાનસભાની ચૂંટણીઓમાં ભાજપ અને શાસક જોડાણને ૧૬૦ બેઠકો મળશે એવા ભાજપના દાવાને નકારી કાઢ્યો હતો અને જણાવ્યું હતું કે પરિણામ તો લોકો નક્કી કરશે. કાયદો અને વ્યવસ્થાના મુદ્દાઓ ઉપર અને ઘૂસણખોરી જેવા મુદ્દા પર સરકારની નિષ્ફળતા અંગે કોંગ્રેસ પ્રમુખે સવાલો ઉઠાવ્યા હતા, કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહે બિહારમાં એનડીએ માટે જોરદાર વિજયનો દાવો કર્યો હતો

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

બિહાર વિધાનસભાની ચૂંટણીઓમાં ૧૬૦ બેઠકો મળી રહેલો ભાજપનો દાવો નકારી કાઢતા કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આખરી ચુકાદો તો પ્રજા આપશે. કોઈ રાજકીય નારેબાજી કે ડેટાના સર્વે અને અનુમાનોથી નહીં પણ પરિણામ પ્રજાના ચુકાદાને પગલે આવશે અને અમને જનતામાં વિશ્વાસ છે. આ પ્રકારના ડેટા અને આંકડા એમને ક્યાંથી મળ્યા છે એ પણ અમે જાણીએ છીએ. અગાઉ પણ એ લોકો ૪૦૦ પારના નારા લગાડતા હતા અને બીજા જાતજાતના દાવા કરતા હતા. પરંતુ અમને માત્ર જનતામાં વિશ્વાસ છે અને લોકો ન્યાય કરશે જ તેમ જ તેમના



માટે શ્રેષ્ઠ શું છે તેનો નિર્ણય પ્રજા લેશે.

એનડીએનો ભવ્ય વિજય થશે એવા એનડીએ નેતાઓના દાવાઓની તેમણે પ્રતિક્રિયા આપી હતી. વિરોધ પક્ષો સામે વારંવાર જંગલરાજના શબ્દોનો ઉપયોગ કરતા એનડીએના નેતાઓને આડે હાથ લેતા કોંગ્રેસ પ્રમુખે સવાલ કર્યો હતો કે આટલા બધા વર્ષોથી સત્તા ઉપર હોવા છતાં કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો કેમ હલ થયા નથી અને કાયદો તથા વ્યવસ્થા અને ઘૂસણખોરી સામે અસરકારક કામગીરી કેમ કરી શકાઈ નથી ? તેમણે કહ્યું હતું કે જંગલરાજ અને એવા બધા મુદ્દા હવે જરા પુરાણા અને જૂના થઈ ગયા છે. જો એવું હતું તો એ લોકો ૨૦ વર્ષમાં જંગલરાજનો અંત કેમ લાવી શક્યો નથી? ઘૂસણખોરોને પાછા કેમ ધકેલી શક્યા નથી ? આ કેન્દ્ર અને રાજ્ય સરકારની જ નિષ્ફળતા છે અને એમની ડબલ એન્જિન સરકારની સંપૂર્ણ નિષ્ફળતા હોવાનું હું કહું છું. કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહે બિહારની રેલીમાં એવો દાવો કર્યો હતો કે એનડીએને ૧૬૦ બેઠકો મળશે. આ સામે કોંગ્રેસના પ્રમુખે પ્રતિક્રિયા આપી હતી.

# નવસારી LCBએ દારૂની ૧૨૨૪ બોટલો સાથે બે શખ્સોને ઝડપ્યા, બે આરોપી વોન્ટેડ જાહેર

(સંવાદાતા દ્વારા)
સુરત, તા.૯

નવસારી LCBએ પ્રોહીબીશન વિરોધી ઝુંબેશ અંતર્ગત નેશનલ હાઈવે નંબર ૪૮ પરથી દારૂની હેરાફેરી ઝડપી પાડી છે. મલવાડા ગામ નજીક એક હોટલ સામે નાકાબંધી ગોઠવીને મુંબઈથી અમદાવાદ જતી એક અર્ટીગા કારમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો.

પોલીસે અર્ટીગા કારમાંથી કુલ ૧૨૨૪ નંગ વ્હીસ્કી બોટલો અને ટીન બિયરનો જથ્થો શોધી કાઢ્યો હતો. આ દારૂની હેરાફેરીમાં સંડોવાયેલા બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અન્ય બે વોન્ટેડ જાહેર કરાયા છે. LCB દ્વારા કુલ ૭,૮૨,૬૪૦ રૂપિયાની મત્તાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. જેમાં ૨,૭૨,૬૪૦ રૂપિયાની કિંમતનો દારૂનો જથ્થો, ૫,૦૦,૦૦૦ રૂપિયાની અર્ટીગા કાર અને ૧૦,૦૦૦ રૂપિયાની કિંમતના બે મોબાઈલ ફોનનો સમાવેશ થાય છે. પકડાયેલા આરોપીઓમાં સની રાધેમોહન કૃપાલ દુબે (ઉંમર ૨૧), જે કારનો ચાલક હતો અને મનીષકુમાર મનોજ યમુનાગોપ યાદવ (ઉંમર ૧૮ વર્ષ ૪ માસ), જે કારનો ક્લીનર હતો, તેમનો સમાવેશ થાય છે. સની સેલવાસાના પીપરીયાગામનો અને મૂળ યુ.પી.ના બસ્તી જિલ્લાનો રહેવાસી છે, જ્યારે મનીષકુમાર દમણનો અને મૂળ બિહારના પટના જિલ્લાનો રહેવાસી છે. બંને સામે ચીખલી પોલીસ સ્ટેશનમાં પ્રોહિબીશનનો ગુનો નોંધવામાં આવ્યો છે. આ કેસમાં દારૂનો જથ્થો ભરાવનાર અને મંગાવનાર અન્ય બે આરોપીઓ વોન્ટેડ જાહેર કરાયા છે. જેમાં દમણ હાટીયાવાડનો રાજુભાઈ, જેણે અર્ટીગા કાર સપ્લાય કરી હતી અને સુરત કડોદરાનો સૌરભકુમાર રામઆશીષ યાદવ, જેણે દારૂનો જથ્થો મંગાવ્યો હતો, તેમનો સમાવેશ થાય છે. LCB સ્ટાફ દ્વારા આ વોન્ટેડ આરોપીઓને પકડવા અને કેસની વધુ તપાસ માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### ૯ આરોપીમાંથી ૪ની ધરપકડ

# હળવદમાં સરકારી જમીન હડપવાનું કૌભાંડ સામે આવ્યું

હળવદ, તા.૯

મોરબીના હળવદમાં નકલી સ્ટેમ્પ, દસ્તાવેજોને આધારે સરકારી જમીન હડપ કરવાનું કૌભાંડ ઝડપાયું છે. હળવદ પંથકમાં આવેલા ૩ ગામડાઓમાં સરકારી જમીન પચાવી પાડવાનું કૌભાંડ સામે આવ્યું છે. કૌભાંડની સમગ્ર ઘટનાની જાણ પોલીસને કરતાં પોલીસે ૪ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. તેમજ ૪ આરોપીની રિમાન્ડની તજવીજ હાથ ધરવામાં આવી છે. નકલી સ્ટેમ્પ અને દસ્તાવેજોના આધારે આરોપીઓએ કૌભાંડ હાથ ધર્યું હતું. આરોપીઓએ કોયબા, ઘનશ્યામપુર, સુંદરીભવાની ગામે સરકારી જમીન પચાવી પાડી હતી. કુલ ૩૪૪ વીઘાની ત્રણ સરકારી જમીન પડાવી આરોપીઓએ પોતાના નામે કરી હતી. સમગ્ર ઘટનાની જાણ થતા હળવદ મામલતદારે હળવદ પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો છે. જમીન કૌભાંડના કેસમાં બે મહિલા સહિત નવ ઈસમો વિરુદ્ધ ગુનો દાખલ કરાયો છે. જેમાંથી ૪ આરોપી હાલ પોલીસના સકંજામાં છે. ખોટા રબ્બર સ્ટેમ્પ અને અધિકારીઓની નકલી સહીઓ વાળા દસ્તાવેજોને આધારે કૌભાંડ પાર આચરવામાં આવ્યું છે.

# ફિઝિક્સમાં ઓછા માર્ક્સ આવતાં ISROમાં જવાનું સ્વપ્ન ચકનાચૂર થયું

### વિદ્યાર્થીએ પ્રથમ સત્રની પરીક્ષામાં ઓછા માર્કસ આવતાં આપઘાત કરી મોત વ્હાલુ કર્યું : પરિવાર પર આભ તૂટ્યું

સુરત, તા.૯

સુરત શહેરના સચિન તેલનપુર વિસ્તારમાં ધોરણ ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીએ ફિઝિક્સ વિષયના પેપરમાં ઓછા માર્ક્સ આવતા આત્મહત્યા કરી લેતા સમગ્ર પંથકમાં શોક છવાઈ ગયો છે. ISROમાં વૈજ્ઞાનિક બનવાનું સપનું જોતા આ ૧૬ વર્ષીય વિદ્યાર્થીએ માર્ક્સથી નિરાશ થઈ ઘરમાં જ ગળે ફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધું હતું. સુરત શહેરમાં સચિન તેલનપુરમાં રહેતા તનમય રાઠોડ નામના ૧૬ વર્ષીય વિદ્યાર્થીએ હાલમાં લેવાયેલી પ્રથમ સત્રની પરીક્ષામાં ફિઝિક્સના પેપરમાં ઓછા માર્ક્સ મેળવ્યા હતા. ઈસરોમાં જવાનું સ્વપ્ન જોતા હોશિયાર તનમયને આ વાતનું માઠું લાગી આવતા તેણે ઘરમાં ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. તનમયના પિતા હિમાંશુભાઈ જાણીતી કંપનીમાં એન્જિનિયર છે.આ ઘટનાએ પરિવારને ઊંડા શોકમાં ગરકાવ કરી દીધો છે. કારણ કે મૃતક વિદ્યાર્થીના કાકા જીતુભાઈ રાઠોડ પોતે શાળા-કોલેજોમાં વિદ્યાર્થીઓને આપઘાત ન કરવા અંગેની તાલીમ આપવાનું કાર્ય કરે છે. આશ્ચર્યજનક વાત તો એ છે કે, જીતુભાઈ પોતે ધોરણ ૧૦માં ત્રણ વખત નાપાસ થયા બાદ પણ હાર માન્યા વિના મહેનત કરી આજે કોલેજમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે. પરંતુ તેમના જ ભત્રીજાએ આત્મઘાતી પગલું ભરી લેતા આખો પરિવાર શોકમાં ડૂબી ગયો છે. આ ઘટનાની જાણ થતાં સચિન પોલીસ સ્ટેશનનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે હાલમાં આપઘાતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. આ કરૂણ ઘટનાએ ફરી એકવાર વિદ્યાર્થીઓ પરના શૈક્ષણિક દબાણ અને તેના ગંભીર પરિણામો તરફ સૌનું ધ્યાન દોર્યું છે.

# સુરતના રાંદેર-ગોરાટ રોડ પર બંગલામાં આગ લાગતા અફરાતફરી

(સંવાદાતા દ્વારા)
સુરત, તા.૯

સુરતના રાંદેર-ગોરાટ રોડ પર આવેલા જૈનબ બંગલામાં શનિવારે મોડી રાત્રે અચાનક આગ ફાટી નીકળતા અફરાતફરી મચી ગઈ હતી. સદનસીબે, ફાયર વિભાગની તાત્કાલિક કામગીરીને પગલે ગણતરીના સમયમાં જ આગ પર કાબૂ મેળવી લેવાયો હતો, જેના કારણે મોટી જાનહાનિ ટળી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, રાંદેર-ગોરાટ રોડ પર દિવાળીબાગ પાછળ આવેલ જૈનબ બંગલામાં યુનિસભાઈના મકાનના બીજા માળે આવેલા બેડરૂમમાં શનિવારે મોડી રાત્રે આગની ઘટના બની હતી. આગના કારણે ધુમાડાના ગોટેગોટા નીકળતા આસપાસના લોકો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા. આ ઘટનાની જાણ તાત્કાલિક ફાયર વિભાગને કરવામાં આવતા, અડાજણ સહિત વિવિધ ફાયર સ્ટેશનની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર વિભાગના જવાનોએ યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી હતી અને લગભગ અડધા કલાકના સઘન પ્રયાસો બાદ આગ પર સંપૂર્ણપણે કાબૂ મેળવી લીધો હતો. ફાયર વિભાગની આ ત્વરિત કામગીરીને કારણે આગને મકાનના અન્ય ભાગોમાં ફેલાતી અટકાવી શકાઈ હતી. સૌથી રાહતની વાત એ રહી કે, જે સમયે આગ લાગી, તે સમયે બેડરૂમમાં કોઈ વ્યક્તિ હાજર ન હતી. જેના કારણે કોઈ જાનહાનિ થઈ ન હતી અને એક મોટી દુર્ઘટના ટળી હતી. આગ કયા કારણોસર લાગી તે અંગેની તપાસ ફાયર વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી છે.

# સાવલી તાલુકામાં છ વર્ષનો બાળક ગુમ થયા બાદ તળાવમાંથી લાશ મળતા ચકચાર

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૯

સાવલી તાલુકાના પ્રથમપુરા ગામના તળાવમાંથી છ વર્ષના બાળકનો મૃતદેહ મળતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. ગામના તળાવમાંથી બાળકનો મૃતદેહ મળતા ગ્રામજનોના ટોળા એકત્રિત થયા હતા. સાવલી પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહનો કબજો મેળવી પીએમની તજવીજ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે બે દિવસ અગાઉ પ્રથમપુરા ગામમાંથી છ વર્ષનો ભવ્ય બાળક ગુમ થયાની જાણ સાવલી પોલીસને કરવામાં આવ્યા બાદ પોલીસે ગુનો નોંધ્યો હતો બાદમાં રહસ્યમય સંજોગોમાં લાશ મળતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# વિમેન્સ વર્લ્ડકપ ટીમ ઈન્ડિયાની બોલર રાધા યાદવનું વડોદરામાં ભવ્ય સ્વાગત

(સંવાદદાતા દ્વારા)વડોદરા, તા.૯

આઈસીસી વુમન્સ ક્રિકેટ વર્લ્ડ કપમાં ચેમ્પિયન ટીમ ઈન્ડિયાની ઓલ રાઉન્ડર અને વડોદરાની રાધા યાદવ ગતરાત્રે વડોદરામાં હવાઈ માર્ગે આવી પહોંચી હતી. એરપોર્ટ પર ક્રિકેટ પ્રેમીઓ મોટી સંખ્યામાં ઊમટી પડ્યા હતા. જે બાદ એરપોર્ટથી છ કિલોમીટરનો તેનો ભવ્ય રોડ શો યોજાયો હતો. જેમાં સાંસદ, મેયર, કાઉન્સિલરો સહિત રાજકારણીઓ જોડાયા હતા.

મુંબઈમાં મિલેનિયમ વર્ષના એપ્રિલ મહિનાની તારીખ ૨૧મી એ જન્મેલી રાધા યાદવ રાઈટ હેન્ડ બેટીંગ અને લેફટ આર્મ ઓર્થોડોક્સ બોલર છે. એક સામાન્ય પરિવારથી આવતી રાધાને સફળ ક્રિકેટર બનાવવા માટે તેના પિતા ઓમ પ્રકાશ વડોદરા આવ્યા હતા મૂળ ઉત્તર પ્રદેશના વતની એવા યાદવ પરિવારે રાધાનું કોચિંગ ૧૨ વર્ષની હતી ત્યારથી જ શરૂ કરાવ્યું હતું રાધા એ વર્ષ ૨૦૧૮માં દક્ષિણ આફ્રિકા સામે ટી ૨૦માં ૧૭ વર્ષની ઉંમરે ડેબ્યૂ કર્યું હતું. ઓલ રાઉન્ડર તરીકે સતત પર્ફોર્મન્સ આપતી રાધાનો આઈસીસી ક્રિકેટ વર્લ્ડ કપની ટીમ ઇન્ડિયામાં સમાવેશ થયો હતો. ટીમ ઈન્ડિયા ઈતિહાસમાં સર્વપ્રથમ વખત વર્લ્ડ ચેમ્પિયન બનતા ચર્ચાના કેન્દ્રમાં છે. ચેમ્પિયન ટીમની ઓલ રાઉન્ડ ખેલાડી રાધા યાદવ આજે હરણી એરપોર્ટ ખાતે આવી હતી. જે બાદ કૃગારા ક્રિકેટ એકેડમી દ્વારા તેનો ભવ્ય રોડ શો યોજાયો હતો. હરણી એરપોર્ટથી ખુલ્લા વાહનમાં રાધા યાદવના ૬ કિલોમીટર રોડ સોની શરૂઆત થઈ હતી. જેમાં રાધાના કોચ કેટલાક ક્રિકેટર્સ અને મોટી સંખ્યામાં ક્રિકેટના ચાહકો જોડાયા હતા.

# વડોદરા : ૮ અને ૨૩ વર્ષ જૂના અપહરણ કેસના બે આરોપી ઝડપાયા

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૯

વડોદરા શહેરમાં અપહરણના બનેલા જુદા જુદા બે બનાવના આરોપીઓ લાંબાસમય બાદ પોલીસને હાથ લાગ્યા છે. ગોરવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આઠ વર્ષ પહેલાં પાંચ વર્ષની બાળકીના અપહરણનો બનાવ બન્યો હતો. જેમાં દિનેશ મંગળાભાઇ ડામોર (રહે. મોટા મસ્કા,બાંસવાડા, રાજસ્થાન)ને શોધવા પોલીસની ટીમો કામે લાગી હતી. ડીસીપી ઝોન-૧ના સ્કવોડને આરોપી વિશે માહિતી મળતાં રાજસ્થાન ખાતેના વતનમાંથી પોલીસે તેને ઝડપી પાડ્યો હતો. આવી જ રીતે જવાહરનગર વિસ્તારમાં પણ વર્ષ-૨૦૦૨માં એક સગીરાનું અપહરણ થતાં પોલીસ ફરિયાદ નોંધાઇ હતી..જેમાં આરોપી મહેન્દ્ર રામકુમાર જોષી (રહે. અહમદનગર, મહારાષ્ટ્ર, મૂળ રાજસ્થાન)નો પતો લાગતો નહતો. આરોપી બાજવા વિસ્તારમાં આવ્યો હોવાની વિગતો મળતાં જવાહરનગર પોલીસની ટીમોએ વોચ રાખી તેને ઝડપી પાડ્યો હતો.

# વડોદરા ગોલ્ડન ચોકડી નજીક ટુ વ્હિલરની ડીકી તોડી રોકડા બે લાખની ચોરી

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૯

ગોલ્ડન ચોકડી વજન કાંટા પાસે પાર્ક કરેલા ટુ વ્હિલરની ડીકીનું લોક તોડી તેમાં મૂકેલા રોકડા બે લાખ લઈને આરોપી ફરાર થઈ ગયો હતો. જે અંગે હરણી પોલીસે તપાસ હાથ ધરી છે.

નિઝામપુરા ઘેલાણી પેટ્રોલ પંપની પાછળ મહાકાળી ચોકમાં રહેતો જુનેદ ઈવેન્ટનું કામ કરે છે. હરણી પોલીસ સ્ટેશનમાં તેણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ગત ૩જી તારીખે મારે ફરાસખાનાનો સામાન લેવાનો હોઈ મારા ઘરેથી પપ્પાનો ચેક લઈને નિઝામપુરાની યુનિયન બેંકમાં ગયો હતો. ચેકથી દોઢ લાખ ઉપાડીને હું ઘરે ગયો હતો. ઘરેથી બીજા ૫૦ હજાર લઈને કુલ બે લાખ લઈને હું નિઝામપુરા ચાર રસ્તા નજીક જીગભાવ કોમ્પલેક્સ બોઈઝોન ઈવેન્ટની ઓફિસે ગયો હતો. હું ઓફિસથી મારા કાકાનું ટુ વ્હિલર લઈને ડીકીમાં રૂપિયા મૂકી ગોલ્ડન ચોકડીમાં પાર્ટી પ્લોટની બાજુમાં સુપ્રિમ કાંટા ખાતે અમારો સામાન ભરવા માટે ખાલી ટેમ્પાનું વજન કરાવવા ગયો હતો. મેં ટુ વ્હિલર થોડું દૂર પાર્ક કર્યુ હતું. વજન કરાવી હું ટુ વ્હિલરની ડીકીમાંથી પૈસા લેવા આવ્યો ત્યારે ડીકીમાં મૂકેલા બે લાખ નહતા. મેં તથા મારા સ્ટાફના મિત્ર ભવાનસિંહે આજુબાજુ તપાસ કરી હતી. પરંતુ, પૈસા મળ્યા નહતા. પૈસા મળી જશે, તેવી આશાથી મેં તે સમયે ફરિયાદ કરાવી નહતી. પરંતુ, પૈસા નહીં મળતા આજે હું ફરિયાદ કરવા આવ્યો છું.

# સુરતમાં આજે ડિજિટલ વસ્તી ગણતરી માટે પ્રિ-ટેસ્ટ લોન્ચ થશે

(સંવાદાતા દ્વારા) સુરત, તા.૯

દેશની પ્રથમ ડિજિટલ વસ્તી ગણતરીનો પ્રારંભ સુરતથી થઈ રહ્યો છે. ડિજિટલ વસ્તી ગણતરી માટે પ્રિ-ટેસ્ટ આજે લોન્ચ કરવામાં આવશે, ડિજિટલ વસ્તી ગણતરીનું લોન્ચિંગ પણ ડિજિટલ થશે અને ગુજરાતના મુખ્યમંત્રી આ કામગીરીને ઓનલાઈન લોન્ચ કરશે.ભારત સરકાર દ્વારા વસ્તી ગણતરી કરવા માટે પહેલી વખત ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ડિજિટલ વસ્તી ગણતરી માટે રાજ્યમાં એકમાત્ર સુરત શહેરમાં અને તે પણ સ્લમ એરિયા આવતો હોય એ પ્રકારે સિટી સર્વે બ્લોકની પસંદગી કરવામાં આવી છે. આ ઉપરાંત દેવગઢ બારિયાના ૨૬ ગામ, મોરબીના ટંકારાના ૨૫ ગામ મળીને માત્ર ત્રણ વિસ્તારની પસંદગી કરવામાં આવી છે.શહેરી વિસ્તારમાં એક માત્ર સુરતના સિટી સર્વે વોર્ડ નંબર ૨ની પસંદગી કરવામાં આવી છે. આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, આ સિટી સર્વે વોર્ડમા આવતી મિલકતનું ડિજિટલ મેપીંગ કરવામા આવશે આ પહેલા અધિકારી, કર્મચારીઓને ડિજિટલ નકશા આપી કામગીરી કરવામાં આવશે. સુરતમાં ડિજિટલ વસ્તી ગણતરીના પાયલોટ પ્રોજેક્ટ માટે સેન્ટ્રલ ચાર્જ ઓફિસર, સુપરવાઈઝર, ગણતરીદારને જવાબદારી સોંપવામા આવી છે. આ સાથે પાલિકાના સેન્સસ વિભાગના ૧૭૦ કર્મચારીઓના ઓર્ડર કાઢવામાં આવ્યા છે.

આ કર્મચારીઓને ત્રણ દિવસ માટે સુરત અડાજણના દિવાળી બાગ ખાતે આવેલી શાળામાં પ્રિ-ટેસ્ટની કામગીરીની તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમ બાદ કર્મચારીઓના મોબાઈલમાં વસ્તી ગણતરી માટે જે સોફ્ટવેરનો ઉપયોગ કરવાનો છે તે પણ ડાઉનલોડ કરી દેવામા આવ્યું છે. પાલિકાના ૧૭૦ કર્મચારીઓ ડિજિટલ વસ્તી ગણતરી માટે તૈયારી કરી ચુક્યા છે. આજે સવારે ૧૧:૧૫ વાગ્યા ડિજિટલ વસ્તી ગણતરીના પ્રિ-ટેસ્ટ ૨૦૨૭નું લોન્ચિંગ ઈવેન્ટ રાખવામા આવ્યુ છે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ડિજિટલ માધ્યમથી આ કાર્યક્રમને લોન્ચ કરશે. આ ડિજિટલ વસ્તી ગણતરી માટે પ્રિ-ટેસ્ટમાં ઘરોનું મેપિંગ કરવાનું, ઘરમાં વ્યક્તિની સંખ્યા, મકાનની ગણતરી, કેટલી સુવિધા છે, વોશરૂમ, લાઈટિંગ જેવી સુવિધા છે કે કેમ એની વિગતો ભેગી કરવામાં આવશે અને મોબાઈલ થકી જ ડિજિટલ મેપિંગ, ડિજિટલ વસ્તી ગણતરી કરવામાં આવશે. કર્મચારીઓ વોર્ડ વિસ્તારમાં જઈને મોબાઈલ પર હાઉસ મેપિંગ કરશે અને તે કામગીરી ૩૦ નવેમ્બર સુધીમાં પુરી કરી દેવાની રહેશે.

# વડગામના શહીદ જિજ્ઞેશ ચૌધરીને વતનમાં શ્રદ્ધાંજલિ : કેન્ડલ માર્ચ યોજાઈ



બનાસકાંઠાના વડગામ તાલુકાના મોટી ગીડાસણ ગામના શહીદ જવાન જિજ્ઞેશ ચૌધરીને તેમના વતન અને આસપાસના ગામોમાં શ્રદ્ધાંજલિ આપવામાં આવી. મોટી ગીડાસણ, ચુડાસણ, રૂપાલ સહિતના ગામોમાં કેન્ડલ માર્ચ યોજી શહીદને યાદ કરાયા હતા.આ કેન્ડલ માર્ચમાં મોટી સંખ્યામાં યુવાનો, વડીલો, મહિલાઓ અને બાળકો જોડાયા હતા. (તસવીર : જમીલ મેમણ, ડીસા)

# બંધારણમાં સુધારો કરી બરોડા ક્રિકેટ એસોસિએશનની ચૂંટણી લંબાવવાની ચેષ્ટા

### પૂર્વ એપેક્સ કાઉન્સિલ સભ્યની ઠરાવ માટે બેલેટ વોટિંગની માંગ

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૯

બરોડા ક્રિકેટ એસોસિએશનની ચૂંટણી જાહેર ન કરી દર ત્રીજા વર્ષે યોજાનારી ચૂંટણીના બંધારણમાં ફેરફાર કરી ચૂંટણી લંબાવવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાના આક્ષેપ સાથે પૂર્વ એપેક્સ કાઉન્સિલ સભ્યએ બેલેટ વોર્ટિંગ દ્વારા ઠરાવ કરવાની માગ કરી છે. એડવોકેટે બરોડા ક્રિકેટ એસોસિએશનના પ્રમુખને રજૂઆત કરી છે કે, ૮૫મી એન્યુઅલ જનરલ મીટિંગમાં બરોડા એસોસિએશનના બંધારણમાં સુધારામાટે ઉલ્લેખ કર્યા છે. નવા બંધારણની જોગવાઈ મુજબ જનરલ કે જનરલ બોર્ડની મીટિંગમાં હાજર સભ્યોની સંખ્યામાંથી ૩/૪ સભ્યો પાસ કરે અને ત્યારબાદ તે સુધારો નામદાર સુપ્રીમ કોર્ટમાં મંજૂરી માટે મેળવવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. હોદ્દેદારો દ્વારા બંધારણમાં છેડછાડ કરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. લોઢા કમિટી આવ્યા પછી જે હોદ્દેદારોની ઉંમર ૭૧ વર્ષ ઉપરાંત હતી તે તમામે સ્વેચ્છાએ રાજીનામાંઆપી દીધા હતા. હોદ્દેદારોનો સમય પૂરો થઈ ગયો હોવા છતાં જે સુધારો બંધારણમાં કરવા જઈ રહ્યા છે તે યોગ્ય નથી અને સામાન્ય સભ્યોને લાઈફ મેમ્બર બનાવવા અને સભ્યના કુટુંબમાંથી એક સભ્યને મેમ્બરશીપ આપવાની વાતનો છેદ ઉડાવી દીધો છે. સુધારો કરવાની મીટિંગમાં જે ઠરાવ કરવાનો છે તેમાં સભ્ય દ્વારા બેલેટ વોટિંગ કરવામાં આવે. બરોડા ક્રિકેટ એસોસિએશનના નાણાનો દુરુપયોગ થઈ રહ્યો છે. કોટંબી સ્ટેડિયમ રૂ.૨૨૫થી ૨૫૦ કરોડમાં થઈ શકે તેવી ચર્ચા હતી. હાલના સમયે રૂ.૩૫૦ કરોડ સુધીનો ખર્ચ સ્ટેડિયમ પાછળ થયો છે. તેમ છતાં ઈન્ટરનેશનલ સ્ટેડિયમ માટે ત્રીજા રસ્તાની કે વીઆઈપી રસ્તાની સુવિધા નથી. લાયકાત ન ધરાવનારને બરોડા ક્રિકેટ એસોસિએશન સોંપી દેવાની કાર્યવાહી પ્રમુખ દ્વારા થઈ રહી હોઈ તે યોગ્ય નથી. બીસીએના વર્ષો જૂના બંધારણ સાથે થઈ રહેલ છેડછાડ અને ચૂંટણી લંબાવવાની થઈ રહેલી ચેષ્ટાનો વિરોધ કરવો જોઈએ.

# મહિધરપુરા વિસ્તારમાં ગેસ્ટ હાઉસની આડમાં દેહવ્યાપાર : ૩ ગ્રાહકો સહિત પાંચ ઝડપાયા

(સંવાદાતા દ્વારા) સુરત, તા.૯

સુરત શહેરના મહિધરપુરા વિસ્તારમાં આવેલા રેલવે સ્ટેશન નજીકના બે ગેસ્ટ હાઉસમાં ચાલી રહેલા દેહવ્યાપારના ધંધા પર એન્ટિ હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ (AHTU) દ્વારા મોટા દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરોડામાં બે બાંગ્લાદેશી સહિત કુલ પાંચ મહિલાઓને મુક્ત કરાવવામાં આવી છે. પોલીસે બે સંચાલકો અને ત્રણ ગ્રાહકોની ધરપકડ કરી છે, જ્યારે અન્ય ત્રણ આરોપીઓને વોન્ટેડ જાહેર કરીને તેમની શોધખોળ હાથ ધરી છે.AHTUને તા.૮/૧૧/૨૦૨૫ના રોજ એક આધારભૂત બાતમી મળી હતી કે, સુરત રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ પારસ ગેસ્ટ હાઉસ અને વિજય ગેસ્ટ હાઉસમાં બાંગ્લાદેશી મહિલાઓને રાખીને દેહવ્યાપારનો વ્યવસાય કરાવવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે, AHTUની ટીમે મહિધરપુરા પોલીસના માણસોને સાથે રાખીને માહિતીનું વેરીફિકેશન કરાવ્યું હતું. માહિતી હકીકતલક્ષી જણાતા, સંયુક્ત પોલીસ ટીમે સુરત સેન્ટ્રલ રેલવે સ્ટેશન નજીકના આ બંને ગેસ્ટ હાઉસમાં એકસાથે રેડ કરી હતી. રેડ દરમિયાન ગેસ્ટ હાઉસમાં દેહવ્યાપારના વ્યવસાયનું સંચાલન કરતા અને મહિલાઓને મળતી રકમમાંથી કમિશન મેળવતા પારસ ગેસ્ટ હાઉસના સંચાલક નરેશ અમાલાભાઈ ગામીતને પોલીસે સ્થળ પરથી પકડી પાડ્યો હતો. તેની સાથે રાત્રિ દરમિયાન હોટલ સંભાળવામાં અને મદદગારી કરવામાં સંડોવાયેલા અન્ય એક ઈસમની પણ ધરપકડ કરવામાં આવી હતી. બંને ગેસ્ટ હાઉસમાંથી કુલ ૩ ગ્રાહકોની ધરપકડ કરવામાં આવી હતી, જેઓ દેહવ્યાપાર માટે આવ્યા હતા. ૨ બાંગ્લાદેશી મહિલાઓ અને ૩ પશ્ચિમ બંગાળ (કલકત્તા)ની મહિલાઓ મળી કુલ પોલીસે પાંચેય મહિલાઓને દેહ-વ્યાપારના વ્યવસાયમાંથી મુક્ત કરાવી હતી અને તેમને યોગ્ય કાઉન્સેલિંગ પણ પૂરૂં પાડ્યું હતું. રેડ દરમિયાન વિજય ગેસ્ટ હાઉસનો સંચાલક નાસી છૂટ્યો હતો. તેને તથા અન્ય બે ઈસમોને પોલીસે વોન્ટેડ જાહેર કરીને તેમની સઘન શોધખોળ શરૂ કરી છે. પોલીસે ગુનાના કામે કુલ રૂ.૫૦,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે, ૧૦, ૫૦૦ રૂપિયાના ૬ મોબાઈલ, રોકતા ૧૦,૫૦૦, અન્ય વસ્તુઓ સહિત હોટલ રજિસ્ટર કબજે કરવામાં આવ્યું છે. આ ઘટનાએ સુરત શહેરના રેલવે સ્ટેશન જેવા સંવેદનશીલ વિસ્તારમાં ચાલતા ગેરકાયદેસર દેહવ્યાપારના નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. પોલીસે આ સમગ્ર નેટવર્કના મૂળ સુધી પહોંચવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

કાઉન્સેલિંગ પણ પૂરૂં પાડ્યું હતું. રેડ દરમિયાન વિજય ગેસ્ટ હાઉસનો સંચાલક નાસી છૂટ્યો હતો. તેને તથા અન્ય બે ઈસમોને પોલીસે વોન્ટેડ જાહેર કરીને તેમની સઘન શોધખોળ શરૂ કરી છે. પોલીસે ગુનાના કામે કુલ રૂ.૫૦,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે, ૧૦, ૫૦૦ રૂપિયાના ૬ મોબાઈલ, રોકતા ૧૦,૫૦૦, અન્ય વસ્તુઓ સહિત હોટલ રજિસ્ટર કબજે કરવામાં આવ્યું છે. આ ઘટનાએ સુરત શહેરના રેલવે સ્ટેશન જેવા સંવેદનશીલ વિસ્તારમાં ચાલતા ગેરકાયદેસર દેહવ્યાપારના નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. પોલીસે આ સમગ્ર નેટવર્કના મૂળ સુધી પહોંચવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

# આણંદમાં ઉમ્મીદ ગ્રુપના ઉપક્રમે રક્તદાન કેમ્પ યોજાયો



(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૯

આણંદમાં રક્તદાન અને શૈક્ષણિક ક્ષેત્રે કાર્યરત ઉમ્મીદ ચેરીટેબલ ટ્રસ્ટ (ઉમ્મીદ ગૃપ) દસ વર્ષ પૂર્ણ કરી ૧૧માં વર્ષમાં પ્રવેશ કરતા આજે ધાસવાલા હાઈસ્કૂલ ખાતે રક્તદાન કેમ્પ અને બ્લડગૃપ ચકાસણી કેમ્પ યોજવામાં આવ્યો હતો.ઉમ્મીદ ગૃપ દ્વારા ઈન્દુ બ્લડ બેંકનાં સહકારથી યોજાયેલા આ રક્તદાન કેમ્પમાં મોટી સંખ્યામાં રક્તદાતાઓ દ્વારા રક્તદાન કરવામાં આવ્યું હતું. તેમજ બ્લડગૃપની ચકાસણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉમ્મીદ ગૃપનાં સરફરાજ ઉર્ફે ટીકુ કાજલએ જણાવ્યું હતું કે, સમાજમાં રક્તદાનની જાગૃતિ અને આકસ્મિક સંજોગોમાં રક્તની પડતી તકલીફ અને અછતને નિવારવા માટે દસ વર્ષ પૂર્વે રક્તદાન કેમ્પ સાથે રક્તદાન જાગૃતિ માટેની શરૂઆત કરી હતી. ઉમ્મીદગૃપ દ્વારા માત્ર રક્તદાન કેમ્પનું આયોજન નહી પણ વર્ષ દરમિયાન જ્યારે પણ દર્દીઓને કે હોસ્પિટલમાં આકસ્મિક સંજોગોમાં રક્તની જરૂરીયાત પડે છે, ત્યારે ઉમ્મીદ ગૃપનાં રક્તદાતાઓ રક્તદાન કરવામાં મોખરે હોય છે, તેમજ શૈક્ષણિક ક્ષેત્રે પણ કામગીરી કરવામાં આવી રહેલ છે. આ પ્રસંગે ઉમ્મીદ ગૃપનાં રીયાજ ઉર્ફે રીલુ વ્હોરા, ડૉ.જાવેદ વ્હોરા, નદીમ વહોરા, આસીફ તાજ, સમીર એનડી સહિત યુવાનોએ ભારે ઝહેમત ઉઠાવી રક્તદાન કેમ્પને સફળ બનાવ્યો હતો.

# અંકલેશ્વરના દઢાલ ગામ ખાતે ફ્રી મેડિકલ કેમ્પ યોજાયો

### ટાઈગર ટિહ ફાઉન્ડેશનના ચેરમેન હનીફભાઈ પાંચભાયાના સહયોગથી ૨૫૦ જેટલા દર્દીઓએ ફ્રી મેડિકલ કેમ્પનો લાભ લીધો

અંકલેશ્વર, તા.૯

અંકલેશ્વર તાલુકાના દઢાલ ગામે આજરોજ ટાઈગર ટિહ ફાઉન્ડેશનના સૌજન્યથી ફ્રી મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

ટાઈગર ટિહ ફાઉન્ડેશનના સંયોજક હનીફભાઈ પાંચભાયા અને લાઈફ લાઇન હોસ્પિટલ અને નર્સિંગ હોમના સૌજન્યથી અત્રેના દઢાલ ગામે અહમદ મહમદ પટેલ કૉમ્યુનિટી હૉલ ખાતે ફ્રી મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં નાના બાળકો તથા નવજાત શિશુઓના નિષ્ણાંત, હાડકાંના રોગના નિષ્ણાંત, આંખોના રોગના નિષ્ણાંત, હૃદય, ડાયાબિટીસ, બલ્ડ પ્રેશર તથા દાંતના રોગોના નિષ્ણાત તબીબોએ સેવાઓ બજાવી હતી. આ કેમ્પમાં લગભગ ૨૦૦થી ૨૫૦ જેટલા દર્દીઓને તપાસી રોગોનું નિદાન કરવામાં આવ્યું હતું.



(તસ્વીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

આ કેમ્પમાં ડૉ. બિલાલ હિદાયત, ડૉ. નીરજ ગુપ્તા, ડૉ. પાર્થ રંગપરિયા, ડૉ. નીરવસિંહ રાવલજી, ડૉ. અસલમ ખત્રિ, ડૉ. ધરૂ મોદી, ડૉ. શાહીલ શેખ, ડૉ. જમાલ ચૌધરી વગેરે તબીબો એ સેવા બજાવી હતી. જે બદલ ટાઈગર ટિહ ફાઉન્ડેશનના સહયોગ બદલ તમામ લોકોએ આભાર વ્યક્ત કર્યો હતો.

મંત્રી ઈશ્વરસિંહ પટેલ ઉપસ્થિત રહ્યા

# તળપદા કોળી પટેલ સમાજ ઉત્કર્ષ મંડળ અંકલેશ્વર દ્વારા પ્રથમ તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૯

અંકલેશ્વર ખાતે તળપદા કોળી પટેલ સમાજ ઉત્કર્ષ મંડળ દ્વારા પ્રથમ તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં રાજ્ય સરકારના જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.શ્રી તળપદા કોળી પટેલ સમાજ ઉત્કર્ષ મંડળ અંકલેશ્વર ભરૂચ જિલ્લા દ્વારા અંકલેશ્વરના શારદા ભવન ટાઉન હોલ ખાતે રાજ્ય સરકારના જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલની અધ્યક્ષતા હેઠળ પ્રથમ તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં ઓએનજીસીના એસેટ મેનેજર. કે. એન સુખાનંદન, નગરપાલિકા પ્રમુખ લલીતાબેન રાજપુરોહિત, તાલુકા પંચાયતના પ્રમુખ પુષ્પાબેન પટેલ, પાલિકાના કારોબારી અધ્યક્ષ નિલેશ પટેલ શહેર ભાજપ પ્રમુખ ધર્મેન્દ્ર પુષ્કર્ણા ઉપસ્થિત રહ્યા હતા. આ તેજસ્વી તારલા સન્માન સમારોહમાં ધોરણ ૧૦, ૧૨ તેમજ સ્નાતક અને ઊંચ ડિગ્રી મેળવેલ તેમજ રમત ગમત ક્ષેત્રમાં સિદ્ધિ હાંસલ કરેલ વિદ્યાર્થીઓનો સમાવેશ કરાયો હતો અને રાજ્ય મંત્રી ઈશ્વરસિંહ પટેલ સહિત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સાથે તળપદા કોળી પટેલ સમાજના ટ્રસ્ટીઓએ રાજ્ય મંત્રી ઈશ્વરસિંહ પટેલનું સન્માન કર્યું હતું. આ પ્રસંગે ઈશ્વરસિંહ પટેલે આવનાર વર્ષોમાં વિદ્યાર્થીઓ ઉંચ્ચ કારકિર્દી બનાવી પરિવાર તેમજ સમાજનું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે તળપદા કોળી પટેલ સમાજના પ્રમુખ પી.ડી પટેલ. ઉપપ્રમુખ નરેન્દ્ર પટેલ, ભીખાભાઈ પટેલ, રમણભાઈ પટેલ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

# ધ્રાંગધ્રા પાલિકાના ભાજપના મહિલા સદસ્ય સામે પોલીસ ફરિયાદ

કોર્ટ કમ્પાઉન્ડમાં જ મહિલા વકીલ સાથે રકઝક કરી અપશબ્દો બોલતા કાર્યવાહી

ધ્રાંગધ્રા, તા.૯

ધ્રાંગધ્રા નગરપાલિકાના વોર્ડ નંબર ૮ના મહિલા કાઉન્સિલર વૈશાલીબેન મકવાણા વિરૂદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. તેમના પર કોર્ટ પરિસરમાં એક મહિલા વકીલ સાથે માથાકૂટ કરવા અને અપશબ્દો બોલવાનો આરોપ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, આ ઘટના ધ્રાંગધ્રા કોર્ટ પરિસરમાં બની હતી. વકીલ રાધાબેન લકુમ કોર્ટમાં હાજર હતા ત્યારે કાઉન્સિલર વૈશાલીબેન મકવાણા તેમની પાસે ગયા હતા. વૈશાલીબેને રાધાબેનને તેમની બહેનની કોર્ટ મેટરમાં રસ લેવા અંગે પ્રશ્ન કર્યો હતો.

આ પ્રશ્ન બાદ બંને વચ્ચે માથાકૂટ થઈ હતી. ફરિયાદમાં જણાવાયું છે કે, વૈશાલીબેને મહિલા વકીલ રાધાબેન સાથે અપશબ્દો બોલી તેમને ધક્કો માર્યો હતો.

આ ઘટના અંગે મહિલા વકીલ રાધાબેન લકુમે ધ્રાંગધ્રા તાલુકા પોલીસ મથકે કાઉન્સિલર વૈશાલીબેન મકવાણા વિરૂદ્ધ ગુનો નોંધાવ્યો છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

દેડિયાપાડા ખાતે સંવેદના પર્વનું આયોજન

# એકબીજાને સમજવાની શરૂઆત સઘળી સમસ્યાનું સમાધાન છે : ડો. મતાઉદ્દીન ચિશ્તી

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૯

દેડીયાપાડા ખાતે મોટામિયાં માંગરોળની ઐતિહાસિક ગાદીના હાલના અધિકૃત ગાદીપતિ - સજ્જાદાનશીન હિઝ હોલીનેસ ખ્વાજા સલીમુદ્દીન ફરીદુદ્દીન ચિશ્તી સાહેબના સુપુત્ર અને અનુગામી ડો. મતાઉદ્દીન ચિશ્તી સાહેબના સાનિધ્યમાં સંવેદના પર્વનું રમણભાઈ ભગત પરિવાર તરફથી સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.દેડીયાપાડા ખાતે આગમન થતા પરંપરાગત રીતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. સંવેદના પર્વની શરૂઆત બાળાઓ દ્વારા પ્રાર્થના, સ્વાગત ગીત તથા સાંસ્કૃતિક કાર્યક્રમથી કરવામાં આવી હતી. સ્વાગત પ્રવચન નટુભાઈ ચૌધરીએ કર્યું હતું, જયારે સમગ્ર સંચાલન કુંવરજી ભાઈ વસાવા ઈશ્વરભાઈ ચૌધરી, દ્વારા કરવામાં આવ્યું હતું.

ઉપસ્થિત વિવિધ ધર્મના લોકોને સંબોધન કરતા ડો. મતાઉદ્દીન ચિશ્તીએ જણાવ્યું કે, દરેક મનુષ્ય માટે હાલમાં સંસાર, સમાજની જવાબદારી નિભાવતા આધ્યાત્માનો પાઠ પણ શીખવાનો ખૂબ જરૂરી છે. આ સાથે ગાદીની પરંપરા અનુસાર ઘેર ઘેર સંસ્કાર આપી, શિક્ષણ મેળવવા, વ્યસન મુકિત સહિત ઘેર ઘેર વૃક્ષ વાવવા આપવા ખાસ હાકલ કરી.

ડો. મતાઉદ્દીન ચિશ્તી સાથે તેમના જયેષ્ઠ પુત્ર નિઝામુદ્દીન ચિશ્તીએ પણ ખાસ ઉપસ્થિત રહી ઉદાહરણ આપી જણાવેલ કે આપણે સૌએ ખુદાની સાચા દિલથી ઈબાદત કરવી જોઈએ. સંવેદના પર્વમાં તાલુકા તેમજ જિલ્લાના ભાઈઓ, બહેનો, બાળકો, શ્રદ્ધાળુઓ સહિત ધાર્મિક અને સામાજીક આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા, તમામ આમંત્રિત મહેમાનોના ભોજન માટે સુંદર વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. આ સાથે મહેફિલ એ સમા તેમજ ભજનનો પણ ભવ્ય કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.



(તસવીર : મુનીર શેખ, અંકલેશ્વર)

# સુરત : નોકરીના બહાને વડોદરાની ગૃહિણી સાથે ઠગાઈ, દંપતીની ધરપકડ

ઈલેક્ટ્રીકલ એન્જિનિયર મહિલા પાસે સુરતના દંપતીએ ૧૮ લાખ પડાવી બોગસ જોઈનિંગ લેટર પધરાવ્યો

(સંવાદાતા દ્વારા) સુરત, તા.૯

સુરતના કતારગામ ખાતે પિયરમાં રહેવા આવેલી આવેલી વડોદરાની ઈલેક્ટ્રીકલ એન્જિનિયર ગૃહિણીને ઓએનજીસીમાં નોકરી અપાવવાના બહાને રૂા.૧૭.૮૦ લાખ પડાવનાર સુરતના દંપતીની કતારગામ પોલીસે ધરપકડ કરી છે. ઈલેક્ટ્રીકલ એન્જિનિયર મહિલા પાસે સુરતના દંપતીએ ૧૭.૮૦ લાખ રૂપિયા પડાવી બોગસ જોઈનિંગ લેટર પધરાવ્યો હતો.મળતી માહિતી પ્રમાણે, સુરતના કતારગામ ખાતે પિયરમાં રહેવા આવેલી વડોદરાની ઈલેક્ટ્રીકલ એન્જિનિયર ગૃહિણીને ઓએનજીસીમાં નોકરી અપાવવાના બહાને સુરતના કતારગામના જ દંપતી કિંજલ-નિર્મળ રઘુભાઈ ધાનાણી (રહે. મકાન નં.૭, વસનજીપાર્ક સોસાયટી, કંતારેશ્વર મહાદેવ મંદિરની પાસે, કતારગામ, સુરત)એ રૂા.૧૭.૮૦ લાખ લઈ બોગસ જોઈનિંગ લેટર આપ્યો હતો. મહિલા ઓએનજીસીમાં તપાસ કરવા ગઈ ત્યારે દંપતીનો ભાંડો ફૂટતા પૈસા પરત માંગતા દંપતીએ પૈસા પરત કરવાને બદલે ધમકી આપી હતી. આખરે મહિલાએ ૨૬ સપ્ટેમ્બરના રોજ કતારગામ પોલીસ મથકમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. કતારગામ પોલીસે આ બનાવમાં ૮ નવેમ્બરના રોજ જોબ પ્લેસમેન્ટનું કામ કરતા પતિ નિર્મળ રઘુભાઈ ધાનાણી (ઉં.વ.૩૭, મૂળ રહે. આણંદપુર, તા.વલ્લભીપુર, જિ.ભાવનગર) અને તેની પત્નીની ધરપકડ કરી હતી. વધુ તપાસ પીએસઆઈ પી.જી.વાઘેલા કરી રહ્યા છે.

# ૮.૨૫ કરોડનું કેમિકલ સગેવગે કરનાર નવ ડ્રાઈવરોની ધરપકડ કરતી વાલિયા પોલીસ

● ગોદરેજ કંપનીમાં વિદેશથી આયાત કરેલ રો-મટીરિયલ સગેવગે કરી વિશ્વાસઘાત કર્યો ● વાલિયા પોલીસે ૨.૫૦ લાખના ૨૦ ટેન્કરો જપ્ત કર્યા

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૯

વાલિયાના કનેરાવ ગામની સીમમાં આવેલ ગોદરેજ કંપનીમાં વિદેશથી આયાત કરેલ રો-મટિરિયલ્સ ટ્રાન્સપોર્ટર, સબ-ટ્રાન્સપોર્ટરો અને સહભાગી સહિત ડ્રાઈવરોએ ૮.૨૫ કરોડનું કેમિકલ સગેવગે કરી વિશ્વાસઘાત કર્યો હોવાનું વાલિયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી, આ મામલામાં વાલિયા પોલીસે નવ ડ્રાઈવરોની ધરપકડ કરી રૂા.૨.૫૦ કરોડના ૨૦ ટેન્કરો જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

વાલિયા તાલુકાના કનેરાવ ગામની સીમમાં આવેલ ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ કંપની દ્વારા ઈન્ડોનેશિયા, મલેશિયા, લેટિન, અમેરિકા અને થાઈલેન્ડમાંથી કાચો અને પાકો માલ આયાત કરવામાં આવે છે. જે તમામ મટિરિયલ્સ નવી મુંબઈના નહવા શેવા પોર્ટથી કંપનીએ નક્કી કરેલ ટ્રાન્સપોર્ટ દ્વારા પહોંચાડવામાં આવે છે.ત્યારે ૧લી એપ્રિલથી ઉજી નવેમ્બર સુધીમાં લિંક લોજીસ્ટિક્સ મુંબઈ, ટ્રાન્સલીક મુંબઈ, સોનું કાર્ગો મુંબઈ અને તાઝ ટ્રાન્સપોર્ટ મુંબઈ, સબ ટ્રાન્સપોર્ટના ડ્રાઈવરો તેમજ સહભાગીદારોની કાર્ગો મુંબઈ અને તાઝ ટ્રાન્સપોર્ટ મુંબઈ,સબ ટ્રાન્સપોર્ટના ડ્રાઈવરો તેમજ સહભાગીદારોની મિલીભગતથી કંપનીમાં કેમિકલ્સનું પરિવહન કરતા વાહનોમાંથી રસ્તામાં ટ્રાન્સપોર્ટરો અને ડ્રાઈવરો તેમજ સહભાગીદારોએ રો-મટિરિયલ્સ સગેવગે કરી કંપની સાથે ૮.૨૫ કરોડની છેતરપિંડી કરતા કંપની દ્વારા વાલિયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી હતી દરમ્યાન વાલિયા પોલીસે ડ્રાઈવર સંજીવ યાદવ, શાહેઆલમ ખાન, અખિલેશ પાંડે, રૂપેશ ભોઈર, રમેશ યાદવ, અમબ્રેજ યાદવ, ઈસરાક અહમદ, રોહિત નામદેવ અને મહંમદ મારૂફ સુલતાનની ધરપકડ કરી રૂપિયા ૨ કરોડ ૫૦ લાખના ૨૦ ટેન્કરો જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

# સુરેન્દ્રનગરના તરણેતર ડેમમાંથી મળ્યો યુવકનો મૃતદેહ

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૯

થાનગઢ નજીક આવેલા સુપ્રસિદ્ધ તરણેતર ગામના ડેમમાંથી એક યુવકનો મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. મૃતદેહ જે હાલતમાં મળી આવ્યો છે તે જોતાં આ હત્યાનો મામલો હોવાની ગંભીર આશંકા સેવાઈ રહી છે. મૃતક યુવકની લાશ ડેમના પાણીમાંથી મળી આવી છે. યુવકનો મૃતદેહ અંદાજે ચારથી પાંચ દિવસ પાણીમાં હતોસૌથી ગંભીર બાબત એ છે કે યુવકનો મૃતદેહ પથ્થરથી બાંધેલી હાલતમાં મળી આવ્યો છે, જે સ્પષ્ટપણે દર્શાવે છે કે આ કોઈ સામાન્ય અકસ્માત કે આત્મહત્યાનો કેસ નથી. હત્યા કરીને પુરાવા છુપાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ ગંભીર બનાવની જાણ થતાં જ થાનગઢ પોલીસ સ્ટેશનનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે ડેમમાંથી યુવકની લાશનો કબજો લીધો હતો અને તેને પોસ્ટમોર્ટમ માટે ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી. પથ્થરથી બાંધેલો મૃતદેહ મળવાના કારણે પોલીસે આ કેસને અત્યંત ગંભીરતાથી લીધો છે. પોલીસે મૃતક યુવકની ઓળખ કરવા તેમજ ગુનો આચરનારા આરોપીઓ સુધી પહોંચવા માટે આસપાસના વિસ્તારમાં પૂછપરછ અને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. આ ઘટનાએ તરણેતર જેવા શાંતિપ્રિય વિસ્તારમાં સનસનાટી મચાવી દીધી છે. પોલીસ દ્વારા ટૂંક સમયમાં જ હત્યા પાછળનું કારણ અને હત્યારાઓને ઝડપી પાડવામાં આવે તેવી લોકમાગ છે.

# બનાસકાઠામાં ગેરકાયદેસર દવાઓના ઉત્પાદન અને વિતરણ કરનાર દંપતીની ધરપકડ

(સંવાદદાતા દ્વારા)

ડીસા, તા.૯

બનાસકાંઠામાં નશીલા પદાર્થોના કાળા વેપાર મામલે કેન્દ્રીય નાર્કોટિક્સ બ્યુરો (CNB)ની નિમચ ટીમે મોટી કાર્યવાહી હાથ ધરી ગેરકાયદેસર દવાઓના ઉત્પાદન અને વિતરણના કેસમાં વધુ બે આરોપીઓ અમદાવાદની એનડી ફાર્માસ્યુટિકલ કંપનીના માલિક સમીક્ષા મોદી અને તેના પતિ માર્કેટિંગ ડાયરેકટર સુનિલ મોદીની શનિવારે ધરપકડ કરવામાં આવી છે. તેમની પાસેથી રૂા.૩.૮૦ લાખ રોકડા અને દવાઓનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. અમદાવાદના એનડી ફાર્માસ્યુટિકલ કંપનીના સમીક્ષા મોદી અને તેના પતિ માર્કેટિંગ ડાયરેક્ટર સુનિલ મોદીની શનિવારે ધરપકડ કરવામાં આવી છે.

તેમની પાસેથી રૂા.૩.૮૦ લાખ રોકડા અને દવાઓનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. સુનિલ મોદી અને સમીક્ષા મોદીએ નશીલી દવાઓના વેચાણ માટે બનાસકાંઠા જિલ્લાના અંતરિયાળ ગામડાઓના યુવકોનો સંપર્ક કર્યો હતો. ધાનેરા અને થરાદથી અગાઉ જે બે યુવકો ઝડપાયા હતા તે હાલ પાલનપુરની જેલમાં છે.

કેન્દ્રીય નાર્કોટિક્સ બ્યુરોની ટીમે ફેબ્રુઆરી મહિનામાં ધાનેરા અને થરાદ વિસ્તારમાં રેડ કરીને બે આરોપીઓને પકડી પાડ્યા હતા, જ્યાંથી અંદાજે ૫ કરોડ રૂપિયાની પ્રતિબંધિત દવાઓ જપ્ત કર્યા હતા. તે પછીની તપાસ દરમિયાન બહાર આવ્યું હતું કે, આરોપીઓએ અમદાવાદની એન.ડી. ફાર્માસ્યુટિકલ કંપની ખોલી NDPS એક્ટ હેઠળની દવાઓનું ગેરકાયદેસર ઉત્પાદન અને સપ્લાય કર્યું હતું. તપાસમાં એ પણ સામે આવ્યું કે, તેઓ નશીલી અને ગર્ભપાત માટે પ્રતિબંધિત દવાઓનું ઉત્પાદન અને વેચાણ કરી રહ્યા હતા.ઉપરાંત ૧૫૫૦૦ કોડીન દવા પણ માર્કેટમાં સપ્લાય કરી છે. સમગ્ર કાર્યવાહી બાદ કેન્દ્રીય નાર્કોટિક્સ બ્યુરોની ટીમ અમદાવાદથી દંપતીની ધરપકડ કરીને પાલનપુરની કોર્ટમાં રજૂ કરી ૭ દિવસની રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી. જ્યાં કોર્ટે પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.કેન્દ્રીય નાર્કોટિક્સ બ્યુરોના અધિકારી પ્રવીણ ધૂલે જણાવ્યું કે, "અમે જ્યારે થરાદ અને ધાનેરાથી આરોપીઓને પકડ્યા એના પછી જે દવાઓ મળી હતી તે લેબમાં પરીક્ષણ કરાવ્યું હતું અને તેમાં પ્રતિબંધિત ડ્રગ હોવાનું સામે આવ્યું હતું. અમે ત્યારથી જ દવાઓનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો તેને લઈ આરોપીઓની શોધખોળ કરી રહ્યા હતા. આખરે અમને સફળતા મળી છે. નશીલા પદાર્થોના નેટવર્કમાં જોડાયેલા અન્ય આરોપીઓની શોધખોળ પણ ચાલી રહી છે.

જુલાઈ ૨૦૧૭માં સમીક્ષા સુનિલકુમાર મોદીએ રિટેલ બિઝનેસ અને હોલસેલ બિઝનેસમાં કંપનીનું રજિસ્ટ્રેશન કરાવ્યું. વાર્ષિક ૧૦ કરોડના ટર્ન ઓવરની એનડી ફાર્માસ્યુટિકલ્સ કંપની ગોતામાં શરૂ કરીને શરૂઆતના વર્ષોમાં ફાર્મા કંપનીની દવાઓ સપ્લાય કરતા હતા પરંતુ પાછલા ત્રણ વર્ષથી માર્કેટમાં પ્રતિબંધિત દવાઓ સપ્લાય કરવાનું શરૂ કર્યું હતું. જેમાં અત્યાર સુધી પાંચ કરોડની ૪૨.૫૧ લાખ ટેબલેટ માર્કેટમાં સપ્લાય કરી વેચી હોવાનો ખુલાસો નાર્કોટિક્સ બ્યુરો એ કર્યો છે.

# હિંમતનગરની ધ બિગબુલ પોન્ઝી સ્કીમ સામે ૧.૪૪ કરોડની ફરિયાદ દાખલ



(તસવીર : વારિસ સૈયદ, હિંમતનગર)

(સંવાદદાતા દ્વારા)

હિંમતાનગર, તા.૯

સાબરકાંઠામાં પોન્ઝી સ્કીમ મામલે સોં થી દોઢસો લોકો સાથે આશરે રૂા.૧૫ કરોડની છેતરપિંડી થઈ હોવાનો આક્ષેપ સામે આવ્યો છે, BZ અને AR ગ્રુપની છેતરપિંડી બાદ ધ બિગબુલ ફેમિલી નામની પેઢી ખોલી રોકાણકારો સાથે છેતરપિંડી કરવામાં આવી છે તો રોકાણકારોએ એસપી સહિત ડીવાયએસપીને આ મામલે રજૂઆત કરી હતી અને હિંમતનગર બી ડિવિઝન પોલીસ મથકે છેતરપિંડી કરનાર શખ્સો જગદીશ ગોસ્વામી તેમની પત્ની શીતલ ગોસ્વામી મનીષ ગોવિંદભાઈ પટેલ વિપુલસિંહ બાદલસિંહ ચૌહાણ તેમજ અન્ય બે એજન્ટ મળી કુલ છ શખ્સ વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ છે. જેમાં રૂપિયા ૧ કરોડ ૪૪ લાખ ૫૫ હજારની છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે. હિંમતનગરના શહેરના મધ્યમાં વિસ્તાર અમરસિંહ શોપિંગ મોલમાં ધ બિગબુલ પ્રા.લી.કંપની ખોલાઈ હતી ધ બિગબુલ પ્રા.લી.કંપની ઉપરોક્ત આરોપીઓએ પૂર્વ આયોજિત કાવતરૂં રચી ફરિયાદી તથા સાહેદોની રૂબરૂ મુલાકાતો કરી તેઓની ધ બિગબુલ ફેમિલી નામની કંપની ઈથીરિયમ તેમજ બીટકોઈન જેવી ક્રિપ્ટો કરંસીમાં રોકાણ કરતી હોવાની વાતો કરી રોકાણકારોના રૂપિયા ડિપોઝિટ તરીકે જમા કરાવી પાકતી મુદતે સાત ટકા માસિક વ્યાઝ સહિત પરત કરતા હોવાની લાલચ આપી ફરિયાદી તથા સાહેદોને જણાવેલ કે તેઓની કંપની રાષ્ટ્રીય કૃત બેન્કો અને નાણાકીય સંસ્થાઓ કરતા ઊંચું વ્યાઝ વળતર આપતાં હોવાની લોભામણી વાતચીતો કરી ફરિયાદી તેમજ સાહેદોને વિશ્વાસમાં લઈ તેઓની પાસેથી ૧,૪૪,૫૫,૦૦૦/-ની ડિપોઝિટ મેળવી લઈ તે બદલના એગ્રીમેન્ટ કરી આપી ફરિયાદી તથા સાહેદોને રકમ પરત નહીં આપી ફરિયાદી તથા સાહેદો સાથે ગુન્હાહિત વિશ્વાસઘાત કરી ગુન્હો કર્યાની ફરિયાદ નોંધાઈ છે. આમ BZ અને AR ગ્રુપ બાદ હવે અન્ય પાંચ પોન્ઝી સ્કીમો સામે તપાસની માંગણી કરવામાં આવી છે.

## મોડાસામાં ગેબનશાહ યંગ ગ્રુપ દ્વારા ખત્ના કેમ્પ યોજાયો

મોડાસા શહેરની રસીદાબાદ સોસાયટીના યુવાનો દ્વારા રચાયેલ ગેબનશાહ યંગ ગ્રુપ તરફથી ખત્ના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ માનવતાભર્યા કાર્યક્રમમાં ૪૨થી વધુ લોકોએ લાભ લીધો હતો.

આ કેમ્પને સફળ બનાવવા ગ્રુપના તમામ સભ્યોએ સંકલન અને વ્યવસ્થાપન માટે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમ દરમિયાન એહસાસ ગ્રુપ અને એકતા ગ્રુપના સભ્યોની હાજરી રહી હતી.

આ પ્રસંગે રોડ ટ્રાન્સપોર્ટના ચેરમેન સાજીદભાઈ ખાનજી, કોર્પોરેટર લાલાભાઈ, સાહિદ ગોલ્ડી, ઝુબેર બુલા અને સબ્બિર બાયડીયા ઉપસ્થિત રહ્યા હતા અને યુવાનોના આ માનવસેવાના કાર્યને બિરદાવ્યું હતું.

# નડિયાદ : ચાલવા નીકળેલ વેપારીની સોનાની ચેઈન તોડી બાઈક સવાર ફરાર

નડિયાદ, તા.૯

નડિયાદ ફતેપુરા રોડ પર આવેલ આંબાવાડીયુ કેફે નજીક પત્ની સાથે વોકિંગ કરી ઘેર પરત આવતા વેપારી ગળામાં પહેરેલ રૂપિયા એક લાખની કિંમતની સોનાની ચેઈન તોડી બાઈક સવાર ફરાર થઈ હોવાનો બનાવ ઉજાગર થતા ભારે ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી મુજબ, નડિયાદ ફતેપુરા રોડ, ભીમ તલાવડી પાસે આવેલ મલ્હાર રેસીડન્સીમાં રહેતા વેપારી ભાવિન ભાઈ મિલનભાઈ પંડ્યા (ઉં.વ.૩૯) અને પત્ની ચાંદનીબેન ગઈ કાલે સવારમાં મોટી કેનાલ તરફ ચાલીને ઘેર પરત ફરી રહ્યા હતા, ત્યારે ફતેપુરા રોડ પર આવેલ આંબાવાડીયુ કેફે નજીક પાછળથી બાઈક પર આવેલ એક ઈસમ વેપારી ભાવિન પંડ્યાના ગળામાં પહેરેલ રૂપિયા એક લાખની કિંમતની પેન્ડલ સાથેની સોનાની ચેઈન તોડી ફરાર થઈ ગયો હતો જોકે ચેઈન સ્નેચરના હાથમાંથી ચેઈનમાનુ સોનાનુ પેન્ડલ પડી જતા વેપારીને મળી આવ્યું હતું. મોટર સાયકલની ઝડપ વધુ હોવાથી ભાવિનભાઈ તેનો નંબર જોઈ શક્યા નહોતા. નડિયાદ પોલીસમાં ફરિયાદ થઈ છે.

# ભાવનગરમાં થયેલ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલતી નિલમબાગ પોલીસ

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૯

ભાવનગર શહેરમાં થયેલ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી સોનાના દાગીના અને રોકડ સહિત કુલ.રૂા.૨,૮૬,૦૦૦ના મુદ્દામાલ સાથે નિલમબાગ પોલીસે આરોપીને ઝડપી પાડી હતી.ભાવનગરના આઈ.જી.પી. ગૌતમ પરમાર ભાવનગર રેન્જ તથા પો.અધિક્ષક નિતેશ પાંડે તથા નાયબ પો.અધિક્ષક આર.આર.સિંઘાલ તરફથી શહેરમાં બનતી ચોરીની ઘટના અટકાવવા તેમજ ચોરીમાં સંડોવાયેલ ઈસમને શોધી કાઢવા સુચના આપી હતી જે અનુસંધાને નિલમબાગ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. બી.ડી.ઝાલા અનડીટેકડ ગુન્હાઓ શોધી કાઢવા વિસ્તારમાં સખ્ત અને સતત પેટ્રોલીંગ કરવા સુચના આપી હતી. જે અન્વયે ભાવનગર નિલમબાગ પોલીસ સ્ટેશનમાં કાળિયાબીડ ખાતે થયેલ ઘરફોડ ચોરી બાબતે નિલમબાગ પોલીસ સ્ટેશન ખાતે ભોગ બનનારે ફરિયાદ નોંધાવી હતી. જે બનાવની ગંભીરતાને ધ્યાને લઈ ફરિયાદની વિગતે કાળિયાબીડ રચના ૦૨ ફ્લેટ ભાવનગર ખાતે જઈ પો.કોન્સ. કુલદિપસિંહ બળવંતસિંહ તથા પો.કોન્સ. જયદિપસિંહ પ્રવિણસિંહએ ખાનગી બાતમી તેમજ ત્યાં લગાવેલ સી.સી.ટી.વી. કેમેરા જોઈ તપાસી માહિતી મેળવી કે આ ચોરી કરનાર એક પુરૂષ ઈસમ (હર્ષદિપસિંહ ઉર્ફે લાલો ભૂપતભાઈ ડાભી (ઉ.વ.૩૧) (રહે. શિવપાર્વતી સોસાયટી રીંગ રોડ ભાવનગર) છે. જેથી આજુબાજુના અન્ય સી.સી.ટી.વી. કેમેરા તપાસી સર્વેલન્સ સ્ટાફ પાસે ત્વરિત સી.સી.ટી.વી. વિશ્લેષણ કરાવી આરોપીની ઓળખ કરી સોનાના દાગીના અને રોકડ સહિત કુલ રૂા.૨,૮૬,૦૦૦/-ની ચોરી કરનાર ઈસમને રોકડ મુદ્દામાલ સાથે નિલમબાગ પોલીસ ટીમે આરોપીને ઝડપી પાડી હતી.




# વડોદરામાં ખંડણી સહિતની પાંચ ફરિયાદ થતાં ખાનગી ન્યૂઝ ચેનલના CMDની રિવોલ્વરનું લાયસન્સ રદ કરવા કાર્યવાહી

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૯

વડોદરા શહેરની ખાનગી ન્યૂઝ ચેનલના સી.એમ.ડી. ગિરીશ સોલંકીની સામે પાંચ પાંચ ફરિયાદ નોંધાયા બાદ તેમની રિવોલ્વરનું લાયસન્સ રદ કરવા કાર્યવાહી હાથ ધરાઈ છે. કલાલી વિસ્તારમાં સીએમ પટેલ ફાર્મની સામે વિસેન્ઝા હાઈડેક ખાતે રહેતા અને ખાનગી ન્યૂઝ ચેનલ ચલાવતા ગિરીશ નાનજીભાઈ સોલંકી સામે એક સપ્તાહમાં ખંડણીની ત્રણ ફરિયાદ નોંધાઈ છે. જયારે, હથિયારનામાના ભંગ તેમજ દારૂબંધીના ભંગની પણ એક એક ફરિયાદ નોંધાઈ છે. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આરોપીની ધરપકડ કરવામાં આવ્યા બાદ હજી કાર્યવાહી ચાલી રહી છે. આરોપી ગિરીશ સોલંકીએ લાયસન્સવાળી રિવોલ્વર બતાવીને ખંડણી વસૂલી હોવાની ફરિયાદ નોંધાતા પોલીસ દ્વારા હવે કબજે લીધેલી રિવોલ્વરનું લાયસન્સ રદ કરવા તજવીજ કરાઈ છે.

# સાબરકાંઠા જિલ્લામાં મતદાર યાદી સુધારણા, બૂથ પ્રમાણે BLO દ્વારા કામગીરી

તા.૯

સાબરકાંઠા જિલ્લામાં મતદાર યાદી સુધારણા (SIR) પ્રક્રિયા શરૂ થઈ છે. ચૂંટણી વિભાગ દ્વારા બૂથ પ્રમાણે BLO (બૂથ લેવલ ઓફિસર) દ્વારા આ કામગીરી કરવામાં આવી રહી છે.

હિંમતનગરના છાપરિયા વિસ્તારમાં આવેલા ૧૨૨ નંબરના મમતા શિશુ વિહાર બૂથના BLO સચિનભાઈ સુથાર તેમના વિસ્તારમાં કામગીરી કરી રહ્યા છે. આ બૂથમાં કુલ ૧૪૬૧ મતદારો નોંધાયેલા છે.

રવિવારે, સચિનભાઈ સુથાર અષ્ટવિનાયક ગણપતિ મંદિરે પહોંચ્યા હતા. ત્યાં તેમણે મતદારોને મતદાર યાદીના ફોર્મ આપ્યા હતા અને ફોર્મ કેવી રીતે ભરવું તેની વિગતવાર સમજૂતી આપી હતી.

આ કામગીરી દરમિયાન સ્થાનિક પાલિકાના સદસ્ય અમૃત પુરોહિત પણ ઉપસ્થિત રહ્યા હતા.

# પણસોરાથી વણસોલ જવાના માર્ગ ઉપર વાહનની પાછળ બાઈક ઘૂસી જતાં ચાલકનું મોત

(સંવાદદાતા દ્વારા)આણંદ, તા.૯

ઉમરેઠ તાલુકાના વણસોલ તરફથી પણસોરા તરફના માર્ગ ઉપર પુરઝડપે જઈ રહેલ બાઈક ચાલકે અજાણ્યા વાહનના પાછળના વાગે ધડાકાભેર ઘુસી ગયાં બાદ ઉછળીને રોડ ઉપર પટકાતા બાઈક ચાલકને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે નડિયાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જતાં ફરજ પરના તબીબે મૃત્યુ પામેલા હોવાનું જાહેર કર્યું હતું.

મળતી વિગતો અનુસાર, ઠાસરા તાલુકાનાં મરઘાકુઈ નંદાપુરા ખાતે રહેતા રાજેશભાઈ શનાભાઈ પરમાર ખેતી કરે છે. તેમના પિતા શનાભાઈ પરમાર ઉંમર વર્ષ ૬૨ બાવળા ખાતે મમરા ફેક્ટરીમાં કારીગર તરીકે આશરે ચારેક વર્ષથી નોકરી કરતાં હતાં. શનિવારના સવારના સમયે રાજેશભાઈના પિતા શનાભાઈ પરમાર બાવળા ખાતે ગયાં હતાં. જે બાદ રાત્રિના સાત વાગ્યાના આસપાસના સમયે શનાભાઈ પરમાર બાઈક લઈને નડિયાદ તરફના રોડેથી પણસોરા તરફ જતાં હતાં. તે વખતે વણસોલ સીમ જય અંબે સ્ટીલ નજીક કોઈ આગળ જતાં અજાણ્યા વાહનમાં તેમનું બાઈક ઘુસી જતાં તેઓ બાઈક સાથે રોડ ઉપર ફેકાઈને પટકાયા હતાં. આ અકસ્માતમાં શનાભાઈ પરમારને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ઘટનાને લઈને આજુબાજુના લોકો દોડી આવ્યાં હતાં. બીજી બાજુ નજીકમા ડાંગરનું કામ કરતાં માણસોએ ગંભીર ઈજા પામેલ શનાભાઈ પરમારને ૧૦૮માં અલીન્દ્રા સરકારી દવાખાનામાં સારવાર અર્થે મોકલી આપ્યાં હતાં. ત્યાંથી નડિયાદ સિવીલ હોસ્પિટલમાં વધુ સારવાર માટે લઈ જતાં ત્યાં હાજર તબીબે શનાભાઈને તપાસી મૃત્યું પામેલ હોવાનું જાહેર કર્યું હતું. આ અંગે ભાલેજ પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

AMC-કોન્ટ્રાક્ટરની બેદરકારી

# અમદાવાદના ઈન્દિરા બ્રિજ પાસે વિશાળ હોર્ડિંગ સ્ટ્રક્ચરના પાયાની દિવાલોમાં તિરાડ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

અમદાવાદનો સૌથી આઈકોનિક રોડ એટલે એરપોર્ટ સર્કલથી લઈને ઈન્દિરા બ્રિજ સર્કલ સુધી મ્યુનિસિપલ કોર્પોરેશનના રોડ પ્રોજેક્ટ વિભાગ દ્વારા PPP ધોરણે ડેવલોપમેન્ટ કરવામાં આવ્યો છે. ઈન્દિરા બ્રિજ સર્કલથી નોબલનગર તરફ જવાના રોડ પર ૨૦૦ મીટર સુધી પણ આઈકોનિક રોડ બનાવવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે ત્યારે ઈન્દિરા બ્રિજ સર્કલથી ૫૦ મીટર દૂર રોડ ડેવલોપમેન્ટ કરનાર કોન્ટ્રાક્ટર કંપની દ્વારા વિશાળ લોખંડનું હોડિંગ્સ માટેનું સ્ટ્રક્ચર બનાવવામાં આવ્યું છે.

આ સ્ટ્રક્ચરના પાયાની આજુબાજુ ચણતર કરવામાં આવ્યું છે, તેમાં તિરાડ પડેલી જોવા મળી હોવા અંગેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાની સાથે જ અમદાવાદ શહેર પોલીસ દ્વારા પણ તેના X એકાઉન્ટ પર પોસ્ટ કરવામાં આવ્યું છે, જેમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને ટેગ કરી જાણ કરવામાં આવી છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના રોડ પ્રોજેક્ટ વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ આ વીડિયો અમારા ધ્યાન ઉપર આવ્યો છે. આ બાબતે હાલ એન્જિનિયરને સ્થળ પર મોકલી અને તપાસ કરવા જણાવ્યું છે. વીડિયો જોતા સ્ટ્રક્ચરમાં વધારે કોઈ ખામી ન હોય એવું લાગે છે તેમછતાં પણ એન્જિનિયરને હાલ સ્થળ પર મોકલીને તાત્કાલિક તપાસ કરવા માટેની સૂચના આપી છે.

ઉત્તર ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર વિશાલ ખનામાએ જણાવ્યું હતું કે, ઈન્દિરા બ્રિજ સર્કલ પાસે વિશાળ લોખંડના હોર્ડિંગ સ્ટ્રક્ચરની આજુબાજુ જે સપોર્ટ દિવાલ બનાવવામાં આવેલી છે, તે દિવાલમાં તિરાડ પડી હોવાનું સામે આવ્યું છે. લોંખડના સ્ટ્રકચરમાં કોઈ પણ પ્રકારની ખામી નથી. કોઈ ભયજનક હોય એવી સ્થિતિ પણ નથી.

# ચાંદખેડાની પરિણીતાએ સાસરિયાઓના ત્રાસથી કંટાળી ફરિયાદ નોંધાવી

## પોતે ખરીદેલા ઘરમાંથી પતિએ બે દીકરીઓ સાથે કાઢી મૂકી : પરિણીતા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

ચાંદખેડા વિસ્તારમાં રહેતી મહિલાએ સાસરીયા પક્ષના લોકો સામે માનસિક અને શારીરિક ત્રાસ આપતા હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. લગ્નના થોડા સમય બાદ પિયરમાંથી કરિયાવર ના લાવી હોવાનું કહી પતિ સહિત સાસરિયા પક્ષના લોકો માર મારતા હોવાનો પણ મહિલાએ આક્ષેપ કર્યો છે. લોન લઈને ખરીદેલા મકાન પર પતિએ કબજો કરી બે દીકરીઓ સાથે ઘરની બહાર કાઢી મૂકતા મહિલાને પોલીસ સ્ટેશન જવાની ફરજ પડી છે.

મહિલાએ પતિ સહિત સાસરિયા પક્ષના પાંચ લોકો સામે ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ચાંદખેડા વિસ્તારમાં રહેતી મહિલાના લગ્ન મનીષ (નામ બદલાવ્યું છે) સાથે રીત રિવાજ મુજબ થયા હતા. લગ્નના થોડા સમય બાદ બે દીકરીઓનો પણ જન્મ થયો હતો. લગ્નના થોડા સમય બાદ સાસરિયા પક્ષના લોકો મહિલા સાથે નાની નાની બાબતે ઝઘડો કરવા લાગ્યા હતા. જે બાદ સાસુએ પતિને ઉશ્કેરતા મહિલા સાથે પતિએ મારામારી કરી હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. લગ્ન કર્યા ત્યારે પિયરમાંથી કંઇ કરિયાવર ના લેવાનું કહી સાસરિયા પક્ષના લોકો મહિલાને માનસિક ત્રાસ આપતા હતા. સાસરિયા પક્ષના ત્રાસથી કંટાળી મહિલાએ એકલા રહેવાનું નક્કી કર્યું હતું. જેથી મહિલાએ પોતાના દાદી અને પિતા પાસે પૈસા લઈને અને બાકીના રકમની લોન કરાવી એક મકાન લીધું હતું. તેમજ લોનના હપ્તા પણ મહિલા પોતે ભરતી હતી. સાસરિયા પક્ષના ત્રાસથી કંટાળી મહિલા પોતાના પતિ સાથે અલગ રહેવા માટે પોતાના નવા મકાનમાં જતી રહી હતી. ત્યાં પણ થોડા સમય બાદ સાસરિયા પક્ષના લોકોની અવરજવર શરૂ થઈ જતા ફરી બોલાચાલી શરૂ થઈ ગઈ હતી.

પિયરમાંથી આણુ કેમ લાવી નથી તેવું કહી મકાન સાસુના નામે કરી દેવા દબાણ શરૂ કરવામાં આવ્યું હતું. તેમજ સાસુના નામે ઘર કરાવવા માટે માર પણ મારવામાં આવતો હોવાનો મહિલાએ આક્ષેપ કર્યો છે. જો કે, ઘર તૂટે નહીં તે ડરથી મહિલા આટલા સમયથી માનસિક અને શારીરિક ત્રાસ સહન કરતી હતી પરંતુ તા.૨૦ ઓક્ટોબરના રોજ મહિલાને માર મારી તેના પતિએ બે દીકરીઓ સાથે ઘરની બહાર કાઢી દીધી હતી. જેથી મહિલા પોતાના પૈસાથી મકાન લીધા બાદ માતા - પિતા સાથે રહેવા માટે મજબૂર બની છે.જેના કારણે મહિલાએ આખરે કંટાળીને પતિ વિરૂદ્ધ પોતાના ખરીદેલા મકાન પણ કબજો કરી લીધો હોવાની પોલીસ ફરિયાદ નોંધાવી છે. તેમજ પતિ સહિતના સાસરિયાઓ માનસિક અને શારીરિક ત્રાસ આપતા હોવાની ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જેથી ચાંદખેડા પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

ટ્રેકિંગ કરવાના શોખીન પિતા-પુત્રીનું હિમવર્ષાને લઈ પરત ફરવું અશક્ય બનતા મળ્યું મોત !

# નેપાળમાં ૨૩ હજાર ફૂટ ઊંચાઈએ ફસાયેલા બારડોલીના પિતા-પુત્રીના આખરે મૃતદેહ મળ્યાં

## ૧૯ દિવસ બાદ બરફ નીચે દટાયેલા મળ્યાં : મૃતદેહ પરત લાવવા તજવીજ જારી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૯

સુરત જિલ્લાના બારડોલી તાલુકાના કડોદ ગામના એક પર્વતારોહક પિતા અને તેમની પુત્રી નેપાળમાં ટ્રેકિંગ દરમિયાન ગુમ થયા બાદ શોકજનક સમાચાર સામે આવ્યા છે. ભારે હિમવર્ષા બાદ સંપર્ક વિહોણા બનેલા જીગ્નેશભાઈ લલ્લુભાઈ ભંડારી અને તેમની પુત્રી પ્રિયાંશીના મૃતદેહ આજરોજ શોધખોળ દરમિયાન મળી આવ્યા છે. આ ઘટનાથી કડોદ ગામ અને સમગ્ર સુરત જિલ્લામાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે.





કડોદ ગામના રહેવાસી જીગ્નેશભાઈ અને તેમની ધોરણ-૧૧માં અભ્યાસ કરતી પુત્રી પ્રિયાંશીને દુર્ગમ પહાડી વિસ્તારોમાં ટ્રેકિંગ કરવાનો ભારે શોખ હતો. આ શોખને સંતોષવા માટે બંને પિતા-પુત્રીએ નેપાળના પડકારરૂપ અન્નપૂર્ણા-૩ તરફના ટ્રેકિંગનું આયોજન કર્યું હતું. પિતા-પુત્રી ગત ૧૪ ઓક્ટોબરના રોજ નેપાળ જવા રવાના થયા હતા અને ૨૧ ઓક્ટોબરના રોજ તેમને પર્વતારોહણની શરૂઆત કરી હતી. તેઓનો ૩૧ ઓક્ટોબર સુધીમાં પરત ફરવાનો નિર્ધારિત કાર્યક્રમ હતો. જીગ્નેશભાઈની પત્ની જાગૃતિ બહેને છેલ્લે ૨૧ ઓક્ટોબરના રોજ ફોન પર વાત કરી હતી. ત્યારે જીગ્નેશભાઈએ જણાવ્યું હતું કે, નેપાળમાં ભારે હિમવર્ષા થવાના કારણે અન્નપૂર્ણા-૩ તરફના માર્ગો બંધ થઈ ગયા છે. ત્યારબાદ તેમનો કોઈ સંપર્ક થઈ શક્યો ન હતો. સતત બે દિવસ સંપર્ક ન થતાં જાગૃતિબેને તેમણે રોકાણ કરેલી હોટલનો સંપર્ક કર્યો હતો, જ્યાંથી તેઓ પરત ન ફર્યા હોવાની માહિતી મળી હતી. ત્યાર બાદ કડોદ આઉટ પોસ્ટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી અને માંડવી ખાતે સાંસદ પ્રભુ વસાવાની ઓફિસ મારફતે વિદેશ મંત્રાલય અને ભારતીય એમ્બેસીનો સંપર્ક કરવામાં આવ્યો હતો. જાગૃતિબેને ચિંતા વ્યક્ત કરી હતી કે, તેમના પતિ અને પુત્રી ૨૩ હજાર ફૂટની ઊંચાઈ પર ફસાયા હોવાનો અંદાજ છે. તેમણે એ પણ જણાવ્યું હતું કે આ ટ્રેક પર જવા માટે કોઈ વિશેષ ટ્રેનિંગ લીધી નહોતી. કમનસીબે, આજે કરવામાં આવેલી સઘન શોધખોળ દરમિયાન, ભારે હિમવર્ષામાં લાપતા થયેલા બંને પિતા અને પુત્રીના મૃતદેહ મળી આવ્યા હતા. ભારે હિમવર્ષાને કારણે બંને સંપર્ક વિહોણા થયા હતા અને પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિનો ભોગ બન્યા હતા. 'ભારત સરકાર પાસે મારી એટલી અપેક્ષા અને વિનંતી છે કે મારી દીકરી અને મારા પતિને ઝડપથી શોધી ઘરે લઈ આવો,' દુઃખદ રીતે અધૂરી રહી છે. નેપાળ તંત્ર દ્વારા બંનેના મૃતદેહને પરત લાવવાની અને અન્ય જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ દુઃખદ ઘટનાએ કડોદ ગામને સ્તબ્ધ કરી દીધું છે. બંનેના મૃતદેહ મળ્યા તે પહેલાં બારડોલી વિધાનસભાના ધારાસભ્ય ઈશ્વર પરમારે જણાવ્યું હતું કે, કડોદ ગામના યુવાન ધ્રુવીલ ગાંધી દ્વારા મને આ ઘટનાની જાણ થઈ છે. મેં CMO અને PMO ખાતે આ સંદેશો મોકલ્યો છે. આપણી ભારતીય એમ્બેસી પણ નેપાળ પોલીસ અને જીગ્નેશભાઈના પરિવાર સાથે સંપર્કમાં છે. મને આશા છે કે જીગ્નેશભાઈ અને તેમની દીકરીનો ફરીથી પરિવાર સાથે સંપર્ક થશે. તેમના સંપર્ક કરાવવા માટેના તમામ પ્રયાસો થઈ રહ્યા છે. આ વિસ્તારના સંસદ સભ્ય પ્રભુ વસાવાને પણ કડોદ ગામના પરિવાર દ્વારા જાણ કરવામાં આવી છે.

# જમાલપુરમાં AMC દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત વિશેષ કાર્યક્રમ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

અમદાવાદના જમાલપુર વોર્ડમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC), સૃષ્ટિ વેસ્ટ મેનેજમેન્ટ અને ખાદી અને ગ્રામોદ્યોગની ટીમો દ્વારા આ કાર્યક્રમ તા.૮ નવેમ્બર, ૨૦૨૫ના રોજ જગન્નાથ મંદિર સામેના પરિસરમાં યોજાયો હતો.

આ અભિયાન દરમિયાન મંદિર પરિસરમાં સઘન સાફ-સફાઈ કરવામાં આવી હતી. ટીમો દ્વારા સ્થાનિક લોકોને સ્વચ્છતાનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ભીના અને સૂકા કચરાના યોગ્ય વ્યવસ્થાપન અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. પ્લાસ્ટિક મુક્ત વાતાવરણ બનાવવા માટે જાગૃતિ ફેલાવવામાં આવી હતી અને ઉપસ્થિત સૌને પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા માટે શપથ લેવડાવવામાં આવ્યા હતા.

પીરાણા પાસે પાયલોટ પ્રોજેક્ટ શરૂ

# અમદાવાદમાં રાજ્યનો પ્રથમ પ્લાસ્ટિક રોડ બનશે

## પાણીમાં નહીં તૂટે, ખર્ચમાં ૩૦ ટકા ઘટાડો : AMCનો દાવો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા શહેરમાં રસ્તા નિર્માણની ટેક્નોલોજીમાં વધુ એક મોટું પરિવર્તન લાવવામાં આવ્યું છે. બેંગ્લોરની વ્હાઈટ ટોપિંગ પદ્ધતિના રોડ બનાવ્યા બાદ, AMCએ હવે પોલિઈથીલીન મટીરીયલનો ઉપયોગ કરીને રસ્તા બનાવવાનો નિર્ણય કર્યો છે, જે ગુજરાતમાં આ પ્રકારનો પ્રથમ માર્ગ હશે.

ઉત્તર ભારતના રાજ્યો જેમ કે દિલ્હી, પંજાબ અને ઉત્તરાખંડમાં આ ટેક્નોલોજીનો ઉપયોગ થાય છે. AMCનો દાવો છે કે, આ માર્ગ ડામરના રસ્તા કરતાં ૩૦% જેટલો ઓછો ખર્ચાળ હશે અને પાણીથી તૂટશે નહીં. વરસાદની ઋતુ બાદ માર્ગો તૂટી જવાની સમસ્યા સામે પોલિઈથીલીનના રોડ વધુ ટકાઉ સાબિત થશે, તેવા અનુમાન સાથે પીરાણા વિસ્તારમાં પાયલોટ પ્રોજેક્ટ હેઠળ RV ડેનિમની સામે આ માર્ગ તૈયાર કરવામાં આવશે.

અમદાવાદ મનપા દ્વારા પોલિઈથીલીન મટીરીયલનો ઉપયોગ કરીને રોડ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જેનાથી અમદાવાદ શહેર રાજ્યનો પ્રથમ પોલિઈથીલીન રોડ બનાવનારૂં બનશે. ઈજનેર વિભાગનું અનુમાન છે કે, આ ટેક્નોલોજી નોર્થ ઈન્ડિયાના રાજ્યોમાં સફળ રહી છે. ડામરના રસ્તાની સરખામણીમાં આ મટીરીયલ વધુ ટકાઉ છે અને ખાસ કરીને વરસાદની ઋતુ દરમિયાન પાણી ભરાઈ જવાથી માર્ગો તૂટી જાય છે તે સમસ્યા સામે વધુ સારી રીતે ટકી શકશે. AMCનો દાવો છે કે હાલ શહેરમાં જે માર્ગો બનાવવામાં આવે છે, તેનાથી ૩૦% ઓછી કિંમતમાં આ પોલિઈથીલીનના રોડ તૈયાર કરી શકાશે. આ મટીરીયલ બનાવવા માટે પ્લાસ્ટિક જેવા મટીરીયલનો ઉપયોગ થતો હોવાનું મનપા દ્વારા કહેવામાં આવ્યું છે. માત્ર ખર્ચમાં જ નહીં, પરંતુ ટકાઉપણુંમાં પણ આ રોડ શ્રેષ્ઠ સાબિત થશે. જ્યાં સ્ટીલનું મટીરીયલ પાણીમાં કટાઈ જાય છે, ત્યાં પોલિઈથીલીન રોડનું આયુષ્ય ૨૫ વર્ષ સુધીનું રહેવાનો અંદાજ છે. અગાઉ નેશનલ હાઈવે દ્વારા બ્રિજ બનાવવાની કામગીરીમાં પણ પોલિઈથીલીનનું મટીરીયલ ઉપયોગમાં લેવામાં આવ્યું છે, જ્યાં તે સફળ પૂરવાર થયું છે. આ સફળતાને ધ્યાનમાં રાખીને AMCએ હવે પાયલોટ પ્રોજેક્ટ તરીકે પીરાણા વિસ્તારમાં ઈફ ડેનિમની સામે આ પોલિઈથીલીન મટીરીયલનો માર્ગ તૈયાર કરવાનો નિર્ણય કર્યો છે. જો આ પાયલોટ પ્રોજેક્ટ સફળ થશે તો શહેરના અન્ય માર્ગો પર પણ આ નવી ટેક્નોલોજીનો અમલ કરવામાં આવશે.

વ્યાજખોરોનો ત્રાસ : ૧ કરોડના વ્યાજ સાથે ૧૦ કરોડ માંગતા યુવાન લાપતા

# વ્યાજખોરોએ યુવાનના ભાઈ તલાટી મંત્રી પર કર્યો હુમલો : પાંચ શખ્સની ધરપકડ

## તલાટી-મંત્રીને માર મારી ધમકી પણ આપી : ચીઠ્ઠી લખી યુવાન થયો ગુમ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

રાજકોટ શહેરમાં વ્યાજના વિષચક્રમાં વધુ એક પરિવાર ફસાયો છે. શહેરના વિશાલ વીરડા નામના યુવાને વિજય મકવાણા નામના યુવાન પાસેથી એક કરોડ રૂપિયા વ્યાજે લીધા હતા, જેના ૧૦ કરોડ માંગી પઠાણી ઉઘરાણી કરવામાં આવતા અંતે તેના ત્રાસથી કંટાળી યુવાન ઘર મૂકી લાપતા થઈ ગયો છે. દરમિયાન વ્યાજખોર વિજય મકવાણા અને તેના માણસો દ્વારા યુવકને આપેલા રૂપિયાની ઉઘરાણી બાબતનો ખાર રાખી તેના ભાઈ કે જેઓ તલાટી મંત્રી તરીકે ફરજ બજાવી રહ્યા છે, તેને બેફામ મારી તમે લોકોએ જ ગાયલ ભાઈને કરી નાખ્યો છે અને રૂપિયા આપવા પડશે તેમ કહી નાસી છૂટ્યા હતા. જે ઘટનામાં રાજકોટ ગ્રામ્યની મેટોડા GIDC પોલીસે મુખ્ય આરોપી વિજય મકવાણા, દિલીપ રાઠોડ સહિત ૫ શખસની ધરપકડ કરી લીધી છે.

રાજકોટ ગ્રામ્યના નાયબ પોલીસ અધિક્ષક કે. જી. ઝાલાએ જણાવ્યુ હતુ કે, ૬ નવેમ્બરના ફરિયાદી દિલીપભાઈ આઈ ટ્વેન્ટી કાર લઈ વીરડા વાજડીના ગેટ પાસે આવતા ૩ અજાણ્યા શખસે દિલીપભાઈની કારના કાચ ફોડી નાખ્યા હતાં. દિલીપભાઈને બહાર કાઢી મારતા મારતા કહ્યું હતું કે, તારા ભાઈ વિશાલે જે વિજયભાઈના પૈસા લઈ લીધા છે તે આપી દેજે. તેમ કહી તેઓને ગંભીર પ્રકારની ઈજા પહોંચાડી હતી. આ ઘટના મામલે મેટોડા પોલીસ મથકમાં BNS કલમ ૧૦૯ મુજબ FIR દાખલ કરવામાં આવેલી છે. જેથી આ ગુનાના આરોપી રાજકોટના વિજય નારાયણ મકવાણા અને ૪ અજાણ્યા શખ્સો સામેલ હોવાથી ૫ શખસની અટકાયત કરવામાં આવી છે. IG અશોકકુમાર યાદવ અને રાજકોટ ગ્રામ્ય SP વિજયકુમાર ગુર્જરની સૂચનાથી આરોપીઓની અટકાયત કરવામાં આવેલી છે. આરોપી વિજય સામે અલગ-અલગ ૮ FIR નોંધાયેલી છે, જેમાં રાજકોટ, ધ્રોલ અને આટકોટમાં મારામારી, ધાડ, આર્મ્સ એક્ટ હેઠળ ગુના નોંધાઈ ચૂક્યા છે, જેને પોલીસે ઝડપી પાડ્યો છે. હજુ વિશાલ ગુમ છે, ત્યારે તે સામે આવ્યા બાદ ખ્યાલ આવશે કે કેટલા રૂપિયાની લેતી દેતી હતી.

રાજકોટના રહેવાસી વિનુભાઈ વીરડાએ જણાવ્યું હતું કે, મારા દીકરા વિશાલે વિજય મકવાણા અને તેના ભાઈ ભાવેશ મકવાણા પાસે રૂા.૧ કરોડ રૂપિયા વ્યાજે લીધા હતા, જેની અમને જાણ પણ ન હતી. અચાનક તે એક ચિઠ્ઠી લખી ઘર મૂકીને જતો રહ્યો છે. જે ચિઠ્ઠીમાં તેને લખ્યું છે કે, હું ઘર છોડીને જાવ છું. વ્યાજવાળા લોકો મને જીવવા નહિ દે. ભાઈ-ભાભી, બા-બાપુ સહિતના પરિવારનું સંતાનોનું ધ્યાન રાખજો. મેં વિજય મકવાણા પાસેથી અને અન્ય લોકો પાસેથી પણ વ્યાજે રૂપિયા લીધા છે. વિજય મકવાણા પાસેથી એક કરોડ રૂપિયા લીધા હતા, જેની સામે ૪૦% વ્યાજ વસુલતા હતા. મેં રૂા.૧ કરોડ સામે ૫૫ લાખ જેટલી રકમ પરત આપી દીધી હોવા છતાં વધુ રૂા.૨.૩૯ કરોડની માંગણી કરતા હતાં. બાદમાં વ્યાજનું વ્યાજ અને મૂળ રકમ સહિત ૧૦ કરોડ રૂપિયાની માંગણી કરી રહ્યા છે. અમારી પાસે આટલા રૂપિયા છે પણ નહિ તો અમે કેવી રીતે આપીએ. દીકરાએ લીધેલા રૂપિયાની પઠાણી ઉઘરાણી કરી વિજય મકવાણા અને ભાવેશ મકવાણા અમને હેરાન કરી રહ્યા છે. યુવાનના ભાઈ દિલીપભાઈ વીરડા કે, જેઓ કાલાવડ તાલુકામાં રેવન્યુ તલાટી તરીકે ફરજ બજાવી રહ્યા છે. જેમને ૬ નવેમ્બરના રોજ નોકરીથી પરત આવતા સમયે વાજડી ગામ નજીક અજાણ્યા શખ્સોએ અટકાવી વિશાલ ક્યાં છે ? તે જ તેને ગુમ કરી દીધો છે, રૂપિયા તો આપવા જ પડશે. અમે વિજયભાઈના માણસો છીએ, કહી બેફામ માર માર્યો હતો, જેના કારણે હાથ તથા પગમાં ઈજાઓ પહોંચતા ૧૦૮ મારફત હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જે હાલ સારવાર હેઠળ છે અને તેમણે પણ સમગ્ર મામલે પોલીસ વિજય મકવાણા અને અજાણ્યા માણસો સામે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીઓને ઝડપી લીધા છે.

# સ્વ. જોરાવરસિંહ જાદવને ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની ભાવસભર શ્રદ્ધાંજલિ

ધોળકા, તા.૯

રાજ્યના પૂર્વ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ સ્વ. જોરાવરસિંહ જાદવને ભાવસભર શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. ચૂડાસમાએ કહ્યું કે, લોકકલા ફાઉન્ડેશનના નેજા હેઠળ તેઓએ લોકકલાને જાળવી રાખવાનું તપ જિંદગીભર કર્યું. તેમણે ગામડામાં રહેતા સક્ષમ પણ




અજાણ એવા કેટ કેટલાક કલાકારોને રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચાડવાનું ભગીરથ કામ કર્યું. એક વર્ષ પહેલા પોતાના જ ગામ આકરૂમાં મુખ્યમંત્રીના હસ્તે લોકકલાનું પ્રદર્શન ખુલ્લુ મુકાયું હતું. જીવનની સાદગીમાં ઉંચાઇ સમાવી રાખનાર જોરાવરસિંહ ભાગ્યે જ મળે છે.

# જડતરનું કામ કરનાર કારીગરે જ કારખાનામાંથી રૂા.૧૩ લાખથી વધુના દાગીના ચોરી કરી ફરાર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

અમદાવાદના નિર્ણયનગર સેક્ટર-૪માં આવેલા બી.એસ.કુંદન આર્ટ નામના કારખાનામાં ચોરીની ઘટના બની છે. જડતરનું કામ કરવા માટે આપેલા સોનાના દાગીનાની ચોરી થઈ હોવાનું સામે આવ્યું છે. કારખામાં કામ કરતા નરેન્દ્રસિંહ વેદ નામના કર્મચારીએ જ ચોરીની ઘટનાને અંજામ આપ્યો છે. સંબંધીને સ્ટેશન પર મુકવા જવાનું કહી પરત ન આવતા મેનેજરને શક ગયો હતો. જેબાદ દાગીના મૂકવાની પેટીમાં તપાસ કરતા રૂા.૧૩ લાખથી વધુની કિંમતના દાગીના મળી આવ્યા નહતા. જેથી માલિકે કર્મચારી નરેન્દ્રસિંગ વેદ સામે વાડજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ભવાનીશંકર સોની નામના વ્યક્તિ નિર્ણયનગર સેક્ટર ૪માં બી.એસ.કુંદન આર્ટ નામનું કારખાનું ચલાવી સોનાના દાગીનાનું મેન્યુફેક્ચરિંગનું કામ કરે છે. સોના દાગીનાના જડતરનું કામ કરવા માટે ૨૦ જેટલા કારીગરો નોકરી કરે છે. તમામ કારીગરો રાજસ્થાનના હોવાથી કારખાનામાં જ રહેતા હોય છે. જોકે અત્યારે મોટાભાગના કારીગરો દિવાળીનો તહેવાર મનાવવા માટે પોતાના વતન ગયેલા હોવાથી કારીગરોની અછત થતા સપ્ટેમ્બર ૨૦૨૫માં નરેન્દ્રસિંગ વેદ નામના વ્યક્તિને નોકરી માટે રાખવામાં આવ્યો હતો. તમામ કારીગરોને એક-એક લોખંડની પેટી પણ આપવામાં આવી છે. જે પેટીમાં કારીગરને જે કંઈ પણ સોનાના દાગીનાનું જડતરનું કામ સોંપવામાં આવે તે દાગીના કારીગર પોતાની પેટીમાં રાખતા હોય છે. કામ કરવા માટે તેમાંથી દાગીના કાઢી કામ કર્યા બાદ દાગીના પેટીમાં મૂકી દેતા હોય છે તેમજ પેટીની ચાવી પણ કારીગર પાસે જ રહેતી હોય છે.

જોકે, ગત ૬ તારીખે રાત્રે ૮.૦૦ વાગ્યાની આસપાસ નરેન્દ્રસિંગ વેદને સોનાના નેકલેસના સેટ પર જડતરનું કામ કરવા માટે એક સોનાનો નેકલેસ અને બે સોનાની કાનની બુટ્ટી અને એક સોનાની લગડી આપવામાં આવી હતી. જે કામ પૂરૂં કરી નરેન્દ્રસિંગે દાગીનાનું જડતર કામ કરી તેને પેટીમાં મૂકી દીધેલા હતા. જે બાદ સવારે નરેન્દ્રસિંગ વેદે સંબંધીને સ્ટેશનથી લઈને આવું છું કહીને કારખાનામાંથી નીકળી ગયો હતો. પરંતુ મોડા સુધી પરત ન આવતા મેનેજરે તેના મોબાઈલ પર ફોન કરતા મોબાઈલ સ્વીચ ઓફ થઈ ગયો હતો. જેથી શંકા જતા માલિકે મેનેજરને પેટી ચેક કરવાનું કહ્યું હતું. મેનેજરે તરત જ પેટીનું લોક તોડી ખોલીને જોતા સોનાના દાગીના ચોરી થઈ ગયા હોવાનું સામે આવ્યું હતું.

# સરખેજમાં ફ્લેટના સિક્યુરિટી ગાર્ડને ડિલિવરી બોય-પિતાએ ઢોર માર માર્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

અમદાવાદના સરખેજ વિસ્તારમાં આવેલા ફ્લેટમાં આધેડ સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હતા. ત્યારે રાત્રિ દરમિયાન એન્ટ્રી કર્યા વગર એક ડિલિવરી બોય ફ્લેટ અંદર જતો હતો ગાર્ડે તેને અટકાવતા ડિલિવરી બોય રોષે ભરાયો હતો. બોલાચાલી બાદ ડિલિવરી બોય અને બહારથી આવેલા તેના પિતાએ મળીને ગાર્ડને માર માર્યો અને મેઈન ગેટનું બેરિયર પણ તોડી નાખ્યું હતું.

ડિલિવરી બોયે તેના મિત્રોને બોલાવ્યા હતા અને એક વ્યક્તિએ છરી વડે આધેડને હાથ અને આંખ પાસે ઈજા પણ પહોંચાડી હતી. સમગ્ર મારામારી અને તોડફોડની ઘટના CCTVમાં કેદ થઈ હતી. સરખેજ પોલીસે ડિલિવરી બોય અને અન્ય પાંચ સામે ફરિયાદ નોંધી કાર્યવાહી હાથ ધરી.

સરખેજમાં રહેતા ૫૨ વર્ષીય મહમંદ સમીર શેખ સરખેજ ફતેવાડીમાં આયમન ૫૨માં સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવે છે. તેઓ રાત્રે નોકરી પર હાજર હતા, ત્યારે ફ્લેટ બહાર દુકાનની લાઈટ બંધ કરવા ગયા હતા ત્યારે એક ઝેપટો કંપનીનો ડિલિવરી બોય મેઈન ગેટ તરફ આવતો હતો. જેને સમીરભાઈએ ઊભો રાખ્યો હતો અને કહ્યું કે એન્ટ્રી કર્યા વિના અંદર કેમ ગયો. ડિલિવરી બોયે કહ્યું કે, તમે હાજર નહોતા તો ડિલિવરી કરવા નહીં જવાનું. જેથી સમીરભાઈએ કહ્યું કે, હવે પછી એન્ટ્રી કર્યા વગર ગેટમાં પ્રવેશ કરવો નહીં.

બાદમાં ડિલિવરી બોય સિક્યુરિટી ગાર્ડ સમીરભાઈ સાથે બોલાચાલી કરી મારામારી કરવા લાગ્યો હતો. આ દરમિયાન એક વ્યક્તિ બહારથી આવ્યો અને કહેવા લાગ્યો કે, કેમ મારા દીકરા સાથે બોલાચાલી કરે છે. કહી મેન ગેટનું બેરિયર તોડીને આવ્યો અને ગાર્ડ સાથે મારામારી કરી લોખંડની પાઈપ દ્વારા ગાર્ડને માર મારવા લાગ્યો હતો. જે દરમિયાન આસપાસના લોકો ભેગા થઈ જતાં સમીરભાઈને વધુ માર મારવાથી છોડાવ્યા હતા.

સમીરભાઈ એ-બ્લોકની સીડી તરફ જતા રહ્યા ત્યારે ડિલિવરી બોય તેના અન્ય સાગરીતો સાથે ફરી આવ્યો અને સમીર ભાઈને માર મારવા લાગ્યો હતો. એક વ્યક્તિ છરી લઈને આવ્યો હતો જેણે સમીરભાઈને હાથ ઉપર અને આંખ પાસે છરી પણ મારી હતી. મારામારી દરમિયાન આસપાસના લોકો ભેગા થઈ ગયા જેમણે સમીરભાઈને છોડાવ્યા હતા. સમીરભાઈને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સારવાર માટે વી. એસ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. સમીરભાઈએ ડિલિવરી બોય અને અન્ય પાંચ વ્યક્તિઓ સામે સરખેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે. સમગ્ર મારામારી અને તોડફોડની ઘટના પણ સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. પોલીસે ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે.

# બિહાર ચૂંટણી: મુસ્લિમ ઉત્થાનના ભવ્ય દાવા છતાં સમગ્ર રાજ્યમાં મુખ્ય પક્ષોની માત્ર 'બે મહિલા' ઉમેદવારો : તમામ મુખ્ય પક્ષોએ મળીને ૭૯ મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ આપી છે

**બિહારમાં મુસ્લિમો વસ્તીના આશરે ૧૮ ટકા છે પરંતુ રાજકારણમાં તેમની ભાગીદારી અત્યંત મર્યાદિત છે, ખાસ કરીને મુસ્લિમ મહિલાઓ માટે વિધાનસભા ચૂંટણીમાં, મુખ્ય પક્ષોએ મળીને ફક્ત બે મુસ્લિમ મહિલાઓને ટિકિટ આપી છે - જેમાં જેડીયુના શગુફ્તા અઝીમ અને આરજેડીના ઈશરત પરવીન સામેલ છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

બિહારમાં કુલ વસ્તીના આશરે ૧૮ ટકા મુસ્લિમો છે, પરંતુ રાજકારણમાં તેમની ભાગીદારી અત્યંત મર્યાદિત છે, ખાસ કરીને મુસ્લિમ મહિલાઓ માટે. ચૂંટણી દરમિયાન તમામ મુખ્ય પક્ષોએ મળીને ૭૯ મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ આપી છે. તેમાંથી ફક્ત બે જ મહિલાઓ છે. આ ૭૯ માંથી ૨૩ ટિકિટ અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી AIMIM દ્વારા અને ૨૧ ટિકિટ પ્રશાંત કિશોરની પાર્ટી જન સૂરજ દ્વારા આપવામાં આવી છે - પરંતુ બંનેમાંથી કોઈએ એક પણ મહિલાને ઉમેદવારી નોંધાવી નથી. આનો અર્થ એ થયો કે બે મુખ્ય ગઠબંધનોએ કુલ ૪૮૬ ટિકિટ આપી છે, જેમાંથી ફક્ત ૩૫, અથવા લગભગ ૭.૨ ટકા, મુસ્લિમ ઉમેદવારો છે. રાષ્ટ્રીય જનતા દળ (RJD)એ ૧૮ મુસ્લિમ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે, જ્યારે કોંગ્રેસે તેની ૬૧ બેઠકોમાંથી ૧૦ બેઠકો પર મુસ્લિમ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. મહાગઠબંધનનો ભાગ રહેલા ડાબેરી પક્ષોએ બે ઉમેદવારોને ટિકિટ આપી છે. બીજી તરફ, મુસ્લિમોના હિતમાં કામ કરવાનો દાવો કરતી શાસક જનતા દળ યુનાઈટેડ (JDU)એ મુસ્લિમ ઉમેદવારોને માત્ર ચાર ટિકિટ આપી છે. જેડીયુ સાથે જોડાણ ધરાવતી એલજેપી (રામ વિલાસ)એ મુસ્લિમ ઉમેદવારને મેદાનમાં ઉતાર્યો હતો, જ્યારે ભારતીય જનતા પાર્ટી (ભાજપ)એ તેમની ફાળવેલ કોઈપણ બેઠકો પર આ લઘુમતી સમુદાયના કોઈપણ ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા ન હતા.



અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી, એઆઈએમઆઈએમ, એ ૨૫ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે, જેમાંથી ૨૩ મુસ્લિમ છે. જોકે, આ ઉમેદવારોમાંથી કોઈ પણ મહિલા નથી. ચૂંટણી પહેલા ૪૦ ટકા મહિલા ઉમેદવારોને મેદાનમાં ઉતારવાનો દાવો કરનારી જાન સૂરજ, ફક્ત ૨૫ મહિલાઓને ટિકિટ આપી હતી, જે તેના કુલ ઉમેદવારો (૨૪૩) ના માત્ર ૧૦ ટકાનું પ્રતિનિધિત્વ કરે છે. જોકે, આ ૨૫ ઉમેદવારોમાં એક પણ મુસ્લિમ મહિલા નથી. બીજી બાજુ, તે જ મુખ્ય પક્ષોએ કુલ ૮૮ મહિલા ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. જન સૂરજે ૨૫ મહિલા ઉમેદવારો, આરજેડી ૨૩, ભાજપ અને જેડીયુ ૧૩-૧૩, એલજેપી (રામવિલાસ) ૬, કોંગ્રેસ ૫, જીતન રામ માંઝીની પાર્ટી હિન્દુસ્તાન અવમ મોરચા ૨ અને મુકેશ સાહનીના વીઆઈપી ૧ ઉમેદવાર ઉભા રાખ્યા હતા. આમાં અપક્ષ ઉમેદવારોનો સમાવેશ થતો નથી.

જેડીયુએ સીમાંચલ પ્રદેશની અરરિયા વિધાનસભા બેઠક પરથી શગુફ્તા અઝીમને મેદાનમાં ઉતાર્યા છે. તેમણે ૨૦૨૦ની ચૂંટણીમાં આ જ બેઠક પરથી ચૂંટણી લડી હતી પરંતુ કોંગ્રેસના ઉમેદવાર અવિદુર રહેમાન સામે હારી ગયા હતા. તે ચૂંટણીમાં અઝીમને ૫૫,૧૧૮ મત (૨૯.૩૩ ટકા) મળ્યા હતા, જ્યારે રહેમાનને ૧.૦૩ લાખ મત (૫૪.૮૪ ટકા) મળ્યા હતા. અરરિયામાં બીજા તબક્કામાં એટલે કે ૧૧ નવેમ્બરે મતદાન થવાનું છે. તે એનડીએ તરફથી એકમાત્ર મુસ્લિમ મહિલા ઉમેદવાર છે.

૪૩ વર્ષીય શગુફ્તાએ પટના યુનિવર્સિટીમાંથી માસ્ટર ડિગ્રી પૂર્ણ કરી છે. ચૂંટણી પ્રચાર દરમિયાન તેઓ જે મુદ્દા પર સૌથી વધુ ધ્યાન આપે છે તે છે મહિલા સુરક્ષા અને સશક્તિકરણ. મીડિયા સાથેની વાતચીતમાં, તેઓ કહે છે કે, "નીતિશ કુમારના નેતૃત્વમાં, બિહાર સરકારનું પ્રાથમિક ધ્યાન મહિલાઓની સુરક્ષા પર છે... હું આ કાર્યને આગળ વધારવા માંગુ છું અને બિહારની દીકરીઓનો અવાજ બનવા માંગુ છું. હું હંમેશા મારો અવાજ ઉઠાવીશ જેથી ખાતરી કરી શકાય કે આપણી દીકરીઓ પર કોઈ અન્યાય કે અત્યાચાર ન થાય" મહિલા સુરક્ષા અને સશક્તિકરણ ઉપરાંત, તેઓ વધુ સારા શિક્ષણ, સુધારેલા સ્વાસ્થ્ય અને પૂરગ્રસ્ત અરરિયાની સમસ્યાઓના નિરાકરણ પર કામ કરવા વિશે પણ વાત કરે છે. બીજી મહિલા ઉમેદવાર રાષ્ટ્રીય જનતા દળ (RJD)ના ઈશરત પરવીન છે, જે કટિહાર જિલ્લાની પ્રાણપુર વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડી રહી છે. આ બેઠક માટે મતદાન બીજા તબક્કામાં ૧૧ નવેમ્બરે થશે. મુસ્લિમ-યાદવ ગઠબંધનનો લાભ લેતી RJDએ આ વખતે કુલ ૨૪ મહિલા ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે, જોકે ઈશરત પરવીન એકમાત્ર મુસ્લિમ ઉમેદવાર છે. ૪૧ વર્ષીય ઈશરત પરવીન ૧૦મું ધોરણ પાસ છે. તે ખેતી, સામાજિક કાર્ય અને રાજકારણમાં સામેલ છે. તેની સામે એક ફોજદારી કેસ નોંધાયેલ છે.

ઈશરત પરવીન ૨૦૦૬ માં જિલ્લા પરિષદ સભ્ય તરીકે ચૂંટાઈ આવી હતી. ૨૦૧૦માં, તેણીએ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP)ની ટિકિટ પર વિધાનસભા ચૂંટણી લડી હતી, જેમાં ૪૯,૦૦૦ મતો મળ્યા હતા અને માત્ર ૭૦૦ મતોના માર્જિનથી હારી ગઈ હતી. ત્યારબાદ, તેમણે ૨૦૧૫ અને ૨૦૨૦માં સ્વતંત્ર ઉમેદવાર તરીકે ચૂંટણી લડી, ત્યાં મજબૂત હાજરી બનાવી. ૨૦૨૦માં, તેઓ લગભગ ૨૦,૦૦૦ મતો મેળવીને ત્રીજા સ્થાને રહ્યા. આ વખતે, RJDએ તેમને ટિકિટ આપી છે અને તેમનો સીધો મુકાબલો BJPના નિશા સિંહ સાથે છે.

મુસ્લિમોના ઉત્થાન માટે કામ કરવાનો દાવો કરતી JDU ભાગ્યે જ મુસ્લિમ મહિલાઓને ટિકિટ આપે છે. ૨૦૧૦માં, પાર્ટીએ બે મુસ્લિમ મહિલાઓને ટિકિટ આપી - પૂર્વ ચંપારણના કલ્યાણપુરથી રઝિયા ખાતૂન અને બેગુસરાયના સાહેબપુર કમલથી પરવીન અમાનુલ્લાહ. બંને ઉમેદવારો ધારાસભ્ય તરીકે ચૂંટાયા. પરવીન અમાનુલ્લાહ પાછળથી બિહાર સરકારમાં મંત્રી બન્યા. ૨૦૨૦માં, JDUએ બે મુસ્લિમ મહિલાઓને મેદાનમાં ઉતારી : મહુઆથી આશ્મા પરવીન અને અરરિયાથી શગુફ્તા અઝીમ. જોકે, બંને હારી ગયા હતા.

અગાઉ, નવેમ્બર ૨૦૦૫ની ચૂંટણીમાં, JDUએ ભાગલપુરના તત્કાલીન મેયર કહકશન પરવીનને કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ વિધાનસભા અધ્યક્ષ સદાનંદ સિંહ સામે કહલગાંવ બેઠક પરથી મેદાનમાં ઉતાર્યા હતા. જોકે તેઓ ચૂંટણી હારી ગયા હતા, પરંતુ નીતિશ કુમારે પાછળથી તેમને રાજ્યસભા માટે ચૂંટ્યા હતા. તેમણે ૨૦૧૪થી ૨૦૨૦ સુધી રાજ્યસભાના સભ્ય તરીકે સેવા આપી હતી. બ્યુલા દોઝા બિહારમાં અન્ય એક અગ્રણી મુસ્લિમ નેતા હતા. તેઓ ૧૯૭૨, ૧૯૮૦ અને ૧૯૮૫માં કોંગ્રેસની ટિકિટ પર સીમાંચલ પ્રદેશના કટિહાર જિલ્લાની બારસોઈ બેઠક (હવે બલરામપુર) પરથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. બિહારમાં વિધાનસભા ચૂંટણી ચાલી રહી છે. ૬ નવેમ્બરે યોજાયેલી મતદાનની પ્રથમ તબક્કામાં રેકોર્ડ ૬૪.૬૬ ટકા મતદાન નોંધાયું હતું. બીજા તબક્કાનું મતદાન ૧૧ નવેમ્બરે થશે અને મતગણતરી ૧૪ નવેમ્બરે થશે. રાજ્યમાં મુખ્ય મુકાબલો જેડીયુ અને ભાજપની આગેવાની હેઠળના એનડીએ ગઠબંધન અને આરજેડીની આગેવાની હેઠળના મહાગઠબંધન વચ્ચે છે.

# કેરળ યુનિવર્સિટીમાં સંસ્કૃતના પ્રોફેસર દ્વારા પીએચડી સ્કોલર સાથે જાતિવાદી દુર્વ્યવહારનો આરોપ; FIR દાખલ કરવામાં આવી

**ન્યૂઝ GT પોઈન્ટ** જાગૃત સમાજ ડગલે ને પગલે ન્યાય મેળવવા ફરિયાદ કરે છે કે જેથી પોતે અને આવનારી પેઢીને વારંવાર અન્યાય કે હેરાનગતિ વેઠવા ના પડે

(એજન્સી) તા.૯

કેરળ યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગના વડા પર એક સંશોધન વિદ્વાનના થીસીસ પર સહી કરવાનો ઈન્કાર કરતી વખતે જાતિવાદી ટિપ્પણી કરવા બદલ ગુનો નોંધવામાં આવ્યો છે. શ્રીકાર્યમ પોલીસે યુનિવર્સિટીના કરિયાવટ્ટમ કેમ્પસમાં




નથી અને તેઓ રૂમમાં પ્રવેશ્યા પછી પાણીથી પોતાનો રૂમ સાફ કરતી હતી.

પોલીસે જણાવ્યું હતું કે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમ ૩(૧)(r) અને ૩(૧)(s) હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે, જે જાહેરમાં જાતિના

**આ એફઆઈઆરમાં જણાવાયું છે કે આરોપી વિજયકુમારીએ ફરિયાદીને કહ્યું હતું કે નીચલી જાતિના લોકો સંસ્કૃત શીખી શકતા નથી અને તેઓ રૂમમાં પ્રવેશ્યા પછી પાણીથી પોતાનો રૂમ સાફ કરતી હતી**

સંસ્કૃત વિભાગના વડા અને ઓરિએન્ટલ સ્ટડીઝ ફેકલ્ટીના ડીન સીએન વિજયકુમારી સામે કેસ નોંધ્યો છે. વાંચિયૂરના વતની અને વિભાગમાં સંશોધન વિદ્વાન વિપિન વિજયન દ્વારા દાખલ કરાયેલી ફરિયાદના આધારે કેસ નોંધવામાં આવ્યો હતો.

શનિવારે મોડી રાત્રે નોંધાયેલી આ FIR મુજબ, ૧૫ ઓક્ટોબરના રોજ વિજયનનો ખુલ્લો બચાવ થયા બાદ વિજયન થિસિસ પર સહી કરવાનો કથિત ઈન્કાર કર્યો હતો. બાદમાં, જ્યારે વિજયન ફરીથી તેમનો સંપર્ક કરીને તેમની પીએચડી પ્રક્રિયા પૂર્ણ કરવા માટે દસ્તાવેજ પર સહી કરવા વિનંતી કરી, ત્યારે આરોપીએ અન્ય શિક્ષકો અને વિદ્યાર્થીઓની હાજરીમાં જાતિવાદી ટિપ્પણીઓ કરી હતી.

આ એફઆઈઆરમાં કહેવામાં આવ્યું છે કે વિજયકુમારી ૨૦૧૫થી સતત જાતિ આધારિત ટિપ્પણીઓ કરી રહી છે, જ્યારે વિજયને તેમની દેખરેખ હેઠળ કરિયાવટ્ટમ કેમ્પસમાં એમ ફિલ શરૂ કર્યું હતું. આ એફઆઈઆરમાં જણાવાયું છે કે આરોપી વિજયકુમારીએ ફરિયાદીને કહ્યું હતું કે નીચલી જાતિના લોકો સંસ્કૃત શીખી શકતા નામથી SC/ST સમુદાયના સભ્યનું ઈરાદાપૂર્વક અપમાન અને દુર્વ્યવહાર કરવાના ગુના સાથે સંબંધિત છે. આ ગુના બિનજામીનપાત્ર છે અને તેમની ધરપકડનો નિર્ણય લેતા પહેલા વિગતવાર તપાસ કરવામાં આવશે. આ વિવાદ થયો ત્યારે વિજયાકુમારીએ કોઈપણ જાતિવાદી ટિપ્પણી કરવાનો ઈન્કાર કર્યો હતો અને દાવો કર્યો હતો કે તેણીએ થીસીસ પર સહી કરવાનો ઈન્કાર કર્યો હતો કારણ કે સંશોધકને સંસ્કૃતનું પૂરતું જ્ઞાન નહોતું અને તેમના કાર્યમાં ઘણા મુદ્દાઓમાં ખામીઓ હતી.

# કર્ણાટકમાં મત ચોરી વિરોધી રાજ્ય વ્યાપી સહી ઝુંબેશમાં એક કરોડ બાર લાખ લોકોએ હસ્તાક્ષર કર્યા

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૯

દેશમાં ચાલી રહેલી મત ચોરીની પ્રક્રિયાના વિરોધમાં કર્ણાટક કોંગ્રેસના નેતાઓ દ્વારા રાજ્ય વ્યાપી સહી ઝુંબેશનો પ્રારંભ કર્યો હતો તેમાં એક કરોડ અને ૧૨ લાખ ૪૦,૦૦૦ જેટલા નાગરિકોએ હસ્તાક્ષર કર્યા છે તેમ કર્ણાટક પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ ડીકે શિવકુમારે જણાવ્યું હતું. તેઓ રાજ્યના નાયબ મુખ્યમંત્રી પણ છે. તેમણે મુખ્યમંત્રી સિદ્ધા રમૈયાની સાથે સંયુક્ત રીતે પત્રકાર પરિષદને સંબોધન કર્યું હતું. જે બેંગ્લુરૂમાં કોંગ્રેસના વડામથક ભારત જોડો ભવન ખાતે યોજાઈ હતી. નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે તમામ વિધાનસભા મતવિસ્તારો અને જે ૪૦ જિલ્લાઓમાં અમારો પક્ષ રાજકીય રીતે ખૂબ સંગઠિત છે એ તમામ વિસ્તારોમાંથી નાગરિકોના હસ્તાક્ષર મેળવવામાં આવ્યા હતા. અમારા કાર્યકરોએ ખૂબ જ પ્રમાણિકતા અને નિષ્ઠાથી આ બહુ મોટી કામગીરી કરી છે. ૮ કે ૧૦ને બાદ કરતાં દરેક સ્થળે અમને જબરદસ્ત સમર્થન મળ્યું અને લોકોએ સહી કરવા માટે પ્રતિભાવ આપ્યો છે. સહી ઝુંબેશ દરમિયાન દરેક બુથ વિસ્તારમાંથી સહીઓ લેવામાં આવી હતી અને મતોની ચોરી જે ચાલી રહી છે એ વિશે લોકોમાં જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું હતું કે આ તમામ સવા કરોડ જેટલા હસ્તાક્ષરો સાથેની અરજીઓ ૧૦મી નવેમ્બર એટલે કે આવતીકાલ સોમવારના રોજ દિલ્હી મોકલવામાં આવશે. આ ઝુંબેશમાં ખૂબ જવાબદારી સાથે જેમણે કામ કર્યું છે એવા જિલ્લા પ્રમુખોની સાથે વિમાન માર્ગે અરજીઓ નવી દિલ્હી મોકલવામાં આવશે. ૨૫મી નવેમ્બરના રોજ દિલ્હીના રામલીલા મેદાનમાં એક જંગી રેલીનું પણ આયોજન




કરવામાં આવ્યું છે અને અભિયાન એટલેથી અટકતું નથી અને જે વિસ્તારોમાં સહી ઝુંબેશની કામગીરી હજી અધૂરી છે ત્યાં હજુ ત્રણથી ચાર દિવસ ચાલુ રાખવામાં આવશે. તેમણે કહ્યું હતું કે રાહુલ ગાંધીના નેતૃત્વમાં લોકશાહી તથા બંધારણ અને મતોના અધિકારોનું રક્ષણ કરવા માટે જે રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ ચાલી રહી છે તેના ભાગરૂપે મોટા પ્રમાણમાં દેશભરમાં સહી ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. શિવ કુમારે કહ્યું હતું કે રાહુલ ગાંધીએ બેંગ્લુરૂના એક મતવિસ્તાર અને પછી હરિયાણા વિધાનસભાની ચૂંટણીઓમાં થયેલી મત ચોરીઓ ઉઘાડી પાડી છે અને રાહુલ ગાંધીના આ સંઘર્ષના મધ્યમાં ભારતના બંધારણ અને લોકશાહીની રક્ષા કરવાનો ઉદ્દેશ્ય છે. એ એમની લડાઈનું હાર્દ છે. કર્ણાટકમાં જે અભિયાન શરૂ થયુંછે એ દેશભરમાં પણ ચાલશે અને લોકોના અભિપ્રાયો રાષ્ટ્રપતિ તથા ચૂંટણી પંચને મોકલવામાં આવશે. આ માત્ર કોંગ્રેસની લડાઈ નથી પણ દરેક નાગરિકના મતના અધિકાર માટેની અને તેના રક્ષણ માટેની આ લડાઈ છે એટલે તમામ સમુદાયના નાગરિકોએ પક્ષની કોઈ વાડાબંધી વગર આમાં ભાગ લીધો છે. શું ચૂંટણી પંચ ગેરરીતિઓ અને ગોટાળાને દબાવી દેવા માટે મતદાર યાદી સુધારણા કરી રહ્યું છે એવા પ્રશ્નોના જવાબમાં તેમણે કહ્યું હતું કે ચૂંટણી પંચે અચાનક જ રિવિઝન શરૂ કર્યું છે કેમકે અમે આ ઝુંબેશ શરૂ કરી છે એટલે ચૂંટણી પંચે તાકીદે મતદાન યાદી સુધારણા શરૂ કરી છે અને અને એ રોકવા માટે જ ચૂંટણી પંચે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓ માટે કેન્દ્રીય યાદીને બદલે અલગ મતદાર યાદીનો જે પોતાની રીતે તૈયાર કરી છે તેનો ઉપયોગ કર્યો છે. કેમકે જૂની યાદીનો ઉપયોગ કરે તો મોટા પાયે ગોટાળા બહાર આવશે. તેમણે આક્ષેપ કર્યો હતો કે આવી આધુનિક ટેક્નોલોજી હોય ત્યારે કોઈ ગેરરીતિ કે ગોટાળા થઈ શકે નહીં એટલે સ્પષ્ટ છે કે ચૂંટણી પંચની આમાં સામેલગીરી છે.

# દિલ્હીમાં ઈસ્લામોફોબિયા : સરકારી હોસ્પિટલમાં બુરખા પહેરેલી મહિલાને પ્રવેશ આપવામાં ન આવતાં આક્રોશ

**જીટીબી હોસ્પિટલની આ ઘટનાથી નાગરિકોમાં ગુસ્સો ફેલાયો છે અને જાહેર સંસ્થાઓમાં મુસ્લિમ વિરોધી પૂર્વગ્રહ પર પ્રશ્નો ઊભા થયા છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

રાષ્ટ્રીય રાજધાનીમાંથી ધાર્મિક ભેદભાવનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં બુરખા પહેરેલી એક મુસ્લિમ મહિલાને માન્ય ગેટ પાસ હોવા છતાં ગુરૂ તેગ બહાદુર હોસ્પિટલ (જીટીબી હોસ્પિટલ)માં પ્રવેશ નકારવામાં આવ્યો હોવાના અહેવાલ છે. આ ઘટનાએ જાહેર સ્થળોએ ઈસ્લામોફોબિયાના વધતા જતાં વાતાવરણ અંગે મુસ્લિમ સમુદાયમાં આક્રોશ અને નવી ચિંતાઓ ઊભી કરી છે.



તબસ્સુમ શુક્રવારે સવારે સારવાર માટે દાખલ થયેલી તેની ભાભીને મળવા માટે જીટીબી હોસ્પિટલ પહોંચી હતી. તેણે બધી જરૂરી પ્રક્રિયાઓનું પાલન કર્યું હતું અને સત્તાવાર ગેટ પાસ મેળવ્યો હતો. જો કે, જ્યારે તે પ્રવેશદ્વાર પાસે પહોંચી, ત્યારે હોસ્પિટલના મહિલા સુરક્ષા ગાર્ડ્સે તેને ફક્ત તેના પોશાકને કારણે રોકી હતી.

તેણીએ કહ્યું કે, "જ્યારે મેં મારો ગેટ પાસ બતાવ્યો, ત્યારે ગાર્ડે મારા બુરખા તરફ જોયું અને કહ્યું, 'તમે આ પહેરીને અંદર જઈ શકતા નથી.' મેં નિયમ પૂછ્યો, પરંતુ તેઓએ સમજાવવાનો ઈન્કાર કર્યો. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં, એક મહિલા સુરક્ષા ગાર્ડ દાવો કરતી સાંભળી શકાય છે કે GTB હોસ્પિટલે બુરખા પર પ્રતિબંધ મૂક્યો છે. ફૂટેજમાં ગાર્ડ મહિલાના સંબંધીઓ સાથે દલીલ કરે છે જ્યારે હોસ્પિટલના અન્ય સ્ટાફ પરિસ્થિતિને અવગણતા જોઈ શકાય છે.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ગાર્ડે ઘણા અન્ય મુલાકાતીઓને તેમના પાસ તપાસ્યા વિના પણ હોસ્પિટલમાં પ્રવેશવાની મંજૂરી આપી હતી. જોકે, તબસ્સુમને અલગ કરીને રોકવામાં આવી હતી. પીડિતાના એક સંબંધીએ કહ્યું કે, તેઓએ તેણીને કહ્યું કે જો તે અંદર જવા માંગતી હોય તો બુરખો ઉતારી નાખો. આ શરમજનક છે. શું હવે મુસ્લિમો તેમના બીમાર સંબંધીઓને મળવા માટે પણ અપમાનિત થાય છે ?. ઘણા લોકોએ ગાર્ડના વર્તન પર આઘાત વ્યક્ત કર્યો, તેને "ધાર્મિક ભેદભાવ" ગણાવ્યો છે. કેટલાક લોકોએ આરોપ લગાવ્યો કે મહિલાએ બુરખો ઉતારવાનો ઈન્કાર કર્યા પછી તેના ધર્મ વિશે અપમાનજનક અને અશ્લીલ ટિપ્પણીઓ કરવામાં આવી હતી. GTB હોસ્પિટલના વહીવટીતંત્રનો સંપર્ક કરવાનો પ્રયાસ નિષ્ફળ રહ્યો છે. અત્યાર સુધી, હોસ્પિટલે આવો કોઈ નિયમ અસ્તિત્વમાં છે કે નહીં અથવા સુરક્ષા રક્ષકોએ પોતાની મેળે કાર્યવાહી કરી છે કે નહીં તે અંગે કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી. અન્ય એક સંબંધીએ કહ્યું કે, "અમે આ કહેવાતા નિયમ વિશે પૂછવા માટે મેનેજમેન્ટનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ કોઈએ જવાબ આપ્યો નહીં. એવું લાગે છે કે તેઓ જવાબદારી ટાળવાનો પ્રયાસ કરી રહ્યા છે," માનવાધિકાર કાર્યકરોએ આ ઘટનાને "ખૂબ જ ખલેલ પહોંચાડનારી" ગણાવી છે અને તપાસની માંગ કરી છે. મુસ્લિમ મહિલાને તેના કપડાંને કારણે સરકારી હોસ્પિટલમાં પ્રવેશ ન આપવો એ બંધારણીય અધિકારોનું સીધું ઉલ્લંઘન છે. તે એક ખતરનાક માનસિકતા દર્શાવે છે જે રાજધાનીમાં ચાલી રહી છે. આ ઘટનાએ દિલ્હીના મુસ્લિમ રહેવાસીઓમાં ભયના મોજા ફેલાવ્યા છે. સમુદાયના સભ્યો કહે છે કે આવા વર્તન, જે એક સમયે થોડા રાજ્યો સુધી મર્યાદિત હતું, તે હવે રાજધાનીમાં દેખાઈ રહ્યું છે જે લાંબા સમયથી વૈવિધ્યસભર અને સહિષ્ણુ શહેર માનવામાં આવે છે. આ ફક્ત એક મહિલા વિશે નથી. તે મુસ્લિમો સાથે તેમના પોતાના દેશમાં કેવી રીતે વર્તન કરવામાં આવે છે તે વિશે છે. સ્થાનિક સમુદાયના નેતા મોહમ્મદ ફૈઝાને કહ્યું કે, જો દિલ્હીની સરકારી હોસ્પિટલમાં આવું થઈ શકે છે, તો તે સામાન્ય નાગરિકોને શું સંદેશ આપે છે ? આ ઘટનાના વીડિયો પર સોશિયલ મીડિયા પર તીવ્ર પ્રતિક્રિયાઓ આવી રહી છે, ઘણા વપરાશકર્તાઓએ આ કૃત્યને "ઈસ્લામોફોબિયા" ગણાવીને તેની નિંદા કરી છે. નાગરિક અધિકાર જૂથોએ દિલ્હી સરકારને સુરક્ષા કર્મચારીઓ સામે કડક કાર્યવાહી કરવા અને જાહેર હોસ્પિટલોમાં બુરખા પર પ્રતિબંધ મૂકવાનો કોઈ નિયમ અસ્તિત્વમાં છે કે કેમ તે સ્પષ્ટ કરવા વિનંતી કરી છે. જો આવો કોઈ નિયમ નથી, તો પછી રક્ષકોને ભેદભાવ અને ઉત્પીડન માટે જવાબદાર ઠેરવવા જોઈએ.

ઘણા વપરાશકર્તાઓએ દિલ્હી લઘુમતી આયોગને હસ્તક્ષેપ કરવા અને મહિલાને ન્યાય મળે તે સુનિશ્ચિત કરવા માટે પણ હાકલ કરી છે. જામિયા મિલિયા ઈસ્લામિયાના સમાજશાસ્ત્રી પ્રોફેસર ઈરફાન અહેમદે કહ્યું કે, પહેલાં શાળાઓ અને કોલેજો હતી, હવે હોસ્પિટલો પણ ? આ અસ્વીકાર્ય છે, આવા કૃત્યો લઘુમતીઓને આવશ્યક જાહેર સ્થળોએ પણ અસુરક્ષિત અનુભવે છે. મુસ્લિમ સમુદાયના નેતાઓએ દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાને આ બાબતની તાત્કાલિક તપાસ કરવા અને ભવિષ્યમાં આવા ભેદભાવને રોકવા માટે પગલાં લેવા વિનંતી કરી છે. દિલ્હી સ્થિત એક NGOના સભ્ય સૈયદ કાસિમ રસુલે કહ્યું કે, દિલ્હી સરકારે સ્પષ્ટ કરવું જોઈએ કે નાગરિકોને તેમના ધર્મ અથવા પહેરવેશના આધારે જાહેર સંસ્થામાં પ્રવેશતા અટકાવી શકાય છે. તબસ્સુમ કહે છે કે તે હજુ પણ ન્યાયની આશા રાખે છે. હું ફક્ત મારી બીમાર ભાભીને મળવા ગઈ હતી. તેના બદલે, મારૂં અપમાન કરવામાં આવ્યું કારણ કે હું મુસ્લિમ છું અને બુરખો પહેરૂં છું. હું એવી ખાતરી માંગુ છું કે આવું ફરી કોઈ પણ મહિલા સાથે નહીં થાય.

# યુપી : સત્તાવાળાઓએ કુલ્લીયતુલ બનાતીર રઝવિયા મદ્રેસાને સીલ મારતા મુસ્લિમ સમાજમાં દેકારો અને પક્ષપાતનો આક્ષેપ

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

ઉત્તર પ્રદેશના સંત કબીર નગર જિલ્લામાં ખલીલાબાદ ગામમાં આવેલા કુલ્લીયતુલ બનાતીર રઝવિયા મદ્રેસાને સત્તાવાળાઓએ સીલ મારી દેતા સ્થાનિક મુસ્લિમ સમાજમાં ભારે અજંપો અને ભયનું વાતાવરણ ઊભું થઈ જવા પામ્યું છે અને આ કાર્યવાહીને મુસ્લિમોએ પક્ષપાતી અને મુસ્લિમ સમાજ તરફ ભેદભાવ ભરી ગણાવી છે.

અત્યારે વિદેશી ફંડ મેળવવાના આરોપસર જેલવાસ ભોગવી રહેલા મૂળ ભારતીય બ્રિટિશ વિદ્વાન મૌલાના સમસુલ હુદાખાનના માર્ગદર્શક હેઠળ આ મદ્રેસાનું સંચાલન કરવામાં આવી રહ્યો હતો પરંતુ જમીન પ્રાપ્તિમાં ખામી અને નિયમોની ગેરરીતિઓના કારણો બતાવીને આ મદ્રેસાને સીલ કરી દેવામાં આવ્યો છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે યોગ્ય પહેલેથી લેવાયેલી મંજૂરી વિના આ મદ્રેસાને નવી બંધાયેલી ઈમારતમાં લઈ જવાયો હતો. ૨૦૧૭માં અન્ય સ્થળને માન્ય કરવામાં આવ્યા છતાં નવા બનેલા મકાનમાં મદ્રેસાને તબદિલ કરવામાં આવ્યો હતો. એ પછી સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અને જિલ્લા લઘુમતી કલ્યાણ અધિકારીના માર્ગદર્શન હેઠળ ઈમારત સીલ કરવામાં આવી હતી.

આ વિસ્તારના મુસ્લિમ રહેવાસીઓ જણાવી રહ્યા છે કે તટસ્થ નિયમન કાર્યવાહીનું આ પગલું નથી બલ્કે મુસ્લિમો દ્વારા ચલાવવામાં આવતી શિક્ષણ સંસ્થાઓને નિશાન બનાવવાની જે નવી પદ્ધતિ ચાલુ કરવામાં આવી છે એ પરંપરાને ભાગરૂપે કાર્યવાહી થઈ છે. ઘણાએ એવી લાગણી વ્યક્ત કરી છે કે આ રીતે આ એક મદ્રેસા અને ખાસ કરીને કન્યાઓ માટેના મદ્રેસાને સીલ કરવાની આ કાર્યવાહી એ કોઈ વિધેયક દરમિયાનગીરી નથી પણ અપમાનજનક કવાયત છે.

અત્યારે આ સમગ્ર કાર્યવાહીની તપાસ થઈ રહી છે અને એવું જાણવા મળ્યું છે કે વિદેશી નેટવર્ક મારફત મંજૂરી વિના વિદેશી ફંડ મેળવવા બદલ અને વૈચારિક કવાયત કરવા બદલ નિયમોનો ભંગ ગણાવીને મૌલાના હુદાખાન સામે એફઆઈઆર પણ દાખલ કરવામાં આવી છે પરંતુ એ કાર્યવાહીથી મુસ્લિમ સમાજમાં અજંપો



જાગી ઉઠ્યો છે અને શંકા અને તનાવનું હવામાન ઊભું થયું છે.

સરકારી અધિકારીઓ કહે છે કે કાનૂની પ્રક્રિયા મુજબ જ સીલ મારવામાં આવ્યું છે અને આવી કોઈ પણ જે શિક્ષણ સંસ્થા સરકારી જમીન પર ચાલતી હોય તો તેની સામે પગલાં લેવામાં આવશે. સ્થાનિક મુસ્લિમોએ કહ્યું હતું કે નિયમોનું સમાન રીતે પાલન કરાવવામાં આવી રહ્યું છે એવું હવે કોઈ માનતું નથી કેમકે અન્ય ધર્મના શૈક્ષણિક અને ધાર્મિક સ્થળોને આવી કોઈ કાર્યવાહીનો સામનો કરવો પડતો નથી અને એમની સાથે અલગ પ્રકારનું વર્તન કરવામાં આવી રહ્યું છે.

આ પ્રદેશમાં મુસ્લિમોને દરેક વિસ્તારમાંથી બહિષ્કૃત કરવાનો અને એમને અસલામત બનાવી દેવાની કાર્યવાહીનો આ સંદેશો છે. સ્થાનિક શિક્ષકો અને સામાજિક કાર્યકરોએ પણ ચિંતા વ્યક્ત કરી છે અને કહ્યું છે કે ગરીબ અને નબળા મધ્યમ વર્ગની મુસ્લિમ દીકરીઓના અભ્યાસને ફટકો પડ્યો છે અને સરકારી તંત્રમાં સમાજનો વિશ્વાસ એકદમ ઓછો થઈ રહ્યો છે.

મદ્રેસાના દરવાજા અત્યારે તો બંધ છે અને નિયમિત શિક્ષણ કાર્યવાહી બંધ થઈ ગઈ છે. ખરેખર આ કાર્યવાહી જમીન પ્રાપ્તિ નિયમને લગતી છે કે લઘુમતી સંસ્થાઓ અને ખાસ કરીને એમની ધાર્મિક અને શિક્ષણ સંસ્થાઓ જે સ્વાયત રીતે ચાલી રહી છે તેમને ચૂપ કરી દેવાની કાર્યવાહી છે એ પ્રકારની ડિબેટ અત્યારે ચાલી રહી છે.

# મુંબઈમાં ત્રણ મુસ્લિમ ધારાસભ્યોના ઘર અને કચેરી પર જઈને ભાજપ નેતાઓએ વંદે માતરમ ગીતનું ગાયન કર્યું

## શુક્રવારે ભાજપ આગેવાનો ધારાસભ્ય અબુઅસીમ આઝમી અને અન્ય બે ધારાસભ્યો અમીન પટેલ તથા અસ્લમ શેખના ઘર અને નિવાસ પર પહોંચી ગયા હતા અને વંદે માતરમ ગાવાનું શરૂ કરીને કોમવાદી તંગદિલી ફેલાવવાનો પ્રયાસ કર્યો હતો

(એજન્સી) મુંબઈ, તા.૯

વંદે માતરમ ગીતની ૧૫૦મી જયંતી નિમિત્તે ભાજપના કેટલાક નેતાઓએ મુંબઈમાં રહેતા ૩ મુસ્લિમ ધારાસભ્યોના નિવાસ અને કચેરીઓ પર જઈને વંદે માતરમ ગીતનું ગાયન કરી કોમી તંગદિલી ઊભી કરવાનો પ્રયાસ કર્યો. સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય અબુઅસીમ આઝમી તથા અન્ય બે ધારાસભ્ય અમીન પટેલ અને અસ્લમ શેખની ઓફિસ અને ઘરો પાસે જઈને વંદે માતરમ લલકારવામાં આવ્યું હતું. એમએલએ આઝમીએ લોકોને બળજબરીથી વંદે માતરમ ગાવાની ફરજ પાડતાં અને કૃત્રિમ સપાટી પરનો રાજકારણ ખેલી રહેલા લોકો સામે પગલાં લેવાની માંગણી કરી હતી. બીજી તરફ અમીન પટેલ અને અસ્લમ નામના કોંગ્રેસના ધારાસભ્યોએ એ બધાને એમની ઓફિસમાં બોલાવીને વંદે માતરમ ગાવા માટે આગ્રહ કર્યો હતો અને એમને આવકાર આપ્યો હતો. આઝમીએ આક્ષેપ કર્યો હતો કે બ્રીટિશરો



સાથે સાંઠગાંઠ કરતાં રહેલા સંગઠનના લોકો અમારી પાસે દેશભક્તિના પુરાવા માંગી રહ્યા છે. અદાલતોનો સ્પષ્ટ આદેશ છે કે કોઈને વંદે માતરમ ગાવાની ફરજ પાડી શકાય નહીં છતાં મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીઓ ધ્યાનમાં રાખીને ભાજપના નેતાઓ ધાર્મિક નફરત ફેલાવવાની રાજનીતિ ફરીથી રમી રહ્યા છે અને એટલે જ મારા ઘરની પાસે આવો કાર્યક્રમ કરવાનો પ્રયાસ કર્યો. આઝાદીની લડાઈમાં અમારા પૂર્વજોએ પણ ખૂબ બલિદાન આપ્યા હતા અને જે લોકોએ એ સમયે બ્રિટીશ રાજની સાથે રહ્યા હતા એ તત્વો આજે અમને દેશભક્તિના પાઠ ભણાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ ખૂબ જ દુઃખદ છે અને હું આ લોકો સામે અદાલતમાં જવાનો છું. અબુ આઝમીએ રસ્તામાં પોતાના ઘર અને ઓફિસ પાસે વંદે માતરમ ગાવાને બદલે ભાજપ પ્રમુખ અમિત સત્યમને એમની પોતાની કચેરીમાં આવો કાર્યક્રમ કરવાનું સૂચવ્યું હતું.

# પાકિસ્તાને બંધારણમાં સુધારો કર્યો; અસીમ મુનીર સંરક્ષણ દળોના વડાનું પદ સંભાળશે

## ભારત-પાકિસ્તાન વચ્ચે મે માહિનામાં થયેલા સંઘર્ષના થોડા દિવસો પછી પાકિસ્તાની સરકાર દ્વારા ફિલ્ડ માર્શલ તરીકે મુનીરનું આગામી પ્રમોશન નક્કી છે

(એજન્સી) તા.૯

પાકિસ્તાનના પ્રસ્તાવિત ૨૭મા બંધારણીય સુધારાના ભાગરૂપે પાકિસ્તાનના આર્મી ચીફ અસીમ મુનીર સંરક્ષણ દળોના વડા તરીકે નવી બનાવેલી ભૂમિકા સંભાળે તેવી શક્યતા છે. ભારત-પાકિસ્તાન વચ્ચે મે માહિનામાં સંઘર્ષના થોડા દિવસો પછી પાકિસ્તાની સરકાર દ્વારા ફિલ્ડ માર્શલ તરીકે મુનીરનું આગામી પ્રમોશન થશે.

ભારતીય દળોએ પાકિસ્તાની એરબેઝ પર હુમલો કર્યો, રડાર સિસ્ટમ, કમાન્ડ સેન્ટર, રનવે, હેંગર અને સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ (SAM) સિસ્ટમ સહિત અન્ય મહત્ત્વપૂર્ણ માળખાગત સુવિધાઓને નુકસાન પહોંચાડ્યું અને નાશ કર્યો હતો, ત્યારબાદ પાકિસ્તાનના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ (DGMO)એ તેમના ભારતીય સમકક્ષને દુશ્મનાવટ બંધ કરવાની વિનંતી સાથે ફોન કર્યા પછી આ યુદ્ધ સમાપ્ત થયું હતું. ડોનના અહેવાલ મુજબ પાકિસ્તાન ફેડરલ કેબિનેટે ડ્રાફ્ટ સુધારાને મંજૂરી આપી હતી, જેને બાદમાં શનિવારે સેનેટમાં રજૂ કરવામાં આવ્યો હતો અને સંયુક્ત સમીક્ષા માટે નેશનલ એસેમ્બલી અને સેનેટ કાયદા અને ન્યાય સ્થાયી સમિતિઓને મોકલવામાં આવ્યો હતો. આ ચર્ચા દરમિયાન કાયદા પ્રધાન આઝમ નઝીર તરારે સ્પષ્ટતા કરી હતી કે, વર્તમાન વર્તમાન પ્રમુખનો કાર્યકાળ પૂરો થયા પછી ૨૭ નવેમ્બરથી ચેરમેન જોઈન્ટ ચીફ્સ ઓફ સ્ટાફ કમિટી

### સરમુખત્યારશાહી મુર્દાબાદ : અસીમ મુનીરને સત્તા સોંપવા સામે પાકિસ્તાનમાં વિરોધ પ્રદર્શનો થયા

**જો આ સુધારો લાગુ કરવામાં આવે તો વર્તમાન સુધારો પાકિસ્તાનના તાજેતરના ઈતિહાસમાં સૌથી દૂરગામી બંધારણીય સુધારાઓ પૈકી એક હશે**

(CJCSC)નું કાર્યાલય નાબૂદ કરવામાં આવશે. પાકિસ્તાનના જનરલ સાહિર શમશાદ મિર્ઝા હાલમાં આ પદ સંભાળે છે. તેમની સ્પષ્ટતા દરમિયાન તરારે મિર્ઝાને 'હીરો' ગણાવ્યા અને કહ્યું કે, સંસદ તેમના કાર્યકાળ દરમિયાન તેમને આ ભૂમિકાથી વંચિત રાખવાનું વિચારી પણ શકતી નથી. તેમની નિમણૂક સમાપ્ત થયા પછી તેને નાબૂદ કરવામાં આવશે.

તેમણે એમ પણ કહ્યું કે, આર્મી સ્ટાફના વડા (COAS) સંરક્ષણ દળોના વડાની ભૂમિકા સંભાળશે તેથી આ પદ પર કોઈ નવી નિમણૂકો કરવામાં આવશે નહીં, જેનાથી મુનીરના નેતૃત્વ હેઠળ ટોચના કમાન્ડ માળખાને મજબૂત બનાવવામાં આવશે. કાનૂની મંત્રીએ કહ્યું કે, આ બિલ જનરલ મુનીરના ફિલ્ડ માર્શલના પદવીને પણ ઔપચારિક રીતે સ્વીકારે છે, તેને 'એક પદવી, કોઈ પદવી નહીં, કોઈ નિમણૂક નહીં' તરીકે વર્ણવે છે. તેમણે નોંધ્યું કે, આ પદવી માનદ અને જીવનભર છે, જે અન્ય દેશોમાં માર્શલ ઓફ ધ એરફોર્સ અથવા એડમિરલ ઓફ ધ ફ્લીટ જેવી ભિન્નતાઓ સાથે સમાન છે.

જ્યાં સંઘીય સરકાર સશસ્ત્ર દળોના સભ્યને ફિલ્ડ માર્શલ, માર્શલ ઓફ ધ એરફોર્સ અથવા એડમિરલ ઓફ ધ ફ્લીટના પદ પર બઢતી આપે છે, ત્યાં આવા અધિકારી પદ, વિશેષાધિકારો જાળવી રાખશે અને જીવનભર ગણવેશમાં રહેશે. તેમણે વધુમાં કહ્યું કે, એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, વડાપ્રધાન નહીં, ફક્ત સંસદ પાસે જ આ પદવી રદ કરવાની સત્તા હશે. વડાપ્રધાન પાસે ફિલ્ડ માર્શલનું પદ રદ કરવાની સત્તા રહેશે નહીં; તે સત્તા ફક્ત પાકિસ્તાની સંસદ પાસે રહેશે. આ પ્રસ્તાવિત સુધારાએ રાજકીય ચર્ચા પણ જગાવી છે.

પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (પીપીપી)એ કહ્યું કે, તે સશસ્ત્ર દળો સંબંધિત કલમ ૨૪૩માં સુધારાને સમર્થન આપે છે પરંતુ ૧૮મા સુધારા હેઠળ પ્રાંતીય સ્વાયત્તતાના કોઈપણ રોલબેકનો વિરોધ કરે છે. જમિયત ઉલેમા-એ-ઈસ્લામ-ફઝલ (જેયુઆઈ-એફ) અને વિપક્ષ પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ)એ પણ આ બિલની ટીકા કરી છે, પીટીઆઈએ તેને 'સંસદ પર હુમલો' ગણાવ્યો છે.

# "મહાત્મા ગાંધીએ જે લડાઈ લડી હતી એ જ કોંગ્રેસ લડી રહી છે"; પ્રિયંકા ગાંધી

(એજન્સી) પટના, તા.૯

બિહારના પુરણીયા જિલ્લામાં વિશાળ ચૂંટણી રેલીને સંબોધન કરતા કોંગ્રેસના નેતા અને સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ એવો દાવો કર્યો હતો કે મહાત્મા ગાંધીએ બ્રિટિશ સામ્રાજ્ય સામે જે લડત ચલાવી હતી એવી લડત કોંગ્રેસ "મોદી સામ્રાજ્ય"સામે લડી રહી છે. ગાંધીજીએ જે સંઘર્ષ કર્યો હતો એવો જ અત્યારે અમે કરી રહ્યા છીએ.

બિહારના કટિહાર, પુરણીયા અને બરારી જેવા વિસ્તારો જે સીમાંચલના મુસ્લિમ બહુમતી વિસ્તારો છે ત્યાં ચૂંટણી સભાઓને સંબોધન કરતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ કટ્ટા જેવા શબ્દોનો ઉપયોગ કરવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જબરદસ્ત ટીકા કરી હતી અને કહ્યું હતું કે વડાપ્રધાનને આવા શબ્દો શોભે નહીં. પ્રિયંકાએ એ હકીકતની નોંધ પણ લીધી હતી કે એક તરફથી પીએમ વંદે માતરમની પ્રશંસા કરી રહ્યા છે જે અહિંસાનું પ્રતીક છે તો બીજી તરફ ખુદ પોતાના હોદ્દા અને પદની ગરિમાને ફટકો પડે એવા શબ્દોનો ઉપયોગ પણ કરી રહ્યા છે.

કોંગ્રેસ નેતાએ દર્શાવ્યું હતું કે બિહારની દયાજનક પરિસ્થિતિ માટે રાજ્યની એનડીએ સરકાર જવાબદાર છે. રાજ્યમાં પૂરતી તકો ન મળતી હોવાથી અને તકોનો અભાવ હોવાથી બિહારના યુવાનોને કામની શોધમાં અન્ય રાજ્યોમાં જવાની ફરજ પડે છે. દેશમાં નાના અને મધ્યમ પ્રકારના ઉદ્યોગો અને વેપાર ધંધા ભાંગી પડ્યા છે એ માટે જીએસટી અમલીકરણ અને નોટબંધી જેવા પગલાં જવાબદાર છે અને તેના કારણે જ રોજગારીની તકો ખતમ થઈ છે. પ્રિયંકાએ તમામ મોટા જાહેર ક્ષેત્રના એકમો પીએમ મોદીના બે કોર્પોરેટ મિત્રોને સોંપી દેવા બદલ એનડીએ



### કોંગ્રેસ નેતાએ દાવો કર્યો હતો કે સત્તામાં ટકી રહેવા માટે ભાજપ અને તેના સાથી પક્ષો મત ચોરીનો ઉપયોગ કરી રહ્યા છે

સરકારની ભારે ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે એનડીએના નેતાઓ કોંગ્રેસના સાત દાયકાના શાસનની જ વાતો કરતા રહે છે પણ એમણે એ જાણવું જોઈએ કે કોંગ્રેસની સરકારોએ જ આઈઆઈટી તથા આઈઆઈએમ જેવી સંસ્થાઓ દેશને આપી છે.

ચૂંટણીઓ પહેલા મહિલાઓ માટે બિહારમાં રૂપિયા ૧૦,૦૦૦ની સહાય જાહેર કરવામાં આવી તેનો ઉલ્લેખ કરતા પ્રિયંકાએ કહ્યું હતું કે એનડીએ સરકાર મહિલાઓને લાંચ આપવાનો પ્રયાસ કરી રહી છે અને એમને એવું લાગે છે કે રૂા.૧૦,૦૦૦માં મહિલાઓ એમની તરફ આવી જશે અને એમના માટે મત આપશે.

તેમણે કહ્યું હતું કે કોર્પોરેટ જગતની જંગી કરોડો રૂપિયાની લોન માફ કરી દેવામાં આવે છે પરંતુ ગરીબ લોકો તેમની જીવનભરની મૂડી વ્યાજરૂપે ચૂકવતા રહે છે કેમ કે એમના દીકરાઓના શિક્ષણ માટે અને સંતાનોના લગ્ન માટે એમને લોન લેવી પડે છે પણ એમની ભરણ મૂળ વ્યાજ પાછળ જ ખર્ચાઈ જાય છે.

પ્રિયંકાએ તીખી ટકોર કરી હતી કે દેશની પ્રજા ભાજપ અને તેના સાથી પક્ષોથી થાકી ગઈ છે અને બાજ આવી ગઈ છે. ભાજપ અને તેના સાથી પક્ષોએ સત્તામાં ટકી રહેવા માટે હવે ચૂંટણીમાં ગેરરીતિઓ અને મત ચોરીનો આશરો લેવાનું શરૂ કર્યું છે. મત ચોરીની આ પ્રક્રિયામાં સાથ આપવા બદલ તેમણે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર અને અન્ય બે ચૂંટણી કમિશનરની જોરદાર ટીકા કરી હતી. તેમણે લાલબત્તી કરી હતી કે નાગરિકો લોકશાહીને નુકસાન કરવા બદલ ચૂંટણી પંચને જ જવાબદાર ઠરાવશે.

તેમણે મહાગઠબંધન દ્વારા એનડીએ સામે ચાલી રહેલા સંઘર્ષને મહાત્મા ગાંધીજીના બ્રિટિશ શાસન સામેના સંઘર્ષ સાથે સરખાવ્યો હતો.

### ટ્રેકિંગ કરવાના શોખીન પિતા-પુત્રીનું હિમવર્ષાને લઈ પરત ફરવું અશક્ય બનતા મળ્યું મોત !

# નેપાળમાં ૨૩ હજાર ફૂટ ઊંચાઈએ ફસાયેલા બારડોલીના પિતા-પુત્રીના આખરે મૃતદેહ મળ્યાં

## ૧૯ દિવસ બાદ બરફ નીચે દટાયેલા મળ્યાં : મૃતદેહ પરત લાવવા તજવીજ જારી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૯

સુરત જિલ્લાના બારડોલી તાલુકાના કડોદ ગામના એક પર્વતારોહક પિતા અને તેમની પુત્રી નેપાળમાં ટ્રેકિંગ દરમિયાન ગુમ થયા બાદ શોકજનક સમાચાર સામે આવ્યા છે. ભારે હિમવર્ષા બાદ સંપર્ક વિહોણા બનેલા જીગ્નેશભાઈ લલ્લુભાઈ ભંડારી અને તેમની પુત્રી પ્રિયાંશીના મૃતદેહ આજરોજ શોધખોળ દરમિયાન મળી આવ્યા છે. આ ઘટનાથી કડોદ ગામ અને સમગ્ર સુરત જિલ્લામાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

કડોદ ગામના રહેવાસી જીગ્નેશભાઈ અને તેમની ધોરણ-૧૧માં અભ્યાસ કરતી પુત્રી પ્રિયાંશીને દુર્ગમ પહાડી વિસ્તારોમાં ટ્રેકિંગ કરવાનો ભારે શોખ હતો. આ શોખને સંતોષવા માટે બંને પિતા-પુત્રીએ નેપાળના પડકારરૂપ અન્નપૂર્ણા-૩ તરફના ટ્રેકિંગનું આયોજન કર્યું હતું. પિતા-પુત્રી ગત ૧૪ ઓક્ટોબરના રોજ નેપાળ જવા રવાના થયા હતા અને ૨૧ ઓક્ટોબરના રોજ તેમને પર્વતારોહણની શરૂઆત કરી હતી. તેઓનો ૩૧ ઓક્ટોબર સુધીમાં પરત ફરવાનો નિર્ધારિત કાર્યક્રમ હતો.

જીગ્નેશભાઈની પત્ની જાગૃતિ બહેને છેલ્લે ૨૧ ઓક્ટોબરના રોજ ફોન પર વાત કરી હતી. ત્યારે જીગ્નેશભાઈએ જણાવ્યું હતું કે, નેપાળમાં ભારે હિમવર્ષા થવાના





કારણે અન્નપૂર્ણા-૩ તરફના માર્ગો બંધ થઈ ગયા છે. ત્યારબાદ તેમનો કોઈ સંપર્ક થઈ શક્યો ન હતો. સતત બે દિવસ સંપર્ક ન થતાં જાગૃતિબેને તેમણે રોકાણ કરેલી હોટલનો સંપર્ક કર્યો હતો, જ્યાંથી તેઓ પરત ન ફર્યા હોવાની માહિતી મળી હતી. ત્યાર બાદ કડોદ આઉટ પોસ્ટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી અને માંડવી ખાતે સાંસદ પ્રભુ વસાવાની ઓફિસ મારફતે વિદેશ મંત્રાલય અને ભારતીય એમ્બેસીનો સંપર્ક કરવામાં આવ્યો હતો. જાગૃતિબેને ચિંતા વ્યક્ત કરી હતી કે, તેમના પતિ અને પુત્રી ૨૩ હજાર ફૂટની ઊંચાઈ પર ફસાયા હોવાનો અંદાજ છે. તેમણે એ પણ જણાવ્યું હતું કે આ ટ્રેક પર જવા માટે કોઈ વિશેષ ટ્રેનિંગ લીધી નહોતી. કમનસીબે, આજે કરવામાં આવેલી સઘન શોધખોળ દરમિયાન, ભારે હિમવર્ષામાં લાપતા થયેલા બંને પિતા અને પુત્રીના મૃતદેહ મળી આવ્યા હતા. ભારે હિમવર્ષાને કારણે બંને સંપર્ક વિહોણા થયા હતા અને પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિનો ભોગ બન્યા હતા. 'ભારત સરકાર પાસે મારી એટલી અપેક્ષા અને વિનંતી છે કે મારી દીકરી અને મારા પતિને ઝડપથી શોધી ઘરે લઈ આવો,' દુઃખદ રીતે અધૂરી રહી છે. નેપાળ તંત્ર દ્વારા બંનેના મૃતદેહને પરત લાવવાની અને અન્ય જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ દુઃખદ ઘટનાએ કડોદ ગામને સ્તબ્ધ કરી દીધું છે. બંનેના મૃતદેહ મળ્યા તે પહેલાં બારડોલી વિધાનસભાના ધારાસભ્ય ઈશ્વર પરમારે જણાવ્યું હતું કે, કડોદ ગામના યુવાન ધ્રુવીલ ગાંધી દ્વારા મને આ ઘટનાની જાણ થઈ છે. મેં CMO અને PMO ખાતે આ સંદેશો મોકલ્યો છે. આપણી ભારતીય એમ્બેસી પણ નેપાળ પોલીસ અને જીગ્નેશભાઈના પરિવાર સાથે સંપર્કમાં છે. મને આશા છે કે જીગ્નેશભાઈ અને તેમની દીકરીનો ફરીથી પરિવાર સાથે સંપર્ક થશે. તેમના સંપર્ક કરાવવા માટેના તમામ પ્રયાસો થઈ રહ્યા છે. આ વિસ્તારના સંસદ સભ્ય પ્રભુ વસાવાને પણ કડોદ ગામના પરિવાર દ્વારા જાણ કરવામાં આવી છે.

# વંદે ભારત એક્સપ્રેસમાં બાળકો પાસે RSSનું ગીત ગવડાવવામાં આવ્યાની ઘટનાની તપાસનો આદેશ આપતી કેરાલા સરકાર

## સામાન્ય શિક્ષણમંત્રી વી. શિવનકુટ્ટીએ ડીપીઆઈના ડાયરેક્ટરને તપાસ કરીને અહેવાલ આપવા તાકીદ કરી

(એજન્સી) થિરૂવનંતપુરમ, તા.૯

એરનાકુલમથી બેંગ્લુરૂ સુધીની વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનના ઉદ્‌ઘાટન સમારંભમાં વિદ્યાર્થીઓ પાસે આરએસએસનું ગીત ગવડાવવાના દક્ષિણ રેલવેના અધિકારીઓના કૃત્યો સામે તપાસ કરવાનો કેરાલા સરકારે આદેશ આપ્યો છે.

સામાન્ય શિક્ષણમંત્રી વી.સિવનકુટ્ટીએ ડીપીઆઈના ડાયરેક્ટરનો તપાસ કરીને અહેવાલ આપવા સૂચના આપી દીધી છે. શિક્ષણમંત્રીના નિવેદનામાં જણાવ્યું છે કે સરકારે આ ઘટનાને ખૂબ જ ગંભીરતાથી લીધી છે. સરકારી કાર્યક્રમોમાં બાળકોને રાજકીય રંગે રંગવાનો પ્રયાસ કરવો અને ચોક્કસ સંગઠનના કોમવાદી એજન્ડાને પ્રોત્સાહન આપવું એ બંધારણના સિદ્ધાંતોનું ભંગ છે એટલે સરકારે તાત્કાલિક તપાસ કરવાનો આદેશ આપ્યો છે. અહેવાલ આવ્યા પછી વધુ પગલાં લેવામાં આવશે.

બીજી તરફ વંદે માતરમ ગીત ગાનારા બાળકોની સ્કૂલના પ્રિન્સીપલ કે.પી. ડિન્ટોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે અને રજૂઆત કરી છે કે શું અમારા બાળકો દેશભક્તિના ગીત ગાઈ ન શકે ?

તેમણે પત્રમાં લખ્યું છે કે અમારા બાળકો માતૃભૂમિની પ્રશંસા કરતા ગીત શું કામ ગાઈ ન શકે ? અમે જે ગીત બાળકો પાસે ગવડાવીએ એ મલયાલમ ભાષામાં દેશપ્રેમનો ગીત હતું જેમાં દેશની એકતા કે ધર્મ નિરપેક્ષતાના માળખાને નુકસાન કરતો એક પણ શબ્દ નહોતો.

# સ્વ. જોરાવરસિંહ જાદવને ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની ભાવસભર શ્રદ્ધાંજલિ

ધોળકા, તા.૯

રાજ્યના પૂર્વ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ સ્વ. જોરાવરસિંહ જાદવને ભાવસભર શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. ચૂડાસમાએ કહ્યું કે, લોકકલા ફાઉન્ડેશનના નેજા હેઠળ તેઓએ લોકકલાને જાળવી રાખવાનું તપ જિંદગીભર કર્યું. તેમણે ગામડામાં રહેતા સક્ષમ પણ





અજાણ એવા કેટ કેટલાક કલાકારોને રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચાડવાનું ભગીરથ કામ કર્યું. એક વર્ષ પહેલા પોતાના જ ગામ આકરૂમાં મુખ્યમંત્રીના હસ્તે લોકકલાનું પ્રદર્શન ખુલ્લુ મુકાયું હતું. જીવનની સાદગીમાં ઉંચાઇ સમાવી રાખનાર જોરાવરસિંહ ભાગ્યે જ મળે છે.

# કાનૂની સહાયની ઉપલબ્ધતા સરળ બનાવવી જોઈએ : સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ સૂર્યકાંત

## જસ્ટિસ કાંતે કહ્યું કે તાજેતરના વર્ષોમાં કાનૂની સહાય ચળવળ વધુ ઊંડી બની છે અને તેની પહોંચ વધુ વિસ્તરી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ સૂર્યકાન્તે કહ્યું કે કાનૂની સહાયની ઉપલબ્ધતા સરળ બનાવવી જોઈએ, તેમણે ભાર મૂક્યો કે ટેકનોલોજીનો ઉપયોગ સ્થાનિક જ્ઞાન, ભાષાકીય સુલભતા અને માનવ સહાનુભૂતિ દ્વારા સંચાલિત થવો જોઈએ.

કાનૂની સહાય વિતરણ પદ્ધતિઓને મજબૂત બનાવવા પર રાષ્ટ્રીય પરિષદના ઉદ્ઘાટન સમારોહમાં સ્વાગત ભાષણ આપતા, ન્યાયાધીશ કાંતે કહ્યું કે ન્યાય પ્રણાલીનું સાચું માપ એ નથી કે તે જટિલ કેસોનો કેટલી ઝડપથી નિર્ણય લે છે, પરંતુ તે સામાન્ય નાગરિકોના જીવનને કેટલી ઊંડાણપૂર્વક સ્પર્શે છે.

પદનામિત CJIએ કહ્યું કે, "આગળ જોતાં આપણે કાનૂની મદદ મેળવવાનું સરળ બનાવવું જોઈએ. તે વહીવટી સુધારા અને માનવીય પ્રથા બંનેની માંગ કરે છે. ટેકનોલોજી દૂરસ્થ ક્લિનિક્સ, ઓનલાઈન સમાધાન અને ડિજિટલ ફરિયાદ પોર્ટલ જેવી વાસ્તવિક તકો પ્રદાન કરે છે પરંતુ માત્ર ટેકનોલોજી હોવી જ પૂરતું નથી પરંતુ તે સ્થાનિક જ્ઞાન, ભાષાકીય સુલભતા અને માનવ સહાનુભૂતિ દ્વારા સંચાલિત થવી જોઈએ."

ન્યાયાધીશ કાંતે કહ્યું કે ન્યાય પ્રણાલીનું સાચું માપ એ નથી કે તે જટિલ કેસોનો ઝડપથી નિર્ણય લે છે, પરંતુ તે સામાન્ય નાગરિકોના જીવનને કેટલી ઊંડાણપૂર્વક સ્પર્શે છે. "તે કાયદાનું અર્થઘટન કરનારાઓ, તેનો અમલ કરનારાઓ અને આપણા દેશના દૂરના ખૂણા સુધી તેનો



પ્રકાશ પહોંચાડનારાઓ વચ્ચેની ભાગીદારીની ઉજવણી કરે છે. તેમણે કહ્યું કે, "જ્યારે આપણું બંધારણ ઘડવામાં આવ્યું હતું, ત્યારે ધ્યેય ફક્ત કાનૂની વ્યવસ્થા બનાવવાનો નહોતો પરંતુ એક એવા સાધનને પોષવાનો હતો જે ન્યાયીપણા, માનવીય ગૌરવ અને બધા માટે સમાન રક્ષણ સુરક્ષિત કરે છે. "કાનૂની સહાય એ જ છે જ્યાં તે ડિઝાઈન વાસ્તવિકતા સાથે મેળ ખાય છે." જસ્ટિસ કાંતે કહ્યું કે સમાધાનકારી મંચો દ્વારા લાખો લોકોને લાંબા મુકદ્દમાથી બચાવી લેવામાં આવ્યા છે, લાખો લોકોને કોઈપણ ખર્ચ વિના પ્રતિનિધિત્વ મળ્યું છે, ઘણા પીડિતોને કાનૂની વળતર મળ્યું છે, હજારો લોકોએ મધ્યસ્થી દ્વારા તેમના વિવાદોનું નિરાકરણ મેળવ્યું છે જેથી કરીને કાયદો સામાન્ય લોકો માટે રાહત અને સ્થિરતામાં પરિણમે. તેમણે કહ્યું, આ ફક્ત સંખ્યાઓ નથી, આ તે લોકો છે જેમની સમસ્યાઓનો વ્યવહારુ મદદથી ઉકેલ આવ્યો છે.

જસ્ટિસ કાંતે કહ્યું કે તાજેતરના વર્ષોમાં કાનૂની સહાય ચળવળ વધુ ઊંડાણમાં ગઈ છે અને તેની પહોંચને વધુ વિસ્તૃત કરી છે. "જેલ કાર્યક્રમો હવે ફક્ત સજાને બદલે પુનર્વસન પર ધ્યાન કેન્દ્રિત કરે છે, સંરક્ષણ કર્મચારીઓના પરિવારોને ટેકો આપતી યોજનાઓ, માનવ-વન્યજીવન સંઘર્ષોથી પ્રભાવિત સમુદાયો માટે મધ્યસ્થી અને આઉટરીચને સંસ્થાકીય બનાવવા માટે રાષ્ટ્રવ્યાપી ચળવળ - આ સામાજિક વાસ્તવિકતાઓને અનુરૂપ કાયદાના કેટલાક ઉદાહરણો છે.

તેમણે કહ્યું કે,"આ મિશનમાં સહિયારી માલિકીની જરૂર છે. ન્યાયાધીશો, વકીલો, કાનૂની શિક્ષકો, કાયદાના વિદ્યાર્થીઓ, પેરા-કાનૂની સ્વયંસેવકો, સમુદાય જૂથો અને નાગરિક સમાજ એમ બધાની અલગ ભૂમિકાઓ છે અને ડિજિટલ સાધનો અને નાગરિકોની જરૂરિયાતો વચ્ચે પુલ તરીકે કાર્ય કરે છે,".

સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશે કહ્યું કે કાનૂની સહાયને મજબૂત બનાવવી એ ફક્ત સંસ્થાકીય ક્ષમતા વધારવા વિશે નથી, તે મુશ્કેલીમાં મુકાયેલી વ્યક્તિ કાયદાના રક્ષણ સુધી પહોંચવા માટેનો માર્ગ સરળ બનાવવા વિશે છે. ન્યાયાધીશ કાંતે કહ્યું કે, "અમારો પ્રયાસ એવી સિસ્ટમો ડિઝાઈન કરવાનો છે જે ઝડપી, સ્પષ્ટ અને કરૂણા સાથે પ્રતિક્રિયા આપે, જેથી ન્યાય ખરેખર પરવડી શકે તેવો, સમજી શકાય તેવો હોય અને લોકો જ્યાં પણ હોય ત્યાં સુધી પહોંચી શકાય તેવો હોય."

# મુંબઈમાં ઉદ્ધવ ઠાકરેના નિવાસસ્થાન ઉપર ડ્રોન દેખાતા તપાસનો આદેશ અપાયો

## શું કોઈ સર્વેક્ષણ તમને કોઈના ઘરોમાં ડોકિયું કરવાની મંજૂરી આપે છે ? તેમના ઘર પાસે ડ્રોન દેખાયા પછી આદિત્ય ઠાકરેનો પ્રશ્ન : MMRDA સંસ્થાએ સ્પષ્ટતા કરી કે તે એક સર્વે હતો

(એજન્સી) મુંબઈ, તા.૯

શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરેના મુંબઈમાં આવેલા નિવાસસ્થાન 'માતોશ્રી'ની ઉપર એક ડ્રોન ચકરાવા મારી રહેલું રવિવારે નજરે પડતાં સુરક્ષામાં ચૂકના મુદ્દા ઉપર ગંભીર ચિંતાઓ ઊભી થવા પામી છે. શિવસેના ઉદ્ધવ જૂથના એમએલસી અનિલ પરબે રવિવારે જણાવ્યું હતું કે, ઉદ્ધવ ઠાકરેના નિવાસસ્થાનની ઉપર ડ્રોન ચકરાવવા મળતું દેખાયું હતું તેના કારણે ઉચ્ચ સુરક્ષિત એવા આ વિસ્તારમાં સુરક્ષાની ચૂક થઈ હોવા અંગે શિવસેના ઉદ્ધવ ઠાકરે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. અનિલ પરબે સોશિયલ મીડિયા ઉપર પોસ્ટ મૂકી હતી કે, પોલીસે આ બાબતની તપાસ કરવી જોઈએ અને ડ્રોન કોણ ચલાવતું હતું અને તેની પાછળનો હેતુ શું હતો અને ડ્રોનથી તસવીરો ખેંચવાનો મતલબ શું હતો ? તેની તપાસ થવી જોઈએ. શું આવી રીતે ડ્રોન ઉડાડનાર અને તસવીરો ખેંચનારની પાછળ કોઈ આતંકવાદી સંગઠન કે તેનો હાથ છે કે કેમ એ વિશે પણ તેમણે સવાલ ઊઠાવ્યો હતો. ઉદ્ધવ ઠાકરેનું નિવાસ 'માતોશ્રી' બાંદ્રા વિસ્તારમાં આવેલું છે અને અત્યંત સુરક્ષિત નિવાસસ્થાન ગણાય છે અને તેની સુરક્ષા પણ લોખંડી ગોઠવાયેલી હોય છે. શિવસેનાના એમએલસીએ જણાવ્યું હતું કે, આવા સંવેદનશીલ અને ભારે સુરક્ષિત વિસ્તારમાં કોઈ પૂર્વ મંજૂરી વિના ડ્રોન ઉડાડવામાં આવે અને તસવીરો ખેંચવામાં આવે તે ગંભીર બાબત છે. સુરક્ષામાં કોઈ ચૂક રહી ગઈ છે કે કેમ તે અંગે ગંભીર સવાલ ઊભો થયો છે. અનિલ પરબે ડ્રોન સંચાલકના હેતુઓ શું હતા અને કોણ છે તેની વિગતવાર તપાસ કરવા માટે માગણી કરી હતી અને એ માટે જવાબદાર કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓ હોય તો તેમને ઓળખી કાઢવા અને પગલાં લેવાની માગણી કરી હતી. લોકોના માનસમાં ઊભી થયેલી શંકા અને સંદેહ દૂર કરવા માટે આ ઘટના પાછળની પશ્ચાત ભૂમિકા તપાસવી જોઈએ. મુંબઈના ઝોન ૮ના ડેપ્યુટી પોલીસ કમિશનર મનીષ કલવાનિયાએ જણાવ્યું હતું કે, મુંબઈ મેટ્રોપોલિટન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા બાંદ્રા અને કુર્લા વિસ્તારમાં સર્વે ચાલી રહ્યો છે તેના ભાગરૂપે આ ડ્રોનનું સંચાલન કરવામાં આવી રહ્યું હતું. એટલે કોઈએ ખોટી માહિતી ફેલાવવી જોઈએ નહીં અને તેનાથી દૂર રહેવું જોઈએ. જો કે, શિવસેના ઉદ્ધવના નેતા આદિત્ય ઠાકરે આ ઘટનાને શરમજનક ગણાવી હતી અને એવો આક્ષેપ કર્યો હતો કે, આખા દેશ ઉપર જાણે કે જાસૂસી થઈ રહી હોય એવું આ ઘટના પરથી દેખાય છે. આદિત્યએ પોસ્ટમાં લખ્યું હતું કે, ડ્રોન ઈમારતની બારી સુધી આવીને ચકરાવો લેતું હતું અને વીડિયો ઉતારી રહ્યો હતો અને પછી તે ગુમરાવા લાગ્યું હતું. ડ્રોનથી અમારા નિવાસસ્થાનનો સર્વે કરવામાં આવી રહ્યો હોય તો એ શરમજનક ઘટના છે પરંતુ આપણે જે પ્રકારના વાતાવરણમાં અત્યારે રહીએ છીએ તેનાથી અમને કોઈ આઘાત લાગ્યો નથી કારણ કે આખો દેશ જાસૂસી હેઠળ હોય એવું છે. તેમણે કહ્યું હતું કે, અમારી બારી સુધી ડ્રોન આવી ગયું હતું અને જ્યારે ડ્રોન ઓપરેટરને ખબર પડી કે અમે વીડિયો રેકોર્ડિંગ કરી રહ્યા છીએ ત્યારે અચાનક પલટી મારીને પાછું ચાલ્યું ગયું હતું. જો આવી રીતે આ ડ્રોન સર્વેનો ભાગ હોય તો અહીં રહેનારા લોકોને જાણ કરવી જોઈએ પરંતુ કોઈને જાણ થઈ નહોતી. જો ડેવલોપમેન્ટ ઓથોરિટીનો દાવો હોય કે એ લોકો સર્વે કરી રહ્યા હતા અને રહેવાસીને જાણ કરવામાં આવી નહોતી તો કેટલા લોકોના ઘરની જાસૂસી થઈ જાય અને સર્વે થયો છે એ જાણવું જોઈએ. આદિત્ય ઠાકરે મતદાન મથકના ફૂટેજ જાહેર કરવાના ચૂંટણી પંચના ઈન્કાર સાથે આ ઘટનાને સરખાવતા કહ્યું હતું કે, અહીં ડ્રોન ઓપરેટર અમારી બારીમાંથી અંદર તસવીરો લેવાની અને વીડિયો ઉતારવાની કોશિશ કરી રહ્યો હતો અને બાદમાં ડેવલપમેન્ટ ઓથોરિટી એવો ખુલાસો કરે છે કે, આ તો માત્ર સર્વે હતો પરંતુ વિશ્વની કોઈ સરકારી એજન્સી આવી કાર્યવાહીને વ્યાજબી ઠરાવી શકે નહીં. કેમ કે આ તો પોલીસ જેવી કામગીરી છે અને સર્વેના નામે થઈ રહી હતી.

# "મહાત્મા ગાંધીએ જે લડાઈ લડી હતી એ જ કોંગ્રેસ લડી રહી છે"; પ્રિયંકા ગાંધી



## કોંગ્રેસ નેતાએ દાવો કર્યો હતો કે સત્તામાં ટકી રહેવા માટે ભાજપ અને તેના સાથી પક્ષો મત ચોરીનો ઉપયોગ કરી રહ્યા છે

(એજન્સી) પટના, તા.૯

બિહારના પુરણીયા જિલ્લામાં વિશાળ ચૂંટણી રેલીને સંબોધન કરતા કોંગ્રેસના નેતા અને સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ એવો દાવો કર્યો હતો કે મહાત્મા ગાંધીએ બ્રિટિશ સામ્રાજ્ય સામે જે લડત ચલાવી હતી એવી લડત કોંગ્રેસ "મોદી સામ્રાજ્ય"સામે લડી રહી છે. ગાંધીજીએ જે સંઘર્ષ કર્યો હતો એવો જ અત્યારે અમે કરી રહ્યા છીએ. બિહારના કટિહાર, પુરણીયા અને બરારી જેવા વિસ્તારો જે સીમાંચલના મુસ્લિમ બહુમતી વિસ્તારો છે ત્યાં ચૂંટણી સભાઓને સંબોધન કરતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ કટ્ટા જેવા શબ્દોનો ઉપયોગ કરવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જબરદસ્ત ટીકા કરી હતી અને કહ્યું હતું કે વડાપ્રધાનને આવા શબ્દો શોભે નહીં. પ્રિયંકાએ એ હકીકતની નોંધ પણ લીધી હતી કે એક તરફથી પીએમ વંદે માતરમની પ્રશંસા કરી રહ્યા છે જે અહિંસાનું પ્રતીક છે તો બીજી તરફ ખુદ પોતાના હોદ્દા અને પદની ગરિમાને ફટકો પડે એવા શબ્દોનો ઉપયોગ પણ કરી રહ્યા છે.

કોંગ્રેસ નેતાએ દર્શાવ્યું હતું કે બિહારની દયાજનક પરિસ્થિતિ માટે રાજ્યની એનડીએ સરકાર જવાબદાર છે. રાજ્યમાં પૂરતી તકો ન મળતી હોવાથી અને તકોનો અભાવ હોવાથી બિહારના યુવાનોને કામની શોધમાં અન્ય રાજ્યોમાં જવાની ફરજ પડે છે. દેશમાં નાના અને મધ્યમ પ્રકારના ઉદ્યોગો અને વેપાર ધંધા ભાંગી પડ્યા છે એ માટે જીએસટી અમલીકરણ અને નોટબંધી જેવા પગલાં જવાબદાર છે અને તેના કારણે જ રોજગારીની તકો ખતમ થઈ છે. પ્રિયંકાએ તમામ મોટા જાહેર ક્ષેત્રના એકમો પીએમ મોદીના બે કોર્પોરેટ મિત્રોને સોંપી દેવા બદલ એનડીએ સરકારની ભારે ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે એનડીએના નેતાઓ કોંગ્રેસના સાત દાયકાના શાસનની જ વાતો કરતા રહે છે પણ એમણે એ જાણવું જોઈએ કે કોંગ્રેસની સરકારોએ જ આઈઆઈટી તથા આઈઆઈએમ જેવી સંસ્થાઓ દેશને આપી છે.

ચૂંટણીઓ પહેલા મહિલાઓ માટે બિહારમાં રૂપિયા ૧૦,૦૦૦ની સહાય જાહેર કરવામાં આવી તેનો ઉલ્લેખ કરતા પ્રિયંકાએ કહ્યું હતું કે એનડીએ સરકાર મહિલાઓને લાંચ આપવાનો પ્રયાસ કરી રહી છે અને એમને એવું લાગે છે કે રૂા.૧૦,૦૦૦માં મહિલાઓ એમની તરફ આવી જશે અને એમના માટે મત આપશે.

તેમણે કહ્યું હતું કે કોર્પોરેટ જગતની જંગી કરોડો રૂપિયાની લોન માફ કરી દેવામાં આવે છે પરંતુ ગરીબ લોકો તેમની જીવનભરની મૂડી વ્યાજરૂપે ચૂકવતા રહે છે કેમ કે એમના દીકરાઓના શિક્ષણ માટે અને સંતાનોના લગ્ન માટે એમને લોન લેવી પડે છે પણ એમની ભરણ મૂળ વ્યાજ પાછળ જ ખર્ચાઈ જાય છે.

પ્રિયંકાએ તીખી ટકોર કરી હતી કે દેશની પ્રજા ભાજપ અને તેના સાથી પક્ષોથી થાકી ગઈ છે અને બાજ આવી ગઈ છે. ભાજપ અને તેના સાથી પક્ષોએ સત્તામાં ટકી રહેવા માટે હવે ચૂંટણીમાં ગેરરીતિઓ અને મત ચોરીનો આશરો લેવાનું શરૂ કર્યું છે. મત ચોરીની આ પ્રક્રિયામાં સાથ આપવા બદલ તેમણે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર અને અન્ય બે ચૂંટણી કમિશનરની જોરદાર ટીકા કરી હતી. તેમણે લાલબત્તી કરી હતી કે નાગરિકો લોકશાહીને નુકસાન કરવા બદલ ચૂંટણી પંચને જ જવાબદાર ઠરાવશે.

તેમણે મહાગઠબંધન દ્વારા એનડીએ સામે ચાલી રહેલા સંઘર્ષને મહાત્મા ગાંધીજીના બ્રિટિશ શાસન સામેના સંઘર્ષ સાથે સરખાવ્યો હતો.

# મુંબઈમાં ત્રણ મુસ્લિમ ધારાસભ્યોના ઘર અને કચેરી પર જઈને ભાજપ નેતાઓએ વંદે માતરમ ગીતનું ગાયન કર્યું

## શુક્રવારે ભાજપ આગેવાનો ધારાસભ્ય અબુઅસીમ આઝમી અને અન્ય બે ધારાસભ્યો અમીન પટેલ તથા અસલમ શેખના ઘર અને નિવાસ પર પહોંચી ગયા હતા અને વંદે માતરમ ગાવાનું શરૂ કરીને કોમવાદી તંગદિલી ફેલાવવાનો પ્રયાસ કર્યો હતો



(એજન્સી) મુંબઈ, તા.૯

વંદે માતરમ ગીતની ૧૫૦મી જયંતી નિમિત્તે ભાજપના કેટલાક નેતાઓએ મુંબઈમાં રહેતા ૩ મુસ્લિમ ધારાસભ્યોના નિવાસ અને કચેરીઓ પર જઈને વંદે માતરમ ગીતનું ગાયન કરી કોમી તંગદિલી ઊભી કરવાનો પ્રયાસ કર્યો. સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય અબુઅસીમ આઝમી તથા અન્ય બે ધારાસભ્ય અમીન પટેલ અને અસ્લમ શેખની ઓફિસ અને ઘરો પાસે જઈને વંદે માતરમ લલકારવામાં આવ્યું હતું. એમએલએ આઝમીએ લોકોને બળજબરીથી વંદે માતરમ ગાવાની ફરજ પાડતાં અને કૃત્રિમ સપાટી પરનો રાજકારણ ખેલી રહેલા લોકો સામે પગલાં લેવાની માંગણી કરી હતી. બીજી તરફ અમીન પટેલ અને અસ્લમ નામના કોંગ્રેસના ધારાસભ્યોએ એ બધાને એમની ઓફિસમાં બોલાવીને વંદે માતરમ ગાવા માટે આગ્રહ કર્યો હતો અને એમને આવકાર આપ્યો હતો. આઝમીએ આક્ષેપ કર્યો હતો કે બ્રીટિશરો સાથે સાંઠગાંઠ કરતાં રહેલા સંગઠનના લોકો અમારી પાસે દેશભક્તિના પુરાવા માંગી રહ્યા છે. અદાલતોનો સ્પષ્ટ આદેશ છે કે કોઈને વંદે માતરમ ગાવાની ફરજ પાડી શકાય નહીં છતાં મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીઓ ધ્યાનમાં રાખીને ભાજપના નેતાઓ ધાર્મિક નફરત ફેલાવવાની રાજનીતિ ફરીથી રમી રહ્યા છે અને એટલે જ મારા ઘરની પાસે આવો કાર્યક્રમ કરવાનો પ્રયાસ કર્યો. આઝાદીની લડાઈમાં અમારા પૂર્વજોએ પણ ખૂબ બલિદાન આપ્યા હતા અને જે લોકોએ એ સમયે બ્રિટીશ રાજની સાથે રહ્યા હતા એ તત્વો આજે અમને દેશભક્તિના પાઠ ભણાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ ખૂબ જ દુ:ખદ છે અને હું આ લોકો સામે અદાલતમાં જવાનો છું. અબુ આઝમીએ રસ્તામાં પોતાના ઘર અને ઓફિસ પાસે વંદે માતરમ ગાવાને બદલે ભાજપ પ્રમુખ અમિત સત્યમને એમની પોતાની કચેરીમાં આવો કાર્યક્રમ કરવાનું સૂચવ્યું હતું.

# કાનૂની સહાયની ઉપલબ્ધતા સરળ બનાવવી જોઈએ : સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ સૂર્યકાંત

## જસ્ટિસ કાંતે કહ્યું કે તાજેતરના વર્ષોમાં કાનૂની સહાય ચળવળ વધુ ઊંડી બની છે અને તેની પહોંચ વધુ વિસ્તરી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ સૂર્યકાન્તે કહ્યું કે કાનૂની સહાયની ઉપલબ્ધતા સરળ બનાવવી જોઈએ, તેમણે ભાર મૂક્યો કે ટેકનોલોજીનો ઉપયોગ સ્થાનિક જ્ઞાન, ભાષાકીય સુલભતા અને માનવ સહાનુભૂતિ દ્વારા સંચાલિત થવો જોઈએ. કાનૂની સહાય વિતરણ પદ્ધતિઓને મજબૂત બનાવવા પર રાષ્ટ્રીય પરિષદના ઉદ્ઘાટન સમારોહમાં સ્વાગત ભાષણ આપતા, ન્યાયાધીશ કાંતે કહ્યું કે ન્યાય પ્રણાલીનું સાચું માપ એ નથી કે તે જટિલ કેસોનો કેટલી ઝડપથી નિર્ણય લે છે, પરંતુ તે સામાન્ય નાગરિકોના જીવનને કેટલી ઊંડાણપૂર્વક સ્પર્શે છે. પદનામિત CJIએ કહ્યું કે, "આગળ જોતાં આપણે કાનૂની મદદ મેળવવાનું સરળ બનાવવું જોઈએ. તે વહીવટી સુધારા અને માનવીય પ્રથા બંનેની માંગ કરે છે. ટેકનોલોજી દૂરસ્થ ક્લિનિક્સ, ઓનલાઈન સમાધાન અને ડિજિટલ ફરિયાદ પોર્ટલ જેવી વાસ્તવિક તકો પ્રદાન કરે છે પરંતુ માત્ર ટેકનોલોજી હોવી જ પૂરતું નથી પરંતુ તે સ્થાનિક જ્ઞાન, ભાષાકીય સુલભતા અને માનવ સહાનુભૂતિ દ્વારા સંચાલિત થવી જોઈએ."



ન્યાયાધીશ કાંતે કહ્યું કે ન્યાય પ્રણાલીનું સાચું માપ એ નથી કે તે જટિલ કેસોનો ઝડપથી નિર્ણય લે છે, પરંતુ તે સામાન્ય નાગરિકોના જીવનને કેટલી ઊંડાણપૂર્વક સ્પર્શે છે. "તે કાયદાનું અર્થઘટન કરનારાઓ, તેનો અમલ કરનારાઓ અને આપણા દેશના દૂરના ખૂણા સુધી તેનો પ્રકાશ પહોંચાડનારાઓ વચ્ચેની ભાગીદારીની ઉજવણી કરે છે. તેમણે કહ્યું કે, "જ્યારે આપણું બંધારણ ઘડવામાં આવ્યું હતું, ત્યારે ધ્યેય ફક્ત કાનૂની વ્યવસ્થા બનાવવાનો નહોતો પરંતુ એક એવા સાધનને પોષવાનો હતો જે ન્યાયીપણા, માનવીય ગૌરવ અને બધા માટે સમાન રક્ષણ સુરક્ષિત કરે છે. "કાનૂની સહાય એ જ છે જ્યાં તે ડિઝાઈન વાસ્તવિકતા સાથે મેળ ખાય છે." જસ્ટિસ કાંતે કહ્યું કે સમાધાનકારી મંચો દ્વારા લાખો લોકોને લાંબા મુકદ્દમાથી બચાવી લેવામાં આવ્યા છે, લાખો લોકોને કોઈપણ ખર્ચ વિના પ્રતિનિધિત્વ મળ્યું છે, ઘણા પીડિતોને કાનૂની વળતર મળ્યું છે, હજારો લોકોએ મધ્યસ્થી દ્વારા તેમના વિવાદોનું નિરાકરણ મેળવ્યું છે જેથી કરીને કાયદો સામાન્ય લોકો માટે રાહત અને સ્થિરતામાં પરિણમે. તેમણે કહ્યું, આ ફક્ત સંખ્યાઓ નથી, આ તે લોકો છે જેમની સમસ્યાઓનો વ્યવહારુ મદદથી ઉકેલ આવ્યો છે. જસ્ટિસ કાંતે કહ્યું કે તાજેતરના વર્ષોમાં કાનૂની સહાય ચળવળ વધુ ઊંડાણમાં ગઈ છે અને તેની પહોંચને વધુ વિસ્તૃત કરી છે. "જેલ કાર્યક્રમો હવે ફક્ત સજાને બદલે પુનર્વસન પર ધ્યાન કેન્દ્રિત કરે છે, સંરક્ષણ કર્મચારીઓના પરિવારોને ટેકો આપતી યોજનાઓ, માનવ-વન્યજીવન સંઘર્ષોથી પ્રભાવિત સમુદાયો માટે મધ્યસ્થી અને આઉટરીચને સંસ્થાકીય બનાવવા માટે રાષ્ટ્રવ્યાપી ચળવળ - આ સામાજિક વાસ્તવિકતાઓને અનુરૂપ કાયદાના કેટલાક ઉદાહરણો છે. તેમણે કહ્યું કે,"આ મિશનમાં સહિયારી માલિકીની જરૂર છે. ન્યાયાધીશો, વકીલો, કાનૂની શિક્ષકો, કાયદાના વિદ્યાર્થીઓ, પેરા-કાનૂની સ્વયંસેવકો, સમુદાય જૂથો અને નાગરિક સમાજ એમ બધાની અલગ ભૂમિકાઓ છે અને ડિજિટલ સાધનો અને નાગરિકોની જરૂરિયાતો વચ્ચે પુલ તરીકે કાર્ય કરે છે,". સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશે કહ્યું કે કાનૂની સહાયને મજબૂત બનાવવી એ ફક્ત સંસ્થાકીય ક્ષમતા વધારવા વિશે નથી, તે મુશ્કેલીમાં મુકાયેલી વ્યક્તિ કાયદાના રક્ષણ સુધી પહોંચવા માટેનો માર્ગ સરળ બનાવવા વિશે છે. ન્યાયાધીશ કાંતે કહ્યું કે, "અમારો પ્રયાસ એવી સિસ્ટમો ડિઝાઈન કરવાનો છે જે ઝડપી, સ્પષ્ટ અને કરૂણા સાથે પ્રતિક્રિયા આપે, જેથી ન્યાય ખરેખર પરવડી શકે તેવો, સમજી શકાય તેવો હોય અને લોકો જ્યાં પણ હોય ત્યાં સુધી પહોંચી શકાય તેવો હોય."

# વંદે ભારત એક્સપ્રેસમાં બાળકો પાસે RSSનું ગીત ગવડાવવામાં આવ્યાની ઘટનાની તપાસનો આદેશ આપતી કેરાલા સરકાર

## સામાન્ય શિક્ષણમંત્રી વી. શિવનકુટ્ટીએ ડીપીઆઈના ડાયરેક્ટરને તપાસ કરીને અહેવાલ આપવા તાકીદ કરી

(એજન્સી) થિરૂવનંતપુરમ, તા.૯

એરનાકુલમથી બેંગ્લુરૂ સુધીની વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનના ઉદ્‌ઘાટન સમારંભમાં વિદ્યાર્થીઓ પાસે આરએસએસનું ગીત ગવડાવવાના દક્ષિણ રેલવેના અધિકારીઓના કૃત્યો સામે તપાસ કરવાનો કેરાલા સરકારે આદેશ આપ્યો છે. સામાન્ય શિક્ષણમંત્રી વી.સિવનકુટ્ટીએ ડીપીઆઈના ડાયરેક્ટરને તપાસ કરીને અહેવાલ આપવા સૂચના આપી દીધી છે. શિક્ષણમંત્રીના નિવેદનામાં જણાવ્યું છે કે સરકારે આ ઘટનાને ખૂબ જ ગંભીરતાથી લીધી છે. સરકારી કાર્યક્રમોમાં બાળકોને રાજકીય રંગે રંગવાનો પ્રયાસ કરવો અને ચોક્કસ સંગઠનના કોમવાદી એજન્ડાને પ્રોત્સાહન આપવું એ બંધારણના સિદ્ધાંતોનું ભંગ છે એટલે સરકારે તાત્કાલિક તપાસ કરવાનો આદેશ આપ્યો છે. અહેવાલ આવ્યા પછી વધુ પગલાં લેવામાં આવશે. બીજી તરફ વંદે માતરમ ગીત ગાનારા બાળકોની સ્કૂલના પ્રિન્સીપલ કે.પી. ડિન્ટોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે અને રજૂઆત કરી છે કે શું અમારા બાળકો દેશભક્તિના ગીત ગાઈ ન શકે ? તેમણે પત્રમાં લખ્યું છે કે અમારા બાળકો માતૃભૂમિની પ્રશંસા કરતા ગીત શું કામ ગાઈ ન શકે ? અમે જે ગીત બાળકો પાસે ગવડાવીએ એ મલયાલમ ભાષામાં દેશપ્રેમનો ગીત હતું જેમાં દેશની એકતા કે ધર્મનિરપેક્ષતાના માળખાને નુકસાન કરતો એક પણ શબ્દ નહોતો.

# પાકિસ્તાને બંધારણમાં સુધારો કર્યો; અસીમ મુનીર સંરક્ષણ દળોના વડાનું પદ સંભાળશે

## ભારત-પાકિસ્તાન વચ્ચે મે માહિનામાં થયેલા સંઘર્ષના થોડા દિવસો પછી પાકિસ્તાની સરકાર દ્વારા ફિલ્ડ માર્શલ તરીકે મુનીરનું આગામી પ્રમોશન નક્કી છે

(એજન્સી) તા.૯

પાકિસ્તાનના પ્રસ્તાવિત ૨૭મા બંધારણીય સુધારાના ભાગરૂપે પાકિસ્તાનના આર્મી ચીફ અસીમ મુનીર સંરક્ષણ દળોના વડા તરીકે નવી બનાવેલી ભૂમિકા સંભાળે તેવી શક્યતા છે. ભારત-પાકિસ્તાન વચ્ચે મે માહિનામાં સંઘર્ષના થોડા દિવસો પછી પાકિસ્તાની સરકાર દ્વારા ફિલ્ડ માર્શલ તરીકે મુનીરનું આગામી પ્રમોશન થશે. ભારતીય દળોએ પાકિસ્તાની એરબેઝ પર હુમલો કર્યો, રડાર સિસ્ટમ, કમાન્ડ સેન્ટર, રનવે, હેંગર અને સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ (SAM) સિસ્ટમ સહિત અન્ય મહત્ત્વપૂર્ણ માળખાગત સુવિધાઓને નુકસાન પહોંચાડ્યું અને નાશ કર્યો હતો, ત્યારબાદ

**સરમુખત્યારશાહી મુર્દાબાદ : અસીમ મુનીરને સત્તા સોંપવા સામે પાકિસ્તાનમાં વિરોધ પ્રદર્શનો થયા**

નિમણૂકો કરવામાં આવશે નહીં, જેનાથી મુનીરના નેતૃત્વ હેઠળ ટોચના કમાન્ડ માળખાને મજબૂત બનાવવામાં આવશે. કાનૂની મંત્રીએ કહ્યું કે, આ બિલ જનરલ મુનીરના ફિલ્ડ માર્શલના પદવીને પણ ઔપચારિક રીતે સ્વીકારે છે, તેને 'એક પદવી, કોઈ પદવી નહીં, કોઈ નિમણૂક નહીં' તરીકે વર્ણવે છે.

## જો આ સુધારો લાગુ કરવામાં આવે તો વર્તમાન સુધારો પાકિસ્તાનના તાજેતરના ઈતિહાસમાં સૌથી દૂરગામી બંધારણીય સુધારાઓ પૈકી એક હશે

પાકિસ્તાનના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ (DGMO)એ તેમના ભારતીય સમકક્ષને દુશ્મનાવટ બંધ કરવાની વિનંતી સાથે ફોન કર્યા પછી આ યુદ્ધ સમાપ્ત થયું હતું. ડોનના અહેવાલ મુજબ પાકિસ્તાન ફેડરલ કેબિનેટે ડ્રાફ્ટ સુધારાને મંજૂરી આપી હતી, જેને બાદમાં શનિવારે સેનેટમાં રજૂ કરવામાં આવ્યો હતો અને સંયુક્ત સમીક્ષા માટે નેશનલ એસેમ્બલી અને સેનેટ કાયદા અને ન્યાય સ્થાયી સમિતિઓને મોકલવામાં આવ્યો હતો. આ ચર્ચા દરમિયાન કાયદા પ્રધાન આઝમ નઝીર તરારે સ્પષ્ટતા કરી હતી કે, વર્તમાન વર્તમાન પ્રમુખનો કાર્યકાળ પૂરો થયા પછી ૨૭ નવેમ્બરથી ચેરમેન જોઈન્ટ ચીફ્સ ઓફ સ્ટાફ કમિટી (CJCSC)નું કાર્યાલય નાબૂદ કરવામાં આવશે. પાકિસ્તાનના જનરલ સાહિર શમશાદ મિર્ઝા હાલમાં આ પદ સંભાળે છે. તેમની સ્પષ્ટતા દરમિયાન તરારે મિર્ઝાને 'હીરો' ગણાવ્યા અને કહ્યું કે, સંસદ તેમના કાર્યકાળ દરમિયાન તેમને આ ભૂમિકાથી વંચિત રાખવાનું વિચારી પણ શકતી નથી. તેમની નિમણૂક સમાપ્ત થયા પછી તેને નાબૂદ કરવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું કે, આર્મી સ્ટાફના વડા (COAS) સંરક્ષણ દળોના વડાની ભૂમિકા સંભાળશે તેથી આ પદ પર કોઈ નવી તેમણે નોંધ્યું કે, આ પદવી માનદ અને જીવનભર છે, જે અન્ય દેશોમાં માર્શલ ઓફ ધ એરફોર્સ અથવા એડમિરલ ઓફ ધ ફ્લીટ જેવી ભિન્નતાઓ સાથે સમાન છે.

જ્યાં સંઘીય સરકાર સશસ્ત્ર દળોના સભ્યને ફિલ્ડ માર્શલ, માર્શલ ઓફ ધ એરફોર્સ અથવા એડમિરલ ઓફ ધ ફ્લીટના પદ પર બઢતી આપે છે, ત્યાં આવા અધિકારી પદ, વિશેષાધિકારો જાળવી રાખશે અને જીવનભર ગણવેશમાં રહેશે. તેમણે વધુમાં કહ્યું કે, એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, વડાપ્રધાન નહીં, ફક્ત સંસદ પાસે જ આ પદવી રદ કરવાની સત્તા હશે. વડાપ્રધાન પાસે ફિલ્ડ માર્શલનું પદ રદ કરવાની સત્તા રહેશે નહીં; તે સત્તા ફક્ત પાકિસ્તાની સંસદ પાસે રહેશે. આ પ્રસ્તાવિત સુધારાએ રાજકીય ચર્ચા પણ જગાવી છે. પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (પીપીપી)એ કહ્યું કે, તે સશસ્ત્ર દળો સંબંધિત કલમ ૨૪૩માં સુધારાને સમર્થન આપે છે પરંતુ ૧૮મા સુધારા હેઠળ પ્રાંતીય સ્વાયત્તતાના કોઈપણ રોલબેકનો વિરોધ કરે છે. જમિયત ઉલેમા-એ-ઈસ્લામ-ફઝલ (જેયુઆઈ-એફ) અને વિપક્ષ પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ)એ પણ આ બિલની ટીકા કરી છે, પીટીઆઈએ તેને 'સંસદ પર હુમલો' ગણાવ્યો છે.

# શરદ પવારે પૌત્ર પાર્થ પવારના પુણે જમીન વિવાદ અંગે ૧,૮૦૦ કરોડ રૂપિયાના મુંધવા જમીન સોદાની તપાસને સમર્થન આપ્યું

## NCPના વડાએ કહ્યું છે કે વહીવટ, રાજકારણ અને પરિવાર અલગ છે; તેમણે વિલંબિત કૃષિ રાહત માટે મહારાષ્ટ્ર સરકારની ટીકા કરી અને વિરોધ પક્ષોની વ્યૂહરચનામાં MNSને સામેલ કરવાના સંકેત આપ્યા હતા

(એજન્સી) અકોલા, તા.૮

NCP (SP)ના પ્રમુખ શરદપવારે શનિવારે તેમના પૌત્ર પાર્થપવારની કંપની સાથે કથિત રીતે જોડાયેલા વિવાદાસ્પદ જમીન સોદાની તપાસને સમર્થન આપ્યું છે. પવારે પત્રકારોને જણાવ્યું કે, મુખ્યમંત્રીએ જાહેરમાં કહ્યું છે કે, મામલો ગંભીર છે. તેથી તેમણે તપાસ કરવી જોઈએ અને સમાજ સમક્ષ હકીકતો રજૂ કરવી જોઈએ. આ વિવાદ પુણેના મુંધવા વિસ્તારમાં ૪૦ એકર સરકારી જમીનના ગેરકાયદેસર વેચાણ સાથે સંબંધિત છે, જેની કિંમત આશરે રૂા.૧,૮૦૦ કરોડ હોવાનું કહેવાય છે. વિપક્ષી નેતાઓનો દાવો છે કે ડેપ્યુટી સીએમ અજિતપવારના પુત્ર પાર્થ સાથે જોડાયેલી કંપની દ્વારા સ્ટેમ્પ ડ્યુટી માફી સાથે માત્ર રૂા.૩૦૦ કરોડમાં ખરીદી હતી. અજિતપવારે આ વ્યવહારથી પોતાને દૂર રાખ્યા છે.જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેમના ભત્રીજા અજિતપવારને મહાયુતિમાં સાથીઓ દ્વારા રાજકીય રીતે નિશાન બનાવવામાં આવી રહ્યા છે, ત્યારે વરિષ્ઠ પવારે કહ્યું, "મને ખબર નથી." શરદપવાર પણ તેમની પુત્રી અને એનસીપી સાંસદ સુપ્રિયાસુલેની પાર્થ પરની ટિપ્પણી સાથે સહમત ન હોવાનું જણાય છે. સુલેએ કહ્યું હતું કે, તેમને નથી લાગતું કે પાર્થએ કંઈ ખોટું કર્યું હતું. પવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે, વહીવટ, રાજકારણ અને પરિવાર અને અલગ અલગ બાબતો છે. એક પરિવાર તરીકે, અમે એક છીએ, પરંતુ અમે વૈચારિક રીતે વિભાજિત છીએ. મારા એક પૌત્ર-ભત્રીજાએ અજિતપવાર સામે ચૂંટણી લડી હતી, અને અજિતપવારની પત્નીએ મારી પુત્રી સામે ચૂંટણી લડી હતી. આ પીઢ રાજકારણીએ કહ્યું કે, મહારાષ્ટ્રમાં આગામી સ્થાનિક સ્વરાજય ચૂંટણી માટેની રણનીતિ સર્વાનુમતે (મહાવિકાસ આઘાડીના સાથીઓ દ્વારા) નક્કી કરવામાં આવશે. અમે (NCP-SP) આવતીકાલે બેઠક કરી રહ્યા છીએ અને અમારી રણનીતિ અને અમારા જૂથમાં નવા ભાગીદારોને સામેલ કરવા અંગે નિર્ણય લઈશું. તેમણે રાજ ઠાકરેની આગેવાની હેઠળની MNSને વિપક્ષી છાવણીમાં લેવાનો પણ સંકેત આપ્યો હતો અને કહ્યું કે, જો MVAમાં સર્વસંમતિ દ્વારા કોઈ સારો વિકલ્પ આવે છે, તો કોંગ્રેસ પાર્ટીએ મહારાષ્ટ્ર નવનિર્માણસેના પર આત્યંતિક વલણ ન અપનાવવું જોઈએ, અને તેના વિશે વિચારવું જોઈએ. અમે કાલે આ અંગે ચર્ચા કરીશું. પૂર્વ કેન્દ્રીય મંત્રીએ આરોપ લગાવ્યો કે, મહાયુતિ સરકાર ખેડૂતોની દુર્દશા, પાકના નુકસાન અને દેવા સામે ઝઝૂમી રહેલી સ્થિતિ પ્રત્યે ચિંતિત નથી. છત્રપતિ શિવાજી મહારાજના રાજ્યમાં મહેનતુ લોકો અને ખેડૂતોનો સમાવેશ થતો હતો. શિવાજી મહારાજે હંમેશા ખેડૂતોની સંભાળ રાખી હતી. જોકે, હવે આવું થઈ રહ્યું નથી. ભારે વરસાદથી અસરગ્રસ્ત ખેડૂતો માટે રાજ્ય સરકારે જાહેર કરેલી મદદ હજુ સુધી ઘણા ખેડૂતો સુધી પહોંચી નથી. સરકાર દ્વારા રાહત પેકેજની જાહેરાતને છેતરપિંડી સમાન ગણાવતા, પવારે કહ્યું કે, એપ્રિલમાં કમોસમી વરસાદ માટે નાણાકીય સહાય મેળવનારા ખેડૂતોને કંઈ મળ્યું નથી.

# સીરિયાના રાષ્ટ્રપતિ તેમની ઐતિહાસિક મુલાકાત માટે અમેરિકા આવી પહોંચ્યા

## વિશ્લેષકોના મતે, ૧૯૪૬માં દેશની સ્વતંત્રતા પછી રાષ્ટ્રપતિ અહેમદ અલ-શારાની યુનાઈટેડ સ્ટેટ્સની મુલાકાત સીરિયાના પ્રથમ રાષ્ટ્રપતિની મુલાકાત છે

(એજન્સી) વોશિંગ્ટન, તા.૯

સીરિયાના રાષ્ટ્રપતિ અહેમદ અલ-શારા શનિવારે એક ઐતિહાસિક સત્તાવાર મુલાકાત માટે યુનાઈટેડ સ્ટેટ્સ પહોંચ્યા છે, તેમના દેશની રાજ્ય સમાચાર એજન્સીએ અહેવાલ આપ્યો છે કે, વોશિંગ્ટને તેમને આતંકવાદ બ્લેકલિસ્ટમાંથી દૂર કર્યાના એક દિવસ પછી આ યાત્રા શરૂ થઈ છે. ગયા વર્ષના અંતમાં લાંબા સમયના શાસક બશર અસદને હાંકી કાઢનારા શારા સોમવારે વ્હાઈટ હાઉસ ખાતે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને મળવાના છે. ૧૯૪૬માં દેશની સ્વતંત્રતા પછી સીરિયાના રાષ્ટ્રપતિની આ પહેલી મુલાકાત છે. મે મહિનામાં યુએસ રાષ્ટ્રપતિના પ્રાદેશિક પ્રવાસ દરમિયાન વચગાળાના નેતા રિયાધમાં ટ્રમ્પને પહેલીવાર મળ્યા હતા. સીરિયામાં યુએસ રાજદૂત ટોમ બેરેકે કહ્યું હતું કે, એવી આશા છે કે દાઈશ જૂથ સામે આંતરરાષ્ટ્રીય યુએસ-નેતૃત્વ હેઠળના જોડાણમાં જોડાવા માટે એક કરાર પર હસ્તાક્ષર કરશે. સીરિયામાં એક રાજદ્વારી સૂત્રએ જણાવ્યું હતું કે યુનાઈટેડ સ્ટેટ્સ માનવતાવાદી સહાયનું સંકલન કરવા અને સીરિયા અને ઈઝરાયેલ વચ્ચેના વિકાસનું નિરીક્ષણ કરવા માટે દમાસ્કસ નજીક લશ્કરી થાણું સ્થાપિત કરવાની યોજના ધરાવે છે. શુક્રવારે શારાને બ્લેકલિસ્ટમાંથી દૂર કરવાનો સ્ટેટ ડિપાર્ટમેન્ટનો નિર્ણય વ્યાપકપણે અપેક્ષિત હતો. સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા ટોમી પિગોટે જણાવ્યું હતું કે શારાની સરકાર ગુમ થયેલા અમેરિકનોને શોધવા અને બાકીના કોઈપણ રાસાયણિક હથિયારોને દૂર કરવા સહિતની યુએસ માંગણીઓ પૂરી કરી રહી છે. બશર અસદના ગયા પછી સીરિયન નેતૃત્વ દ્વારા દર્શાવવામાં આવેલી પ્રગતિ અને અસદ શાસન હેઠળ ૫૦ વર્ષથી વધુના દમનને માન્યતા આપવા માટે આ પગલાં લેવામાં આવી રહ્યા છે. યુએસ દ્વારા આ ડિલિસ્ટિંગથી પ્રાદેશિક સુરક્ષા અને સ્થિરતા તેમજ સમાવિષ્ટ, સીરિયન-નેતૃત્વ અને સીરિયન-માલિકીની રાજકીય પ્રક્રિયાને પ્રોત્સાહન મળશે. સીરિયન ગૃહ મંત્રાલયે શનિવારે જાહેરાત કરી હતી કે તેણે દાઈશના ખતરાને નિષ્ક્રિય કરવા માટે સક્રિય ઝુંબેશમાં ૬૧ દરોડા પાડ્યા છે અને ૭૧ ધરપકડ કરી છે. તેણે કહ્યું હતું કે દરોડામાં એ સ્થાનોને નિશાન બનાવવામાં આવ્યા હતા જ્યાં દાઈશ સ્લીપર સેલ રહે છે, જેમાં અલેપ્પો, ઈદલિબ, હમા, હોમ્સ, દેઈર એઝ-ઝોર, રક્કા, દમાસ્કસનો સમાવેશ થાય છે. યુનાઈટેડ સ્ટેટ્સમાં પહોંચ્યા પછી, શારાએ સોશિયલ મીડિયા પર એક વિડિઓ શેર કર્યો હતો જેમાં તે CENTCOM કમાન્ડર બ્રેડ કૂપર અને ઈરાકમાં આંતરરાષ્ટ્રીય દાઈશ વિરોધી કામગીરીના વડા કેવિન લેમ્બર્ટ સાથે બાસ્કેટબોલ રમતા હતા. ગુરૂવારે, વોશિંગ્ટને સુરક્ષા પરિષદ દ્વારા તેમના પરના યુએન પ્રતિબંધો દૂર કરવા માટે મતદાનનું નેતૃત્વ કર્યું હતું. આ અગાઉ અલ-કાયદા સાથે સંકળાયેલા, શારાના જૂથ, હયાત તહરિર અલ-શામ (HTS)ને તાજેતરમાં જુલાઈમાં વોશિંગ્ટન દ્વારા આતંકવાદી જૂથ તરીકે સૂચિબદ્ધ કરવામાં આવ્યું હતું. સત્તા સંભાળ્યા પછી સીરિયાના નવા નેતાઓએ તેમના હિંસક ભૂતકાળથી અલગ સામાન્ય સીરિયનો અને વિદેશી શક્તિઓ માટે વધુ મધ્યમ છબી રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. ઈન્ટરનેશનલ ક્રાઈસિસ ગ્રુપના યુએસ પ્રોગ્રામ ડિરેક્ટર માઈકલ હેનાએ જણાવ્યું હતું કે, વ્હાઈટ હાઉસની મુલાકાત એ "નવા સીરિયા પ્રત્યે યુએસની પ્રતિબદ્ધતાનો વધુ પુરાવો છે અને દેશના નવા નેતા માટે એક ખૂબ જ પ્રતિકાત્મક ક્ષણ છે, જે આમ આતંકવાદી નેતાથી વૈશ્વિક રાજનેતા બનવાના તેમના આશ્ચર્યજનક પરિવર્તનનું પગલું દર્શાવે છે. ૧૩ વર્ષના ક્રૂર ગૃહયુદ્ધ પછી પુનઃનિર્માણમાં નોંધપાત્ર પડકારોનો સામનો કરી રહેલા સીરિયા માટે શારા ભંડોળ મેળવશે તેવી અપેક્ષા છે. ઓક્ટોબરમાં વિશ્વ બેંકે સીરિયાના પુનઃનિર્માણના ખર્ચનો અંદાજ $૨૧૬ બિલિયન કહ્યું હતું.

# ધોરણ-૧૧ના યુવકોએ સહાધ્યાયીને રાત્રિભોજન માટે આમંત્રણ આપ્યું અને મહિનાઓ જૂની અદાવતને કારણે તેને ગોળી મારી દીધી

(એજન્સી) તા.૯

ગુરૂગ્રામમાં બે સગીરોની ધરપકડ કરવામાં આવી હતી, જેમણે તેમના ૧૭ વર્ષના સહાધ્યાયીને રાત્રિભોજન માટે આમંત્રણ આપ્યા પછી તેને ગોળી મારી હતી. આરોપીઓમાંથી એકના પિતા પ્રોપર્ટી ડીલર તરીકે કામ કરે છે અને હુમલામાં ઘરે રાખેલી તેની લાઈસન્સ પ્રાપ્ત પિસ્તોલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ બે સગીરોએ તેમના સહાધ્યાયીઓને એક આરોપીના પિતાની લાઈસન્સ પ્રાપ્ત પિસ્તોલથી ગોળી મારી હતી. રવિવારે બે સગીરોની ધરપકડ કરવામાં આવી હતી, જેમણે તેમના ૧૭ વર્ષના સહાધ્યાયીને રાત્રિભોજન માટે બોલાવ્યા પછી ગોળી મારી હતી. આ ઘટના શનિવારે મોડી રાત્રે ગુરૂગ્રામના સેક્ટર ૪૮માં બની હતી. પોલીસના જણાવ્યા અનુસાર સદર પોલીસ સ્ટેશનને કંટ્રોલ રૂમમાંથી એક છોકરાને ગોળી મારવામાં આવી હોવાનો રિપોર્ટ મળ્યો હતો. ત્યાં પહોંચ્યા પછી પરિવારના સભ્યો પીડિતાને પહેલાથી જ હોસ્પિટલમાં લઈ જઈ રહ્યા હતા. પોલીસે ઘટનાસ્થળને સુરક્ષિત બનાવ્યું અને સ્થળ પરથી એક પિસ્તોલ, એક મેગેઝિન, પાંચ જીવંત કારતૂસ અને એક ખાલી શેલ કારતૂસ જપ્ત કર્યા હતા. આરોપીના રૂમની અંદરના બોક્સમાંથી એક મેગેઝિન અને ૬૫ જીવંત કારતૂસ પણ મળી આવ્યા છે. એક આરોપીના પિતા પ્રોપર્ટી ડીલર તરીકે કામ કરે છે અને ઘરમાં રાખેલી તેની લાઈસન્સવાળી પિસ્તોલનો હુમલામાં ઉપયોગ કરવામાં આવ્યો હતો. પીડિતની માતાએ લેખિત ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેના પુત્ર, જે ૧૧મા ધોરણનો વિદ્યાર્થી છે, તેને એક શાળાના મિત્રએ મળવા માટે ફોન કર્યો હતો. શરૂઆતના ખચકાટ પછી તેણીએ તેના પુત્રને જવા દીધો. પીડિતને આરોપીના ઘરે લઈ જવામાં આવ્યો હોવાનું કહેવાય છે, જ્યાં તેને ગોળી મારી દેવામાં આવી હતી. આ કથિત રીતે બે મહિના પહેલા બંને છોકરાઓ વચ્ચે થયેલા ઝઘડાનો બદલો લેવા માટે હતું. પોલીસે પુષ્ટિ આપી હતી કે, આરોપી, સગીર અને પીડિતાના સહાધ્યાયી બંને, ઘટનાના થોડા કલાકો પછી ૯ નવેમ્બરના રોજ ધરપકડ કરવામાં આવી હતી. પ્રારંભિક પૂછપરછમાં જાણવા મળ્યું કે, ગોળીબાર પૂર્વયોજિત હતો : આરોપીએ પીડિતને બોલાવ્યો, તેની સાથે રાત્રિભોજન કર્યું અને પછી બીજા મિત્રને ઉપાડીને સેક્ટર ૪૮માં આરોપીના ભાડાના ઘરમાં ગયો, જ્યાં ગોળીબાર થયો હતો. આ અંગે તપાસ ચાલુ છે અને કાનૂની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# કૃષ્ણાગિરીમાં પતિએ પાંચ મહિનાના પુત્રની હત્યાનો આરોપ લગાવ્યા બાદ તમિલનાડુની મહિલા અને તેના લેસ્બિયન પાર્ટનરની ધરપકડ

(એજન્સી) તા.૯

તમિલનાડુના કૃષ્ણાગિરી જિલ્લાના કેલામંગલમ વિસ્તારોમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જ્યાં ૩૮ વર્ષીય પતિએ તેની પત્ની અને પત્નીની કથિત લેસ્બિયન પાર્ટનરે પાંચ મહિનાના બાળકનું ગળુ દબાવીને હત્યા નીપજાવી છે. સમગ્ર ઘટના મામલે ફરિયાદ નોંધાતા પોલીસે આરોપી બંને મહિલાની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ કૃષ્ણાગિરી જિલ્લાના ચિન્નાટ્ટી ગામના રહેવાસી સુરેશના લગ્ન ૨૬ વર્ષીય ભારતી નામની યુવતી સાથે થયા હતા, તેઓ મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. દંપતીની ૪-૫ વર્ષની બે બાળકી છે અને એક પાંચ મહિનાનું બાળક. સુરેશે જણાવ્યું કે, 'ગત ૫ નવેમ્બરના રોજ મને જાણકારી મળી કે અમારો મહિનાનો દીકરો અચાનક બેભાન થતાં સારવાર માટે કેલામંગલમ સ્થિત સરકારી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ડોક્ટર તપાસમાં બાળકને મૃત જાહેર કર્યો હતો. આ પછી અમે દીકરાના અંતિમ સંસ્કાર કર્યા હતા.' જ્યારે ઘટનાના થોડા દિવસ પછી સુરેશને તેની પત્ની ભારતી પર શંકા ગઈ હતી. આ પછી તેણે ભારતીનો ફોન ચેક કર્યો હતો, જેમાં કથિત રીતે ફોટો, ચેટ્સ અને વોઈસ મેસેજ જોવા મળ્યા હતા. ત્યારબાદ સુરેશે કેલામંગલમ પોલીસ સ્ટેશનને જાણ કરી હતી.

**ત્રણ વર્ષથી ચાલી રહ્યા હતા બંને મહિલાના સંબંધ :** પોલીસ પાસેથી મળતી માહિતી પ્રમાણે ભારતીના સુમિત્રા નામની મહિલા સાથે છેલ્લા ત્રણ વર્ષથી સંબંધ ચાલી રહ્યા હતા. જ્યારે ત્રીજા બાળકના જન્મ પછી બંને વચ્ચે મુલાકાત બંધ થતાં બંનેના સંબંધમાં તણાવ વધ્યો હતો. આ તણાવના કારણે ભારતીએ તેના પાંચ મહિનાના બાળકનું ગળુ દબાવીને હત્યા નીપજાવી દીધી હોવાનો પતિએ આરોપ લગાવ્યો છે.

### કોંગ્રેસની 'કિસાન આક્રોશ યાત્રા'ની જાહેરસભામાં સાંસદ શક્તિસિંહના આકરા પ્રહારો

# રાજ્યના ખેડૂતોને પૂરેપૂરું વળતર, દેવા માફ અને પાક વીમા યોજના મુદ્દે સરકારને કોંગ્રેસે ઘેરી

### આત્મહત્યા કરનાર ખેડૂતના પરિજનોને રૂ.૨૫ લાખની સહાય અને એકને સરકારી નોકરીની માગણી

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર,તા.૯

ગુજરાત કોંગ્રેસ સમિતિ પ્રેરિત 'કિસાન આક્રોશ યાત્રા' સોમનાથની શરૂ થયા બાદ ગત રોજ સાંજે ભાવનગર જિલ્લામાં પ્રવેશી હતી. જયાં યોજાયેલી જાહેરસભામાં રાજયસભામાં સાંસદ શકિતસિંહ ગોહિલે પોતાના સંબોધનમાં સત્તાધારી ભાજપ પક્ષ સામે આકરા પ્રહારો કરી ખેડૂત વિરોધી રીતિનીતિની આકરી ટીકા કરી હતી અને તાજેતરમાં પડેલા કમોસમી વરસાદના કારણે સમગ્ર ગુજરાત રાજયના ખેડૂતોનો જે ખેત પાક છે તેનું સર્વનાશ નીકળી ગયો હોય યોગ્ય અને વ્યાજબી વળતર મળે તેમજ જે





ખેડૂતોને મોટામાં મોટું નુકસાન થયું છે. જો હાલમાં જે સ્થિતિ ઉભી થઈ છે અને કમોસમી વરસાદના કારણે ખેડૂતોના સંપૂર્ણ પણે પાકનો નાશ થયો છે તો જો વીમો હોત તો ખેડૂતોને પુરેપૂરૂ વળતર મળત. કમોસમી વરસાદના કારણે ખેત પેદાશ ટેકાના ભાવ માટે નક્કી કરેલ માપદંડ મુજબ ગુણવત્તા ધરાવતી ન હોઈ અશોક ગુલાટી કમિટીની ભલામણ મુજબ ટેકાના તરકટ બંધ કરી ખેડૂતોના ખાતામાં સીધા ૧,૫૦,૦૦૦ જમા કરવામાં આવે, મામા કંસ સમાન બની ગયેલ એપીએમસીમાં ખેડૂતો સાથે થતી લૂંટ બંધ કરવામાં આવે. વધુમાં જણાવ્યું હતું કે, જે ખેડૂતોએ જેટલુ વાવેતર કર્યું

## તાકીદે યોગ્ય નહીં કરાય તો કોંગ્રેસની આંદોલન છેડવાની ચીમકી

ખેડૂતોએ આત્મહત્યા કરી હોય તો તેમના પરિવારજનોને રૂા. ૨૫ લાખનું આર્થિક વળતર ચુકવવા તેમજ પરિવારમાંથી એક સભ્યને સરકારી નોકરી પણ આપવામાં આવે તે સહિતની માગણીઓ કરવામાં આવી હતી. આ સભાના પ્રારંભે જયારે યાત્રા લીંબડા ગામે પહોંચી ત્યાં સાંસદ શકિતસિંહ ગોહિલે પોતે ટ્રેકટર ચલાવી સભા સ્થળ સુધી ગયા હતા લીંબડા ગામમાં ઠેર ઠેર આ યાત્રાનું સ્વાગત કરાયું હતું. ત્યાર બાદ જંગી જાહેરસભા યોજાઈ હતી. ભાવનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને પાલીતાણાના પૂર્વ ધારાસભ્ય પ્રવિણભાઈ રાઠોડે સ્વાગત કરતા તમામ મહેમાનોને અને ખાસ કરીને ખેડૂતોને આવકાર્યા હતા ત્યાર બાદ સાંસદ શકિતસિંહ ગોહિલ, પૂર્વ ધારાસભ્ય અને અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, ગુજરાત કોંગ્રેસ મહિલા મોરચાના પૂર્વ પ્રમુખ જેનીબેન ઠુમ્મર, પૂર્વ ધારાસભ્ય લલિત વસોયા, ગુજરાત પ્રદેશ કિસાન મોરચાના પ્રમુખ પાલભાઈ આંબલીયા, આ ખેડૂત આક્રોશ યાત્રાના કન્વીનર લાલજી દેસાઈ સહિતના આગેવાનોએ સભાને સંબોધતા ભાજપ સામે આકરા પ્રહારો કર્યા હતા. રાજયસભા સાંસદ શકિતસિંહ ગોહિલે આ સભાને સંબોધતા જણાવ્યું હતું કે તાજેતરમાં કમોસમી વરસાદના કારણે સમગ્ર ગુજરાત રાજયના ખેડૂતોનો વાવેલો પાક સર્વનાશ પામ્યો છે. ખેડૂતો બેહાલ થઈ ગયા છે અને ઘણા ખેડૂતોએ આવી દયનીય અને કરૂણ સ્થિતિમાં આપઘાત કરવાનો પણ વારો આવ્યો છે. તો આવા ખેડૂતોને પોતાના થયેલા પાકનું પૂરેપૂરૂ સરકાર દ્વારા વળતર ચુકવવામાં આવે જે ખેડૂતો આપઘાત કર્યો હોય તો તેમના પરિવારજનોને રોકડા રૂા.૨૫ લાખની સહાય ચૂકવવામાં આવે આવા પરિવારજનોના એક સભ્યને સરકારી નોકરી આપવામાં આવે અને ખેડૂતોને પોતાના થયેલા પાકનું પૂરેપૂરૂ નુકસાન ચુકવવામાં આવે હાલમાં સત્તાધારી ભાજપ પક્ષે જે સહાય જાહેર કરી છે તે નજીવી છે ખેડૂતોને પૂરતું વળતર મળી શકે તેમ નથી તેથી સમગ્ર ગુજરાત રાજયના ખેડૂતોમાં આક્રોશ ફાટી નીકળ્યો છે આ તમામ સ્થિતિઓને ધ્યાનમાં રાખી કોંગ્રેસ પક્ષ ખેડૂતોના વ્હારે આવ્યો છે અને નાછુટકે ખેડૂતોની આક્રોશ યાત્રા કાઢવામાં આવી છે. આ યાત્રા જે ગામ અને જિલ્લામાં પહોંચે છે ત્યાં યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવે છે પણ અમો ખેડૂતોને જણાવીએ છીએ કે કોઈ ફુલહાર કે શાલ ઓઢાડી સ્વાગત કરવા નથી અમો તો તમારા દુઃખમાં ભાગ લેવા આવ્યા છીએ ઠેર ઠેર આ યાત્રાનું સ્વાગત થાય છે અને ખેડૂતો પોતાની હૈયાવરાળ ઠાલવી રહ્યા છે અને સરકારે જે પેકેજ જાહેર કર્યું છે તેમાં વધારો કરવામાં આવે અને સંપૂર્ણ પાકનો નાશ થયો હોય તો તે મુજબ જ વળતર ચુકવવામાં આવે તેવી ખેડૂતો અને ખાસ કરીને કોંગ્રેસ પક્ષ માંગ કરે છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, સત્તાધારી મોદી સરકારે ઉદ્યોગપતિઓના ૨૪.૭૫ લાખ કરોડ માફ કર્યા છે તો આ અગાઉની યુ.પી.એ. સરકારમાં પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહની સરકારે ખેડૂતોના ૭૮ હજાર કરોડના દેવા માફ કર્યા હતા તેમ ખેડૂતના દેવા સંપૂર્ણ પણે માફ કરવામાં આવે. વધુમાં તેમણે ઉમેર્યું. કે ખરેખર ઘણી જ દુઃખદ વાત છે કે ગત વર્ષ ૨૦૨૦થી ખેડૂતોને ઘણી જ લાભદાયક એવી યોજના પાક વીમા યોજના હતી તે પણ ફકત ગુજરાત સરકાર દ્વારા બંધ કરી દેવામાં આવી છે જેનું હોય તેટલું તેને વળતર મળવું જોઈએ હાલમાં જે વળતર ચૂકવવાની વાત છે તે સાવ નજીવી છે હકીકતે તો સત્તાધારી પક્ષના મોવડીઓ અને વિપક્ષ કોંગ્રેસના મોવડીઓ આગેવાનોનું એક પ્રતિનિધિઓ જાહેર કરવામાં આવે અને આ પ્રતિનિધિઓ ખેડૂતોને રૂબરૂ મળી તેમને સરકાર દ્વારા ચુકવવામાં આવેલ વળતર યોગ્ય અને વ્યાજબી છે કે કેમ તે બાબતે પૂછવામાં આવે અને ખેડૂતોની માગણી મુજબ વળતર ચુકવવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષે માંગ કરી છે. આ ઉપરાંત સરકાર દ્વારા ફ્રીમાં ઘાસચારો પણ આપવામાં આવે સરકારી ગોડાઉનમાં પડેલુ ઘાસનું ખેડૂતો વચ્ચે વિતરણ કરી દેવામાં આવે જેથી ખેડૂતોને તેટલી પણ મદદ થઈ શકે તેમ છે. જો તાકીદે યોગ્ય કરવામાં નહી આવે તો કોંગ્રેસ આંદોલનાત્મક કાર્યક્રમ પણ આપશે અને ખેડૂતોના પ્રશ્નોને પૂરેપૂરી વાચા આપશે. તેમજ જમીની ખેડૂતોની સાથે સાગર ખેડૂતને પણ આર્થિક સહાય આપવામાં આવે. આ ખેડૂતોની આક્રોશ યાત્રા રાજયના ૧૧ જિલ્લાઓમાંથી પસાર થઈ આગામી તા.૧૩ના રોજ દ્વારકાધીશે સંપન્ન થશે તેમ કોંગ્રેસી આગેવાનોએ જણાવ્યું હતું.

# મેડિકલ-ડેન્ટલ કોલેજોમાં ખાલી પડેલી ૨૩૪ બેઠકો ભરવા ચોથો રાઉન્ડ યોજાશે

### ૨૩૪ બેઠકો માટે ૧૧ નવેમ્બરથી ચોઈસ ફિલીંગની કાર્યવાહી હાથ પર લેવામાં આવશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

રાજયની મેડિકલ અને ડેન્ટલ કોલેજોમાં પ્રવેશ માટે હાથ ધરાયેલી પ્રવેશ કાર્યવાહીમાં ત્રણ રાઉન્ડની કાર્યવાબી બાદ નોન-રિપોર્ટેડ રહેલી ૨૩૪ બેઠકોમાં પ્રવેશ માટે ચોથો (સ્ટ્રે વેકન્સી) રાઉન્ડ જાહેર કરવામાં આવ્યો છે. ચોથા રાઉન્ડ માટે નવું રજિસ્ટ્રેશન કરનારા વિદ્યાર્થીઓની ૧૦ નવેમ્બરના રોજ વેરિફિકેશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ત્યારબાદ ૧૧ નવેમ્બરથી ચોઈસ ફિલીંગની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. ચોથા રાઉન્ડના પ્રવેશ માટે ૧૪ નવેમ્બરના રોજ ફાળવણી કરવામાં આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, મેડિકલ અને ડેન્ટલમાં ખાલી પડેલી, નવી આવેલી અને નોન રિપોર્ટેડ મળી ખાલી રહેલી ૯૧૯ બેઠક પર પ્રવેશ માટે એડમિશન કમિટી દ્વારા ૧૧ ઓક્ટોબરથી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જેમાં ૩ નવેમ્બર સુધી ચોઈસ ફિલીંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન પ્રવેશ માટે મેરિટમાં સમાવિષ્ટ ૧૬૦૨૨ વિદ્યાર્થી પૈકી ૧૦૧૨૫ વિદ્યાર્થીએ ચોઈસ આપી હતી. જેમાંથી MBBSમાં ૫૧૩ અને BDSમાં ૪૦૬ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો. જ્યારે બીજી તરફ ૮૩૨ વિદ્યાર્થીઓના પ્રવેશમાં ફેરફાર થયો હતો. જેમાં MBBSમાં ૬૬૦ અને BDSમાં ૧૭૨ વિદ્યાર્થીઓએ કોલેજ બદલી હતી. એડમિશન કમિટી દ્વારા ત્રીજા રાઉન્ડની પ્રવેશ ફાળવણી કર્યા બાદ ૭ નવેમ્બર સુધીમાં પ્રવેશ કન્ફર્મ કરાવવા માટેની મુદત આપવામાં આવી હતી. આ દરમિયાન ૬૮૫ જેટલા વિદ્યાર્થીઓએ ઓનલાઈન ફી ભરીની પ્રવેશ કન્ફર્મ કરાવ્યો હતો. જ્યારે તે સિવાયના બાકી રહેલા ૨૩૪ વિદ્યાર્થીઓએ જે તે કોલેજમાં પ્રવેશ ફાળવવામાં આવ્યો હોવા છતાં પ્રવેશ લેવાનું ટાળ્યું હતું. જેથી આ વિદ્યાર્થીઓની ડિપોઝીટ જપ્ત કરવાની સાથે તેમને પ્રવેશના મેરીટમાથી હટાવી દેવામાં આવ્યાં છે. આમ, ત્રણ રાઉન્ડની કાર્યવાહીના અંતે ૨૩૪ બેઠકો નોન-રિપોર્ટેડ રહેતા આ બેઠકો માટે ચોથા રાઉન્ડની જાહેરાત કરવામાં આવી છે.

### ગુજરાતમાં ATSએ ISISના આતંકીઓ હુમલો કરવાના પ્લાનમાં હોવાની આશંકા વ્યક્ત કરી

# રાજ્ય/દેશમાં કેમિકલ એટેક કરવાના ષડયંત્રનો પર્દાફાશ : ત્રણ આતંકી ઝડપાયા

### વિદેશી પિસ્તોલ, જીવતા કારતૂસ સહિતનો મુદ્દામાલ ઝડપાયો : એક આરોપી MBBS

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

ગુજરાત કે દેશના કોઈ ભાગમાં મોટો આતંકીવાદી હુમલો કરવાની તૈયારીમાં રહેલા ISISના ત્રણ આતંકીઓને ગુજરાત ATSએ ગાંધીનગર અને બનાસકાંઠા જિલ્લામાંથી ઝડપી પાડ્યા છે. ઝડપાયેલા ત્રણ આરોપીઓ પૈકીના એક ડો. સૈયદ અહેમદનો ખતરનાક ઈરાદો હોવાનો ઘટસ્ફોટ થયો છે.



તેનું કનેકશન અબુ ખદીજા નામની NTT સાથે મળી આવ્યું છે. ડો. અહેમદ સૈયદનો મોટું ફંડ એકત્ર કરી મોટો આતંકવાદી હુમલો કરવાનો ઈરાદો હતો. ATSનું કહેવું છે કે, ડો.સૈયદની વધુ પૂછપરછમાં અને તેના ફોનની તલાશી લેતા તે રાઈસીન નામનું ઝેર બનાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો. તેના માટે તેને કાચોમાલ, કેમિકલ અને સાધનો એકત્ર કરી લીધા હતા. જેને

### ત્રણેય આરોપી ૧૭ નવેમ્બર સુધી રિમાન્ડ પર, અન્ય આરોપી વગેરેની તપાસ કરાશે : સાઈનાઈડથી ખતરનાક ઝેર બનાવવાનો પ્રયાસ હતો

ચીનમાં તબીબી અભ્યાસ કરનાર ડો. સૈયદના પાકિસ્તાનના કેટલાક લોકો સાથે સંપર્ક હતા. તે સાઈનાઈડથી ખતરનાક ઝેર બનાવી રહ્યો હતો. મોટું ફંડ એકત્ર કરી ગુજરાત કે દેશમાં મોટો આતંકી હુમલો કરવાનો તેનો ઈરાદો હતો. ઝડપાયેલા ત્રણેય ISKP(ઈસ્લામિક સ્ટેટ - ખોરાસાન પ્રાંત)થી પ્રભાવિત હોવાનું જણાવાઈ રહેલ છે.

ડો. અહેમદ મોહ્યુદ્દીન સૈયદ મૂળ હૈદ્રાબાદનો રહેવાસી છે અને ગુજરાત તે હથિયાર કલેક્ટ કરવા આવ્યો હતો. આઝાદ સુલેમાન શેખ અને મોહમ્મદ સુહેલ નામના યુપીના આતંકીઓએ રાજસ્થાનના હનુમાગઢથી હથિયારો મેળવીને ગાંધીનગરના કલોલ નજીકના એક કબ્રસ્તાનમાં છોડી દીધા હતા. જે ડો. અહેમદ સૈયદે કલેક્ટ કર્યા હતા. જો કે, તે હથિયારો લઈ પરત હૈદ્રાબાદ જાય તે પહેલા જ ATSએ તેને દબોચી લીધો હતો. ત્રણેય આતંકીઓ પાસેથી ૪ વિદેશી બનાવટની પિસ્ટલ, ૩૦ જીવતા કારતૂસ અને ૪ લિટર કેસ્ટર ઓઈલ કબજે કરાયું છે.

ગુજરાત એટીએસને બાતમી મળી હતી કે, હૈદરાાબાદનો રહેવાસી ડો. અહેમદ મોહ્યુદ્દીન સૈયદ નામનો આતંકવાદી ગુજરાતમાં હુમલાને અંજામ આપવા માટે અમદાવાદ આવ્યો છે. જેના આધારે એટીએસએ અલગ અલગ ટીમો બનાવી શોધખોળ શરૂ કરી હતી. ટેક્નિકલ એનાલિસિસ કરતા અમદાવાદ-મહેસાણા રોડ પર આવેલા અડાલજ ટોલ પ્લાઝા પાસે એક સિલ્વર કલરની ફોર્ડ ફિગો કારની તલાશી લેતા તેમાંથી ડો. સૈયદ મળી આવ્યો હતો. તેના કબજામાંથી બે ગ્લોક પિસ્ટલ અને એક બેરેટા પિસ્ટલ તથા ૩૦ જીવતા કારતૂસ અને ૪ લીટર કેસ્ટર ઓઈલ મળી આવ્યું હતું.

એટીએસની તપાસમાં જાણવા મળ્યું કે, હથિયાર લેવા માટે આવેલ ડો.અહેમદ કલોલ નજીકના એક કબ્રસ્તાનમાંથી હથિયાર મેળવ્યા હોવાની માહિતી આપી હતી. કલોલ સુધી હથિયારો કઈ રીતે આવ્યા તેની તપાસ શરૂ કરવામાં આવી હતી. ડો. અહેમદ સૈયદના ફોનમાંથી મળી આવેલા એક નંબરની તપાસ કરતા લોકેશન બનાસકાંઠાનું મળી આવ્યું હતું. એટીએસની એક ટીમ બનાસકાંઠા પહોચી હતી અને બે શકમંદોને લાવી હતી. તેની પૂછપરછ કરતા તેઓના નામ મોહમ્મદ સુહેલ અને આઝાદ શેખ હોવાનું જાણવા મળ્યું હતું. આતંકવાદી માનસિકતા ધરાવતા આ બંને ઈસમોએ રાજસ્થાનના હનુમાનગઢથી હથિયારો લીધા હતા. આ લોકોએ લખનૌ, દિલ્હી અને અમદાવાદના ઘણા સંવેદનશીલ સ્થળોએ રેકી કરી હતી. ATSના ડીઆઈજી સુનિલ જોશીએ જણાવ્યું હતું કે, જે ત્રણ આતંકી ઝડપાયા છે તેમાંનો એક ડો. અહેમદ સૈયદે ચાઈનાથી MBBS કર્યું છે. તે અનેક ભાષા જાણે છે. સોશિયલ મીડિયા પર ઘણી ફોરન NTT (non-territorial terrorism) સાથે જોડાયેલો છે. લગતા પુરાવાઓ તેના ફોનમાંથી પણ મળી આવ્યા છે.

ATSના ડીઆઈજીએ એક સવાલના જવાબમાં કહ્યું હતું કે , હજી સુધી કોઈ લોકલ વ્યકિતની આ બાબતે સંડોવણી સામે આવી નથી. જે ત્રણ લોકો ઝડપાયા છે તેમાં બે યુપીના અને એક હૈદ્રાબાદનો રહેવાસી છે. ત્રણેય પાસેથી ચાર મોબાઈલ ફોન અને બે લેપટોપ કબજે કરાયા છે. કોઈ લોકલ વ્યકિત સંકળાયેલું છે કે નહીં તેની તપાસ કરવામાં આવી રહી છે. કેન્દ્રીય એજન્સી અને અન્ય રાજયની પોલીસની પણ જરૂર પડ્યે મદદ લેવામાં આવશે.

### નલિયાને બદલે હાલમાં અમદાવાદ-ગાંધીનગર બન્યા ઠંડા શહેર

# રાજ્યમાં ફુલ ગુલાબી ઠંડીનો માહોલ જામી રહ્યો છે : ઘટતું જતું તાપમાન

### આગામી બે-ચાર દિવસમાં તાપમાન ઘટતાં ઠંડી ભૂક્કા બોલાવશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

રાજ્યમાં કમોસમી વરસાદ બાદ ઠંડીનો ચમકારો શરૂ થઈ ગયો છે. વહેલી સવારે અને રાત્રિના સમયે ગુજરાતના અલગ અલગ શહેરોમાં ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. રાજ્યના ૧૭ જેટલા જિલ્લાઓમાં તાપમાન ૨૦ ડિગ્રીથી નીચે પહોંચી ગયું છે. રાજ્યમાં છેલ્લા બે-ચાર દિવસોથી હવામાન બદલાઈ રહેલ છે. ઠંડીના શરૂ થયેલા ચમકાર વચ્ચે આ વખતે નલિયાને પાછળ છોડી અમદાવાદ-ગાંધીનગર સૌથી ઠંડા શહેર થયા છે. ૨૪ કલાકમાં તાપમાન ૩ ડિગ્રી ઘટીને ગાંધીનગરમાં ૧૪ ડિગ્રીએ પહોંચ્યું જયારે અમદાવાદનું લઘુતમ તાપમાન ૧૪.૭ નોંધાયું છે. હિમાચલ પ્રદેશ અને કાશ્મીરના અનેક શહેરોમાં તાપમાન માઈનસમાં જતું રહ્યું છે, જેના કારણે ત્યાં કડકડતી ઠંડીનો પ્રકોપ શરૂ થઈ ગયો છે. આ સ્થિતિને લઈ રાજ્યમાં આગામી કેટલાક દિવસ ખૂબ ઠંડા રહેવાની આગાહી કરવામાં આવી છે. તેમજ આગામી દિવસમાં તાપમાન બેથી ત્રણ ડિગ્રી ઘટવાનું પણ અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. પરંતુ હવામાન વિભાગની આગાહી અનુસાર હજી પણ ગુજરાતમાં બેવડી ઋતુનો માર સહન કરવો પડશે. વહેલી સવારે અને રાત્રિના સમયે ગુજરાતના અલગ અલગ શહેરોમાં ઠંડીનો ચમકારો જોવા મળશે. હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં ઠંડીની આગાહી કરતાં જણાવ્યું છે કે, ૧૨ નવેમ્બર સુધી સમગ્ર રાજયમાં હવામાન સામાન્ય રીતે સૂકું રહેવાની આગાહી છે. જયારે ન્યૂનતમ તાપમાનમાં આગામી ત્રણ દિવસ સુધી બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ક્રમશઃ ઘટાડો થવાની શક્યતા છે. જેમાં પવનની દિશા ઉત્તર પૂર્વથી પૂર્વની થતા ઠંડીનો અનુભવ થશે. ઉત્તર તરફથી પવન આવતા તાપમાન ઘટવાની આગાહી કરવામાં આવી છે. મોટાભાગના જિલ્લાઓમાં ૨-૩ ડિગ્રી તાપમાન ઘટવાની શક્યતા છે.

### રાજ્ય વ્યાપી સરદાર @૧૫૦ યુનિટી માર્ચનું જૂનાગઢથી પ્રસ્થાન કરાવતા મુખ્યમંત્રી

# યુનિટી માર્ચ સર્વ સમાજને સાથે જોડીને આત્મનિર્ભર ભારત માટેની પ્રેરણા આપશે

### યુનિટી માર્ચ એક ભારત, આત્મનિર્ભર ભારતની વિભાવનાને ચરિતાર્થ કરી એકતાનો પાયો મજબૂત બનાવશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણી અને જૂનાગઢના મુક્તિ દિવસના અવસરે સરદાર @૧૫૦ યુનિટી માર્ચ પદયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું. મુખ્યમંત્રીએ ઐતિહાસિક બહાઉદ્દીન કોલેજ સ્થિત આરઝી હકુમત દ્વારા મળેલી મુક્તિના સ્મરણ સ્મૃતિ સ્મારક ખાતે સ્વાતંત્ર્યવીરોને યાદ કરી પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ રેલીના પ્રસ્થાન પૂર્વે મુખ્યમંત્રીએ આરઝી હકુમતનો ઈતિહાસ દર્શાવતી ફોટો પ્રદર્શની પણ નિહાળી હતી. મુખ્યમંત્રીએ યુનિટી માર્ચ સર્વ સમાજને સાથે જોડીને આત્મનિર્ભર ભારત માટેની પ્રેરણા આપશે તેવો દૃઢ વિશ્વાસ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં યોજાઈ રહેલી એકતા યાત્રા ખરા અર્થમાં ભારતને એક અને અખંડ બનાવી સરદાર સાહેબને સાચી શ્રદ્ધાંજલિ આપતી યાત્રા બની રહેશે. મુખ્યમંત્રીએ આરઝી હકુમતના ઈતિહાસનું સ્મરણ કરતાં જણાવ્યું કે, ૧૯૪૭ની ૧૫મી ઓગસ્ટના રોજ દેશ આઝાદ થયો હતો પરંતુ જૂનાગઢના નવાબની લોકમત વિરૂદ્ધની નીતિના કારણે ૮૬ દિવસના સંગ્રામ બાદ નવમી નવેમ્બરે ઉપરકોટમાં ભારતનો તિરંગો લહેરાવવા સાથે જૂનાગઢ વાસ્તવમાં આઝાદ થયું હતું અને તે રીતે તા.૯ નવેમ્બરને 'જૂનાગઢ મુક્તિ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આરઝી હકુમત દ્વારા જૂનાગઢને મુક્તિ અપાયા બાદ તા.૧૩ નવેમ્બરના રોજ આ જ બહાઉદ્દીન કોલેજના મેદાનમાં સરદાર વલ્લભભાઈ પટેલે સભા કરીને જૂનાગઢવાસીઓને અભિનંદન પાઠવ્યા હતા તેનું પણ સ્મરણ મુખ્યમંત્રીએ કર્યું હતું. સૌ સાથે મળી ચાલે અને સમરસ સમાજનું નિર્માણ થાય તે માટે યુનિટી માર્ચના માધ્યમથી તમામ વર્ગોને સાંકળી રાજ્યભરમાં યુનિટી માર્ચનું આયોજન કરવામાં આવ્યું છે. તેના પ્રથમ ચરણની શરૂઆત આજે ઐતિહાસિક બહાઉદ્દીન કોલેજના મેદાનથી થઈ છે. તે સૌને પ્રેરણા પૂરી પાડશે, તેમ જણાવતા મુખ્યમંત્રીએ સૌ સોરઠવાસીઓએ જૂનાગઢ મુક્તિ દિવસની શુભકામનાઓ પાઠવી વિકસિત ભારતના નિર્માણ માટે એક અને નેક બની સહભાગી બનવા આહ્વાન કર્યું હતું. આ અવસરે મુખ્યમંત્રીએ જૂનાગઢની આઝાદીની ચળવળમાં મહત્ત્વનું યોગદાન આપનારા આરઝી હૂકુમતના સ્વાતંત્ર્ય સેનાનીઓના પરિવારજનોનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. જૂનાગઢ જિલ્લાના પ્રભારી અને મંત્રી ડૉ.પ્રદ્યુમનભાઈ વાજાએ જૂનાગઢ માટે આજનો દિવસ ઐતિહાસિક લેખાવી જણાવ્યું હતું કે, આ વર્ષે ૧૫૦મી સરદાર વલ્લભભાઈ પટેલની જયંતી અને બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ તેમજ વંદેમાતરમ ગીતના ૧૫૦ વર્ષ થવાનો સુભગ સમન્વય સધાયો છે. તે આપણા સૌ માટે ગર્વ અને આનંદની બાબત છે. સમગ્ર રૂટ પર ૧૯ સ્ટેજ બનાવવામાં આવ્યા હતા અને તેમાં જૂનાગઢનો ઈતિહાસ સાંસ્કૃતિક વારસો સહિત વિવિધ કૃતિઓ પણ રજૂ કરવામાં આવી હતી. જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા પોલીસ તંત્રએ સમગ્ર રૂટ ઉપર ટ્રાફિક વ્યવસ્થા અને સંકલન કરી આ વિશાળ પદયાત્રાને સફળ બનાવી હતી.

ગુજરાત ટુડે હાલ 'સર'નો પ્રથમ તબક્કો શરૂ થઈ ચૂકયો છે ત્યારે....

આપણા રાજ્યમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન 'સર'નો પ્રથમ તબક્કો હાલ ચાલી રહ્યો છે ત્યારે મતદારયાદી સુધારાણાના આ કાર્યક્રમમાં તમારી આળસ કે બેદરકારીને કારણે તમે પાછળ ન રહી જાવ એનું ખાસ ધ્યાન રાખો.

રાજકીય-ધાર્મિક-સામાજિક અગ્રણીઓ સહિતના જાગૃત નાગરિકો આ બાબતે ખાસ જહેમત ઉઠાવે અને પોતપોતાના વિસ્તારના લોકો પૈકી એક પણ મતદારનું નામ આ સુધારણા કાર્યક્રમમાં બાકાત ન રહી જાય એની ખાતરી કરે અને મુશ્કેલી અનુભવતા નાગરિકોની સહાય કરે...

→ આજની જાગૃતિ...આવતીકાલની શાંતિ ←

(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી

● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS